ઓક્ટોબર ઉમરાહ સ્વા.૮-૧૦-૧૯
ઈદે મિલાદ ઉમરાહ સ્વા.૮-૧૧-૧૯
ગ્યારવીમાં શરીફની ઝિયારત સાથે ઉમરાહ સ્વા.૩-૧૨-૧૯
www.kaki.world
ઓનલાઈન ટિકીટ અને હોટેલ બુકીંગ માટે
KAKI FOREX
રઝાક એન્ડ સન્સ
કાકીયાવા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ગુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.
M.9426579900 Ph. 079-26588888, 22166666

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૧-૯-૨૦૧૯ રવિવાર AHMEDABAD ESTABLISHED-1991

ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
દરીયાપુર ચેમ્બર્સ, પેટ્રોલપંપ સામે, ખમાસા.
M 09712057888, 09099786787
ઉમરાહ-૨૦૧૯
નવેમ્બર-ડિસેમ્બર
પાલનપુર-અબ્દુલ હય્ય- ૯૪૨૮૦૨૪૭૯૬

Regd. No.Guj.168/2018-2019 Valid up to Dt. 31-12-2019 • તંત્રી : અઝીઝ ટંકારવી • E-mail : gujarattodaydaily@gmail.com • gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 • વર્ષ-૨૯ અંક-૩૨ • ૧ મોહર્રમ હિજરી ૧૪૪૧ • 1 SEPTEMBER- 2019 • PAGES 12+8 • મૂલ્ય ₹ ૫.૦૦

NRC યાદીમાં ૩.૧૧ કરોડ લોકો સામેલ

આસામ સિટિઝન્સ લિસ્ટ NRCમાંથી બાકાત રખાયેલા ૧૯ લાખ લોકો માટે અનિશ્ચિતતા

યાદીમાં સામેલ નહીં કરાયેલા રાજ્યના૧૯ લાખથી વધુ લોકોને તેમની નાગરિકતા પુરવાર કરવી પડશે, ૧૯૫૧ બાદ દેશમાં બીજી આવી યાદી પ્રકાશિત કરાઇ

યાદીમાં સામેલ નહીં કરાયેલા લોકોને બધા કાનૂની વિકલ્પો પૂરા ન થઇ જાય ત્યાં સુધી વિદેશી જાહેર કરાશે નહી, અપીલ ફાઈલ કરવાની સમય મર્યાદા ૬૦ દિવસથી વધારીને ૧૨૦ દિવસ કરાઇ

યાદીમાંથી બાકાત રખાયેલાઓમાં એઆઈયુડીએફના ધારાસભ્ય અનંતકુમાર માલોનો પણ સમાવેશ, કલમ ૧૪૪ લાગુ કરાઇ, સમગ્ર રાજ્યમાં સુરક્ષા સઘન બનાવાઇ

(એજન્સી) ગુવાહાટી, તા.૩૧

આસામ નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સ કે એનઆરસીની અંતિમ યાદી શનિવારે સવારે પ્રકાશિત કરવામાં આવી છે. આ યાદીમાં સામેલ નહીં કરાયેલા રાજ્યના૧૯ લાખથી વધુ લોકોને તેમની નાગરિકતા પુરવાર કરવી પડશે. આ ક્વાયતનો ઉદ્દેશ રાજ્યમાં રહેતા કાનૂની નિવાસીઓને ઓળખી પાડવા અને ગેરકાનૂની ઈમિગ્રન્ટ્સને બહાર કાઢવાનો છે. યાદીમાં ૩.૧૧ કરોડ લોકોને સામેલ કરવામાં આવ્યા છે. ૧૯૫૧ બાદ દેશમાં બીજી આવી યાદી પ્રકાશિત કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીરનો દાયકાઓ જૂનો ખાસ દરજ્જો રદ કર્યાના માત્ર સપ્તાહો બાદ પ્રકાશિત કરવામાં આવેલું એનઆરસી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બીજા કાર્યકાળનું સૌથી મોટું પગલું છે.

આસામ નાગરિકોની યાદી અંગે ૧૦ મહત્વની બાબતો

૧. સરકારે જણાવ્યું કે જે લોકોના નામ ફાઈનલ યાદીમાં સામેલ કરાયા નથી, એવા લોકોને બધા કાનૂની વિકલ્પો પુરા ન થઇ જાય ત્યાં સુધી વિદેશી જાહેર કરાશે નહીં. એક નિવેદનમાં એનઆરસી કો-ઓર્ડીનેટર પ્રતીક હજેલાએ જણાવ્યું કે દાવાઓ અને વાંધાઓના પરિણામથી અસંતુષ્ટ કોઇ પણ વ્યક્તિ ફોરેનર્સ ટ્રિબ્યુનલ્સ (એફટી) સમક્ષ અપીલ કરી શકે છે. અપીલ ફાઈલ કરવાની સમય મર્યાદા ૬૦ દિવસથી વધારીને ૧૨૦ દિવસ કરવામાં આવી છે.

૨. નાગરિકોની યાદીમાંથી બાકાત રખાયેલાઓમાં આસામનો બીજો સૌથી શક્તિશાળી વિરોધ પક્ષ ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (એઆઈયુડીએફ)ના ધારાસભ્ય અનંતકુમાર માલોનો પણ સમાવેશ થાય છે.

૩. બહાર કરાયેલા અને સામેલ કરાયેલા લોકોની યાદી એનઆરસીની વેબસાઇટ પર જોઇ શકાય છે. એનઆરસીની વેબસાઇટ www.nrcassam.nic.in છે. યાદી પ્રકાશિત થયા બાદ તરતજ વેબસાઇટ ક્રેશ થઇ ગઇ હતી. લોકો તેમનો સ્ટેટસ રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલા સહાય કેન્દ્રો, નાયબ કમીશનરની ઓફિસો અને ઓફિસિસ ઓફ સર્કલ ઓફિસ ખાતે ચકાસી શકે છે.

૪. બાંગ્લાદેશની સરહદે આવેલા સમગ્ર ઉત્તર-પૂર્વીય રાજ્યમાં અર્ધ-લશ્કરી દળ અને પોલીસના હજારો કર્મચારીઓની ગોઠવણી કરવાની સાથે આસામની સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. ઘણા જાહેર સ્થળોમાં ખાસ કરીને આસામના મુખ્ય શહેર ગુવાહાટી સહિત ભૂતકાળમાં હિંસા સર્જાઇ હતી એવા સંવેદનશીલ વિસ્તારોમાં ચારથી વધુ લોકોના ભેગા થવા સામે પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.

૫. ગત જુલાઇમાં પ્રકાશિત કરાયેલી મુસદ્દા યાદીમાંથી આશરે ૪૧ લાખ લોકોને પોતાના દાવા પુરવાર કરવા માટે દસ્તાવેજો સાથે આવવાનું કહેવામાં આવ્યું હતું.

૬. ગૃહ મંત્રાલયે જણાવ્યું કે વિવાદાસ્પદ કેસો સાંભળવા માટે તબક્કાવાર રીતે ઓછામાં ઓછી ૧૦૦૦ ટ્રિબ્યુનલ બનાવવામાં આવશે. હાલમાં ૧૦૦ ટ્રિબ્યુનલ ચાલુ છે અને સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ૩૦૦થી વધુ ટ્રિબ્યુનલ શરૂ કરાશે. સરકારે જણાવ્યું કે જો કોઇ વ્યક્તિ ટ્રિબ્યુનલમાં કેસ હારી જાય તો, તે હાઇકોર્ટમાં અને ત્યાર પછી સુપ્રીમકોર્ટમાં જઇ શકે છે. બધા કાનૂની વિકલ્પો પુરા નહીં થાય ત્યાં સુધી કોઇને પણ અટકાયતી કેન્દ્રોમાં રાખવામાં આવશે નહીં.

૭. કેન્દ્રે જણાવ્યું કે એનઆરસી યાદીમાં બાકાત રાખવામાં આવેલા લોકોને જિલ્લા કાનૂની સેવાઓ આપતી સત્તાઓ દ્વારા કાનૂની સહાય આપવામાં આવશે. એનઆરસીમાં સામેલ નહીં કરાયેલા વાસ્તવિક લોકોને સહાય કરવાની આસામમાં શાસક ભાજપ અને તેના હરીફ કોંગ્રેસની યોજના છે.

૮. બાંગ્લાદેશમાંથી આવેલા ગેરકાનૂની ઈમિગ્રન્ટ્સને શોધી કાઢીને તેમની દેશમાંથી હકાલપટ્ટી કરવા માટે ૧૯૭૯થી ૧૯૮૫ દરમિયાન રાજ્યમાં છ વર્ષ લાંબું આંદોલન ચલાવવામાં આવ્યું હોવાથી આસામના લોકો માટે એનઆરસી અત્યંત મહત્વનું છે.

૯. એનઆરસીમાંથી બહાર રાખવામાં આવેલા બંગાળી હિન્દુઓની ભારે સંખ્યા અંગે ભાજપના ઘણા નેતાઓએ ચિંતા વ્યક્ત કરી છે.

૧૦. પ્રથમ એનઆરસી ૧૯૫૧માં પ્રસિદ્ધ કરાઇ હતી. સુપ્રીમકોર્ટના આદેશથી હવે આ યાદી અપડેટ કરવામાં આવી રહી છે. ૧૯૭૧ની ૨૫મી માર્ચ બાદ બાંગ્લાદેશમાંથી આસામમાં ગેરકાનૂની રીતે ઘૂસી ગેયલાઓમાંથી ભારતીય નાગરિકોને અલગ કરવા માટે એનઆરસી અપડેટ કરવામાં આવી રહ્યું છે.

NRCની અંતિમ યાદીમાંથી ભારતના પાંચમા રાષ્ટ્રપતિ ફખરૂદ્દીન અલી અહેમદના પરિવારનું નામ બાકાત

નામ સામેલ નહીં થવાના કારણે પૂર્વ રાષ્ટ્રપતિના પરિવારજનો ચિંતિત

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

આસામની એનઆરસીની અંતિમ યાદીમાં દેશના પાંચમા રાષ્ટ્રપતિ ફખરૂદ્દીન અલી અહેમદના પરિવારનું નામ સામેલ થઈ શકયું ન હતું. શનિવારે જાહેર કરાયેલી આ યાદીમાં ૧૯ લાખ લોકો પોતાનું સ્થાન જમાવી શકયા ન હતા. ફખરૂદ્દીન અહેમદ ભારતના પાંચમા રાષ્ટ્રપતિ હતા. તેઓ વર્ષ ૧૯૭૪થી ૧૯૭૭ સુધી દેશના પ્રમુખ હતા. શનિવારે એનઆરસીની જાહેર થયેલી યાદીમાં ફખરૂદ્દીનના ભાઈના પુત્રના કુટુંબનો સમાવેશ થઈ શકયો ન હતો. ઝિયાઉદ્દીન અલી અહેમદે જણાવ્યું હતું કે, જુલાઈમાં જારી થયેલી યાદીમાં પણ તેમના કુટુંબનું નામ સામેલ ન હતું. હું ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ફખરૂદ્દીન અલી અહેમદનો ભત્રીજો છું અને આ યાદીમાં મારૂં નામ નથી. અમે આ મામલે ચિંતિત છીએ. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, એનઆરસીમાંથી બાકાત ૧૯,૦૬,૬૫૭ લોકોએ પોતાના દાવા રજૂ કર્યા ન હતા. સંબંધિત વેબસાઈટ પર યાદીમાં સામેલ અને સામેલ નહીં કરાયેલા લોકોના નામ જાહેર કરવામાં આવ્યા હતા.

હવે વજન ઉંચકવાથી છુટકારો મેળવો
હવેથી આપણા તેમજ વેપાર કરવા માટે
સાઉદી અરબ-સફરના સામાન
કુલર, થરમોસ, આઇસબોક્સ
પોપ્યુલર એન્ટરપ્રાઇઝ
દાણીલીમડા, અમદાવાદ. 9824061856

Redg.Ministry Of Minority Affairs (Haj - Division) Govt. Of India
અલ-અકશા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ઈદેમિલાદ ઉમરાહ
બગદાદ ઝિયારત
રમઝાન ઉમરાહ
બુકીંગ ચાલુ છે
અલ-અકશા ટુર્સના નામની અમારી બીજી કોઈ શાખા નથી
અલ્લાજ ઈકબાલ બાલમ 9426063622 9998139591
1373, સુન્હેરી મસ્જિદ સામે, સલાપસ રોડ, ત્રણ દરવાજા અમદાવાદ-૧, E-mail : alakshatours@gmail.com



લાલુની તબિયત ફરી લથડી, કિડની માત્ર ૩૭ ટકા કામ કરે છે

પિતા લાલુ યાદવને મળવા પહોંચ્યા તેજસ્વી, તબિયતથી લઈ ચૂંટણી મુદ્દે ચર્ચા

રાંચી, તા.૩૧

ઘાસ ચારા કૌભાંડની સજા ભોગવનાર લાલુ પ્રસાદ યાદવની તબિયત ફરી એક વખત લથડી છે. રાંચીના રિમ્સ હોસ્પિટલમાં ગત એક વર્ષથી ગંભીર બીમારીઓની સારવાર લઈ રહેલા લાલુની કિડની લગભગ કામ કરી રહી નથી. તેમની સારવાર કરનાર ડૉક્ટર ડી.કે.ઝાએ જણાવ્યું કે, લાલુની કિડની માત્ર ૩૭ ટકા કામ કરી રહી છે. આ તેમની તબિયતને લઈને સારા સમાચાર નથી. રિમ્સમાં એમની સારવાર કરનાર ડૉ ઝાએ કહ્યું કે, તેમના બ્લડમાં પણ ઈન્ફેક્શન જોવા મળ્યું છે. બ્લડ પ્રેશર પણ ઘટી ગયુ છે. ડૉક્ટરે લાલુની તબિયત અસ્થિર જણાવતા કહ્યું કે, અઠવાડિયાની તપાસમાં જાણવા મળ્યું કે, એમની કિડની ૫૦ ટકાથી ઘટીને માત્ર ૩૭ ટકા કામ કરે છે. ઈન્ફેક્શન સામે લડવા માટે હાલ તેઓને એન્ટિબોયાટીક આપવામાં આવી રહી છે. ડૉક્ટરોનુ માનીએ તો આ અઠવાડિયામાં લાલુની તબિયત વધારે બગડી છે. એમને ચાલવા-ફરવામાં પણ મુશ્કેલી થાય છે. ઈન્ફેક્શનને લીધે કિડની ફંક્શન ડિટોરેટ થઈ ગયુ છે. બ્લડ પ્રેશર અસ્થિર થયા બાદ તેમની દવાઓ ઘટાડવામાં આવી છે. ડૉક્ટરે કહ્યું કે, આશા છે કે લાલુની તબિયત જલ્દી સારી થઇ જશે.

આસામના વિપક્ષી ધારાસભ્ય નાગરિકોની યાદીમાંથી બાકાત

(એજન્સી) તા.૩૧

શનિવારે જાહેર થયેલી નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન (એનઆરસી)ની યાદીમાંથી બાકાત કરાયેલા ૧૯ લાખ જેટલા લોકોમાં આસામની બીજી સૌથી શક્તિશાળી વિપક્ષી પાર્ટીના ધારાસભ્ય પણ સામેલ છે. આ યાદી જાહેર થયા પછી ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના ધારાસભ્ય અનંતકુમાર માલોને જાણવા મળ્યું હતું કે, તેમનું નામ એનઆરસીમાં સામેલ નથી. આસામમાં ગેરકાયદેસર વસવાટ કરી રહેલા લોકોને ઓળખી કાઢવાના ઉદ્દેશથી તૈયાર કરવામાં આવેલી આ યાદીમાં ૩.૧૧ કરોડ લોકોને સામેલ કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, આ યાદીમાંથી બાકાત થયેલા લોકો પાસે બધા કાયદાકીય વિકલ્પો ખલાસ થઈ જશે ત્યારે તેમને વિદેશી જાહેર કરી દેવામાં આવશે.

બિહારમાં અરૂણ જેટલીની પ્રતિમાની સ્થાપના થશે : નીતિશકુમાર

(એજન્સી) પટના,તા.૩૧

બિહારમાં નીતીશ કુમારે પૂર્વ નાણાંમંત્રી અને દિવંગત ભાજપના નેતા અરૂણ જેટલીની બિહારમાં પ્રતિમા લગાવવાનો નિર્ણય કર્યો છે. આ સિવાય તેવી પણ જાહેરાત કરવામાં આવી છે કે, અરૂણ જેટલીની જન્મતિથિને દર વર્ષે રાજકિય સમારોહ તરીકે મનાવવામાં આવશે. જેટલીના નિધન પર દુઃખ વ્યક્ત કરતા નીતીશ કુમારે તેને વ્યક્તિગત ક્ષતિ ગણાવી હતી. જેટલીને સમ્માનિત કરતા નીતીશ કુમારે શનિવારે બિહારમાં તેમની મુર્તિ સ્થાપિત કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. તેમણે વધુંમાં કહ્યું કે, પૂર્વ નાણાંમંત્રીના જન્મદિવસને રાજકિય સમારોહ તરીકે મનાવવામાં આવશે. ઉલ્લેખનિય છે કે, પૂર્વ નાણાંમંત્રી દિવંગત અરૂણ જેટલીનું દિલ્હી એમ્સમાં નિધન થયું હતું અને આ પહેલા દિલ્હીની ફિરોઝ શાહ કોટલા સ્ટેડિયમનું નામ તેમના નામ પર કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે બાદ હવે બિહાર સરકારે તેમની મૂર્તિ બનાવવાની જાહેરાત કરી છે.

યાત્રીઓ ધ્યાન આપે આજથી ઓનલાઈન રેલ ટિકિટની બુકિંગ મોંઘી થશે

નવી દિલ્હી,તા. ૩૧

આઈઆરસીટીસી મારફતે ઈ ટિકિટ ખરીદવાની બાબદ હવે મોંઘી થઈ રહી છે. ટિકિટ બુક કરવાની બાબત ખતરનાક સાબિત થશે. રેલવે દ્વારા સર્વિસ ચાર્જ ફરી લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. આ સર્વિસ ચાર્જ આવતીકાલથી અમલી બનશે. ૩૦મી ઓગસ્ટના દિવસે આદેશ જારી કરીને કહેવામાં આવ્યું હતું કે, આઈઆરસીટીસી બિન એસી શ્રેણીની ઈ ટિકિટ પર અને ફર્સ્ટ ક્લાસ સહિત એસી શ્રેણીની તમામ ટિકિટ પર ૩૦ રૂપિયા સર્વિસ ચાર્જ લાગુ કરાશે. ત્રણ વર્ષ પહેલા ભાજપ સરકારે ડિઝિટલ ચુકવણીને પ્રોત્સાહન આપવા માટે શ્રેણી બદ્ધ પગલા લીધા હતા પરંતુ હવે રેલવેમાં ઘટાડો થયા બાદ ફરી એકવાર સર્વિસ ચાર્જ લાગુ કરવાનો નિર્ણય કરાયો છે. આર્થિક મંદીની સ્થિતિ દેશમાં પ્રવર્તી રહી છે. જીએસટી અલગથી લાગૂ થશે. આઈઆરસીટીસીએ શુક્રવારે આ જાણકારી આપી હતી. આઈઆરસીટીસી દ્વારા ભારતીય રેલવેની કેટરિંગ, ટુરીઝમ અને ઓનલાઈન ટિકિટની કામગીરી સંભાળવામાં આવે છે. સરકારે ૩ વર્ષ પહેલા આઈઆરસીટીસી દ્વારા ટ્રેનની ટિકિટ બુકિંગ પર સર્વિસ ચાર્જ ખતમ કરી દીધો હતો. ડિજીટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી આવુ કરવામાં આવ્યું હતું. તે સમયે નોન એસી ટિકિટ પર ૨૦ અને એસી ટિકિટ પર ૪૦ રૂપિયા ચાર્જ લાગતો હતો. નવેમ્બર ૨૦૧૬માં નોટબંધી બાદ આઈઆરસીટીસીએ જૂન ૨૦૧૭ સુધી સર્વિસ ચાર્જમાં છૂટ આપી હતી. ત્યારબાદ તે છૂટ આગળ વધારવામાં આવી હતી. રેલવે બોર્ડ હવે ફરી સર્વિસ ચાર્જ લાગૂ કરવાની મંજૂરી આપી ચૂક્યું છે. ચાર્જ હટાવવાના લીધે વર્ષ ૨૦૧૬-૧૭માં ઇન્ટરનેટ ટિકિટ રેવન્યૂ ૨૬ ટકા ઘટી ગઇ હતી.

NRC ફિયાસ્કોએ રાજકીય લાભ ખાટવા માટે તેનો ઉપયોગ કરનારાઓને ઉઘાડા પાડી દીધા છે : મમતા બેનરજી

NRCગરબડની ક્વાયત : મમતા બેનરજી, ટીએમસીએ NRC યાદીનો વિરોધ કર્યો અને કહ્યું કે યાદીમાંથી બાકાત રખાયેલાઓની જવાબદારી કેન્દ્રે લેવી જોઈએ

(એજન્સી) કોલકાતા , તા.૩૧

આસામમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સ (એનઆરસી)ને ગરબડની ક્વાયત ગણાવીને પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનરજીએ જણાવ્યું કે એનઆરસીથી રાજકીય લાભ લેવાનો પ્રયાસ કરનારાઓએ રાષ્ટ્રને જવાબ આપવો પડશે. તેમણે એવું પણ કહ્યું કે આ ક્વાયતનો દેશના વિશાળ હિત અને સમાજની ભલાઇ કરવાથી વધુ છૂપો આશય છે. મમતા બેનરજીએ શનિવારે જણાવ્યું કે એનઆરસીના ફિયાસ્કોથી તેનો રાજકીય લાભ ખાટવાનો પ્રયાસ કરનારાઓ ઉઘાડા પડી ગયા છે. તેમણે એવું પણ કહ્યું કે એનઆરસી પાછળના લોકોએ રાષ્ટ્રને જવાબ આપવો પડશે. તેમણે કહ્યું કે જ્યારે સમાજની ભલાઇ અને રાષ્ટ્રના વિશાળ હિતને બદલે કોઇ કામને ગુપ્ત આશયથી કરવામાં આવે છે ત્યારે આવું થાય છે. પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાને આસામના એનઆરસીને એક ગરબડવાળી ક્વાયત ગણાવી છે. તેમણે કહ્યું કે 'મારૂં મન એ બધા અને ખાસ કરીને ભારે સંખ્યામાં બંગાળી ભાષી ભાઇઓ અને બહેનો પર જાય છે જેઓ આ પ્રક્રિયાને કારણે પીડિત છે.' અગાઉ, તૃણમૂલ કોંગ્રેસે એનઆરસીના નામે આસામમાંથી બંગાળીઓને બહાર કાઢવાનો પ્રયાસ કરવા બદલ કેન્દ્ર ખાતેની ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે એનઆરસીની અંતિમ યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા ૧૯ લાખ અરજદારોને જવાબદારી કેન્દ્ર સરકારે લેવી જોઇએ. એનઆરસીની અંતિમ યાદીમાંથી બાકાત રખાયેલા ૧૯ લાખથી વધુ લોકોનું ભાવિ અનિશ્ચિત બની ગયું છે. ટીએમસી દ્વારા આસામની એનઆરસીની અંતિમ યાદીનો વિરોધ કરવામાં આવ્યો છે.

મમતા બેનરજીએ બંગાળની દુર્ગા પૂજા સમિતિઓને રૂ.૭૦ કરોડની ગ્રાન્ટ ફાળવી, ભાજપે તેમને હતાશ કહ્યા

(એજન્સી) તા.૩૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્યની ૨૮,૦૦૦ જેટલી દુર્ગાપૂજા સમિતિઓ માટે રૂા.૭૦ કરોડની ગ્રાન્ટ ફાળવી છે. શુક્રવારે આ ગ્રાન્ટની ફાળવણી થતા દરેક પૂજા સમિતિને રૂા.૨૫૦૦૦ આપવામાં આવશે જે ગયા વર્ષે ફાળવવામાં આવેલી ગ્રાન્ટ કરતા ૧૫૦ ટકા વધુ છે. ૨૦૧૮માં દુર્ગા પૂજા સમિતિઓને રૂા.૧૦,૦૦૦ની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. કોલકાતાના ઓડિટોરિયમમાં વહીવટી અધિકારીઓ તેમજ પોલીસ અધિકારીઓ સાથે બેઠક કરી મમતા બેનરજીએ આ જાહેરાત કરી હતી. આ જાહેરાતમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે મહિલાઓ દ્વારા સંચાલિત પૂજા સમિતિઓને રૂા.૩૦,૦૦૦ ફાળવવામાં આવશે. મમતા બેનરજીએ આ પણ જાહેરાત કરી હતી કે રાજ્ય સંચાલિત વીજ કંપનીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે પૂજા સમિતિઓને વીજ બિલમાં ૨૫ ટકા માફી આપવામાં આવે. મમતાની આ ફાળવણીઓ પર પ્રતિક્રિયા આપણા પ.બંગાળ ભાજપના મહાસચિવ પ્રતાપ બેનરજીએ કહ્યું હતું કે મુખ્યમંત્રી વિધાનસભા ચૂંટણી માટે પૂજા સમિતિઓનું સમર્થન મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ નક્કી છે કે તેમના શાસનનો અંત આવશે તેથી તેઓ હતાશ છે.

'જ્યારે તેઓ કહેતા કે દીદી પૂજાની પરવાનગી આપતાં નથી ત્યારે હું હતાશ થઈ જતી હતી' : મમતા બેનરજી

(એજન્સી) તા.૩૧

દુર્ગા પૂજા માટે વિવિધ લ્હાણીઓની જાહેરાત કરતી વખતે મમતા બેનરજીએ કહ્યું હતું કે તેમના ટીકાકારો જ્યારે દાવો કરતાં હતા કે મમતા બંગાળમાં પૂજા કરવા દેતા નથી ત્યારે તે ઘણા હતાશ થઈ જતાં હતા. તેમણે કહ્યું હતું કે, તેઓ કહેતા હતા કે મમતા બંગાળમાં દુર્ગા પૂજાની પરવાનગી આપતાં નથી. આ આક્ષેપના કારણે હું હતાશ થઈ જતી હતી. મારા બાળપણથી હું મારા માતા-પિતાને કહેતી હતી કે પૂજા માટે મને નવા કપડા ખરીદી આપો. તેમણે આ પણ કહ્યું હતું કે ગયા વર્ષે મોહર્રમ અને દુર્ગા પૂજા સાથે હતા પરંતુ કોઈ અનિચ્છનીય ઘટના બની ન હતી. તેમણે કહ્યું હતું કે, મને એવું કોઈ રાજ્ય બતાવ જ્યાં ગણેશ વિસર્જન અને મોહર્રમનું જુલૂસ એકસાથે કાઢવામાં આવતું હોય.

જમ્મુ-કાશ્મીરની જુદી-જુદી ઘટનાઓમાં ત્રણ બાળકો સહિત પાંચ લોકોનાં ડૂબી જવાથી મોત

ન્યુઝ પોઈન્ટ

અચાનક અજુગતા બનાવો ! આજથી બે-એક વર્ષ અગાઉ કોઈ સ્નોમેન એટલે કે, "હિમ માનવ" નિર્દોષ લોકોની હત્યા કરતો ! લોકોએ તેમને નદીમાં ધક્કો મારી મારી નાખ્યાં ને બદલે આપણે હવે માની લેવું કે આ ત્રણેયે આત્મહત્યા કરી !

(એજન્સી) તા.૩૧

જમ્મુ-કાશ્મીર પોલીસે શનિવારે જણાવ્યું હતું કે, ઉધમપુર અને રાજૌરીમાં નોંધાયેલી બે જુદી-જુદી દુર્ઘટનાઓમાં ત્રણ બાળકો સહિત પાંચ લોકોનું ડૂબીને મૃત્યુ થયું હતું. મૂળ રાજસ્થાનની પ્રીતિ (૭.વ.૪) અને જ્યોતિ (૭.વ.૫) ઉધમપુરમાંથી પસાર થતાં ધિરમા વહેણના કિનારે રહેતી હતી. શનિવારે ભારે વરસાદના કારણે વહેણનું જળસ્તર વધી જતાં તેના કિનારે રડી રહેલી આ બંને બાળકીઓ ડૂબી ગઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, બંનેના મૃતદેહો શોધવાના પ્રયાસો ચાલુ છે, જ્યારે આ જ જિલ્લામાં યોજાયેલી બીજી ઘટનામાં રોહિતકુમાર (૭.વ.૧૧) નામનો સ્થાનિક છોકરો શુક્રવારે ગારનાઈ વહેણમાં નહાતી વખતે ડૂબી ગયો હતો. પોલીસે જણાવ્યું હતું કે, તેના મૃતદેહને પાણીમાંથી કાઢી તેના પરિવારને સોંપી દેવામાં આવ્યો છે. રાજૌરીમાં નોંધાયેલી ત્રીજી દુર્ઘટનામાં શુક્રવારે રાજસ્થાનની સોનિયા (૭.વ.૨૫) અને મંજૂ (૭.વ.૩૦) મનોવર વહેણમાં આવેલા પૂરના કારણે ડૂબી ગઈ હતી. મરજીવાઓએ બંનેના મૃતદેહો શોધી કાઢ્યા હતા.

કાશ્મીરમાં ત્રણ મહિનામાં ૫૦,૦૦૦ ભરતીઓ થઈ શકે તો બાકી રાજ્યોમાં કેમ નહીં ?

(એજન્સી) નવી દિલ્હી, તા. ૩૧

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના ઉપરાજ્યપાલ સત્યપાલ મલિકે કહ્યું છે કે, રાજ્યમાં ૫૦,૦૦૦ ભરતીઓની માહિતી મેળવી છે. આ પદો પર બેથી ત્રણ મહિનામાં અભિયાન ચલાવી તેને ભરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે, ૫૦,૦૦૦ પદોમાંથી મોટાભાગના કેવા પ્રકારના પદો છે. ચોથી શ્રેણીના છે કે, મધ્યમ શ્રેણીના છે. તેઓ બેથી ત્રણ મહિનાની અંદર આ પદો ભરવાની વાત કરે છે. ભારતના અત્યારના ઈતિહાસમાં ક્યાંય બેથી ત્રણ મહિનામાં ૫૦,૦૦૦ ભરતીઓ પૂરી નહીં થઈ હોય. પણ ટીવી પર બોલવું જ પડે છે. તો કમી કેમ રાખવી. હેડલાઈન તો બનશે જ કે બેથી ત્રણ મહિનામાં ભરતીઓ થશે. કોઈપણ રાજ્ય માટે આવી સરકારી નોકરીઓની પ્રાથમિકતાઓ હોય તેનું સ્વાગત કરવું જોઈએ. કાશ્મીરને લઈ કરેલા આ નિર્ણયથી એવા રાજ્યોના યુવાઓ પણ ઉત્સાહિત અને ચકિત છે જેમના માટે કાશ્મીરનો નિર્ણય લેવાયો છે. બિહાર-બંગાળથી લઈને રાજસ્થાન-મધ્યપ્રદેશ અને સૌથી મોટું ઉત્તરપ્રદેશ. પંજાબ અને દિલ્હી પણ સામેલ છે. કાશ્મીરની વસ્તી સવા કરોડ છે જ્યાં ૫૦,૦૦૦ પદો જ ખાલી મળ્યા છે. ઉત્તરપ્રદેશનીવસ્તી ૨૦ કરોડની છે. શું એવું બની શકે કે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ એવા પદોની માહિતી મેળવે અને કાશ્મીર અંગે અડધી અધૂરી માહિતી સાથે માથે ચડાવી યુવાઓને કહી દે. ટાર્ગેટ આપી દે કે ત્રણ મહિના નહીં પણ છ મહિનામાં પણ ભરતી પૂરી કરીને નિયુક્તિઓ કરી દે. ઉત્તરપ્રદેશ સરકાર બે વર્ષમાં ૧.૩૭ લાખ શિક્ષકોની ભરતી પુરી કરી શકી નથી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ૬૮,૫૦૦ નોકરીઓ બહાર પડાઈ અને તેમાંથી પણ તમામ પદો ભરાયા નથી. પછી ૬ જાન્યુઆરીએ ૬૯,૦૦૦ શિક્ષકોની ભરતીની પરીક્ષા થઈ. આ કેસ કોર્ટમાં જતો રહ્યો છે. અહીં તારીખ વધતી જઈ રહી છે. સાત મહિના થયા પણ પરિણામ નથી આવ્યા. કાશ્મીરની જેમ અન્ય રાજ્યોની ભરતીઓમાં બેચેની કેમ નથી ? કેન્દ્ર સરકારની સ્ટાફ સિલેક્શન કમિશનની પરીક્ષાને લઈ બેચેની કેમ નથી.

મુખ્ય સમાચાર સારાંશ

મંત્રીએ કહ્યું NRCમાં ઘણા નામોની વારસાઈ ડેટા દ્વારા હેરાફેરી કરાઈ છે, તે સાથે અન્ય ૯ મુખ્ય સમાચાર

(એજન્સી) નવી દિલ્હી, ૩૧

૧. આસામના મંત્રી હેમંત બિસવા શર્માએ સાચા અને યોગ્ય નામો માટે એનઆરસીનું પુનઃ અવલોકન માટે મંજૂરી આપવી જોઈએ. ૧૯ લાખથી વધુ લોકોના નામ અંતિમયાદીમાંથી બહાર કરાયા.
૨. વિદેશમંત્રી જયશંકરે કહ્યું કે, ભારત-પાકિસ્તાન સાથે ત્રાસવાદ મુક્ત વાતાવરણમાં દ્વિપક્ષીય વાતચીત માટે તૈયાર છે.
૩. જીડીપી અંક જાહેર થયા બાદ હવે પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાને ગુડબાય કહો : ડૉ.સુબ્રમણ્યમ સ્વામી
૪. મહિલાના ધર્મપરિવર્તન અને અપહરણ બાદ પાકિસ્તાને શીખ કોમ સાથે ચર્ચા માટે કમિટી બનાવી.
૫. મહારાષ્ટ્રના ધૂલેમાં એક કેમિકલ ફેક્ટરીમાં ધડાકો થતાં ૮ લોકોનાં મોત
૬. ટ્વીટર સીઈઓ જેક ડોર્સીનું એકાઉન્ટ હેક થયું. માક્રોબ્લોગ સાઈટે કહ્યું, તે આ મુદ્દે તપાસ કરી રહ્યું છે.
૭. વડાપ્રધાન મોદીને કમાન્ડર ઈન થીફ કહેવા બદલ મુંબઈની કોર્ટે રાહુલ ગાંધીને સમન્સ પાઠવ્યું.
૮. મધ્યપ્રદેશ કોંગ્રેસ યુનિટમાં આંતરિક લડાઈ વચ્ચે મુખ્યમંત્રી કમલનાથે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીથી મુલાકાત કરી.
૯. કાશ્મીરના ડૉક્ટરની ટેરર ફન્ડિંગ કેસમાં પૂછપરછમાં એનઆઈએ દ્વારા ભૂલથી ભારતીય રૂપિયાને મેડિકલ ટર્મ સાથે જોડી દીધો.
૧૦. જીડીપી વિકાસ દરમાં ઘટાડા બાદ મુખ્ય આર્થિક સલાહકારે ઘરેલુ અને વૈશ્વિક ક્ષેત્રોને મંદી માટે દોષિત બનાવ્યા.

આ NRC અધૂરી છે, NRCમાંથી બાકાત થનારા લોકોના આંકડાથી AASU નારાજ, સુપ્રીમકોર્ટમાં પડકારશે

તરુણ ગોગોઈએ કહ્યું : આ યાદી ખામીયુક્ત છે, ભારતીયોને બાકાત રખાયા અને વિદેશીઓને સામેલ કરાયા

(એજન્સી) તા.૩૧

આસામમાં અંતિમ એનઆરસી જાહેર થઈ ગઈ છે ત્યારે અનેક લોકોમાં હતાશા જોવા મળી રહી છે. જોકે એવું જ નથી કે જે લોકો એનઆરસીથી બહાર થયા છે તે હતાશ છે પણ જે લોકો એનઆરસીમાંથી મુસ્લિમોને બાકાત રાખવા માગતા હતા તેઓ પણ હતાશ જ દેખાઈ રહ્યાં છે. ધી ઓલ આસામ સ્ટુડન્ટ્સ યુનિયન(એએએસયુ)એ નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝનમાંથી જેટલા લોકોને બાકાત રખાયા છે તેના આંકડાથી તે ખુશ નથી. તેણે કહ્યું છે કે તેઓ આ આંકડાને સુપ્રીમકોર્ટમાં પડકારશે. ૧૯૭૯-૮૫માં વિદેશીઓની ઓળખ કરવા અને દેશના નાગરિક તરીકેના અધિકાર છીનવા તથા તેમના દેશનિકાલ માટે આસામમાં છ વર્ષ સુધી આંદોલન ચલાવાયું જેનું નેતૃત્વ અખિલ આસામ વિદ્યાર્થી સંઘ(એએએસયુ) તથા અખિલ આસામ ગણ સંગ્રામ પરિષદ(એએજીએસપી) એ કર્યું હતું. આ દરમિયાન એએએસયુના મહાસચિવ લુરિનજ્યોતિ ગોગોઈએ કહ્યું હતું કે અમે આ એનઆરસીથી નાખુશ છીએ. અપડેશન પ્રક્રિયામાં અનેક ભૂલ કરવામાં આવી છે. અમને વિશ્વાસ છે કે આ અધૂરી એનઆરસી છે. અમે આ મામલે સુપ્રીમકોર્ટમાં અરજી કરીશું અને એનઆરસીના ફરી વેરીફિકેશનની માગણી કરીશું. બીજી બાજુ આસામના પૂર્વ મુખ્યમંત્રી તરુણ ગોગોઈએ એનઆરસી અંગે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે આ યાદી ભૂલોથી ભરેલી છે. અમે તેનાથી ભારે હતાશ થયા છીએ. તેમણે દાવો કર્યો હતો કે એનઆરસી ઓર્થોરિટીએ અનેક રીતે લોકોને બાકાત રાખી દીધા છે. ઘણાં સાચા ભારતીયો ખાસ કરીને બંગાળી હિન્દુઓને યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. આ અયોગ્ય છે. તેમણે કહ્યું કે આ યાદીને કારણે ભારતીય નાગરિકો વિદેશી થઇ ગયા અને વિદેશી નાગરિકો ભારતીય બની ગયા છે. આ ચલાવી લેવાશે નહીં. એએએસયુએ પણ આ મામલે સુપ્રીમકોર્ટમાં અપીલ કરવાનો નિર્ણય કર્યો છે. ઉલ્લેખનીય છે કે એનઆરસીની અંતિમ યાદીમાંથી ૧૯ લાખ નાગરિકોને બહાર કરી દેવાયા છે.

NRCમાંથી બહાર રહેલાઓ સામે વિકલ્પ

(એજન્સી) ગુવાહાટી, તા.૩૧

- શેડ્યુલ ઓફ સિટિજનશિપની કલમ ૮ મુજબ લોકો એનઆરસીમાં નામ ન હોવાની સ્થિતિમાં અપીલ કરી શકશે. અપીલ માટે સમયમર્યાદા ૬૦ દિવસ વધારીને ૧૨૦ દિવસ કરાઈ છે. એટલે કે ૩૧મી ડિસેમ્બર સુધી અપીલ કરી શકાશે.
- ગૃહમંત્રાલયના આદેશ હેઠળ આશરે ૪૦૦ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવનાર છે.
- નામ ન ધરાવનાર લોકો સૌથી પહેલા ટ્રિબ્યુનલમાં જશે.
- ટ્રિબ્યુનલમાં જો કોઈ વ્યક્તિ કેસ હારી જશે તો તેની પાસે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જવાના વિકલ્પ રહેશે. તમામ વિકલ્પો અજમાવી લીધા બાદ નિષ્ફળ રહેવાની સ્થિતિમાં અટકાયત કરાશે.
- કોઈ પરિવાર ગરીબ છે અને કાયદાકીય રીતે લડી શકવાની સ્થિતિમાં નથી તો મુળ નિવાસીઓને ભાજપ અને વિપક્ષી દળો મદદ કરશે.
- હજારો એવા પરિવાર છે જે પેઢીઓથી આસામિયા છે પરંતુ યાદીમાં નથી. આવા લોકોની સમસ્યા દૂર કરવા સરકાર કોઈ બિલ લાવી શકે છે.
- વિદેશી જાહેર કરવાની સ્થિતિમાં આવા લોકોને સરકાર અટકાયતી કેન્દ્રોમાં રાખશે. આવા લોકોને કઈ રીતે ભારતની બહાર કરવામાં આવશે તે અંગે કોઈ નિર્ણય કરાયો નથી.

NRC પિટિશન પાછળનો માણસ : 'આ લોકોને ક્યારેય બહાર કાઢવાનો ઈરાદો નહોતો'

(એજન્સી) તા.૩૧

આજ સુધી, ૧૯૫૮ ના આઈઆઈટી-ખડગપુરના સ્નાતક પ્રદિપ કુમાર ભુયનને આ મુદ્દે ઈન્ટરવ્યુ, વિનંતીઓ અને પ્રશ્નોનો ઇનકાર કરતા, મીડિયાથી દૂર રાખ્યા છે. તેમ છતાં, આસામમાં, ઘણા લોકોનું મંતવ્ય છે કે ભુયાન વિના એનઆરસી ન હોત. ઘણાને ખબર નથી કે રાષ્ટ્રીય રજિસ્ટર ઓફ સિટીઝન્સ (એનઆરસી) ના અપડેટની શરૂઆત કરનારી અરજી પાછળ ગુવાહાટીની બાહરીમાં શાંત જીવન જીવતા આ એક છે. આજ સુધી, ૧૯૫૮ની આઈઆઈટી-ખડગપુર સ્નાતક પ્રદિપ કુમાર ભુયને મીડિયાથી દૂર રહેતાં, આ મુદ્દે ઈન્ટરવ્યુ વિનંતીઓ અને પ્રશ્નોનો ઇનકાર કર્યો હતો. તેમ છતાં, આસામમાં, ઘણા લોકોનો મત છે કે ભુયાન વિના એનઆરસી ન હોત- મોટા અસમિયા સમાજની લાંબા સમયથી માંગ છે. ૮૪ વર્ષીય આ કવાયત અંગે ઈન્ડિયન એક્સપ્રેસ સાથે વાત કરે.

તમે NRC સાથે કેવી રીતે સામેલ થયા ?

ફેબ્રુઆરી ૨૦૦૯ માં, આસામ પબ્લિક વર્કસ નામના એનજીઓનાં અભિજીત શર્મા વિનંતી સાથે મારી પાસે આવ્યા હતા. તેમને લાગ્યું કે ગેરકાયદેસર ઇમિગ્રેશન ઘણા લાંબા સમયથી આસામને પજવી રહ્યુ છે, અને એનઆરસીનો મુદ્દો વર્ષોથી ચરમસીમામાં હતો. તેમણે મને પૂછ્યું કે શું હું એનઆરસી લાગુ કરાવવા માટે કોઈ અરજીનો મુસદ્દો તૈયાર કરી શકું છું. મને એક વાતની ખાતરી હતી - કે જો આપણે કંઇક સ્થાપિત કરવું હોય, તો તે ડેટા અને આંકડા પર આધારિત હોવું જરૂરી છે. આપણે એ બતાવવાની જરૂર હતી કે વર્ષોથી મતદારો કેવી રીતે ઝડપથી વધ્યા છે. મેં તેને કહ્યું હતું કે, મને ૧૯૭૧ પછીથી ભારતના ચૂંટણી પંચ (ઈસીઆઈ) ના નવીનતમ દસ્તાવેજો/પ્રકાશનો મેળવી આપો. પછીના બે મહિનામાં, મેં તેના પર કામ કર્યું - દસ્તાવેજોના ભંડારમાંથી પસાર થયો. ખૂબ મતદારક્ષેત્રમાં ચૂંટણી પરિણામોનો અભ્યાસ કરાયો ૧૯૭૧ના દાયકા મુજબ મારા ઘરની બાલ્કની સાથે જોડાયેલા મારા ઓફિસ રૂમમાંથી. જુલાઈ ૨૦૦૯માં, પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી અને સુપ્રીમ કોર્ટે તેને પ્રવેશ આપ્યો હતો. અભિજિત ચેમ્બરની અંદર હતો, હું બહાર હતો, ખરેખર પ્રાર્થના કરતો હતો, કેમ કે ૬૦ ટકા પીઆઈએલ બહાર ફેંકી દેવામાં આવે છે ! આભાર, સીજેઆઈ, પિટિશન દ્વારા બ્રાઉઝ કર્યા પછી કહ્યું "ઇશ્યુ નોટિસપ"

અભિજીત અને એપીડબ્લ્યુ આ અરજીનો મુખ્ય ચહેરો બન્યા. તમે પૃષ્ઠભૂમિમાં રહેવાનું કેમ પસંદ કર્યું ? કોઈ મારી પાસે કોઈ વિનંતી સાથે આવ્યો, અને મેં તેના પર અભિનય કર્યો કારણ કે મને કારણ પણ તીવ્ર લાગ્યું. મારા સમયમાં બીજા ઘણા લોકોની જેમ મેં પણ આસામ આંદોલનમાં ભાગ લીધો. છતાં તેના પછીના દાયકાઓ પછી પણ, મને સમજાયું કે આ મુદ્દો ઉકેલાવવાનું બહુ દૂર છે અને રાજકીય શક્તિ સ્થળાંતર કરનારાઓ તરફ જઈ રહી છે. હું કુદરતી રીતે ચિંતિત હતો. તેથી મેં જે કર્યું તે માત્ર સમયની જરૂરિયાત હતી. મેં ક્યારેય ઇન્ટરવ્યૂ આપ્યો ન હતો કે પછી હું કોઈ ન્યૂઝ પેનલ પર હાજર થયો ન હતો. તે ફક્ત મારા સ્વભાવમાં નથી. મેં તે કર્યું કારણ કે હું મારા રાજ્યને પ્રેમ કરૂં છું.

આજે દરેકની નજર આસામ પર છે, અને યોગ્ય કારણોસર જરૂરી નથી. એનઆરસીના કારણે લાખોને પજવણી કરવામાં આવી છે, હજારો અટકાયતમાં છે. શું તમે ક્યારેય માનવતાવાદી કટોકટીની તીવ્રતાની કલ્પના કરી છે જે પ્રગટશે ? આ કસરત એટલી વિશાળ છે કે તે લોકોને અસર કરશે. તે એટલું વિશાળ છે કે જો ત્યાં ૧% વિસંગતતા પણ હોય, તો તેનો અર્થ ત્રણ લાખ લોકોના જીવનને અસર કરે છે ! છેલ્લા કેટલાક વર્ષોમાં જે બન્યું તે ઓપરેશન અને અમલીકરણની ખામીને શોધી શકાય છે. હું ક્યારેય ઇચ્છતો નથી કે કોઈનો દમન થાય ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકો. ભારત સરકારે આ માટે જવાબદારી લેવાની જરૂર છે. ૧૯૮૫થી ક્રમિક સરકારો આ મુદ્દાને કેમ અવગણશે ?

શું તમે વિચારો છો કે, અસમની વાર્તાપ્રકાશિત થઈ નથી અથવા ધ્યાન આપવામાં આવી નથી ? આઝાદીના સમયથી અસમના કારણોને ગેરસમજ કરવામાં આવે છે, તેથી આ કંઈ નવી વાત નથી. અમારે ફક્ત અમારો મુદ્દો સ્થાપિત કરવો પડશે તેથી જ એનઆરસી થઈ રહ્યું છે. અને ન તો હું આ મુદ્દા પર લખવા માટે મીડિયાને દોષી ઠેરવું છું - જ્યારે ઘણા લોકો પ્રભાવિત થાય છે, ત્યારે આ મુદ્દાનું આંતરરાષ્ટ્રીયકરણ થવું સ્વાભાવિક છે. સરકારે પહેલેથી જ કહ્યું છે કે, બાકી રહેલા લોકો વિદેશીઓના ટ્રિબ્યુનલ્સમાં બાકાત રહેવાની અપીલ કરી શકે છે. ઇરાદો ક્યારેય આ લોકોને બહાર ફેંકી દેવાનો નહોતો. પરંતુ જ્

NRCની અંતિમ યાદી : બાકાત રહેનારા ૧૯ લાખ લોકોનું હવે શું થશે ?

(એજન્સી) તા.૩૧

આસામમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝનની અંતિમ યાદી જાહેર કરી દેવામાં આવી છે. આ યાદીમાં ૩.૧૧ કરોડ લોકોને સ્થાન મળી ગયું છે અને બાકીના આસામમાં રહેતા ૧૯.૦૬ લાખ લોકોને યાદીમાંથી બાકાત રખાયા છે. તેમાં એવા લોકો સામેલ છે જેમણે પોતાનો દાવો કર્યો નહોતો. આ લોકો માટે ભલે આ ચિંતાની વાત હોય પણ આ અંતિમ નિર્ણય નથી. યાદીમાં સ્થાન ન મેળવી શકતા લોકો પાસે અપીલ કરવાના વિકલ્પો હશે. ફોરેન ટ્રિબ્યુનલથી હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટ સુધી તે એનઆરસીમાં સ્થાન ન મળવા અંગે અપીલ કરી શકશે. એટલું જ નહીં તમામ કાનૂની વિકલ્પોને અજમાવવા સુધી તેમની વિરુદ્ધ સરકાર કોઈ કાર્યવાહી નહીં કરી શકે.

શિડ્યુઅલ ઓફ સિટિઝનશિપના સેક્શન ૮ અનુસાર લોકો એનઆરસીમાં નામ ન હોવા અંગે અપીલ કરી શકશે. અપીલ માટે સમયસીમાને હવે ૬૦થી વધારીન

૧૨૦ કરી દેવામાં આવી છે એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ અપીલ માટે લાસ્ટ ડેટ હશે. ગૃહ મંત્રાલયના આદેશ હેઠળ લગભગ ૪૦૦ ટ્રિબ્યુનલ્સની રચના એનઆરસીના વિવાદોના નિકાલ માટે કરાઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે એનઆરસી લિસ્ટમાંથી બહાર થવાનો અર્થ એ નથી કે તેમને વિદેશી જાહેર કરી દેવાશે. એવા લોકોને ફોરેન ટ્રિબ્યુનલ સમક્ષ પોતાનો કેસ રજૂ કરવો પડશે. તે ઉપરાંત રાજ્ય સરકારે એ પણ સ્પષ્ટતા કરી છે કે યાદીથી બહાર થનારા લોકોને કોઈપણ પરિસ્થિતિમાં કસ્ટડીમાં લેવામાં નહીં આવે. ફોરેન ટ્રિબયુનલ્સનો નિર્ણય આવવા સુધી તેમને છૂટ આપવામાં આવશે. જો કોઈ વ્યક્તિ ટ્રિબ્યુનલ્સમાં કેસ હારી જશે તો તેની પાસે હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટમા પણ અરજી કરવાનો સમય હશે. તમામ કાનૂની વિકલ્પો અજમાવ્યા પહેલા તેને કોઈપણ રીતે અટકાયતમાં લઈ શકાશે નહીં. આસામ સરકાર આ મામલે કાનૂની મદદ પણ કરશે.

મનોજ તિવારીએ દિલ્હીમાં NRCની માંગણી કરતાં અધિર રંજન ચૌધરીની પ્રતિક્રિયા : 'મારા પિતા બાંગ્લાદેશમાં રહેતા હોવાથી હું પણ બહારનો છું'

(એજન્સી) તા.૩૧

કેન્દ્ર સરકાર સંસદમાં પણ એનઆરસીને લાગુ કરો. કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ આસામમાં એનઆરસીની અંતિમ યાદી જારી થયાના તાત્કાલિક બાદ શનિવારે તેના પર કટાક્ષ કર્યો. આ યાદીમાંથી ૧૯ લાખથી વધુ લોકોને બાકાત રખાયા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ શનિવારે સવારે દિલ્હીના ૧૦ જનપથ ખાતે એનઆરસીની યાદી અંગે ચર્ચા બાદ પત્રકારો સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન અધીર રંજન ચૌધરીએ કહ્યું કે સરકાર આસામ મુદ્દાને સંભાળવામાં નિષ્ફળ રહી છે. લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું કે દેશ તેમનું છે. તે જ્યાં ઇચ્છે ત્યાં એનઆરસી લાગુ કરી દે. તે આસામ એનઆરસીને સાચવવામાં સક્ષમ નથી અને હવે તેને તે અન્ય રાજ્યોમાં

પણ લઈ જવા માગે છે. તેમણે સંસદમાં પણ એનઆરસી લાગુ કરવી જોઈએ. હું એક બાહરી વ્યક્તિ છું કેમ કે મારા પિતા બાંગ્લાદેશમાં રહેતા હતા. કોંગ્રેસની બેઠકમાં વચગાળાના પ્રમુખ સોનિયા ગાંધી, કોંગ્રેસના વરિષ્ઠ નેતા એ.કે.એન્ટની, ગૌરવ ગોગોઈ સહિત પાર્ટીના અન્ય નેતાઓ પણ પહોંચ્યા હતા. ચૌધરીએ આ દરમિયાન કહ્યું કોઈપણ નાગરિકોને કોઈપણ સ્થિતિમાં બહાર ન કરવા જોઈએ અને બધા નાગરિકોને સુરક્ષા મળવી જોઈએ. અગાઉ ટીકાકારોને જવાબ આપતાં મનોજ તિવારીએ પણ દિલ્હીમાં એનઆરસી લાગુ કરવાની વાત કહી હતી કેમ કે ત્યાં પણ ગેરકાયદ પ્રવાસીઓ વસેલા છે. તે ઘાતક છે એમ તેમણે કહ્યું હતું. રાજધાનીમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલા મનોજ તિવારીએ કહ્યું કે દિલ્હીમાં એનઆરસી જેવી કવાયત થવી પાર્ટીના ચૂંટણી ઢંઢરાનો ભાગ બનશે. આસામમાં એનઆરસીની અંતિમ યાદી શનિવારે જાહેર થઈ હતી. તેમાંથી ૧૯ લાખ લોકોને બાકાત રખાયા હતા.

NRC પર પાક. PM ઈમરાન ખાન : કાશ્મીરને ગેરકાયદે રીતે ભારતમાં ભેળવી દેવું મુસ્લિમોને નિશાન બનાવવાની બૃહદ યોજનાનો ભાગ

(એજન્સી) તા.૩૧

આસામ અનેઆરસીની અંતિમ યાદી જાહેર થયા પછી પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને મોદી સરકાર પર નિશાન તાક્યું હતું. તેમણે કહ્યું કે એનઆરસી મુસ્લિમોને નિશાન બનાવવાની મોટી યોજનાનો એક મોટો ભાગ છે. ઈમરાન ખાને ગત અમુક અઠવાડિયામાં ભાજપની મોદી સરકાર સામે મુસ્લિમોના નરસંહાર કરવાની યોજના બનાવવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે બાકી દુનિયાને આ યોજના વિશે સચેત થઈ જવાની જરુર છે. ઈમરાન ખાને પોતાની એક ટ્વિટમાં એનઆરસીની અંતિમ યાદીને ટેગ કરતાં કહ્યું કે ભારતીય અને આંતરરાષ્ટ્રીય

મીડિયામાં મોદી સરકારની મુસ્લિમ નરસંહારની યોજના વિશે જારી રિપોર્ટ્સથી દુનિયાએ સચેત થઈ જવાની જરુર છે કે કાશ્મીરને ગેરકાયદેસર રીતે ભારતમાં ભેળવી દેવું મુસ્લિમોને નિશાન બનાવવાની બૃહદ યોજનાનો એક ભાગ છે. ગત અઠવાડિયે કરેલી અનેક ટ્વિટમાં ઈમરાન ખાને ભારત સરકારને નાઝી વિચારધારાનું અનુસરણ કરનારી, ફાંસીવાદી અને જાતિવાદી ગણાવી હતી. તેમણે સરકાર પર મુસ્લિમોના નરસંહાર કરવાની યોજના તૈયાર કરવાનો પણ આરોપ મૂક્યો હતો. એનઆરસીની અંતિમ યાદીમાંથી ૧૯ લાખથી વધુ લોકોને બહાર કરી દેવામાં આવ્યા છે. એનઆરસી હેઠળ આસામમાં બાંગ્લાદેશથી આવેલા ગેરકાયદેર પ્રવાસીઓની ઓળખ કરવાની હતી. જે લોકોના નામ અંતિમ યાદીમાં નથી તેમણે ફોરેનર્સ ટ્રિબ્યુનલમાં અપીલ કરવાની તક અપાશે અને તેના માટે તેમને ૧૨૦ દિવસનો સમય અપાયો છે.

આસામના તેજપુરમાં NRCમાંથી બાકાત થઈ જવાના બિનસત્તાવાર સમાચાર સાંભળી મહિલાએ આપઘાત કર્યો

(એજન્સી) તા.૩૧

એનઆરસીની અંતિમ યાદી આવી ગઈ છે ત્યારે અનેક સ્થળેથી આપઘાત અને મોતના સમાચારો આવવાની શરુઆત પણ થઈ ગઈ છે. આસામના તેજપુરમાં જ એનઆરસીમાંથી બાકાત થઈ જવાના બિનસત્તાવાર સમાચારો સાંભળી એક મહિલાએ આપઘાત કરી લીધા હોવાના અહેવાલ મળ્યાં છે. આ મહિલાની ઓળખ સાયરા બેગમ તરીકે થઈ છે. જ્યારે

એનઆરસીની યાદી જાહેર થઈ રહી હતી ત્યારે કોઈએ તેમને કહી દીધું કે તે પણ યાદીમાંથી બહાર થઈ ગાય છે અને આ વાતનો તેમને એટલો આઘાત લાગ્યો કે તેઓ ફૂવામાં જ કૂદી પડ્યાં. જોકે હજુ સુધી એ વાતની પુષ્ટી થઈ શકી નથી કે તેમનું નામ એનઆરસીમાંથી બહાર થયું છે કે પણ નહીં. જોકે તેમણે આપઘાત કર્યો તેના લગભગ એક કલાક અને ૧૫ મિનિટ પહેલા જ એનઆરસીની યાદી જાહેર થઈ હતી અને તેમણે આ યાદીમાં પોતાની વિગત ચેક કરવાની તસ્દી પણ કદાચ લીધી નહોતી.

હવે દિલ્હીના ભાજપા અધ્યક્ષ મનોજ તિવારી દિલ્હીમાં NRC ઈચ્છે છે, કહ્યું "રાજધાનીમાં સ્થિતિ ભયાવહ"

(એજન્સી)

નવી દિલ્હી, તા.૩૧

શનિવારે સવારે આસામ એનઆરસી (નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સ)ની અંતિમ યાદી જાહેર થયાના કલાકો બાદ દિલ્હીના ભાજપાના પ્રદેશ અધ્યક્ષ અને ઉત્તર-પૂર્વીય દિલ્હીના સાંસદ મનોજ તિવારીએ દિલ્હીમાં પણ એનઆરસી લાગુ કરવાની વકીલાત કરી છે. તિવારીએ વધુમાં કહ્યું હતું કે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એનઆરસીની જરૂરિયાત છે

કારણ કે, ગેરકાયદેસર પ્રવાસીઓને કારણે અહીંની સ્થિતિ ભયાવહ થઈ ગઈ છે. ગેરકાયદેસર પ્રવાસીઓ અહીં આવીને વસવાટ કરી રહ્યા છે તે ખૂબ જ જોખમી છે. અમે અહીંયા એનઆરસી લાગુ કરીશું. આવું પહેલીવાર બન્યું નથી કે જ્યારે મનોજ તિવારીએ રાષ્ટ્રીય રાજધાનીમાંથી ગેરકાયદેસર પ્રવાસીઓને ભગાડી મૂકવા માટે એનઆરસીની માગણી કરી હોય. તેમણે આ વર્ષે મે મહિનામાં પણ આ જ પ્રકારનું નિવેદન આપ્યું હતું કે, જ્યારે દિલ્હીના મોતીનગર વિસ્તારમાં એક શખ્સની તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી નાંખવામાં આવી હતી. તેમણે તે સમયે કહ્યું હતું કે, શંકાસ્પદ હત્યારો રોહિંગ્યા અથવા તો બાંગ્લાદેશી હોઈ શકે છે.

નિવૃત્ત સેના અધિકારી NRC યાદીમાંથી બાકાત, તેમણે કહ્યું "આશ્ચર્યચકિત નથી"

(એજન્સી) તા.૩૧

નિવૃત આર્મી સુબેદાર મોહમ્મદ સનાઉલ્લાહ વિશે તો આપ બધા જાણતા જ હશો. તેમનો એનઆરસીથી બહાર થવાનો કેસ વધારે ચર્ચામાં રહ્યો હતો. જોકે તેમને જ લગતા વધુ એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. આસામમાં અંતિમ એનઆરસી જાહેર થઈ ગઈ છે ત્યારે આર્મીમાં સુબેદાર તરીકે ફરજ બજાવી ચુકેલા સનાઉલ્લાહના બાળકોને પણ હવે એનઆરસીમાંથી બાકાત રખાયા છે. જોકે અહીં સનાઉલ્લાહની પત્નીને યાદીમાં સ્થાન અપાયું છે. જોકે તેના માટે એનઆરસી અધિકારીઓએ કારણ આપ્યું હતું કે તેમને પોતાના પિતાના નામ અને પુરાવાઓના આધારે સ્થાન

આસામ NRC : ગુવાહાટી હાઈકોર્ટના આદેશ પછી અટકાયત કેન્દ્રમાંથી મુક્ત થયેલા મોહમ્મદ સનાઉલ્લાહ

મળ્યું છે. એનઆરસીની જોગવાઈઓ અનુસાર જે વ્યક્તિને વિદેશી ટ્રિબ્યુનલ દ્વારા વિદેશી જાહેર કરી દેવામાં આવે તેના બાળકોને પણ એનઆરસીમાં સ્થાન મળશે નહીં અને એક મહિના પહેલા જ આર્મીના સુબેદાર તરીકે સેવા કરી ચૂકેલા સનાઉલ્લાહને વિદેશી જાહેર કરાયા હતા અને તેમના બાળકોને પણ હવે તેમના લીધે એનઆરસીથી બહાર થવું પડ્યું છે. ઉલ્લેખનીય છે કે એનઆરસીનો અંતિમ ડ્રાફ્ટ આવ્યો હતો ત્યારે ૪૦ લાખથી વધુ લોકોને બાકાત રખાયા હતા અને ૩૧ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ એટલે કે ગઈ કાલે જ્યારે એનઆરસીની અંતિમ યાદી આવી ત્યારે ૧૯ લાખ લોકો જ એવા હતા જેમને એનઆરસીની અંતિમ યાદીમાં સ્થાન મળી શક્યું નથી. સનાઉલ્લાહ કહે છે કે મારો કેસ હાલમાં હાઈકોર્ટમાં પડતર છે એટલા માટે મને આશા નહોતી કે મારું નામ યાદીમાં સામેલ થશે. મને ન્યાયપાલિકામાં પૂર્ણ વિશ્વાસ છે અને મને વિશ્વાસ છે કે હું કેસ જીતીશ અને મને ન્યાયની સાથે સાથે ભારતીય નાગરિક સાબિત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સનાઉલ્લાહ પર વર્ષની ઉંમરે આર્મીના કોર્પ્સ ઓફ ઈલેક્ટ્રોનિક એન્ડ મિકેનિકલ એન્જિનિયર વિભાગમાં ફરજ બજાવી ૨૦૧૭માં જ નિવૃત થયા હતા.

૧૯,૦૬,૬૫૭ અરજીઓના નિકાલ માટે ૩૦૦ ટ્રિબ્યુનલ અંતિમ NRC જાહેર થવા સુધી આંકડો ઘટતો ગયો

(એજન્સી) તા.૩૧

આસામમાં આખરે ૩૧ ઓગસ્ટે અપડેટ કરેલી અંતિમ એનઆરસી સુપ્રીમકોર્ટના આદેશ હેઠળ જાહેર કરી દેવામાં આવી. અગાઉ ૧૯૫૦માં અને તેના પછી બાંગ્લાદેશ આઝાદ થયાના ૧૯૭૧ વખતે રાજયની વસતીની ગણતરી કરવા અને તેનું અવલોકન કરવા માગણી કરવામાં આવી હતી. જોકે રાજયની સરહદો બદલાવા અને દર ૪૦ વર્ષે આસામની વસતી ગણતરીમાં પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશની વસતીને કારણે ફેરફાર ચિંતાજનક રહ્યો. એટલા માટે ૧૯૮૦માં આસામમાં વિદેશી ઘૂસણખોરો વિરુદ્ધ ચળવળ શરુ કરવામાં આવી હતી. ઓલ આસામ સ્ટુડન્ટ યુનિયન(એએએસયુ) દ્વારા આ ચળવળનું નેતૃત્વ કરાયું હતું. આસામ ગણ પરિષદ પણ તેમાં સામેલ થઈ હતી.

નાગરિકતા કાયદો ૧૯૫૫ હેઠળ ભારતમાં નાગરિકતા જન્મના આધારે થાય છે, ૧૯૮૬ અને ૨૦૦૩માં કરાયેલા સુધારામાં સિદ્ધાંત બદલાતો ગયો

તેમણે ૧૯૮૦માં કેન્દ્ર તથા રાજય સરકારને આવેદન સોંપ્યું અને યાદીને અપડેટ કરવાની માગણી કરી. આ ચળવળ ગેરકાયદે બાંગ્લાદેશી ઘૂસણખોરોથી આસામની સંસ્કૃતિને ડહોળાઈ જતાં બચાવવાનો હતો. ભારતમાં નાગરિકતા કાયદો ૧૯૫૫ હેઠળ જન્મના આધારે જ નાગરિકતાનો અધિકાર મળે છે. જોકે ૧૯૮૬ અને ૨૦૦૩માં આ સિદ્ધાંતમાં ફેરફાર કરાયો. જોકે ૨૦૧૩માં એનઆરસીને સુપ્રીમકોર્ટના આદેશ બાદ અપડેટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી. સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈ અને જસ્ટિસ નરીમનના નેતૃત્વ હેઠળ એનઆરસી આગળ વધારવામાં આવી. આંકડાઓ પર નજર કરશો તો ૩,૧૧,૨૧,૦૦૪ લોકોને એનઆરસીમાં સ્થાન મળશે તેવો નિર્ણય કરાયો. અંતિમ ડ્રાફ્ટમાં ૨૮૯૮૩૬૭૭ લોકોને સ્થાન મળ્યું. અંતિમ એનઆરસીમાંથી ૧૯૦૬૬૫૭ લોકો બહાર થઈ ગયા. હવે આ લોકોની અરજીના નિકાલ માટે ૩૦૦ વિદેશી ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી છે. ૬.૬ કરોડ લોકો નાગરિકતાના પૂરાવા રજૂ કરી ચૂક્યા છે. આ તમામ કામગીરી માટે ૫૨૦૦૦ કર્મચારીઓની જરુર પડી.

૧૯૫૦માં ઈમિગ્રન્ટ્સ એક્ટથી લઈને અંતિમ NRCની યાદી : ૧૯ લાખ લોકોના ભાવિને આકાર આપતી ઘટનાઓ

NRCની અંતિમ સૂચિ આજે સવારે ૧૦ વાગ્યે જાહેર કરવામાં આવી હતી, જેમાં લગભગ ૧૯ લાખને બાદ કરતાં, ૩ કરોડ લોકોનો યાદીમાં સમાવેશ



(એજન્સી) ગુવાહાટી, તા.૩૧

આસામમાં બહુ રાહ જોવાતી અપડેટ થયેલ ફાઈનલ નેશનલ રજિસ્ટર સિટીઝન્સ (એનઆરસી)ને સૂચિ શનિવારે બહાર પાડવામાં આવી હતી. જેમાં ૧૯.૦૭ લાખ અરજદારોના નામને બાદ કર્યા છે તેમ એનઆરસી સ્ટેટ કોઓર્ડિનેટર કચેરીએ જણાવ્યું છે. એક નિવેદનમાં જણાવાયું છે કે, અંતિમ એનઆરસીમાં ૧૧.૧૧ કરોડ અરજદારોના નામનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આઝાદી પછીના શનિવારે અંતિમ રાષ્ટ્રીય રજિસ્ટર સિટિઝન્સ (એનઆરસી)ને આસામને ઈમિગ્રેશન મુદ્દાની પ્રકાશન સુધીના સમયરેખા નીચે મુજબ છે.

૧૯૫૦ : ભાગલા પછી પૂર્વ પાકિસ્તાનથી આસામમાં શરણાર્થીઓનો પ્રવાહ આવ્યા બાદ ઈમિગ્રન્ટ્સ (આસામમાંથી હાંકી કાઢવું) કાયદો અમલમાં આવ્યો.

૧૯૫૧ : સ્વતંત્ર ભારતની પ્રથમ વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી. વસ્તી ગણતરીના આધારે, પ્રથમ એન.આર.સી. સંકલિત થઈ.

૧૯૫૭ : ઈમિગ્રન્ટ્સ (આસામમાંથી હાંકી કાઢવા) કાયદો રદ કરાયો.

૧૯૬૪-૧૯૬૫ : દેશમાં ખલેલને કારણે પૂર્વી પાકિસ્તાનથી શરણાર્થીઓનો ધસારો.

૧૯૭૧: પૂર્વ પાકિસ્તાનમાં રમખાણો અને યુદ્ધના કારણે તાજો ધસારો. સ્વતંત્ર બાંગ્લાદેશ અસ્તિત્વમાં આવ્યું.

૧૯૭૯-૧૯૮૫ : ઓલ આસામ સ્ટુડન્ટ્સ યુનિયન (એએએસયુ) અને ઓલ આસામ ગણ સંગ્રામ પરિષદ (એએજીએસપી) દ્વારા વિદેશી લોકોની શોધ, છૂટછાટ અને દેશનિકાલ માટે છ વર્ષીય આસામ આંદોલન.

૧૯૮૩ : મધ્ય આસામના નેલીમાં હત્યાકાંડ, જેમાં ૩,૦૦૦ થી વધુ લોકોના જીવ ગયા. ગેરકાયદે સ્થળાંતર (ટ્રિબ્યુનલ્સ દ્વારા નિર્ધારિત) કાયદો પસાર થયો.

૧૯૮૫ : તત્કાલીન વડા પ્રધાન રાજીવ ગાંધીની હાજરીમાં કેન્દ્ર, રાજ્ય, એએએસયુ અને એએજીએસપી દ્વારા આસામ એકોર્ડ પર હસ્તાક્ષર થયા. તેમાં અન્ય કલમોમાં જણાવાયું છે કે, ૨૫ માર્ચ, ૧૯૭૧ ના રોજ અથવા તે પછી આસામ આવેલા વિદેશીઓને હાંકી કાઢવામાં આવશે.

૧૯૯૭ : ચૂંટણી પંચે એવા મતદારોના નામ સામે 'ડી' (શંકાસ્પદ) ઉમેરવાનો નિર્ણય લીધો, જેમના ભારતીય નાગરિકત્વનો દાવો શંકાસ્પદ છે.

૨૦૦૫ : સુપ્રીમ કોર્ટે આઈએમડીટી એક્ટને ગેરબંધારણીય ગણાવી. કેન્દ્ર, રાજ્ય સરકાર અને એએએસયુ વચ્ચે ત્રિપક્ષીય બેઠક ૧૯૫૧ એનઆરસીને અપડેટ કરવાનો નિર્ણય કરે છે. પરંતુ તેમાં કોઈ મોટો વિકાસ થતો નથી.

૨૦૦૯ : આસામ પબ્લિક વર્ક્સ (એપીડબ્લ્યુ), એક એનજીઓ, સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ કરે છે મતદાર યાદીમાં વિદેશીઓનું નામ કાઢી નાખવા અને એનઆરસીના અપડેટ માટે પ્રાર્થના કરે છે.

૨૦૧૦ : એનઆરસીને અપડેટ કરવા પાયલોટ પ્રોજેક્ટ બરપેટાના ચાયગાંવમાં શરૂ થઈ રહ્યો છે. ચાયગાંવમાં પ્રોજેક્ટ સફળ. બરપેટામાં હિંસામાં ચારનાં મોત.

૨૦૧૩ : સુપ્રીમ કોર્ટે એપીડબ્લ્યુ અરજી લીધી, કેન્દ્ર અને રાજ્યને એનઆરસીને અપડેટ કરવાની પ્રક્રિયા શરૂ કરવા સૂચના આપી. એનઆરસી સ્ટેટ કોઓર્ડિનેટરની ઓફિસ ગોઠવી.

૨૦૧૫ : એનઆરસી પ્રક્રિયાના અપડેટની શરૂઆત થઈ.

૨૦૧૭ : ૩૧ ડિસેમ્બરની મધ્યરાત્રિએ, ડ્રાફ્ટ એનઆરસીએ કુલ ૩.૨૯ કરોડ અરજદારોમાંથી ૧.૯ કરોડના નામો સાથે પ્રકાશિત કર્યા.

૩૦ જુલાઈ, ૨૦૧૮ : બીજો ડ્રાફ્ટ એનઆરસી દ્વારા પ્રકાશિત, ૨.૯ કરોડ લોકોમાંથી ૪૦ લાખ લોકો બાકાત.

૨૬ જૂન, ૨૦૧૯ : ૧,૦૨,૪૬૨ની વધારાનો ડ્રાફ્ટ બાકાત સૂચિનું પ્રકાશન.

ઓગસ્ટ ૩૧, ૨૦૧૯ : અંતિમ એનઆરસી બહાર પાડ્યું.

Plot No: 805
Panchshil Park
Sector-21
Gandhinagar

યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો- ગાંધીનગર
ઝુલેખા અન્સારી - ૯૭૧૨૯૧૧૧૬૨
જીવનસાથીની શોધ જ્યાં પુરી થાય છે. મુસ્લિમ સમાજ માટે વિશ્વસનીય પ્લેટફોર્મ,

બે બાળકને ઈજા પહોંચતા હોસ્પિટલ ખસેડાયા

સુરતમાં ટેન્કરે સ્કૂલ રિક્ષાને અડફેટે લીધી : વિદ્યાર્થીઓનો ચમત્કારીક બચાવ

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૩૧

રસ્તા પર અચાનક બ્રેક ફેઈલ થઈ જતાં ટેન્કરે સ્કૂલ ઓટોને અડફેટે લીધી હતી જેને લીધે ૬ માસૂમ વિદ્યાર્થીઓને ઈજા પહોંચી હતી સદ્નશીબે તમામનો ચમત્કારીક બચાવ થયો હતો.

પાંડેસરા વિસ્તારમાં શાળાએ જતી સ્કૂલ રીક્ષા નંબર જીજે-૫- બીવાય-૩૦૧૧માં સુમન સ્કૂલના ૬ વિદ્યાર્થી બેઠાં હતા. આ ઓટો સ્કૂલના રસ્તા પર આગળ વધી રહી હતી. ત્યારે અચાનક જ ટેન્કરનો બ્રેક ફેઈલ થઈ જતાં ચાલકે અનેક પ્રયાસ કરીને ટેન્કરને રસ્તાના સાઈડ પર ઘુસાડી દેવાનો પ્રયત્ન કર્યો પરંતુ વહેલી સવારેજ ભારે ટ્રાફિક શરૂ થઈ જતાં ડ્રાઈવર વધુ વાર સુધી ટેન્કર પર કાબુ મેળવી શક્યો ન હતો. જેથી સાઈડ પર ચાલી રહેલી રિક્ષાને અડફેટે લેતાં છ વિદ્યાર્થીઓ પૈકી બે ને ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જાતા જ લોકટોળા ઉમટી પડ્યા હતા જેથી માર પડવાની બીકે ટ્રક ચાલક ભાગી નિકળ્યો હતો. અચાનક અકસ્માત સર્જાતા વિદ્યાર્થીઓ ફફડી ઉઠ્યા હતા જેથી તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે વિદ્યાર્થીના વાલીઓ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. ટ્રકની બ્રેક ફેઈલ થઈ જતાં અકસ્માત થયો હોવાનું જાણવા મળ્યુ છે.

કોડીનારના પણોદર ગામે

અનુ. જાતિના બાળકનું અપહરણ કરી માર મારવા અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ

સગીરાની આબરૂ લેવાના પ્રયાસ અંગે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા તટસ્થ તપાસની માંગ

કોડીનાર,તા.૩૧

કોડીનાર તાલુકાના પણોદર ગામના ૧૩ વર્ષના અનુ. જાતિના બાળકનું અપહરણ કરી ઢોર માર મારવાના બનાવ અંગે તેજ ગામના ત્રણ શખ્સો સામે પોલીસમાં બાળકના પિતાએ ફરિયાદ કરી છે. જ્યારે બાળકને માર મારનાર શખ્સો એ તેમની સામે ૧૬ વર્ષની યુવતીનું કાંડુ પકડી આબરૂ લેવાના કરેલા પ્રયાસની ફરિયાદ નોંધાવતા આ ઘટના અંગે રાષ્ટ્રીય દલીત અધિકાર મંચ દ્વારા રાજ્યપાલને સંબોધન કરતું એક વિસ્તૃત આવેદનપત્ર કોડીનાર મામલતદારને પાઠવી સમગ્ર બનાવની તટસ્થ તપાસની માંગણી કરી છે.

પણોદર ગામના ક્રિપાલ હમીરભાઈ વાઢેળ (ઉ.વ.૧૩)નું નીતિન નાથાભાઈ બારડ નામના શખ્સે તેમના ઘેર લઈ જઈ તેમની સાથે રહેલા અન્ય શખ્સોએ મળી ઢોર માર માર્યો હતો. જે બનાવ અંગે ક્રિપાલની માતા લીલીબેને પોલીસમાં ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસ બોલાવી ક્રિપાલને છોડાવ્યો હતો. આ બનાવ અંગે નીતિન બારડ સહિતના શખ્સો સામે પોલીસમાં ધોરણસર ફરિયાદ કરી છે જ્યારે નીતિન બારડની પુત્રી નિયતિ (ઉ.વ.૧૬)એ ક્રિપાલ સામે તેણીનું કાંડુ પકડી આબરૂં લેવાનો પ્રયાસ કર્યાની ફરિયાદ કરતાં રાષ્ટ્રીય દલીત અધિકાર મંચ દ્વારા સમગ્ર બનાવની તટસ્થ તપાસ કરી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવા સત્ય બહાર લાવવા માંગણી કરી છે.

વેસુમાં ૨ લાખનો માલ સંચાલકે ચાઉં કરી દીધો

વરાછામાં ભેજાબાજે વેપારીના ઈન્સ્યોરન્સના ૪.૭૨ લાખ પોતાના ખાતામાં નંખાવી દીધા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૧

વરાછા વિસ્તારમાં રહેતા એક વેપારીને બજાજ એલાયંસ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં પૈસા ભરવા પડશે તેમ કહી એક ઠગબાજે રૂ.૪.૭૨ લાખ પોતાના ખાતામાં ભરાવી દીધા હતા. જ્યારે રીંગરોડમાં કાપડની દુકાન ધરાવતા વેપારીનો માલ ટ્રાન્સપોર્ટ સંચાલકે ચાઉં કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

વરાછા ત્રિકમનગરના પાર્શ્વનાથ એપાર્ટમેન્ટમાં રહેતા દિપક રાજેન્દ્ર મહાત્મા હીરાના ધંધા સાથે સંકળાયેલા છે. દિપકે બજાજ એલાયંસ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં પોલીસી ઉતારી હતી. તા. ૪ - ૯ - ૨૦૧૯ના રોજ તેમના પર એક અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ બજાજ એલાયંસમાંથી બોલતા હોવાનું કહી પૈસા ભરવા પડશે તેમ કહી પોતાનો એકાઉન્ટ નંબર આપ્યો હતો. દિપકકુમારે પણ ઠગબાજના એકાઉન્ટમાં ટુકડે ટુકડે કરીને રૂ.૪.૭૨ લાખ જમા કરાવી દીધા હતા. તે દરમ્યાન દિપક કુમારે તપાસ કરતા હજુ સુધી જમા ન થયા હોવાનું સામે આવ્યુ હતુ. પોતાની સાથે વિશ્વાસઘાત થયા હોવાનું ભાન થતાં દિપકકુમારે વરાછા પોલીસ મથકમાં ફરીયાદ નોધાવી હતી.

વેસુ સિંગાર રેસીડેન્સીમાં રહેતા રાજેન્દ્રકુમાર શ્રીભગવાન શાહ રીંગરોડ અંબાજી ટેક્ષટાઈલ માર્કેટમાં કાપડની દુકાન ધરાવે છે. તા. ૮ - ૪ - ૨૦૧૭ થી આજદીન સુધી તેમણે ભાઠેના ભરત નગરમાં આવેલા શ્રી સિધ્ધી વિનાયક રોડવેઝ ટ્રાન્સપોર્ટ કંપની દ્વારા કાપડનો માલ મંગાવ્યો હતો. પરંતુ ટ્રાન્સપોર્ટ કંપનીના માલિક સુનિલ જૈનાએ રૂ.૧.૯૭ લાખના આઠ પાર્સલોમાં ૭૬૮ નંગ સાડીઓ પોતાના કબજામાં લઈ આજદીન સુધી પરત આપી ન હતી. રાજેન્દ્ર કુમારે સાડીનો માલ પરત માંગતા ખોટા વાયદાઓ કર્યા હતા. જેથી રાજેન્દ્રકુમારે સલાબતપુરા પોલીસ મથકમાં ફરીયાદ નોધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વાંકાનેર નજીકથી અપહરણ કરાયેલ બાળકની લાશ કૂવામાંથી મળતા ચકચાર

મોરબી, તા.૨૧

આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર વાંકાનેર બાઉન્ડરી નજીક આવેલ મહંત દેવાબાપની જગ્યા પાસેથી બે દિવસ પહેલા એક પાંચ વર્ષના માસૂમ બાળક ગ્રિન્સનું અપહરણ કરવામાં આવ્યું હતું. આ બનાવ બાદ વાંકાનેર તાલુકા પોલીસ તથા એલસીબી અને એસઓજીએ વિવિધ દિશામાં તપાસ હાથ ધરી હતી પણ

અપહરણ કરાયેલા બાળકની કોઈ કડી મળી ન હતી. દરમ્યાન આજે જે જગ્યાએથી બાળકનું અપહરણ થયું હતું તે દેવાબાપાની જગ્યાની પાછળના કૂવામાંથી આ અપહૃત બાળકનો મૃતદેહ મળી આવ્યો છે. જે અંગે સ્થાનિક ગ્રામજનોએ જાણ કરતા ડી.વાય.એસ.પી. બન્નો જોશી, એલસીબી અને એસઓજી તથા વાંકાનેર તાલુકા પીએસઆઈ શકિતસિંહ ગોહિલ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને કૂવામાંથી બાળકની લાશ બહાર કાઢીને ફોરેન્સિક પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

વધુમાં જણવા મળતી વિગતો મુજબ આ બાળકની લાશમાં દોરડું બાંધેલું હતું અને તેના પાછળના ભાગે પાઈપ બાંધેલો હતો.જેથી કોઈએ બાળકની હત્યા કરીને તેની લાશને આ રીતે બાંધીને કૂવામાં ફેંકી દીધી હોવાની પ્રબળ શંકાઓ ઉઠી છે. હાલ પોલીસે ફોરેન્સિક પીએમ બાદ આ બનાવનું સાચું કારણ જાણવા મળશે એમ કહ્યું હતું.

જામનગર મનપા દ્વારા ધારાસભ્યની ગ્રાન્ટ હેઠળ વિકાસના કામોમાં ભેદભાવ સામે વિપક્ષના ધરણા

જામનગર, તા.૩૧

જામનગરનમા પૂર્વ ધારાસભ્યે સુચવેલ ગ્રાન્ટના કામને મહાનગર પાલિકાએ સ્વીકાર નહીં કરતા વિપક્ષ દ્વારા આજે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ ધરણા કરવામાં આવ્યા હતા. તો બીજી તરફ ચેરમેન દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે જામનગરના પૂર્વ ધારાસભ્ય વલ્લભ ધારવીયાએ પોતાની ગ્રાન્ટમાંથી વિકાસ કામો માટે રકમ ફાળવી હતી પંરતુ મહાનગર પાલિકા દ્વારા તેમની આ રજુઆતને ધ્યાનમાં લેવામાં આવી ન હતી. આમ ભેદભાવ ભરી નીતિના કારણે મહાનગરના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની ઓફિસ પાસે વિપક્ષના નેતા અલ્તાફ ખફીની આગેવાની ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અને ત્યાર પછી ચેરમેન સુભાષ જોષીને આવેદન પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી.આ આંદોલન સામે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સુભાષ જોષીએ ખુલાસો કર્યો હતો કે, પૂર્વ ધારાસભ્ય વલ્લભ ધારવીયાએ જ પોતે ફાળવેલી ગ્રાન્ટનો પત્ર રદ કરવાનું લેખિતમાં આપ્યું હતું. એટલે કે ભેદભાવ કરવામાં આવે છે તેવો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત રહેતો નથી.

આ કાર્યક્રમમાં વિપક્ષના નેતા અલ્તાફ ખફી, ઉપરાંત વિપક્ષના કોર્પોરેટરો દેવશી આહિર, આનંદ ગોહિલ, આનંદ રાઠોડ, નિતાબેન પરમાર, જેનલબેન ખફી, જેતુનબેન રાઠોડ સહિતનાઓ જોડાયા હતા.

બે વેપારીઓ પાસેથી ૩૫૦૦નો દંડ વસૂલ્યો

જૂનાગઢ ખાતે જાહેરમાં કચરો કે પ્લાસ્ટિક ઝભલાં નાંખનાર હવે, દંડાશે !

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૩૧

જૂનાગઢ મહાનગરપાલિકાની ટીમે શહેરના તળાવ દરવાજા વિસ્તારમાં રાત્રીના ૯:૩૦ વાગ્યે ચેકીંગ હાથ ધર્યું હતું. આ ચેકીંગ કામગીરી દરમ્યાન પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઝભલા રાખનાર વેપારી તેમજ જાહેરમાં કચરો ફેંકનાર વેપારી દંડાયા. મનપાની ટીમે બંને વેપારી પાસેથી મળી રૂા.૩,૫૦૦નો દંડ વસુલ્યો હતો. મનપાની આ કામગીરીથી અન્ય વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

મળતી માહિતી અનુસાર જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરાની સુચનાથી અને આસિસ્ટન્ટ કમિશનર ઓફ ટેક્ષ પ્રફુલ કનેરીયાના માર્ગદર્શનમાં સેનિટેશન સુપ્રિન્ટેન્ડન્ટ રાયદે ડાંગર, એસઆઈ પ્રતિક ઠાકર અને ટીમ રાત્રીના ૯:૩૦ વાગ્યે ચેકીંગ હાથ ધર્યું હતું. દરમ્યાન શહેરના તળાવ દરવાજા સ્થિત અનુકૂળ આઈસ્ક્રીમની દુકાનમાં ચેકીંગ હાથ ધર્યું હતું. આ ચેકીંગ દરમ્યાન પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઝભલાનો જથ્થો અંદાજિત પાંચેક કિલો મળી આવ્યો હતો. જેથી સ્થળ ઉપર જ રૂા.૩,૦૦૦નો દંડ વસુલ્યો હતો. જ્યારે તળાવ દરવાજા વિસ્તારની જલિયાણ બુક સ્ટોર્સનો માણસ રાત્રીના જાહેરમાં કચરો ઠાલવતા નજરે પડયો હતો. ત્યાં ઊભેલી મનાપાની ટીમે સૌપ્રથમ તો જાહેરમાં ઠાલવેલો કચરો ફરી ભરાવ્યો હતો. બાદમાં જાહેરમાં ગંદકી કરવા બદલ તેની પાસેથી રૂા.૫૦૦નો દંડ વસુલ્યો હતો. મનપાની આ કામગીરીથી અન્ય વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે, દરમ્યાન મનપાના આસિસ્ટન્ટ કમિશનર ઓફ ટેક્ષ પ્રફુલ કનેરિંયાએ જણાવ્યું હતું કે, વેપારીઓને અનેક વખત તાકીદ કરવામાં આવી છે. દંડ કરવામાં આવ્યો છે. ત્યારે હવે વેપારીઓ આવા પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઝભલા વેચવા આપવાનું બંધ નહીં કર તો આગળ વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે. મનપાનો સ્ટાફ તો ૬ વાગ્યે ઘરભેળો થઈ જતો હશે પછી કોણ ચેક કરવાનો છે? તેવી માન્યતામાંથી વેપારીઓ બહાર આવે અને પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઝભલા રાખવાનું-વેંચવાનું કે આપવાનું બંધ કરે તેમજ જાહેરમાં કચરો નાખવાનું બંધ કરે નહીંતર દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

ઉનાના સૈયદરાજપરા શાળાના વિદ્યાર્થીઓએ રોલ પ્લે સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યો

ઉના જિલ્લા કક્ષાની કલા ઉત્સવ સ્પર્ધા કેશોદ ખાતે યોજાયેલ જેમાં સરકારી માધ્યમિક શાળા (આરએમએસએ) સૈયદ રાજપરાના વિશાલ રમેશભાઈ બારૈયા, સુનિલ મનુભાઈ સોલંકી, જીગર દિલીપભાઈ રાઠોડ, પ્રકાશ મનુભાઈ બાંભણીયા જેઓએ રોલ પ્લે સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

જામનગરમાં પીઓપી માંથી બનાવાયેલ ૧૪૦ જેટલી ગણપતિની મૂર્તિઓ કબજે

જામનગર, તા.૩૧

જામનગરમાં પ્લાસ્ટિક ઓફ પેરિસ મટીરિયલ્સમાંથી મૂર્તિ બનાવવા પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. જે અન્વયે ૧૪૦ જેટલી ગણપતિની મૂર્તિઓ મહાનગરપાલિકા દ્વારા કબજે લેવામાઆવી હતી.

સરકાર દ્વારા કોર્ટના આદેશ અન્વયે પીઓપીમાંથી ગણેશ ભગવાનની મૂર્તિ બનાવવા ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. જે અન્વયે જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાના સ્ટાફ દ્વારા ગુલાબનગર પાસેથી બહારગામથી વાહનમાં ભરીને લાવવામાં આવી રહેલી પીઓપીની ૧૨૦ મૂર્તિઓ કબજે કરવામાં આવી હતી. આ ઉપરાંત ખોડિયાર કોલોની વિસ્તારમાંથી પણ ૨૦ જેટલી પીઓપીમાંથી બનાવાયેલી ગણેશની મૂર્તિઓ કબજે લેવામાં આવી હતી.

ભાવનગર ખાતે હત્યા સહિતના ગુનામાં સંડોવાયેલ અને

પેરોલ જમ્પ કરી નાસતો ફરતો યાસીન ઉર્ફે પેપો અમદાવાદમાં ઝડપાયો

ભાવનગર, તા.૩૧

ભાવનગર ખાતે હત્યા સહિતના ગુનામાં સંડોવાયેલ અને પેરોલ જંમ્પ કરી નાસતા ફરતા આરોપીને અમદાવાદના ફતેવાડી વિસ્તારમાંથી પોલીસે ઝડપી પાડ્યો હતો.

ભાવનગરના ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં ઈપીકો કલમ ૩૦૨, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી) મુજબના ગુનાનો આરોપી યાસીન ઉર્ફે પેપો યુસુફભાઈ હબીબાણી રહે. વડવા નેરા ચોક પીઠાવાળો ખાંચો, ભાવનગરની ગુનામાં અટકાત કરી ભાવનગર જેલમાં મોકલી આપેલ જયાથી ટ્રાન્સફર કરી તેને અમદાવાદ સાબરમતી જેલ હવાલે કરાયેલ. દરમ્યાન આરોપીએ પેરોલ રજાની માગણી કરતા વચગાળાના જામીન મંજૂર થતાં સાબરમતી જેલમાંથી મુક્ત કરવામાં આવેલ. ત્યારબાદ જેલમાં હાજર થવાના બદલે ફરાર થઈ ગયેલ. દરમ્યાન ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ. બારોટને તેમના વિશ્વાસુ અંગત બાતમીદાર દ્વારા માહિતી મળેલ કે આરોપી અમદાવાદના ફતેહવાડી વિસ્તારમાં રહે છે. જે બાતમીના આધારે પોલીસે ફતેહવાડી પોલીસ ચોકી પાછળ આવેલ અલીફ ટાવર ફલેટ નંબર ૫૦૧માં છાપો મારી યાસીન ઉર્ફે પેપો યુસુફભાઈ હબીબાણીને પકડી લઈ સાબરમતી જેલ હવાલે કરેલ છે.

બગોદરા ટોલટેક્ષ નજીક ટ્રકમાંથી ૨૩ લાખનો દારૂ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) બાવળા,તા.૩૧

રાજકોટ હાઈવે પરનું બગોદરા ટોલટેક્ષ નજીક બિનવારસી ટ્રકમાંથી રૂા.૨૩ લાખનો દારૂ ઝડપાયો છે. બગોદરા પો.સ.ઈ. પી.એ.જાદવ અને પોલીસ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બગોદરા લીંબડી હાઈવે ટોલટેક્ષ પસાર કરી મીઠાપુર ગામના જુના બસ સ્ટેન્ડ સામે હાઈવે રોડની સાઈડમાં બંધ હાલતમાં એક ટ્રક નંબર.૫૯૬૧ રોડની સાઈડે ઊભી હતી અને ટ્રક શંકાસ્પદ જણાતા તાડપત્રી ખોલી તપાસ કરતા સફેદ પ્લાસ્ટિકના દાણા ભરેલ કંપની સીલ પેક બેગો ગોઠવેલી હતી. જેમાં બેગો નીચે જુદા જુદા માર્કાની ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂ ભરેલ બોક્ષ નંગ ૪૪૭માં ભરેલ બોટલ નંગ ૫૩૬૪ કિં.રૂા.૨૧,૪૫,૬૦૦/- બીયર ટીન બોક્ષ નંગ ૬૩માં ભરેલ ટીન નંગ ૧૫૧૨ની કિં.રૂા.૧,૫૧,૨૦૦/- સફેદ પ્લાસ્ટિકના ઘણા ભરેલ બેગો નંગ ૩૯૩ કિં.રૂા.૭,૮૬,૦૦૦/- તથા ટ્રક કિં.રૂા.૧૦,૦૦,૦૦૦/- સહિત કુલ રૂા.૪૦,૮૩,૩૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી બગોદરા પોસ્ટે. ગુનો દાખલ કરવામાં આવેલ છે.

ફતેપુરામાં સ્પોર્ટસ ડેની રેલી :-

દાહોદ જિલ્લાના ફતેપુરાની જાગૃતિ કન્યા વિદ્યાલયમાં સ્પોર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં સર્વે સ્ટાફગણ હાજર રહ્યો હતો. આ નિમિત્તે નિકળેલ રેલી ફતેપુરામાં મેન બજારથી લઈ ઝાલોદ રોડ પાછલો પ્લોટથી પૂરા ફતેપુરા નગરમાં બેનરો તેમજ સૂત્રોચાર સાથે પુરા નગરમાં ફર્યા હતા. જે સ્કૂલે પરત ફરતા કબડ્ડી, ખો-ખો, મટકા ફોડ અને નવીન રમતો રમી વિદ્યાર્થીઓ તેમજ સ્કૂલના સ્ટાફે ઉલ્લાસ ભેર ઉજવણી કરી હતી.

(તસવીર : આઝાદ એસ.મનસુરી, ફતેપુરા)

જૂનાગઢ : સોડવદર ગામે માછલી પકડવા ગયેલ વૃદ્ધે જીવ ગુમાવ્યો

જૂનાગઢ, તા.૩૧

જૂનાગઢના વિજાપુર નજીક સોડવદર ગામેથી પસાર થતી ઓઝત નદીમાં માછલી પકડવા માટે જાળ ફેંકેલ તેમાં પોતે જ ફસાઈ જતાં, ડૂબી જતાં વૃદ્ધનું મૃત્યુ નિપજ્યું છે. જૂનાગઢની ફાયર ટીમે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને બહાર કાઢી તેના પરિવાર જનોને સોંપ્યો હતો.

સોડવદર ગામેથી પસાર થતી ઓઝત નદીમાં કોઈ વૃદ્ધ ડૂબી ગયા હોવાની જૂનાગઢ ફાયર ટીમને જાણ થતાં ફાયર ઓફિસર ભૂમિત મિસ્ત્રી, સ્ટાફના કમલેશ પુરોહિત, દેવાયત સોલંકી, કૌશિક પરમાર તુરત દોડી ગયા હતા. અડધા કલાકની જહેમત બાદ વૃદ્ધનો મૃતદેહ શોધી કાઢયો હતો. આ અંગે તપાસ કરતાં મૃતક પ્લાસવા ગામના જયંતિભાઈ રાઘવભાઈ પરમાર (ઉ.વ.૭૦) હોવાનું જાણવા મળ્યું હતું. ફાયર ઓફિસર ભૂમિત મિસ્ત્રીએ જણાવ્યું હતું કે નદી કાંઠે રહેલા લોકોના જણાવ્યા મુજબ મૃતક વૃદ્ધે માછલી પકડવા જાળ ફેંકી ત્યારે અચાનક તેઓ જાળમાં ફસાઈ જતાં ડૂબી ગયા હતા. ટીમે મૃતકના પરિવાર જનોને મૃતદેહ સોંપ્યો હતો. ઘરના મોભીનું મૃત્યુ થતા મૃતકના પરિવારજનોમાં શોક પ્રસરી ગયો હતો.

લખતરમાં મેલેરિયા સહિતના રોગોએ માથું ઊંચકતા દવાખાના ઉભરાયા

સુરેન્દ્રનગર,તા.૩૧

હાલ વરસાદ પડતાં ગલી શેરીઓએ ગંદા પાણીના ખાબોચિયાં ભરાયાં છે. ત્યારે રોગચાળાએ ભરડો લીધો હોય તેમ લાગી રહ્યું છે. લખતરમાં સિઝનેબલ રોગચાળા અને સાદા મેલરિયાએ માથું ઉચકયું હોય તેમ જણાય છે.

(તસવીર :- ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

હાલમાંજ ચોમાસાને કારણે વરસાદ થતાં લખતર ગામ અને ગામડામાં ઋતુજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે ત્યારે લખતરમાં ઝાડાઉલ્ટી, તાવ, માથું કળતર જેવા રોગોના કેસ વધ્યા છે ત્યારે ભૈરવપરા મફતિયાપરા જુગતરામ દવે સોસાયટી વિસ્તારને લખતર તાલુકા હેલ્થ દ્વારા હાઈરિસ્ક મેલેરિયાગ્રસ્ત જાહેર કરાતા લોકોમાં ફફડાટની લાગણી ફેલાઈ જવા પામી છે.

આ સાથે લખતર સી.એચ.સી. તથા લખતર ખાનગી હોસ્પિટલમાં દર્દીઓની ભરેભીડ જોવા મળી રહી છે. લખતર સી.એચ.સી.ના તમામ બેડ ફૂલ થઈ જતા ડિલિવરી રૂમ અને એક ખાટલામાં બે દર્દી સુવડાવાનો વારો આવ્યો છે. ત્યારે હાલ લખતર સી.એચ.સી. સહિત ખાનગી દવાખાનાઓમાં પણ કીડીયારું માફક દર્દીઓથી ઉભરાયા છે. આ રોગચાળો વધુ માથું ઊંચકે તે પહેલાં ઘરે ઘરે સર્વે કરી દવા વહેંચવા લોકોની માગ છે.

બાબરામાં ધોધમાર અઢી ઈંચ અમરેલીમાં બે ઈંચ વરસાદ

અમરેલી,તા.૩૧

અમરેલીમાં આજે ધોધમાર બે ઈંચ જ્યારે બાબરામાં પણ અનરાધાર અઢી ઈંચ વરસાદ ખાબકી ગયેલ હતો જ્યારે જિલ્લાના ખાંભા શહેરમાં પોણો ઈંચ વરસાદ પડ્યો હતો. જિલ્લાના અન્ય તાલુકાઓમાં નહીંવત વરસાદ પડેલ હતો.

અમરેલી જિલ્લામાં આજે વરસાદે ફરી ધમાકેદાર એન્ટ્રી કરેલ હતી. અસહ્ય ઉકળાટ બાદ આજે અમરેલીમાં ધોધમાર ૨ ઈંચ વરસાદ પડતાં રોડ ઉપર પાણી વહેવા લાગ્યા હતા, જ્યારે જિલ્લાના બાબરા શહેરમાં ધોધમાર અઢી ઈંચ વરસાદ ખાબકેલ હતો. બાબરા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ પડવાના અહેવાલ મળેલ છે.

જિલ્લાના ખાંભામાં પોણો ઈંચ વરસાદ પડેલ હતો જ્યારે સાવરકુંડલા અને લાઠીમાં માત્ર ઝાંપટા પડ્યા હતા. જ્યારે અન્ય તાલુકામાં નહીવત વરસાદ નોંધાયેલ હતો. વરસાદ બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરેલ હતી.

વિરમગામ કીટનાશક ટ્રીટમેન્ટ કરાવેલી મચ્છરદાની સગર્ભાઓને વિનામૂલ્યે વિતરણ કરાઈ

(સંવાદદાતા દ્વારા) વિરમગામ, તા.૩૧

વિરમગામ તાલુકા સહિત અમદાવાદ જિલ્લાના તમામ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રો ખાતે રાજય સરકારની સૂચના અનુસાર જિલ્લા વિકાસ અધિકારી અરૂણ મહેશ બાબુના માર્ગદર્શન અનુસાર જિલ્લાની સંવેદનશીલ તમામ વિસ્તારની સગર્ભામાતાઓને કીટનાશક ટ્રીટમેન્ટ કરાવેલી મચ્છરદાનીનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યુ હતુ.

વિરમગામ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુમરખાણ સહિત અમદાવાદ જિલ્લાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મચ્છરદાનીનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુમરખાણ ખાતે આયોજિત કાર્યક્રમમાં અમદાવાદ જીલ્લા પંચાયત આરોગ્ય સમિતીના ચેરમેન જગદીશ મેણીયા,તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, ડો.રાકેશ ભાવસાર સહિત મોટી સંખ્યામાં સગર્ભા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. મચ્છરદાની વિતરણ કાર્યક્રમમાંવાહકજન્ય રોગ જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા, રોગ ફેલાવતા મચ્છરોથી બચવા સગર્ભામાતાઓને કીટનાશક ટ્રીટમેન્ટ કરાવેલી મચ્છરદાનીમાં સુવા માટે જાણકારી આપવામાં આવી હતી અને આ માટે વાહકજન્ય રોગથી બચવા માટેની વિગતવાર સમજ આપવામાં આવી હતી.

જ્યારે અમદાવાદ જિલ્લાનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ જિલ્લા પંચાયત અમદાવાદના પ્રમુખ જીતેન્દ્રસિંહ ચૌહાણના પ્રમુખ સ્થાને પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર કાવીઠા, તા.બાવળા ખાતે યોજવામાં આવ્યો હતો.

પાકિસ્તાનના સામાજિક કાર્યકરોની પ્રસંશનીય કામગીરી

પાકિસ્તાનમાં અટવાયેલ ગુજરાત સહિત દેશના ૪૦થી વધુ લોકો ભારત પરત ફર્યા

ગોધરાના ૭૩ લોકો પાકિસ્તાનમાં અટવાયા હતા, જેમાંથી કેટલાક પરત માદરે વતન આવતાં પરિવારજનોમાં ખુશીની લાગણી

(સંવાદદાતા દ્વારા) ગોધરા, તા.૩૧

પરિવારજનોને મળવા માટે ગયેલા ગોધરાના ૭૩ લોકો પાકિસ્તાનમાં અટવાયા હતા. પાકિસ્તાનમાં અટવાયેલા ગોધરાવાસીઓ કરાંચીથી ટ્રેન દ્વારા લાહોર રેલવે સ્ટેશને પહોંચ્યા હતા. પાકિસ્તાનના સામાજિક કાર્યકરોએ સાથે રહીને બોર્ડર સુધી મૂકી ગયા. પાકિસ્તાને ટ્રેન વ્યવહાર બંધ કરતાં ગોધરાથી પાકિસ્તાન ગયેલા ૭૩થી વધુ લોકો અટવાતાં ગોધરા ખાતે તેઓના પરિવારજનો ચિંતામાં મૂકાયા હતા, પરંતુ ગુજરાતના ૨૫ સહિત દેશના ૪૦થી વધુ લોકો આજે વાઘા બોર્ડરથી ભારત પરત ફર્યા છે. જેથી ગોધરાના પરિવારોમાં ખુશીની લાગણી વ્યાપી ગઇ છે. પાકિસ્તાનના સામાજિક કાર્યકરો વાઘા બોર્ડર સુધી ભારતીયોને મૂકી ગયા કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ કર્યા બાદ ભારત-પાકિસ્તાન બોર્ડર પર તંગદિલી વ્યાપી ગઇ હતી. આ પહેલાં ગોધરાના મુસ્લિમ સમાજના ૭૩થી વધુ લોકો પાકિસ્તાનના કરાચીમાં રહેતા તેમના સગા-સંબંધીઓને મળવા ગયા હતા, પરંતુ ૩૭૦ની કલમ રદ્દ થયા બાદની તંગદિલીની પગલે થાર એક્સપ્રેસ અને સમજોતા એક્સપ્રેસ ટ્રેન બંધ કરી દેવાતા. એક મહિનાથી ગોધરાના મુસ્લિમ સમાજના લોકો પાકિસ્તાનમાં અટવાઇ ગયા હતા, પરંતુ સ્થાનિક પાકિસ્તાનના સામાજિક કાર્યકર સલીમભાઇ મુર્શદ અને અનવરભાઇ હુસૈન ચુંચલા, અનવર પછાડી સહિતના ત્યાંના લોકો ગોધરાના તમામ લોકોની મદદે આવ્યા હતા અને તેમના રહેવા-જમવાની વ્યવસ્થા કરી હતી અને તેમના ટ્રુટ ચેન્જ અને વિઝા સહિતની તમામ બાબતોમાં મદદ કરી હતી અને તેઓ છેક વાઘા બોર્ડર સુધી મૂકી ગયા હતા.

ડીસા કોર્ટે ધરપકડ વોરંટ જારી કર્યું

ડીસાની સગીરા પર દુષ્કર્મ આચરી નાસતા ફરતા કોર્પોરેટરને હાજર થવા ફરમાન

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૩૧

ડીસા શહેરમાં નાબાલિક બાળા પર દુષ્કર્મ આચરી નાસતા ફરતા પાલિકાના કોર્પોરેટર સામે કોર્ટે ધરપકડ વોરંટ જારી કર્યો છે અને કોર્ટ સમક્ષ હાજર રહેવાનું પણ ફરમાન કર્યું છે. ડીસા નગરપાલિકામાં ચૂંટાયેલા જીતેન્દ્ર જેસુગભાઇ માંજીરાના રહે. કૈલાશ નગરવાળાએ એક સગીર યુવતી પર દુષ્કર્મ આચરતા આ મામલે દક્ષિણ પોલીસ મથક ડીસા ખાતે તેની વિરૂદ્ધ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૪૨, ૧૧૪ અને પોસ્કો કલમ મુજબ ગુનો નોંધાયો હતો અને આરોપી પોલીસ પકડથી દૂર ભાગતો હતો અને પોલીસની ભીંસ વધતા આરોપી ભૂગર્ભમાં ઉતરી ગયો હતો, જે મામલે ડીસા શેસન કોર્ટે આરોપી જીતુ રાણાને તાત્કાલિક કોર્ટ સમક્ષ હાજર થવાનું ફરમાન જારી કર્યું હતું, એ જો આરોપી હાજર નહીં થાય તો તેને ફરાર જાહેર કરાશે.

દધાલિયામાં પૂરની સ્થિતિ : લોકોએ તણાતી મહિલાને બચાવી

મોડાસા પંથકમાં ત્રણ કલાકમાં ૩.૫ ઈંચ વરસાદ ઝીંકાતા પાલિકાનો પ્રિ-મોન્સુન પ્લાન પાણીમાં

(સંવાદદાતા દ્વારા) મોડાસા,તા.૩૧

અરવલ્લી જિલ્લામાં આકાશે વાદળો ગોરંભાયા પછી મોડાસા પંથકમાં વહેલી સવારે મુશળધાર વરસાદ થતાં જનજીવન ખોટલયું હતું. ત્રણ કલાકના સમયગાળામાં ૩.૫ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોના માર્ગો પર પાણી ભરાતા થોડાક કલાકો માટે તો જાણે જનજીવન થંભી ગયું હતું. દધાલિયા ગામમાં તો પૂરની સ્થિતિ પેદા થઈ હતી. વરસાદી વહેતા પાણીમાં રોડ પર ચાલતી મહિલા તણાતા ભારે અફડાતફડી મચી હતી. આજુબાજુમાંથી લોકોએ દોડી આવી બચાવી લીધી હતી. રાવળ વાસના મકાનોમાં પાણી ઘુસી જતાં રાવળ મણાભાઈ સોમાભાઈનું મકાન ધરાશાયી થતાં પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

મોડાસા-ધનસુરા પંથકમાં ધોધમાર વરસાદથી દધાલિયામાં રસ્તા પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. વરથુ, મોતીપુરા અને જંબુસર સરડોઈ, વાઘોડિયા, લાલપુર, પાદર, શામપુર, સજાપુર, ટીંટીસર સહિતના ગ્રામ્ય વિસ્તારમાં ૩ કલાકમાં ખાબકેલા ૩.૫ ઈંચ વરસાદથી ખેતરો અને નીચાણવાળા માર્ગો પર પાણી ફરી વળ્યાં હતા. સરડોઈ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતાં બાળકો સરડોઈ-લાલપુર રોડ પર આવેલા ડીપ પર પાણી ફરી વળતા વિદ્યાર્થીઓ ફસાયા હતા. ત્યારે બંને ગામના ગ્રામજનોએ માનવ સાંકળ રચી વિદ્યાર્થીઓને સહી સલામત ઘરે પહોંચાડ્યા હતા.

મોડાસા શહેરમાં ૩ ખાબકેલા વરસાદમાં જ જાહેર માર્ગો પર તેમજ કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં નગરપાલિકાના પ્રિ મોન્સૂન પ્લાનનો ફિયાસ્કો થઈ જવા પામ્યો છે. મોડાસા ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાછળના વિસ્તરોમાં પાણી ભરાતા ૨૦થી વધુ સોસાયટીઓના રહીશોને અવર-જવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણીની ગટરોની સફાઈની કામગીરીમાં પોલમપોલ થતા સોસાયટીઓમાં ઢીંચણ સમા પાણી ભરાઈ જતા નગરજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

મોડાસા નગરપાલિકા તંત્ર વરસાદી પાણીના નિકાલ માટે વર્ષે દહાડે કરોડો રૂપિયા ભૂગર્ભ ગટર યોજના પાછળ ખર્ચવા છતાં શહેરની સ્થિતિ ઠેરની ઠેર પ્રવર્તી રહી છે. મોડાસા શહેરની વિદ્યાકુંજ સોસાયટી, લઘુમતી વિસ્તારમાં આવેલી કેટલીક રહેણાંક સોસાયટીઓ અને બસ સ્ટેન્ડ પાછળ આવેલી વિવિધ સોસાયટીઓમાં ઘૂંટણ સમા પાણી ભરાતો રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

નડિયાદમાં ધારાસભ્ય પર હુમલો કરનારા બે આરોપી ઝડપાયા

નડિયાદ, તા.૩૧

નડિયાદમાં ધારાસભ્ય પર હુમલાના બનાવમાં નડિયાદ ટાઉન પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે અને વધુ આરોપીઓને પકડવા કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદ ટાઉન પોલીસના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ધારાસભ્ય કાંતિ પરમાર પર થયેલા હુમલાના પ્રકરણમાં પોલીસે આજે અજય અમરાભાઈ ભરવાડ (રહે.વિજયનગર સોસાયટી, નડિયાદ) અને નાગજી જોધાભાઈ ભરવાડ (રહે.મરીડા)ની ધરપકડ કરી છે અને વધુ કાર્યવાહી હાથ ધરી છે. અન્ય આરોપીઓને પકડવા પોલીસ કામે લાગી છે.

વડોદરાના દશરથ ગામ ખાતે મોબલિંચિંગ

બાળકચોર સમજી પરપ્રાંતિય યુવકને ટોળાએ બેરહેમીથી ઢોરમાર માર્યો

પોલીસ તપાસમાં યુવાન નિર્દોષ હોવાનું બહાર આવતા ચાર શખ્સો સામે ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩૧

શહેર નજીક દશરથ ગામ ખાતે બાળક ઉઠાવતી ટોળકીનો સાગરીત સમજી ગામ લોકોએ એક યુવાનને ઢોર માર મારતા તેને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, પોલીસે તપાસ કરતાં આ યુવાન નિર્દોષ હોવાનું અને દવા લેવા આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે હુમલો કરનાર ચાર શખ્સો સામે ગુન્હો નોંધ્યો છે.

પ્રાપ્ત થતી વિગત અનુસાર, શહેર નજીકનાં દશરથ ગામનાં તળાવ પાસે આંગણવાડી નજીક એક યુવકે બાળક ચોરીનો પ્રયાસ કર્યો હોવાની વાત પ્રસરી જતાં લોકટોળા ભેગા થઈ ગયા હતા. ટોળાએ આ યુવાનને બેરહેમીપૂર્વક ઢોર મારમારતા તે અધમુવો થઈ ગયો હતો. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ તાત્કાલીક સ્થળ પર દોડી આવી હતી. પોલીસે તપાસ કરતાં પ્રાથમિક તપાસમાં આ યુવાન ભરત રામદાસ બગેલ (ઉ.વ.૨૭) હોવાનું અને તે મુળ મધ્યપ્રદેશનાં ભિંડ જિલ્લાનો રહેવાસી હોવાનું બહાર આવ્યું હતું. વડોદરા રેલવે સ્ટેશન પર પાણી પીવા ઉતરતા તેના સામાનની ચોરી થઇ જતાં તે ચાલતા - ચાલતા દશરથ ગામમાં પહોંચી ગયો હતો. જ્યાં લોકોએ તેને બાળકચોર સમજી માર માર્યો હોવાનું બહાર આવ્યું હતું.

નિર્દોષ યુવાનને માર મારવાનાં બનાવમાં છાણી પોલીસે અજાણ્યા ચાર શખ્સો સામે ગુનો દાખલ કરી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કરી ઘાયલ યુવકને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો.

આગામી દિવસોમાં વધુ વરસાદની આગાહી

સાબરકાંઠા જિલ્લામાં મેઘમહેર : તલોદમાં દોઢ તથા પોશીના-વડાલીમાં એક ઈંચ વરસાદ

હિંમતનગર,તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારો પર શનિવારે મેઘરાજાએ મહેર કરી હતી ત્યારે વહેલી સવારથી બપોર સુધીમાં તલોદમાં અંદાજે દોઢ જ્યારે પોશીના અને વડાલીમાં એક ઈંચ વરસાદ ખાબક્યો હતો. જોકે હિંમતનગરમાં વરસાદના સામાન્ય છાંટા પડતા બપોર સુધી વાતાવરણમાં ઠંડક રહી હતી અને બપોર બાદ તડકો નીકળ્યો હતો. તેમ છતાં હવામાન વિભાગની આગાહી મુજબ આગામી અઠવાડિયામાં વરસાદ પડવાની શક્યતા છે.તે જ પ્રમાણે સવારથી બપોર સુધીમાં ઈડરમાં ૩, ખેડબ્રહ્મામાં ૧૧ અને હિંમતનગરમાં ફક્ત ૧ મીમી વરસાદ પડ્યો હતો. તો બીજી તરફ પ્રાંતિજ અને વિજયનગરમાં દિવસ દરમ્યાન કોઈ વરસાદ થયાના અહેવાલ નથી. તેમ છતાં હવામાન વિભાગની આગાહી મુજબ તા.૨ સપ્ટેમ્બરથી ૮ સપ્ટેમ્બરથી દરમ્યાન સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં વરસાદ થવાની શક્યતા દર્શાવાઈ છે. દરમ્યાન ભીલોડા અને વિજયનગર પંથકના ઉપરવાસમાં એટલે કે રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં પડેલા સારા વરસાદને કારણે હાથમતી તથા હરણાવ જળાશયમાં પાણીની આવક થવાની સંભાવના છે. જોકે પાણીની સાંજે ચાર વાગ્યાના સુમારે ખેડબ્રહ્માના ખેડવા જળાશયમાં પાણી છોડાતા તેના નીચાણવાળા વિસ્તારોમાં આવેલા દસ ગામોને સાવધ રહેવા માટે તંત્ર દ્વારા તાકીદ કરાઈ છે.

પ્રેમીકાના પરિવારજનોએ ઢોર માર મારી ધમકી આપ્યા બાદ

ગુમ થયેલ પ્રેમી યુવાનનો મૃતદેહ આંકલાવ નજીક મહિસાગર નદીમાંથી મળી આવ્યો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩૧

પ્રેમીકાના પરિવારજનોએ પ્રેમી યુવાનને મારમારી ધમકી આપ્યા બાદ ગુમ થયેલા પ્રેમી યુવાનનો મૃતદેહ શહેર નજીકનાં આંકલાવ પાસે મહીસાગર નદીમાંથી પાંચમાં દિવસે મળી આવ્યો હતો. મૃતકનાં પરિવારજનોએ યુવતિના પરિવારજનો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

પ્રાપ્ત થતી વિગત અનુસાર, શહેરના વડસર જીઆઇડીસી રોડ પર સહજાનંદ ફ્લેટમાં રહેતો ૨૨ વર્ષીય તરૂણ લાલજીભાઇ સોલંકી ડભોઇ રોડ પર સોમા તળાવ પાસે નોકરી કરતો હતો. છેલ્લાં દોઢ વર્ષથી સોમા તળાવમાં રહેતી યુવતિ સાથે તરૂણને પ્રેમ સંબંધ બંધાયો હતો. બંનેનાં પ્રેમ સંબંધની જાણ બંને પરિવારોને થતા તેમણે બંનેને સમજાવ્યા હતા. પરંતુ પ્રેમમાં ગળાડુબ થયેલા બંને પ્રેમીઓ વારંવાર ચોરી છુપે મળતા હતા. ગત મંગળવારે યુવતીનાં પિતા, ભાઇ અને કાકાએ તરૂણને ઢોર મારમાર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. જેનાં પગલે તરૂણને માથાનાં ભાગે ગંભીર ઇજાઓ થતા ૧૨ ટાંકા લેવામાં આવ્યા હતા.

તે દિવસ બાદ તરૂણ રહસ્યમય રીતે ગુમ થઇ ગયો હતો. તેની બાઇક, ફોન અને ફાઇલ મહિસાગર નદીનાં બ્રિજ પરથી મળી આવી હતી અને તરૂણે પોતાના મોબાઇલમાં લીધેલી બ્રિજ પરની સેલ્ફી લઇ બાય... લખેલું મળી આવ્યું હતું. જેનાં પગલે તરૂણે મહિસાગરમાં મોતની છલાંગ લગાવી હોવાની શંકા સેવાઇ રહી હતી. પોલીસે અને ફાયર બ્રિગેડનાં જવાનોએ મહિસાગર નદીમાં તરૂણની શોધખોળ શરૂ કરી હતી. ત્યારે તરૂણનો મૃતદેહ આંકલાવ નજીકની પસાર થતી મહિસાગર નદીમાંથી મળી આવ્યો હતો. બીજી બાજુ પોતાના પુત્રનાં મોતને જીમ્મેદાર યુવતિનાં પરિવારજનો સામે મૃતક તરૂણનાં પરિવારજનોએ કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

અંકલેશ્વરની ફૈઝયાબ પરવીનને PDPU પદવિદાનમાં MBAની ડિગ્રી એનાયત

અંકલેશ્વર, તા.૩૧

અંકલેશ્વરની ફૈઝયાબ પરવીન શેખને પંડીત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સીટી ગાંધીનગર થી એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રકચર વિષયમાં M.B.Aના અભ્યાસમાં સફળતા પૂર્વક પૂર્ણ કરતા P.D.P.U યુનિ.માં પદવી સમારંભમાં રીલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી હસ્તે તેઓને પદવી એનાયત કરાઈ હતી. જેથી મુસ્લિમ સમાજમાં હર્ષની લાગણી પ્રસરી છે.

એજ્યુકેશન પ્રત્યે સજાગતા લાવવા

આજે વડોદરામાં તાંદલજા વિઝન-૨૦૩૦ના નેજા હેઠળ સેમિનાર

(સંવાદદાતા દ્વારા) વડોદરા,તા.૩૧

શહેરના તાંદલજા વિસ્તારમાં એજ્યુકેશન પ્રત્યે સજાગતા લાવવા અને બાળકોને અભ્યાસનો મુળ મજબુત કરવાનાં આશયથી તાંદલજા વિઝન-૨૦૩૦ના નેજા હેઠળ ૧, સપ્ટેમ્બર રવિવારનાં રોજ તાંદલજા છેલાશેઠ પાર્ટીપ્લોટ ખાતે એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું આયોજન બઝમે-ઈત્તેહાદ, રાઇઝીંગ ઈન્ડીયન તથા ડબ્લ્યુબી વી.પી.ઓ. દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં મુખ્ય અતિથિ તરીકે પારૂલ ઈન્સ્ટીટ્યુટનાં ફેકલ્ટી ઓફ લો નાં ડિન અને ડાયરેકટર ડો.અકીલ સૈયદ તેમજ બેસીલ સ્કુલનાં પ્રિન્સીપાલ મી.જેમ્સ ખાસ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આ સેમિનારમાં વિવિધ સ્કુલોનાં આચાર્યો, શિક્ષકો,વાલીઓ, ટયુશન કલાસ સંચાલકો, સામાજીક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓ ભાગ લેશે. તેમજ એજ્યુકેશનને વધારવા અને લોકોમાં એજ્યુકેશન પ્રત્યે જાગૃતતા આવે અને ૨૦૩૦ સુધી એજ્યુકેશનનું સ્તર કેવી રીતે વધારી વધુમાં વધુ લોકોને સાક્ષર બનાવવામાં આવે તે અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

વાગરા તાલુકાના મુસ્લિમ અગ્રણી સાદાત બાપુ જન્નતનશીન

વાગરા, તા.૩૧

વાગરા તાલુકાના વિલાયત ગામના વતની અને રાજકીય તેમજ સામાજિક અગ્રણી સૈયદ સાદાત અલી ઈસ્માઈલ ઉર્ફે સાદાત બાપુ નું નિધન થતા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યુ હતુ.અત્રે ઉલ્લેખનીય છે કે સાદાત બાપુએ રાજકીય ક્ષેત્રે કાર્યરત રહી રાજકારણમાં ખાસ્સું એવું કાઠું કાઢ્યું હતું. તેઓ વાગરા તાલુકા પંચાયતના પ્રમુખ પદે પણ રહી ચૂક્યા છે.સામાજિક પ્રશ્નોના નિરાકરણ લાવવામાં અગ્રીમ ભૂમિકા ભજવતા હોવાથી સમાજમાં સારી એવી પકડ ધરાવતા હતા.તેઓના નિધન ને પગલે મુસ્લિમ સમાજે એક સંનિષ્ઠ અને કર્મનિષ્ઠ લઘુમતી આગેવાન ગુમાવ્યો છે.તેઓની દફન વિધિ તેમના માદરે વતન વિલાયત ખાતે કરવામાં આવી હતી.જેમાં રાજકીય આગેવાનો ,સામાજિક અગેણીઓ સહિત વિલાયત જી.આઈ.ડી.સી સ્થિત ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા પદાધિકારીઓ ઉપરાંત અનેક લોકો મોટી સાંખ્યમાં જોડાયા હતા.

અંકલેશ્વર ખાતે તાજિયા આયોજકો તથા નવા હોદ્દેદારોની નિમણૂંક કરાઈ

અંકલેશ્વર,તા.૩૧

અંકલેશ્વર તાજિયા કમિટી દ્વારા તાજિયા આયોજકો તથા નવા હોદ્દેદારોની નિમણૂંક કરાઈ હતી. અત્રેના હઝરત હલીમશા ભંડારી (ર.અ.) સાહેબની દરગાહની સેનમાં મળેલી બેઠકમાં તાજિયા કમિટીના પ્રમુખ સિકંદર ફડવાલાના અધ્યક્ષસ્થાનેથી નવા હોદ્દેદારોની વરણી કરાઈ હતી. જેમાં કાર્યક્રમના પ્રમુખ સિકંદર ફડવાળા પ્રમુખ બખ્તિયાર પટેલ ઉપપ્રમુખ અ.કાદીર ઘંટીવાળા, સેક્રેટરી રઈશ સુફીની સર્વાનુમતે નિયુક્તિ કરાઈ હતી. આ પ્રસંગે આવનારા મહોર્રમના તહેવારમાં કોમીએકતા, ભાઈચારા તથા સોહાર્દ વચ્ચે ઉજવાય તે માટે તમામ આગેવાનોએ અપીલ કરી હતી. આ પ્રસંગે હાજી નાશીર પટેલ, શફીભાઈ મલેક કાલુ મલેક, હાજી નાશીર બેગ મીરઝા, હનીફ ભરૂચી સીદીક ધોણિયાવાલા, શબ્બીર હુશેન શેખ, રઝાક પઠાણ, કૌશર કુરેશી સહિતના કાગઝીવાડ, કસ્બાનીવાડ, ભારવાડ, સર્વોદયનગર, કસાઈવાડ, સેલારવાડ સહિતના મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહીને મીટિંગને સફળ બનાવી હતી.

ભુમાફિયાઓ સામે કલમ ૩૦૭ મુજબનો ગુનો નોંધવા માંગ

નડિયાદમાં કોંગ્રેસના ધારાસભ્ય પર હુમલાના ઘેરા પ્રત્યાઘાત : હુમલાખોરો સામે કાર્યવાહીની માંગ

કોંગ્રેસના ધારાસભ્યો તેમજ જિલ્લાના જાગૃત નાગરિકોએ દેખાવો કરી ચક્કાજામ કર્યા

નડિયાદ, તા.૩૧

નડિયાદ ડિસ્ટ્રીક્ટ કોર્ટ કમ્પાઉન્ડ ના ગેટ બહાર મુખ્ય રોડ પર ગઈકાલે ઠાસરાના ધારાસભ્ય કાંતિભાઈ પરમાર પર ભુમાફિયાઓએ કરેલા હુમલા બાદ બીજા દિવસે ઘેરા પ્રત્યાઘાતો પડ્યાં છે. આ હુમલાને વખોડી કાઢવા તેમજ ભુમાફિયાઓ સામે સખત કાર્યવાહી કરવાની માંગ સાથે જિલ્લાના જાગૃત નાગરિકો તેમજ કોંગ્રેસના ધારાસભ્યો નડિયાદ ખાતે ભેગા થયાં હતાં. સરદારની પ્રતિમા નજીક દેખાવો કરી ચક્કાજામ કર્યાં બાદ જિલ્લા પોલીસ અધિક્ષક અને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે.

ઠાસરાના ધારાસભ્ય કાંતિભાઈ શાભઈ પરમાર ગઈકાલે એક જમીનના કેસની મુદતમાં તેમના મિત્ર તેમજ વકીલ સાથે નડિયાદ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં આવ્યાં હતાં. તે વખતે કોર્ટના ગેટ બહાર કેટલાક તત્વોએ તેમની ગાડી પર હુમલો કર્યો હતો. જેમાં ત્રણ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત બન્યાં હતાં. આ બનાવને લઈ શહેરમાં ચકચાર મચી હતી. ધારાસભ્ય કાંતિભાઈ એ નડિયાદ ટાઉન પોલીસમાં ભાનુભાઈ જોધાભાઈ ભરવાડ, નવઘણભાઈ ભાનુભાઈ ભરવાડ, નાગજીભાઈ જોધાભાઈ ભરવાડ, બાલાભાઈ ભરવાડ, ભરત બાલાભાઈ ભરવાડ, વિનુ બાલાભાઈ ભરવાડ, લાલાભાઈ મોહનભાઈ ભરવાડ, મોહનદાસ મહારાજ અને પ્રકાશભાઈ પંજાબી સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ ને લઈ ભારે પ્રત્યાઘાત પડ્યાં છે. આજે જિલ્લાના કેટલાક જાગૃત નાગરિકો તેમજ ગુજરાત કોંગ્રેસ પ્રદેશના પ્રમુખ અમીત ચાવડા, ધારાસભ્ય કાળુસિંહ ડાભી, કાંતિભાઈ પરમાર, ઈન્દ્રજીત પરમાર, માજી ધારાસભ્ય ગૌતમ ચૌહાણ, બિમલ શાહ, નટવરસિંહ ઠાકોર, ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેશ ઝાલા, તેમજ અગ્રણીઓમાં ભારતસિંહ પરમાર, માલસિંહ રાઠોડ સહિત મોટી સંખ્યામાં લોકો નડિયાદ સરદાર ભવન આગળ ભેગા થયાં હતાં. અને દેખાવો યોજ્યો હતો. તેમજ ભુમાફિયાઓની ધરપકડ કરો, ભાનુ ભરવાડની જામીન રદ કરો, જેવા સુત્રોચ્ચાર કર્યાં હતાં. તેમજ ચક્કાજામ પણ કર્યો હતો.

આ આવેદનપત્રમાં એવો આક્ષેપ કર્યો છે કે આ બનાવ માં પોલીસે આ ભુમાફિયાઓને રક્ષણ આપવા તથા બચાવવા કાયદાની સામાન્ય કલમો દાખલ કરી ફરીયાદ નોંધી છે. ગંભીર પ્રકારનો બનાવ છે. ત્યારે ઈપીકો કલમ ૩૦૭ અને ઈપીકો કલમ ૧૨૦(બી) નો ઉમેરો કરવા અમારી માંગ છે. તેમજ આરોપીને ગુજરાત બહાર તડીપાર કરવાની જરૂર છે. અગાઉ આ આરોપી ને ખંડણીના કેસમાં આજીવન કેદની સજા પડી છે. તે શરતી જામીન પર મુક્ત થયો છે. તેના જામીન રદ કરી તેને પુનઃ ખંડણીના કેસમાં સજા ના ભાગરૂપે જેલમાં પરત મોકલવાની જરૂર છે.

ગુજરાતમાં આજે ભાજપનું નહીં પરંતુ ગુંડાઓનું રાજ છે : અમીત ચાવડા

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમીત ચાવડા એ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં આજે ભાજપનું શાસન નહીં પરંતુ ગુંડાઓનું શાસન હોય તેવુ દેખાઈ રહ્યું છે. ભુમાફિયાઓ રાજકીય પીઠબળ ના સહારે પ્રજાના પ્રતિનિધી એવા ધારાસભ્ય પર જીવલેણ હુમલો કરે એ પણ પ્રિપ્લાનથી છતાં પોલીસે ગંભીર કલમો લગાવવાના બદલે સામાન્ય કલમો લગાવી છે.

બસુ ગામના હજયાત્રિકો સાથે છેતરપિંડી કરનાર

આલ્ફા ટૂર્સના સંચાલકના ચાર દિવસના રિમાન્ડ મંજૂર

૧૦૦થી વધુ હજયાત્રિકો સાથે ઠગાઈ કરી હતી

છાપી, તા.૩૧

વડગામ તાલુકાના બસુ ગામના ૧૦૦ કરતા વધુ હજયાત્રીઓ સાથે સસ્તામાં હજ યાત્રાએ લઈ જવા કરોડો ઉઘરાવી છેતરપિંડી કરનાર આલ્ફા ટૂરના માલિકને મુંબઈથી ટ્રાન્સફર વોરંટથી આરોપીને છાપી લાવી પૂછપરછ માટે વડગામ કોર્ટમાં રજૂ કરતા વડગામ કોર્ટે આરોપીના ચાર દિવસના રિમાન્ડ મજુંર કર્યા હતા.

બસુ સહિત અનેક ગામોના હજયાત્રીઓ સાથે ઠગાઈ કરનાર આલ્ફા ટૂર ઓપરેટરના સંચાલક નૂરમહમદ ઈબ્રાહિમ દાઉઆને ટ્રાન્સફર વોરંટથી મુંબઈથી લાવ્યા બાદ આરોપીની સઘન પૂછપરછ કરવા આરોપીને વડગામ કોર્ટમાં ૧૪ દિવસના રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યો હતો જેથી કોર્ટે આરોપી નૂરમહમદ દાઉઆના ચાર દિવસના રિમાન્ડ મજુંર કર્યા હોવાનું છાપી પીએસઆઈ પરિમલ દેસાઈ જણાવ્યું હતું છેતરપિંડી માં સંડોવાયેલ અન્ય બે આરોપી ની અટકાયત કરવા પોલીસે કવાયત હાથ ધરી હોવા નું જાણવા મળે છે હજયાત્રી ઓ સાથે છેતરપિંડી કરનાર ને છાપી પોલીસ મથકે લાવ્યા બાદ અનેક પીડિતો પોલીસ મથકે પહોંચ્યા હોવાનું જાણવા મળે છે.

ધી યુનાઈટેડ મુસ્લિમ એસો. ટ્રસ્ટ દ્વારા

ભરૂચની કોન્વેટ સ્કૂલના આચાર્ય સોનીમ્મા વર્ગીશનું સન્માન કરાયું

ભરૂચ, તા.૩૧

ભરૂચની કોન્વેટ હાઈસ્કૂલના આચાર્ય સોનીમ્મા વર્ગીશની માનવતા પ્રસારવતી કાર્યપદ્ધતિથી પ્રેરાઈને ધી યુનાઈટેડ મુસ્લિમ એસોશિએશન ટ્રસ્ટના પ્રમુખ ડોકટર મોહંમદ સફી અને ટ્રસ્ટીમંડળ તરફથી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ધો.૧૦મા અભ્યાસ કરતા વિદ્યાર્થી શેખ ઝેનુલ જેઓ ૮૦%માં પ્રથમ પ્રયત્ને પાસ થયો હતો. પરંતુ પોતાની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે આ વિદ્યાર્થી સાયન્સમાં ન જતા કોમર્સ લાઈન પસંદ કરતા આ વિદ્યાર્થીને શાળાના આચાર્ય દ્વારા પૂછપરછ કરી પોતાની આર્થિક સ્થિતિના કારણે ગભરાયા વિના સાયન્સ સ્ટ્રીમમાં જોડાવા હાકલ કરી છે. આર્થિક રીતે મદદની ખાતરી આપી. આ વિદ્યાર્થીને માટે વાર્ષિક ફી ૨૦,૦૦૦ માફી આપી સરાહનીય કાર્ય કર્યું હતું. જેની કદર રૂપેથી યુનાઈટેડ મુસ્લિમ એસોસિએશન ટ્રસ્ટે નોંધ લઈ આવા માનવતાવાદી કાર્યની કદર કરી સંસ્થાના પ્રમુખ ડોકટર મોહંમદ સફી, ઈમ્તીયાઝ પઠાણ, સલીમ લાકડાવાલા, વાહીદખાન, મહંમદ ઘીવાલા દ્વારા એમનુ સન્માન કરવામાં આવ્યું હતું.

વડોદરા : અલવી કો.ઓ. બેંકની વાર્ષિક સાધારણ સભા ૧૪મીએ મળશે

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩૧

અલવી કો.ઓપ બેન્ક લી.ની ૬૧મી વાર્ષિક સાધારણ સભા આગામી તા.૧૪-૯-૧૯ ને શનિવાર ના રોજ સવારે ૯.૩૦ કલાકે પંડિત દીનદાયલ નગરગૃહ આજવા રોડ ખાતે મળશે. ઘણા ઉતાર-ચઢાવ બાદ બેન્કને સબળ નેતૃત્વ થકી ઉત્તરોત્તર પ્રગતિના પંથે લઈ જવામાં મદદરૂપ થનાર વ્યવસ્થાપક મંડળ આગામી વર્ષમાં એક નવી શાખા ખોલવા માટે પણ કટીબદ્ધ છે. બિન ઉપજાવ ખાતામાં થતી કડક કાર્યવાહીથી બેન્કનું ગ્રોસ એન.પી.એ. ૬ ટકા છે બેન્કની મોટામાં મોટી સિધ્ધી છે. બેન્કની તમામ પ્રકારની થાપણોમાં ઉત્તરોત્તર વધારો તથા ધિરાણોમાં થતો સાતત્યપૂર્ણ વધારો એ બેન્કની સધ્ધરતાનો નક્કર પુરાવો છે. આ ઉપરાંત નફામાં સતત વધારો એ બેન્કનો કરકસરપૂર્ણ વહીવટને આભારી છે. બેન્કનાં લગભગ ૧૧ હજાર ઉપરાંત સભાસદોમાં તમામ ધર્મ, જાતિ અને વર્ગનાં લોકોનો સમાવેશ થયેલ છે. ચાલુ વર્ષ સને ૨૦૧૮-૧૯ માં ધો.૧ થી ૧૨માં અભ્યાસ કરતાં ઉચ્ચ ગુણથી પાસ થયેલ ફક્ત સભાસદોના બાળકોને બેન્કની ૬૧મી વાર્ષિક સાધારણ સભામાં દરેક ધ

ઉમ્મુલ મુઅમેનિન (ર.અ.)ની શાનમાં ગુસ્તાખી કરનાર

શૈતાન વસીમ રિઝવી સામે સખ્ત કાર્યવાહી કરવા એકતા સ્પોર્ટ્સ કલબ દ્વારા ફરિયાદ

સાયબર ક્રાઈમ સેલના એસીપી યાદવે જરૂર પડયે દિલ્હી ગૃહવિભાગમાં રજૂઆત મોકલવા ખાતરી આપી

અમદાવાદ, તા.૩૧

ઉમ્મુલ મુઅમેનિન હઝરત આયશા સિદ્દીકી (ર.અ.)ની શાનમાં ગુસ્તાખી કરવા અશ્લીલ ફિલ્મ બનાવનાર શૈતાન અને વિકૃત માનસ ધરાવતા શિયા વકફ બોર્ડ (યુ.પી.)ના ચેરમેન વસીમ રિઝવી વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવા અને તેણે બનાવેલી બે ફિલ્મને સોશિયલ મીડિયા, યુ-ટયુબ કે અન્ય ચેનલો પરથી તાત્કાલિક દૂર કરવા તજવીજ હાથ ધરવા ગોમતીપુરના મુસ્લિમ આગેવાનોએ સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ હાથ ધરતા હાજર પોલીસ અધિકારીએ બનાવની ગંભીરતા જોતા મુસ્લિમ આગેવાનોને શાંતિથી ગંભીરતાપૂર્વક સાંભળી સંબંધિત વિભાગને આ રજૂઆત પહોંચાડવા ખાતરી આપી હતી.

શાહીબાગ સાયબર ક્રાઈમ સેલની ઓફિસમાં રૂબરૂ જઈ એસીપી યાદવને એકતા સ્પોર્ટ્સ કલબના મેમ્બરો મહંમદ અલી રાઠોડ, ઈકબાલ શેખ, રાહત હુસૈન શેખ, કૈયુમ કુરેશી, યુસુફખાન, સલીમ રાજપૂત, હફીઝ શેખ વગેરેએ આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં જણાવ્યું હતું કે, શૈતાન વસીમ રિઝવી સામે ફરિયાદ દાખલ કરી યુ-ટયુબ અને સોશિયલ મીડિયા ઉપર

જે શૈતાની હરકતો કરી છે તેને તાત્કાલિક દૂર કરવા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. એસીપી યાદવે હકારાત્મક વલણ દાખવી જરૂર પડે તો દિલ્હી ગૃહવિભાગમાં રજૂઆત મોકલી ઘટતી કાર્યવાહી કરવા બાંહેધરી આપી છે.

ફલાઈટ કુવૈતથી અમદાવાદ આવી રહી હતી

ફલાઈટમાં યુવક સિગરેટ પીતો હતો વાસ આવતા ક્રૂ મેમ્બરે પકડી લીધો

અમદાવાદ, તા.૩૧

કુવૈતથી અમદાવાદ આવતી ઈન્ડિગો ફલાઈટમાં બાથરૂમમાં સિગારેટ પીતાં મધ્યપ્રદેશનો એક યુવક ઝડપાયો છે. ફલાઈટમાં બાથરૂમમાં સિગારેટ પીતાં વ્યક્તિ વિશે ક્રૂ મેમ્બરને જાણ થતાં અમદાવાદ એરપોર્ટ પર જાણ કરવામાં આવી હતી. એરપોર્ટ સ્ટાફવાળાઓએ પોલીસને જાણ કરી હતી. જેથી એરપોર્ટ પર આસીફ રંગરેજ નામના યુવકની ધરપકડ કરાઈ છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, કુવૈતથી અમદાવાદ આવતી ફલાઈટમાં મધ્યપ્રદેશના યુવકે ચાલુ ફલાઈટમાં બાથરૂમમાં જઈ સિગારેટ પીતાં વાસ આવી હતી. ક્રુ મેમ્બરને આ બાબતે જાણ થતાં તેઓએ આ બાબતે તેમની કંપનીના સિક્યુરિટી મેનેજરને જાણ કરી હતી. ફલાઈટ અમદાવાદ આવતા યુવકને એરપોર્ટ પોલીસને સોંપ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપી આસીફ રંગરેજની ધરપકડ કરી હતી.

દરિયાપુર અર્બન હેલ્થ સેન્ટરમાં સગર્ભા મહિલાઓને મચ્છર રેકેટ અને મચ્છર દાનીનું વિતરણ કરાયું

શહેરમાં વરસાદી માહોલમાં વધતા જતા મચ્છરોનો ઉપદ્રવ કઈ રીતે થાય છે અને મચ્છરો ન થાય તે માટે શું કરવું જોઈએ સાથે તેનાથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવા દરિયાપુર અર્બન હેલ્થ સેન્ટરમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાઈ ગયો. દરિયાપુર વોર્ડના કોંગ્રેસના મહિલા કાઉન્સિલર મોનાબેન પ્રજાપતિ અને મ્યુનિ. આરોગ્ય વિભાગના મેહુલ આચાર્યના હસ્તે સગર્ભા મહિલાઓને મચ્છરોથી બચાવવા મચ્છરનું રેકેટ અને મચ્છરદાનીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સ્કૂલ બોર્ડ દ્વારા મદ્રસામાંથી ભણવા આવતા વિદ્યાર્થીઓના નામ કમી કરવાની હિલચાલ !

સ્કૂલ બોર્ડના સભ્ય ઈલ્યાસ કુરેશી દ્વારા ચેરમેનને રજૂઆત, પ્રવેશને રદ ન કરવા માંગ

અમદાવાદ, તા.૩૧

મદ્રસામાં તાલીમ મેળવતા બાળકો કે જેઓ સ્કૂલ બોર્ડની ઉર્દૂ માધ્યમની શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. આવા વિદ્યાર્થીઓના નામ સ્કૂલ બોર્ડ દ્વારા કમી કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવતા વાલીઓમાં ગભરાટ સાથે રોષની લાગણી વ્યાપી ગઈ છે. આથી સ્કૂલ બોર્ડના સભ્ય ઈલ્યાસ કુરેશીએ સ્કૂલ બોર્ડના ચેરમેન સહિત ઉચ્ચ અધિકારીઓને આવા વિદ્યાર્થીઓના નામ કમી ન કરવા વિનંતી કરી છે. સ્કૂલ બોર્ડના ચેરમેનને પત્ર પાઠવી રજૂઆત કરતા સ્કૂલ બોર્ડના સભ્ય ઈલ્યાસ કુરેશીએ જણાવ્યું છે કે, અમારા ધ્યાનમાં આવ્યું છે કે, સ્કૂલ બોર્ડની ઉર્દૂ માધ્યમની શાળામાં ભણતા આશરે ૩૦૦ વિદ્યાર્થીઓના નામ કમી કરવા તંત્ર દ્વારા

મદ્રસાના ૩૦૦ વિદ્યાર્થીઓ ઉર્દૂ માધ્યમમાં અભ્યાસ કરી રાષ્ટ્ર પ્રવાહમાં જોડાવવા માગતા હોય તો ખોટું શું છે ?

કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આના કારણમાં જણાવવામાં આવ્યું છે કે, આ બાળકો મદ્રસામાં જતા હોવાથી સમયસર આવતા નથી, ત્યારે ઈલ્યાસ કુરેશીની દલીલ એ છે કે, જો મદ્રસામાં જતા બાળકો રાષ્ટ્ર પ્રવાહમાં જોડાવવા સ્કૂલ બોર્ડની શાળામાં ભણવા માગતા હોય તો ખોટું શું છે ? દેશના વડાપ્રધાન અવાર-નવાર તેમના પ્રવચનમાં જણાવે છે કે, હું મદ્રસાઓને આધુનિક કરવા માંગું છું અને મુસ્લિમોના એક હાથમાં કુર્આનશરીફ અને બીજા હાથમાં કોમ્પ્યુટર જોવા માંગું છું. ઉપરાંત આરટીઈના નિયમ મુજબ પણ દરેક બાળકોને ભણવાનો અધિકાર છે, તો શા માટે નજીવા કારણસર તેમના નામ કમી કરવામાં આવે છે ? મોટાભાગના બાળકો શાળામાં નિયમિત આવતા હોય છે, પરંતુ મદ્રસાના સમયને કારણે કેટલાક બાળકો થોડાક સમય માટે મોડા આવે તો તેમનો પ્રવેશ રદ કરી શકાય નહીં કે, તેમને ભણતરથી વંચિત રાખી શકાય નહીં. મદ્રસામાંથી ભણવા આવતા તમામ વિદ્યાર્થીઓ ખૂબ હોશિયાર છે અને તેમના પરિણામ પણ ૭૫ ટકાથી વધુ આવે છે. આથી, આવા હોશિયાર વિદ્યાર્થીઓનું ભાવિ ઉજ્જવળ બનાવવા તેમનો પ્રવેશ રદ કરવો જોઈએ નહીં. આ અંગે વિદ્યાર્થીઓના વાલીઓએ પણ ઉચ્ચ સ્તરે રજૂઆત કરવાની તજવીજ હાથ ધરી છે.

પેસેન્જર ફેરી સર્વિસ શરૂ કરવા મુખ્યમંત્રીએ આપી સૈધ્ધાંતિક મંજૂરી

હજીરાથી મુંબઈ વચ્ચે હવે દરિયાઈ મુસાફરી શક્ય બનશે : નવેમ્બરથી શરૂ

૩૦૦ મુસાફરોની ક્ષમતા સાથે વિદેશી ક્રૂઝ જેવી સુવિધાવાળું જહાજ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૧

રાજયાની પ્રજાને હવે દરિયાઈ મુસાફરી કરવાનો આનંદ મળી શકશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ હજીરા (સુરત)થી બાન્દ્રા (મુંબઈ) પેસેન્જર ફેરી સર્વિસ શરૂ કરવાની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જે અંતર્ગત એસ. એસ. આર. મરીન સર્વિસ પ્રા. લિ. દ્વારા આ ફેરી સર્વિસના પેસેન્જર જહાજમાં ૩૦૦ મુસાફરોની ક્ષમતા સાથે વિદેશી ક્રૂઝ જેવી સુવિધાઓ ઉપલબ્ધ બનશે. આ જહાજ ૨૦ રૂમની સુવિધા સાથે ફુલ્લી એર કંડિશન્ડ હશે. ગુજરાત સરકારે આપેલી આ સૈદ્ધાંતિક મંજૂરી અનુસાર આગામી નવેમ્બર ૨૦૧૯થી શરૂ થનારી સેવાના પ્રારંભિક તબક્કે સપ્તાહમાં એકવાર આ ફેરી સર્વિસ કાર્યરત્ રહેશે. પેસેન્જર ટ્રાફિક ધ્યાને રાખીને ભવિષ્યમાં નિયમિતરૂપે પણ આ સેવાઓ શરૂ કરવામાં આવશે. શરૂઆતમાં દર ગુરૂવારે સાંજ ૭ કલાકે બાન્દ્રાથી નિકળી શુક્રવારે સવારે ૯ વાગ્યે આ જહાજ હજીરા પહોંચશે. પરત મુસાફરીમાં શુક્રવારે સાંજે ૬ કલાકે હજીરાથી રવાના થઈને શનિવારે સવારે ૮ કલાકે બાન્દ્રા પહોંચશે. આ સુવિધા શરૂ થતાં વિક એન્ડ રજાઓમાં સુરતવાસીઓને દરિયાઈ માર્ગે મુંબઈ જવાનું એક નવું પ્રવાસન નજરાણું મળશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે રાજયમાં હાલ દહેજ-ઘોઘા વચ્ચે ફેરી સર્વિસ કાર્યરત છે તેમાં હવે હજીરા-બાન્દ્રા ફેરી સર્વિસનો ઉમેરો થતાં દરિયાઈ યાતાયાતને વેગ મળશે. એટલે કે રાજયમાં વધુ એક જહાજ સર્વિસમાં ઉમેરો થઈ રહ્યો છે. જો કે, દહેજ-ઘોઘા વચ્ચે ચાલી રહેલી ફેરી સર્વિસ વારેઘડિયે ખોટકાઈ જવા સહિતના અંતરાયોને લઈ સતત વિવાદમાં છે તેમ આ નવી સર્વિસ વિવાદ વિના ચાલે તેવી ચર્ચા શરૂ થઈ જવા પામી છે.

ભારે વરસાદને લીધે શાકભાજીની ખેતીને નુકસાન થતા ભાવ વધ્યા

હજુ એક મહિના સુધી શાકભાજીના ભાવ ઘટે નહીં તેવી શક્યતા

અમદાવાદ, તા.૩૧

અનેક જગ્યાએ ભારે વરસાદના કારણે શાકભાજીની ખેતીને ભારે નુકસાન થયું છે ત્યારે શાકભાજીની આવક ઘટતા તેના ભાવમાં વધારો થયો છે.

ચોમાસાની સિઝનમાં શાકભાજીની આવક ઘટતા ભાવ આસમાને પહોંચ્યા છે. કારણ કે ગુજરાત બહારથી આવતા શાકભાજીની આવક ઘટી ગઈ છે અને માર્કેટમાં માંગ વધુ હોવાના કારણે શાકભાજી ૭૦થી ૮૦ રૂપિયે કિલો મળી રહ્યા છે. રોજે રોજ ભાવ વધવાના કારણે ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે.

ભારે વરસાદના કારણે શાકભાજીની ખેતીને નુકસાન પહોચ્યું છે. ભારે વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાયા છે. જેના કારણે શાકભાજી માર્કેટમાં આવવું જોઈએ એટલું શાકભાજી આવી રહ્યું નથી. આવક કરતા માર્કેટમાં માંગ વધુ હોવાના કારણે ભાવ વધી રહ્યા છે. જો કે સામાન્ય લોકોને શાકભાજી લેવું હોય તો પણ વિચાર કરવો પડે છે. કારણ કે હોલસેલમાં ૫૦થી ૬૦ના કિલો શાકભાજી મળી રહ્યા છે. જેના કારણે રિટેલ માર્કેટમાં તો શાકભાજી ૭૦થી ૮૦ રૂપિયે કિલો મળી રહ્યા છે. ગરીબોની કસ્તુરી એવી ડુંગળી પણ ૫૦થી ૬૦ રૂપિયે કિલો છે. ગૃહિણી શોભાબેને મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે પહેલા કરતા ભાવ ઘણા વધી ગયા છે. બધા શાકભાજીના ભાવ ડબલ થય ગયા છે. માર્કેટમાં લેવા આવે ત્યારે વિચારવું પડે છે. ક્યું શાકભાજી લેવુ અને શુ ખાયે શુ ન ખાયે. તો ગૃહિણી સંગીતાબેને કહ્યું હતું સામાન્ય લોકોને પસોયા તેવા ભાવ નથી. ભાવ વધવાના કારણે સામાન્ય લોકોને મુશ્કેલી પડી રહી છે. જેમ તેમ કરીને બજેટ મેનેજ કરવું પડે છે.

નરેશભાઈ વેપારીએ વાત કરતા જણાવ્યું હતું કે શાકભાજીના ભાવ વધી રહ્યા છે. માલ આવતો નથી. વરસાદના કારણે માર્કેટમાં શાકભાજીની આવક ઓછી છે. જેના કારણે ગ્રાહકોને તકલીફ પડે છે. માર્કેટમાં વસ્તુ ન આવે એટલે ભાવ વધી જાય. હજુ એક મહિનો મુશ્કેલી રહેશે. ભાવ વધવાના કારણે વેપારીઓને પણ મુશ્કેલી પડી રહી છે. કારણ કે ભાવ વધારે હોવાના કારણે ગ્રાહકો ઓછા આવે છે.

અમદાવાદ જિલ્લામાં મચ્છરોનો ઉપદ્રવ અટકાવવાનો અભિગમ

સગર્ભા માતાઓને વિના મૂલ્યે કીટનાશક ટ્રિટમેન્ટવાળી મચ્છરદાની અપાઈ

અમદાવાદ, તા.૩૧

મચ્છરોનો કરડવાથી અનેક રોગો ઉભા થાય છે ત્યારે, મચ્છારોનો ઉપદ્રવ અટકાવવાને એક ઝુંબેશનું સ્વરૂપ અપાયું છે. અમદાવાદ જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે સગર્ભામાતાઓને કીટનાશક ટ્રીટમેન્ટ કરાયેલી મચ્છરદાની આપી માતા અને બાળકોને સુરક્ષિત કરવાનો અભિગમ અપનાવાયો છે. અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી અરૂણ મહેશ બાબુના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સગર્ભામાતાઓને કીટનાશક ટ્રીટમેન્ટ કરાયેલી મચ્છરદાની વિનામુલ્યે આપવાનો કાર્યક્રમ સમગ્ર જિલ્લામાં યોજવામાં આવ્યો હતો. ધારસભ્ય કનુ પટેલ તથા અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ જીતેન્દ્રસિંહ ચૌહાણના પ્રમુખ સ્થાને બાવળા તાલુકાના કાવીઠા તથા સાણંદ તાલુકાના ચેખલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ધારાસભ્ય કનુ પટેલે જણાવ્યું હતું કે, સ્વચ્છતા થકી જ સ્વાસ્થ્ય સુરક્ષા શક્ય છે. વહીવટી તંત્ર દ્વારા અપાયેલી આ મચ્છરદાની વિશેષ છે મચ્છર તેના પર બેસે એટલે મૃત્યુ પામે છે. વાહકજન્ય રોગોના નિરાકરણ માટેની જિલ્લા આરોગ્ય શાખાની સક્રિય કામગીરીને આ તકે તેઓએ બિરદાવી હતી.

નિકોલમાં મામા-મામીએ લગ્નનું દબાણ કરતાં ભાણીનો આપઘાત

પોલીસે મામા અને મામી સામે દંઢપ્રેરણાનો ગુનો નોંધ્યો

અમદાવાદ, તા.૩૧

શહેરના નિકોલ વિસ્તારમાં મામા-મામી સાથે રહેતી ૧૭ વર્ષની સગીરાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મામા અને મામી તરફથી લગ્ન માટે દબાણ કરવામાં આવતું હતું. પરંતુ સગીરાને ભણીને હોંશિયાર થઈ તેના પરિવારનું નામ રોશન કરવું હતું. જો કે, મામા અને મામીના લગ્નની વાતથી કંટાળી અને વધુ પડતા દબાણના કારણે માનસિક તાણમાં આવીને તેણીએ આપઘાત કરી લીધો હતો. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, કપડવંજના ગાંધીચોકમાં રહેતા ભરતભાઈ મકવાણા ડ્રાઈવીંગ કામ કરે છે. તેમને બે સંતાન હતા અને આઠ વર્ષ પહેલા તેમની પત્નીનું મોત થયું હતું. ત્યારબાદ પત્નીના પરિવાર સાથે અણબનાવ બન્યા હતા. સાળા રોહીત મકવાણા ભાણી રિધ્ધીને પોતાની પાસે લઈ જઈ તેને રાખતા હતા અને ભાણી રિધ્ધીને તેના પિતા સાથે કોઈ સંબંધ ન રાખવા દબાણ કરતા હતા. રિધ્ધી તેના ભાઈ ધાર્મિકને અવાર નવાર મળતી હતી. છેલ્લા છએક માસથી રિધ્ધી ભાઈ સાથે વાત કરી મળતી હતી. ત્યારે તે મામા મામી લગ્ન માટે દબાણ કરતા હોવાનું જણાવ્યું હતું. રિધ્ધીએ તેના ભાઈએ એમ પણ કહ્યું હતું કે મારે ભણવું છે અને તમારું નામ રોશન કરવું છે. મામા મામી લગ્ન કરવા દબાણ કરી પિતા સિવાય ક્યાં પણ જતી રહે તેવું કહી કાઢી મૂકવાની ધમકી આપતા હતા. જેથી કંટાળીને રિધ્ધીએ દસ દિવસ પહેલા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. નિકોલ પોલીસે રિધ્ધીના મામા રોહિત મકવાણા અને મામી ફાલ્ગુનીબહેન સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીનું શાસનરત્ન એવોર્ડથી સન્માન

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૩૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીનું શ્રીમદ રાજચન્દ્ર મિશન ધરમપુર દ્વારા મુંબઈમાં શાસનરત્ન એવોર્ડથી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમદ રાજચન્દ્ર મિશન ધરમપુરના સંસ્થાપક આધ્યાત્મિક ગુરૂદેવ રાકેશભાઈએ મુખ્યમંત્રીને આ શાસનરત્ન એવોર્ડ અર્પણ કર્યો હતો. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયેલ તથા અંજલિબહેન રૂપાણી સહિત મુમુક્ષુઓ મુંબઈમાં વરલી ખાતે આયોજિત આ સમારોહમાં ઉપસ્થિત હતા. વિજય રૂપાણીએ ધરમપુરમાં નિર્માણ થયેલા એનિમલ નર્સીંગ હોમનું વર્ચ્યુઅલ લોકાર્પણ આ વેળાએ કર્યુ હતું. મુખ્યમંત્રીએ આ શાસનરત્ન એવોર્ડ નમ્ર ભાવે સ્વીકારતાં કહ્યું કે, મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સુક્ષ્મ જીવો માટે કરૂણા એ આપણા સંસ્કાર અને સ્વભાવ છે. અબોલ પશુઓના જીવને અભયદાન મળે એ પ્રકારની વ્યાવસ્થા રાજય સરકારે કરી છે.

ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતા ગાંધીનગર કોર્ટના શરણે

આગોતરા જામીન માટે અરજી કરી, વધુ સુનાવણી ૬ સપ્ટેમ્બરે

(સંવાદદાતા દ્વારા) તા.૩૧

વિવાદોમાં સપડાયેલા રૂપાલ ગામના ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાએ ગાંધીનગર કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે. ઢબુડી માતાના નામથી જાણીતા બનેલા ધનજી ઓડે હવે પોલીસથી બચવા માટે કોર્ટનું શરણું લીધું છે ત્યારે આ સમયે ધરપકડ થવાની શંકાએ પહેલાથી જ ગાંધીનગર કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી દીધી છે. જેના પર આગામી ૬ સપ્ટેમ્બરના રોજ સુનાવણી હાથ ધરાશે. પોલીસ દ્વારા ધનજી ઓડ સામે કોઈ પ્રકારની ફરિયાદ નોંધવામાં આવશે નહીં. વર્ષ ૨૦૧૬નો કેસ હોવાના કારણે ભીખાભાઈ પુત્ર પણ હયાત નથી. પરિણામે ધનજી ઓડ સામે ફરિયાદ નોંધવામાં આવશે નહીં. પરિણામે ધનજી ઓડ દ્વારા આજે ગાંધીનગર કોર્ટમાં જામીન અરજી મૂકવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બોટાદના ગઢડા સ્વામી નાગજીપરા ખાતે રહેતા ભીખાભાઈ માણિયાએ પેથાપુર પોલીસ સ્ટેશનમાં અરજી કરી છે. તેમનો દાવો છે કે, ઢબુડી માતાના કહેવાથી તેમણે પુત્રની કેન્સરની દવા બંધ કરી હતી. જેને પગલે તેમણે પુત્ર ગુમાવ્યો હતો. આ મુદ્દે પેથાપુર પોલીસે અરજીકર્તા ભીખાભાઈનું નિવેદન નોંધી લેવામાં આવ્યું હતું. હવે આગામી દિવસોમાં પેથાપુર પોલીસ પ્રાથમિક તપાસ કરીને ઢબુડી માતા ઉર્ફે ધનજી ઓડને સમન્સ પાઠવીને પૂછપરછ માટે બોલાવશે. રૂપાલના 'ઢબુડી મા'નાં એક પછી એક ઘટસ્ફોટ થઈ રહ્યા છે, ત્યારે આજે વિજ્ઞાન જાથ્થાના જયંત પંડ્યાએ ઢબુડી અંગે પ્રેસ કોન્ફરન્સ કરીને રહસ્યો ખોલ્યા હતા. વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યાએ પત્રકાર પરિષદમાં ઢબુડી માતાની ઓડિયોક્લિપ જાહેર કરી છે તેમાં પત્રકાર અને ઢબુડી માતાના એક સેવકનો અવાજ સંભળાય છે. આ ઓડિયોક્લિપમાં ઢબુડી માનો સેવક એક પત્રકારને ધમકી આપતા કહે છે કે, 'થોડા જ દિવસમાં બોટાદનાં ફરિયાદી ભીખાભાઈનું ડેથ સર્ટિફિકેટ જોઈ લેજો.' ઓડિયો ક્લિપમાં 'ઢબુડી મા'નાં સેવકે પત્રકારને ખખડાવ્યો છે. 'તેણે કહ્યું કે હવે જો ઢબુડી માને કંઈક કહીશ તો તું જોઈ લેજે તારા ત્રણ ચાર કલાકમાં શું હાલ થાય છે. પેલા બોટાદનાં ફરિયાદી ભીખાભાઈનું પણ ડેથ સર્ટિફિકેટ જોઈ લેજે. તમારી પાસે જે પણ પુરાવા છે તે બધા ખોટા છે. 'જયારે પત્રકાર કહે છે કે હું તો મારૂં કામ કરીશ ત્યારે સેવક કહે છે કે, મને ગુસ્સો આવે તો હું કંઈપણ કરી દઈશ. ટેન્શન લેનેકા નહીં દેને કા.' મળતી માહિતી પ્રમાણે ધમકી આપનાર ઢબુડીનો સમર્થક સુરેન્દ્રનગરનો પ્રવિણ પરમાર છે. પ્રવિણ પરમાર સામે અનેક પોલીસ કેસ થયેલ છે. તે જેલ વાસ પણ ભોગવી ચૂકેલો છે. પ્રવિણ ગુનાહિત પ્રવૃત્તિ માટે જાણીતો છે.

બાપુનગરમાં શાળાની છત પડવાના મામલે બેદરકારીનો ગુનો નોંધાવ્યો

બાપુનગર પોલીસે શાળાના ટ્રસ્ટીઓ સહિત જવાબદારો સામે ફરિયાદ નોંધી

અમદાવાદ,તા.૩૧

શહેરના બાપુનગર વિસ્તારની ખાલસા સ્કૂલમાં છતના પોપડા પડવા મામલે આજે વાલીઓની ઉગ્ર માંગ અને પોલીસની પ્રાથમિક તપાસ બાદ આખરે સ્કૂલના ટ્રસ્ટીઓ અને આચાર્ય સામે ગુનો નોંધાયો છે. સ્કૂલનું બાંધકામ જૂનું હોઈ અને અગાઉ પણ એકવાર છત પડવાની ઘટના બની છે. છતના પોપડા પડવાથી સ્કૂલમાં વિદ્યાર્થીઓને ગંભીર ઈજા થઈ શકે તેમ છતાં ટ્રસ્ટીઓ અને આચાર્યએ બાળકોના જીવને જોખમમાં મૂકતા વાલીએ બાપુનગર પોલીસ સ્ટેશનમાં આચાર્ય અને ટ્રસ્ટીઓ સહિત પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી છે. જેને લઈ પોલીસે હવે સમગ્ર મામલે ઝીણવટભરી તપાસ આરંભી છે. ઉલ્લેખનીય છે કે, બાપુનગરની ખાલસા લિટલ ફ્લાવર સ્કૂલના ધો.૫માં ગઈકાલે શુક્રવારે સવારે ચાલુ કલાસ દરમ્યાન છતનો પોપડો પડતા છ વિદ્યાર્થી ઘાયલ થયા હતા. જેમને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જો કે, તાત્કાલિક સઘન સારવાર બાદ બાળકોને રજા આપી દેવાઈ હતી. સમગ્ર મામલાની તપાસ માટે શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ પણ સ્કૂલે પહોંચી પરંતુ સ્કૂલ સંચાલકોએ અધિકારીઓને પ્રવેશ આપ્યો ન હતો. વાલીઓનો આક્ષેપ હતો કે, સ્કૂલમાં નબળું બાંધકામ હોવા છતાં સંચાલકોએ યોગ્ય ઉપાય ન કરતા છતમાંથી પોપડો પડ્યો હતો. ઘટના બની ત્યારે ધો.૫ના વર્ગખંડમાં ૪૦ વિદ્યાર્થી બેઠા હતા. પોપડો પંખા પર પડતા પંખાની નીચે બેઠેલા વિદ્યાર્થીઓને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત બાળકોને સ્કૂલની નજીકની સ્કૂલ પાસેની મહેશ્વરી સોસાયટીના રહીશો ડીઈઓથી લઈને મુખ્યમંત્રી સુધી સ્કૂલ નબળી હોવાની ફરિયાદ કરી ચૂક્યાં છે પરંતુ કોઈ જ પરિણામલક્ષી પગલાં લેવાયા ન હતા, જેને લઈ વાલીઓમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાઈ હતી. જો કે, ગઈકાલની ઘટના બાદ આખરે સમગ્ર પ્રકરણમાં શાળાના ટ્રસ્ટીઓ અને આચાર્ય સામે વિધિવત્ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. વરસાદ થયા બાદ હાલમાં ખાલસા સ્કુલની છત તુટી પડવાની ઘટનાને ધ્યાનમાં લઈને જુના આવાસો, સ્કુલો, મોલ તરફ હાલમાં ધ્યાન આપવાની જરૂર છે. કારણ કે, આવી ઘટનાઓમાં મોટી ખુવારી પણ થઈ શકે છે.

IAS બાદ IPS અધિકારીઓની બદલીનો તખ્તો તૈયાર કરાયો

સાત ની ખાલી જગ્યાઓ પણ ટૂંક સમયમાં ભરાશે

અમદાવાદ, તા.૩૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત બાદ ૩૦ ઓગસ્ટની સવારે રાજયના ૭૯ આઈએએસની બદલીના આદેશ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ આજે આઈપીએસ અધિકારીઓની બદલીઓનો પણ તખ્તો તૈયાર થઈ ગયો છે. જેમાં સુરત શહેર પોલીસ કમિશનર સહિત ૭ સિનિયર આઈપીએસની ખાલી પડેલી જગાઓ ભરવામાં આવશે. નિવૃત્ત થયેલા સુરત શહેર પોલીસ કમિશનર સતીષ શર્માની જગ્યાએ આર.બી. બ્રહ્મભટ્ટને નવા પોલીસ કમિશનર પદે નિયુક્ત કરવામાં આવશે. આ ઉપરાંત ગૃહ વિભાગ દ્વારા જેલ, હોમગાર્ડ અને અન્ય નિવૃત્ત થયેલા આઈપીએસ અધિકારીઓની જગ્યા ભરવામાં આવશે. તેના માટે તમામના નામ નક્કી થઈ ગયા છે. જેમાં અમદાવાદ કાઈમ બ્રાન્ચ જેસીપીની ખાલી પડેલી જગ્યાનો પણ સમાવેશ થાય છે. બીજી તરફ જેલ વડા મોહન ઝાની જગ્યા પણ ભરવામાં આવશે. આ અંગે ટૂંક સમયમાં ઓર્ડર થઈ જાય તેવી શક્યતા છે.

ઓલ ઈન્ડિયા ડીએસઓ તથા કલ્ચરલ એજ્યુકેશનલ ફોરમ દ્વારા નર્મદ-મેધાણી પરિસંવાદ યોજાયો

ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશન (ઓલ ઈન્ડિયા ડીએસઓ) તથા કલ્ચરલ એજ્યુકેશનલ ફોરમ દ્વારા નર્મદ મેઘાણી પરિસંવાદનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં ડૉ.ભરત મહેતા, (એમ.એસ. યુનિ.ના પ્રોફેસર), ડૉ. કનુ ખડદિયા (એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ) તથા મિનાક્ષી જોષી (કલ્ચરલ એજ્યુકેશનલ ફોરમના સેક્રેટરી તથા મેઘાણી મેમોરિયલ કમિટીના કન્વિનર) આ ત્રણ વક્તાઓએ આ સેમિનારમાં વક્તવ્ય આપ્યું હતું. એ ઉપરાંત વિદ્યાર્થીઓએ નર્મદ અને મેઘાણીના વિવિધ ગીતોની પણ રજૂઆત કરી હતી. એમ ઓલ ઈન્ડિયા ડીએસઓ ગુજરાત રાજ્ય કમિટીના સેક્રેટરી રિમ્મી વાઘેલાએ એક યાદીમાં જણાવ્યું છે.

સગાઈ અગાઉ જ પતિ સામે ટોઈલેટ બનાવવાની શરત મૂકી હતી

સાસરિયામાં ટોઈલેટ ન બનાવતાં એક વર્ષ સુધી લડી પરિણીતાએ પતિનું ઘર છોડ્યું

કોર્ટે પતિને દર મહિને વળતર પેટે તેની પત્નીને ૬૦૦૦ રૂપિયા આપવાનો આદેશ કર્યો

(સંવાદદાતા દ્વારા) તા.૩૧

ઉષા ચૌધરીએ ૬ જૂન, ૨૦૧૩ના રોજ મહેસાણાના મેઉ ગામના નરેન્દ્ર ચૌધરી સાથે લગ્ન કર્યા હતા. ઉષાએ નરેન્દ્ર સામે સગાઈ વખતે જ શરત મૂકી હતી કે લગ્ન પહેલા જ ઘરે ટોઈલેટ બનાવી દેશે. પરંતુ જયારે લગ્ન કરીને ઉષા પોતાના સાસરિયે ગઈ ત્યારે ત્યાં ટોઈલેટ ન જોતાં તે ચોંકી ઉઠી હતી. એક વર્ષથી ટોઈલેટને લઈને નાના-મોટા ઝઘડા ચલતા હતા. લગ્ન બાદ ઉષા ઉપર નોકરી કરવા માટે પણ પ્રતિબંધ મૂકી દીધો હતો. ટોઈલેટ બનાવવામાં ન આવતા અંતે ઉષા પતિનું ઘર છોડી પોતાના પિયરમાં માતા-પિતા સાથે રહેવા આવી ગઈ હતી. ત્યારબાદ ઉષા ગાંધીનગરમાં ભાડે ઘર લઈને રહેવા લાગી હતી. ઉષાનું કહેવું છે કે, લગ્ન બાદ તેને કામ કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જેનાથી કંટાળીને ઉષાએ પોતાના સાસુ-સસરા વિરુદ્ધ લાંઘણજ પોલીસ સ્ટેશનમાં દહેજની માંગણીની ફરિયાદ નોંધાવી હતી. ઉષાએ ગાંધીનગર લોકલ કોર્ટમાં મેન્ટેનન

ALVI અલ્વી TOUR & TRAVELS ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
સપ્ટેમ્બર ઈરાક સાથે ઉમરાહ દિવસ-૨૫
ઓક્ટોબર ઉમરાહ દિવસ-૧૬ રવા.૧૦/૧૦/૧૯
ગ્યારવીં શરીફ બગદાદમાં
બૈતુલ મુકદ્દસ,જોર્ડન, ઈરાક નવેમ્બરમાં
ઈરાક,ઈરાન સાથે દુબઈ નવેમ્બરમાં
91576 93447,9998523634 અમદાવાદ.

અલ ફલાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ઉમરાહ (અમદાવાદ થી અમદાવાદ)
51000/- ૧૭ દિવસ | 61000/- ૩૦ દિવસ
જુનેદ શેખ 9327013635 ઐયુબભાઈ A/c
સઈદ મામા 9327629199 9898574461
૪,ગ્રાઉન્ડ ફ્લોર,કોહીનૂર ફ્લેટ,ડાયમંડ ફ્લેટ
ટોરન્ટ પાવર શાહપુર પાસે, અહેમદાબાદ

HAJJ, UMRAH, ZIYARAT TOUR ORGANIZERS
અલ-રૂમૈસા હજ્જ ટુર્સ
ઉમરાહ સપ્ટેમ્બર ૨૦૧૯ રવાનગી : ૨૫/૦૯/૨૦૧૯ દિવસ-૨૦ હોટલમાં રોકાણ અમદાવાદ થી અમદાવાદ
ગ્યારવીં શરીફ બગદાદમાં બગદાદ, કરબલા, નજફ, ઈરાન અમદાવાદ થી અમદાવાદ
પરફ, પાંચમા માળે, શીતલ વર્ષા કોમ્પ્લેક્ષ, બુખારી બાવા દરગાહ સામે, બહેરામપુરા, અમદાવાદ.
8140311997, 9737999177

રેહબર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ જમાલપુર, અહમદાબાદ.
સપ્ટેમ્બર ઉમરાહ ૨૬મા ઉમરાહ સાથે ૬૫,૦૦૦/- રવા. ૧૯/૦૯/૨૦૧૯ ૨૮ દિવસ
ઈદે-મિલાદ ઉમરાહ ૬૨,૫૦૦/- રવા. ૨૭/૧૦/૨૦૧૯ ૨૦ દિવસ
ઈતીયાજ રંગરેજ ૯૮૨૫૨ ૪૪૨૩૮ | ખુશ્બુ રંગરેજ ૬૬૦૬૩ ૫૨૬૭૦

અલ-સહદ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ હજ-ઉમરાહ-ઝિયારત
સપ્ટેમ્બર ૨૦૧૯થી માર્ચ ૨૦૨૦ સુધીનું તથા રમઝાન ઉમરાહનું એડવાન્સ બુકીંગ ચાલુ છે
રવાનગી તા. ૧૦-૯-૨૦૧૯ | રવાનગી ૩૧-૧૦-૨૦૧૯ (ઈદેમિલાદ મદિના શરીફમાં)
અલ્હાજ કાસમભાઈ ચાવાળા
મો.8401226544 9725058828 મોહમ્મદ સહદ-8347063437
બિલાલ 8154041646 હેડઓફિસ લોખંડવાલા હોસ્પિટલ પાસે, લીંબડી ચોક, જોર્ડન રોડ, દરિયાપુર, અમદાવાદ, ૦૭૯-૨૨૧૧૦૮૬૬.
હાજી મકીરભાઈ (બાટવાવાવા) ઘોળકા 9898021392-9157346693

ટ્રમ્પે ઈરાન મિસાઈલ સાઈટનો ફોટો ટ્વિટ કર્યો, અમેરિકાના જાસૂસી રહસ્યોને જોખમમાં મૂક્યા

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની મિસાઈલ લોન્ચ સાઈટ પર થયેલા બ્લાસ્ટના ફોટા શેર કર્યા, જોકે આ સેટેલાઈટ ઈમેજ નહીં હોવાનું બહાર આવતાં અમેરિકા પર ઈરાનના એરસ્પેસમાં જઈને એરક્રાફ્ટ અથવા ડ્રોન દ્વારા ફોટા લેવાયા હોવાની શંકા દર્શાવાઈ

(એજન્સી) વોશિંગ્ટન, તા. ૩૧

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ટ્વિટમાં ઈરાનના મિસાઈલ લોન્ચ પેડના ફોટા શેર કર્યા હતા જેના કારણે ઈરાનના મિસાઈલ પ્રોગ્રામની જાસૂસી કરવાના આદેશ હોવાથી અમેરિકા ઈરાનના એરસ્પેસ નિયમોનું ભંગ કરતું હોવાનું સાબિત થાય છે. ઈમેજ અંગેના કેટલાક નિષ્ણાતો ફોટાના સ્પષ્ટતા અને તેના કોણ ચકાસ્યા હતા અને જણાવ્યું હતું કે, આ ફોટા કોઈ એરક્રાફ્ટ અથવા ડ્રોનથી લીધા હોઈ શકે છે. અન્ય કેટલાક નિષ્ણાતોએ પણ આ નિષ્ણાતોના સૂરમાં સૂર પૂરાવ્યો હતો અને જણાવ્યું હતુ કે, આ ફોટા કોઈ એરબોર્ન પ્લેટફોર્મ પરથી લેવાયા હોઈ શકે છે અને સેટેલાઈટ ફોટા નથી. આર્મ્સ કંટ્રોલ એક્સપર્ટ જેફરી લુઈસ મોન્ટેરેમાં મિડલબરી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડીઝના નિષ્ણાત છે.

અમેરિકા ઈરાનની મિસાઈલ સાઈટ્સ અને અન્ય સુવિધાઓના ફોટા લેવામાં વ્યસ્ત છે તેનાથી ચોક્કસપણ ઈરાનને કોઈ આશ્ચર્ય થાય તેમ નથી. પરંતુ ઈરાનના હવાઈ ક્ષેત્રમાં અમેરિકા દ્વારા કરાયેલા ઉલ્લંઘનથી ફારસની ખાડીમાં બંને દેશોવચ્ચે બારે તંગદિલી સર્જાય તેવા એંધાણ છે. જુન માસમાં ઈરાને હોર્મુઝની ખાડીમાં અમેરિકાના એક જાસૂસી ડ્રોનને તોડી પાડ્યું હતું અને દાવોકર્યો હતો કે, આ અમેરિકન ડ્રોન તેના એરસ્પેસમાં ઉડી રહ્યું હતું. બીજી તરફ અમેરિકાએ જણાવ્યું હતું કે, આ ડ્રોન આંતરરાષ્ટ્રીય એરસ્પેસમાં ઉડી રહ્યું હતું. ડ્રોન તોડી પડાયા બાદ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર હવાઈ હુમલાના આદેશ આપ્યા હોવાના અહેવાલો બહાર આવ્યા હતા પરંતુ બાદમાં હુમલાની થોડી મિનિટો પહેલા જ તેમણેપોતાના આદેશો પરત ખેંચવા પડ્યા હતા.

શુક્રવારે ટ્રમ્પ દ્વારા ઈરાનની મિસાઈલ સાઈટ્સના ફોટા બહાર પાડ્યા તે કોઈ અમેરિકન ગુપ્તચર નિષ્ણાતો દ્વારા કરાયેલું કાર્ય ગણાવાયું હતું. ફોટા અનુસાર અમેરિકન નિષ્ણાતોએ નોંધ્યું કે, તેમણે સુવિધાઓ અને નજીકના વાહનોને નુકસાન થયેલું દેખાય છે સાથે જ લોન્ચ પેડ પર પણ નુકસાન થયું હોવાનું ફોટા પરથી દેખાય છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઈરાનની સેમનાન લોન્ચ સાઈટની સાફિર એસએલવી લોન્ચ માટે અંતિમ લોન્ચ ઓપરેશન્સ દરમિયાન આ કોઈ ઘટના બની છે. સાફિર ઈરાનનું રોકેટ છે જે સેટેલાઈટને ભ્રમણકક્ષામાં રાખવાનું કામ કરે છે. ટ્રમ્પે એવું પણ કહ્યું કે, આમાં અમેરિકાનો કોઈ હાથ નથી કારણ કે ઈરાને જ એક દિવસ પહેલા પોતાની સાઈટ પર રોકેટ તૂટી પડ્યાની કબૂલાત કરી હતી અને તે માટે ટેકનિકલ ખામી હોવાનું દર્શાવાયું હતું. ટ્રમ્પે ટોણો મારતા જણાવ્યું કે, વન સાઈટ પર જે થયું તે નક્કી કરવા માટે હું ઈરાનને શુભેચ્છા પાઠવું છું અને ગુડલક કહું છું. ટ્રમ્પે શેરકરેલા ફોટામાં કેમેરાની ફ્લેશ આવી રહી હતી અને એક વ્યક્તિનોપડછાયો પણ પડી રહ્યો હતો જેનાથી એવી શંકાઓ દર્શાવાઈ હતી કે, આ ફોટા ટ્રમ્પે પોતે આથવા તેમના કોઈ સાથીએ લીધા હોય તેવું લાગી રહ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના ફોટા મૂકતાં દાવો કર્યો કે આમાં અમેરિકાનો કોઈ હાથ નથી અને ઈરાને પોતે જ કબૂલાત કરી છે કે, તેની ટેકનિકલ ખામીને કારણે લોન્ચ નિષ્ફળ ગયું છે

યમનના એડનમાં દાઈશના આત્મઘાતી હુમલાખોરે દક્ષિણના અલગતાવાદી લડવૈયાઓને મોતને ઘાટ ઉતાર્યો

(એજન્સી) અદન,તા.૩૧

યમનમાં આવેલા અદન શહેરના બાહ્ય વિસ્તારમાં શુક્રવારે મોટરસાઈકલ પર સવાર એક આત્મઘાતી હુમલાખોરે દક્ષિણના ૬ અલગતાવાદી લડવૈયાઓને મોતને ઘાટ ઉતાર્યા હોવાના સમાચાર સામે આવ્યા છે. આ સ્થળે હિંસામાં થયેલા વધારાને કારણે લગભગ પાંચ વર્ષથી ચાલી રહેલા યુદ્ધની સ્થિતિ વધુ જટિલ બની ગઈ છે. ઉપરાંત અહીં શાંતિ સ્થાપવાના

પ્રયત્નોમાં પણ ઘટાડો જોવા મળ્યો છે.

વિદ્રોહી સમૂહની એક સમાચાર એજન્સીએ જણાવ્યું કે, અદન શહેર પર કબજો મેળવવા માટે યમની સરકારના દળો તરફથી લડનારા અલગતાવાદી સમૂહની ચોકી પર સિક્યુરિટી બેલ્ટ ગ્રુપ દ્વારા કરવામાં આવેલા હુમલા અંગેની જવાબદારી દાઈશ આતંકી સમૂહ દ્વારા લેવામાં આવી છે.

અલગતાવાદીઓ અને સરકાર આ બંને અરબ ગઠબંધનનો એક ભાગ છે, કે જેઓ ઈરાન દ્વારા સમર્થિત હૌથીઓની વિરૂદ્ધ લડત આપી રહ્યાં છે. નોંધનીય છે કે, હૌથીઓએ વર્ષ ૨૦૧૪માં યમનનાં મોટાભાગના શહેરો પર કબજો મેળવી લીધો હતો.

સંયુક્ત રાષ્ટ્રોએ લેબેનોન અભિયાનના ઠરાવને લંબાવ્યો

(એજન્સી) તા.૩૧

સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિએ લેબેનોનમાં સંયુક્ત રાષ્ટ્રના મધ્યસ્થ દળોને તૈનાત કરવાના ઠરાવને વધુ એક વર્ષ માટે લંબાવ્યો હતો. સલામતી સમિતિના ૧૫ સભ્યોએ આ ઠરાવને મંજૂરી આપતા તેને ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ સુધી લંબાવ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રોએ તેમના નિવેદનમાં કહ્યું હતું કે ઈઝરાયેલ અને લેબેનોન

યુદ્ધવિરામ કાયમી યુદ્ધવિરામને સમર્થન આપે અને તેનો લાંબાગાળાનો ઉકેલ લાવે. લેબેનોનમાં તૈનાત યુ.એન.ના દળો(યુએનઆઈએફઆઈએલ)ની હકારાત્મક ભૂમિકા પર ભાર મૂકતા સલામતી સમિતિએ બેરૂત સરકારને હાકલ કરી હતી કે તે તેમના દેશમાં યુએનના શાંતિ અભિયાનની સુરક્ષા માટે જરૂરી સુવિધાઓ પૂરી પાડે. આ ઉપરાંત સમિતિએ હવામાં અને જમીન પર થઈ રહેલા યુદ્ધવિરામ ભંગની ટીકા કરી બધા પક્ષોને સંયમ જાળવવા કહ્યું હતું.

યહુદી તહેવાર માટે ઈઝરાયેલે ઈબ્રાહિમી મસ્જિદ બંધ કરી : પેલેસ્ટીન

(એજન્સી) હેબ્રોન,તા.૩૧

ઈઝરાયેલી સત્તાધીશોએ કબજે કરાયેલા વેસ્ટબેન્કના હેબ્રોન (અલ-ખલીલ)માં આવેલ ઈબ્રાહિમી મસ્જિદને યહુદીઓના તહેવાર નિમિત્તે મુસ્લિમ નમાઝીઓ માટે બંધ કરી દીધી હોવાનું ગુરૂવારે સ્થાનિક પેલેસ્ટીની અધિકારીએ જણાવ્યું હતું. હેબ્રોનના ધર્માદા અને પબ્લિક રિલેશનના ડિરેક્ટર રાઈદ માસાવાદેહે જણાવ્યું કે, ઈઝરાયેલી સત્તાધીશો દ્વારા અમને એવું

કહેવામાં આવ્યું કે, ઈબ્રાહિમી મસ્જિદ ગુરૂવાર સવારથી શુક્રવાર સવાર સુધી મુસ્લિમ નમાઝીઓ માટે બંધ રહેશે. તેમણે ઉમેર્યું કે, આ પવિત્ર સ્થળને મુસ્લિમો માટે ભલે બંધ કરી દેવામાં આવ્યું હોય પરંતુ યહુદી વસાહતીઓ માટે તેને ખુલ્લી રાખવામાં આવશે. ઉપરાંત તેઓ અહીં પોલીસની સુરક્ષા વ્યવસ્થા તેમની ધાર્મિક વિધિઓ પણ કરી શકશે. આ યહુદી વસાહતીઓએ તો મસ્જિદની બહારના પ્રાંગણમાં તેમના તંબુઓ પણ ઊભા કરી દીધા છે. ઉગ્રવાદી યહુદી વસાહતીઓ દ્વારા વર્ષ ૧૯૯૪માં રમઝાન માસ દરમ્યાન ફઝરની નમાઝના સમયે મસ્જિદની અંદર ૨૯ પેલેસ્ટીની નમાઝીઓનો નરસંહાર કરાયા બાદ ઈઝરાયેલી સત્તાધીશોએ આ મસ્જિદના પરિસરને મુસ્લિમ અને યહુદીઓ વચ્ચે વિભાજીત કરી દીધું.

કુવૈતી જેલમાં ભૂખ હડતાળ પર ઉતરેલા બિદૂન કાર્યકર્તાઓએ મુક્તિની માંગ કરી

(એજન્સી) કુવૈત, તા.૩૧

કુવૈતના રાજયવિહોણા સમુદાયોએ તેમની અટકાયતની વિરૂદ્ધ કુવૈતી જેલમાં ભૂખ હડતાળ શરૂ કરી દીધી છે. ગલ્ફ સેન્ટર ફોર હ્યુમન રાઈટ્સ (GCHR) અને હ્યુમન રાઈટ્સ વોચ (HRW) દ્વારા શુક્રવારે આપવામાં આવેલા નિવેદન અનુસાર ગત જુલાઈ મહિનાથી કુવૈતની જેલમાં ૧૫ 'બિદૂન' (રાજય વિહોણા) કાર્યકર્તાઓને કેદ રાખવામાં આવ્યા છે. આ કાર્યકર્તાઓએ તેમની

બિનશરતી મુક્તિની માગણી કરતાં ગત ૨૨ ઓગસ્ટથી ભૂખ હડતાળની શરૂઆત કરી છે. અધિકાર સમૂહોએ જણાવ્યા અનુસાર ભૂખ હડતાળ પર ઉતરેલા ૧૫ કાર્યકર્તાઓના નામ મુજબ છે. અબ્દુલ હકીમ અલ-ફાઘલી, અહેમદ અલ-ઓનાન, અવાદ અલ-ઓનાન, અબ્દુલ્લાહ અલ-ફાઘલી, મુતૈબ અલ-ઓનાન, મોહમ્મદ ખુદૈર અલ-અંઝી, યુસુફ અલ-ઓસ્મી, નવાફ અલ-બદ્ર, હામિદ જામિલ, યુસુફ અલ-બાશિગ, જરાલ્લાહ અલ-ફાઘલી, અહેમદ શયા અલ-અંઝી, હામૌદ અલ-રબાહ, ખલિફા અલ-અંઝી અને રેદા અલ-ફાઘલી. નોંધનીય છે કે, આ તમામ કાર્યકર્તાઓ સેલફોનનો દુરૂપયોગ અને અનધિકૃત સભાઓમાં સામે થવા માટે લોકોને આહ્વાન કરવાના આરોપોનો સામનો કરી રહ્યા છે.

સીરિયન રણની શિબિરમાંથી હિજરત કરવામાં સંયુક્ત રાષ્ટ્ર 'મદદ' કરશે

(એજન્સી) બેઈરૂત, તા.૩૧

સંયુક્ત રાષ્ટ્રએ શુક્રવારે કહ્યું કે તે નાગરિકોને જોર્ડનની સરહદની નજીક આવેલા 'એબિસમાલ' (ખૂબ જ ખરાબ સ્થિતિ ધરાવતા) સીરિયન રણ પ્રદેશની શિબિરમાંથી હિઝરત કરવામાં મદદ કરશે. સંયુક્ત રાષ્ટ્રના સીરિયન માનવીય પ્રમુખ પૈનોસ મોમટ્ઝિસે જણાવ્યું કે, અમે રૂકબાન શિબિરમાંથી નાગરિકોને હિઝરત કરવામાં મદદ કરવા માટે તૈયાર છીએ. જો કે, અમે

એ સુનિશ્ચિત કરવા ઈચ્છીએ છીએ કે નાગરિકો દ્વારા અહીંથી સ્વૈચ્છિક રીતે હિઝરત કરવામાં આવે. સંયુક્ત રાષ્ટ્રના અધિકારી મુજબ લગભગ ૧૨,૭૦૦ લોકો હાલ રૂકબાન શિબિરમાં આશ્રય લઈ રહ્યા છે. આ શિબિર દાઈશ આતંકી સમૂહ સામે લડત આપી રહેલ અમેરિકી સમર્પિત ગઠબંધનના દળોની છાવણીની નજીક આવેલી છે. ગત ફેબ્રુઆરી મહિનામાં સીરિયન સરકાર અને તેના મુખ્ય સમર્થક રશિયાએ જણાવ્યું હતું કે, તેમણે આ શિબિરની નજીક આવેલા કોરિડોરને ખુલ્લો મૂકયો છે કે, જેથી અહીં આશ્રય લઈ રહેલા નાગરિકો (સ્વેચ્છાએ) હિઝરત કરી શકે.

ડ્રોન હુમલા બાદ હિઝબુલ્લાહની ચોંકાવનારા વળતા પ્રહારની ઈઝરાયેલને ચેતવણી

(એજન્સી) બગદાદ,તા.૩૧

ઈઝરાયેલ દ્વારા લેબેનોનમાં હિઝબુલ્લાહ ઉગ્રવાદીઓના ઠેકાણાઓ પર કરાયેલા ડ્રોન હુમલા બાદ હિઝબુલ્લાહે ચેતવણી આપી છે કે તે ઈઝરાયેલ પર આશ્ચર્યજનક હુમલો કરશે પરંતુ યુદ્ધ ઈચ્છતા નથી.

રશિયન ટીવી પર બુધવારે હિઝબુલ્લાહના સચિવ જનરલ શેખ નઈમ કાસીમે કહ્યું કે હાલના ઈઝરાયેલના ડ્રોન હુમલાને ચીલાચાલુ માની નહીં લેવાય. તેમણે વળતા પ્રતિકારની વિગતો આપી ન

હતી. લેબેનોનની સરકારે આ મુદ્દે સ્થિતિ સ્પષ્ટ કરવી પડશે. અને યુવાનોના સલામતી સમિતિની પ્રતિક્રિયાની રાહ જોવી ન જોઈએ. બે જેટલા ઈઝરાયેલના ડ્રોન વિમાનોએ લેબેનોન સ્થિત બેરૂતમાં હિઝબુલ્લાહ ઠેકાણાઓ પર કરેલા ડ્રોન હુમલામાં હિઝબુલ્લાહની મીડિયા ઓફિસને ભારે નુકસાન થયું હતું. ડ્રોન વિમાનો વિસ્ફોટકો સાથે ભ્રમણ કરતા હતા. આ એક આત્મઘાતી મિશન હતું તેમ હિઝબુલ્લાહના નેતા સૈયદ હસને જણાવ્યું હતું. ૨૦૦૬ પછી ઈઝરાયેલનો આ પહેલો હુમલો હતો. હવે પછી કોઈપણ ડ્રોનને તોડી પડાશે. જેને યુધ્ધ તરીકે જાહેર કરાશે. લેબેનોનના વડાપ્રધાન સાદ હરીરીએ કહ્યું કે ઈઝરાયેલે ડ્રોન હુમલા કરી નિયમોનો ભંગ કર્યો છે. ઈઝરાયેલે ૨૦૦૦ અને ૨૦૦૬માં હિઝબુલ્લાહ સામે બે યુદ્ધ કર્યા હતા. જેમાં હિઝબુલ્લાહને ભારે ક્ષતિ થઈ હતી. ઈઝરાયેલના અધિકારીઓએ વધુ એક યુદ્ધની ધમકી આપી છે.

ખાડીના જહાજી ખતરાઓને પહોંચી વળવા યુ.કે.એ વ્યાપક સમર્થનનું આહ્વાન કર્યું

(એજન્સી) લંડન,તા.૩૧

બ્રિટિશ વિદેશ મંત્રી ડોમિનિક રાબ જયારે ઈરાન અંગે ચર્ચા કરવા માટે શુક્રવારે તેમના ફ્રેન્ચ અને જર્મન સમકક્ષને મળશે ત્યારે તેઓ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં જહાજની સુરક્ષા માટે વધુ આંતરરાષ્ટ્રીય સમર્થન મેળવવા અંગે આહ્વાન કરશે.

ગત મહિને, સીરિયામાં તેલ લઈ જતાં ઈરાની ટેન્કર પર યુરોપિયન પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવાનો આરોપ

મૂકીને તેને જિબ્રાલટરમાં બ્રિટન દ્વારા કબજે કરી લેવામાં આવ્યું હતું. ત્યાર બાદ ઈરાને પણ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં બ્રિટનના ધ્વજાંકિત ટેન્કરને જપ્ત કરી લીધું હોવાના સમાચાર સામે આવ્યા હતા.

"હોર્મુઝની ખાડીમાં જહાજી ખતરાઓને દૂર કરવા માટે આંતરરાષ્ટ્રીય સમર્થનનું આહ્વાન કરવું ખૂબ જ જરૂરી છે. " તેમ રાબે પોતાના નિવેદનમાં જણાવ્યું હતુ.

જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલે હેલસિંકીમાં જણાવ્યું હતુ કે બેઠક દરમ્યાન એક અલગ યુરોપિયન સમુદ્રી સુરક્ષા ઓપરેશન અંગે ચર્ચા કરવામાં આવશે. જેથી આવા જોખમોને પોહોંચી વળાય.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

NRCના લિસ્ટમાંથી બાકાત રાખવામાં આવેલ આસામની જમિલા બેગમની વાર્તા : હજારો ગરીબ અને નિરક્ષર સ્ત્રીઓની વ્યથા

આ લેખ આસામના કામરૂપ અને બારપેટામાં જુલાઈ ૧-૯ દરમિયાન મારા ક્ષેત્રમાં કાર્ય દરમિયાન એકત્રિત કરવામાં આવેલી માહિતી પર આધારિત છે. આ કથામાંની બધી ઘટનાઓ વાસ્તવિકતા પર આધારિત છે.

આસામના ચાર-ચપોરી ક્ષેત્રમાં કાર્યરત સામાજિક કાર્યકરોએ એવું અવલોકન કર્યું છે કે એનઆરસી સૂચિમાંથી બહાર નીકળી ગયેલા લોકોમાંથી અનેક સ્ત્રીઓ પણ છે (જો કે ચોક્કસ સંખ્યા હજી સુધી જાણી શકાઈ નથી). રાજ્ય-નિર્મિત અરાજકતાએ તેમની મુશ્કેલીઓ વધારે છે. જ્યારે સૂચિમાંથી બાકાત રાખવામાં આવે છે અને તેઓ જે સામાજિક સંરક્ષણનો આનંદ માણી રહ્યા છે તે પહેલેથી જ કમજોર છે, તેમ છતાં, પોતાને બાકાત રાખવામાં આવ્યા છે તેની વિરુદ્ધ લડવાની પ્રક્રિયા આ સ્ત્રીઓ માટે ખાસ કરીને પડકારજનક છે.

તેમનું ઓછું શિક્ષણ અને નબળી સાક્ષરતા, તેમના લગ્નને લીધે તેમનું પ્રારંભિક સ્થળાંતર અને નાજુક ઈકોલોજીમાં ગુજારી રહેલ જીવન - જે આ દસ્તાવેજોને સંપૂર્ણ કરવામાં તેમના માટે બાધા બની જાય છે - સિસ્ટમ આ મહિલાઓની વાસ્તવિકતાઓને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ ગઈ છે અને આવી સ્ત્રીઓ માટે દાવાની પ્રક્રિયા આગળ વધારવી ખાસ કરીને મુશ્કેલ જણાય છે.

વર્તમાન સમયમાં આ પ્રદેશમાં એક કહેવત પ્રચલિત છે "જ્યારે

તેઓ તમને અટકાયત કેન્દ્રમાં લઈ જાય છે, ત્યારે તમે વિદેશી છો - પરંતુ જ્યારે તમે મરી જાઓ છો, ત્યારે તમારું શબ ભારતીય તરીકે તમારા ઘરે આવે છે."

હું અહીં એક વાર્તા રજૂ કરી રહ્યો છું જે સત્યઘટના છે અને વાસ્તવિકતા પર આધારિત છે.

આસામના બારપેટાની ૪૪ વર્ષીય મુસ્લિમ મહિલા જમિલા બેગમ.

હું એ જાણું છું કે આ વિસ્તાર માટે આ શ્રેષ્ઠ સમય નથી - ચોમાસું ચાલુ છે; નદી પોતાના સંપૂર્ણ પાણી સાથે વહી રહી છે અને તમારા ગામમાં છલકાઈ ગઈ છે - પણ અમારી પાસે પણ બહુ સમય બાકી નથી. નાગરિકતા માટેની અંતિમ રાષ્ટ્રીય નોંધણી આજે, શનિવારે બહાર આવે છે. અમે તેઓને ટીનના પતરાઓની ટીવાલોવાળા મકાનમાં મળ્યાં, જે પૂરને રોકવા માટે બનાવવામાં આવી છે. તમારા ચાર બાળકો ત્યાં હતા - એક છોકરો અને ત્રણ છોકરીઓ. તમારી બે પુત્રીના લગ્ન થઈ ગયા છે, ત્રીજીની સગાઈ થઈ છે અને પુત્ર હજી સ્કૂલમાં ભણે છે, જે હાલમાં પૂરના કારણે બંધ છે.

જે દિવસે અમે મળ્યા, તમે મને કહ્યું હતું કે તમે હાલમાં તમારા નાના ખેતરમાં કામ કરી શકતા નથી, ત્યારથી કે જ્યારે તમારું નામ એનઆરસી સૂચિમાં દેખાતું નથી તે તમારે શોધવાનું બાકી છે. ગામના વડા કે સરપંચ અથવા ગૌબુરા એવું કહે છે કે હવે તમારું પંચાયત પ્રમાણપત્ર તમે તમારા પિતાની પુત્રી હોવાના પુરાવા તરીકે અધિકારીઓએ સ્વીકાર્યું ન હતું, જમિલા બેગમ એ અબ્દુલ્લા ઈસ્લામની પુત્રી છે, જેનું નામ ૧૯૫૧ની એનઆરસી યાદીમાં હતું. જમીલા બેગમને નોટિસમાં

(ચિત્રણ: કૃષ્ણ બાલકૃષ્ણન)

કહેવામાં આવ્યું છે કે, "વારસાવાળી વ્યક્તિ એ તમારા માતાપિતા અથવા દાદા-દાદી છે એવું સાબિત થતું નથી."

મતદાર આઈડી અથવા સિનિયર સ્કૂલ સર્ટિફિકેટ જેવા દસ્તાવેજો તમને અબ્દુલ્લા ઈસ્લામની પુત્રી સાબિત કરી શકે પણ તમે પહેલાં ક્યારેય સ્કૂલમાં ગયા નથી અને તમારા લગ્ન થઈ ગયા હતા, હવે તમારા માતાપિતા સાથે તમને "લિંક કરે એવા પંચાયતના દસ્તાવેજ એ જ તમારો છેલ્લો ઉપાય હતો. જો કે એવા નિયમો હોવા છતાં કે જે પંચાયત દસ્તાવેજની માન્યતાને પ્રમાણિત કરે છે, તેમ છતાં તમારું નામ આ સૂચિમાંથી બાકાત રાખવામાં આવ્યું છે. તમારા પુત્રને પણ આ સૂચિમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. તેના નામની જોડણી જુદી હતી અને અધિકારીની બેદરકારીથી તમારા કુટુંબનો વંશવેલો બનાવનાર અધિકારી દ્વારા આવું કરવામાં આવ્યું હતું.

કરન્ટ ટોપિક

- વર્ણા બાલાકૃષ્ણન

તમે મને કહો છો કે તમને આ ભૂલ વિશે અગાઉથી જાણ ન હતી, કારણ કે તમે વાંચી કે લખી શકતા નથી, અને ન તો તમારા પરિવારના બાકીના લોકો આવું કરી શકે છે. તમારો ડર હવે વધી ગયો છે કે કોઈપણ રીતે તમારું નામ બાકાત રહેવાથી તમારા બધા બાળકોની નાગરિકતા પણ જોખમમાં મૂકાઈ ગઈ છે.

હું તમને તમારા પતિ વિશે પૂછું છું તો તમે મને કહો છો કે તમારા ગામમાં આવકના સ્ત્રોત ન હોવાથી તે બાંધકામ કામદાર બનવા માટે ગુવાહાટી સ્થળાંતર થયેલ છે. પોલીસે તેને અને તેના અન્ય બંગાળી-મુસ્લિમ મિત્રોને સ્થળાંતર કરનારા લોકો સમજીને બે વખત પૂછપરછ માટે પકડ્યા છે. તેમાંથી એકને "શંકાસ્પદ મતદાર" માનવામાં આવતો હતો, જે દર્શાવે છે કે તેની નાગરિકતા સામે પણ પ્રશ્ન ઊભા કરવામાં આવ્યા છે અને તમારા ગામમાં કોઈને ખબર નથી કે આવું શા માટે કરવામાં આવી રહ્યું છે.

તમે તમારી પરિણીત પુત્રીઓ પાસેથી એવું સાંભળ્યું છે કે તેમની નાગરિકતા પણ જોખમમાં મુકાઈ ગઈ છે, તેમના સાસરિયાઓ સાથેના તેમના સંબંધો ખરાબ થઈ રહ્યા છે. તમે તેમના લગ્ન માટે ભાગ્યે જ દહેજ એકત્રિત કરી શકયા હતા. તમારી ત્રીજી પુત્રીની સગાઈ પણ તૂટવાની આરે છે. શિક્ષણ કે નસીબ વિના, તેને સામાજિક સુરક્ષાની ખાતરી માટે લગ્નની ખાસ જરૂર છે. પરંતુ તમે કહો છો કે "કોણ એક વિદેશી પુત્રવધૂને અપનાવશે ?" કારણ કે હવે સરકારે અમને વિદેશી તરીકે જાહેર કર્યા છે.

તમારા ગામના સરપંચ અથવા ગૌબૂરાની સહાયથી, તમે તમને બાકાત રાખવામાં આવેલ છે તેની વિરુદ્ધ ક્લેઇમ ફોર્મ ફાઇલ કર્યો છે. તેમાં એવી ઘણી માહિતી છે જે તમે ઈચ્છો તો પણ જાણી શકતા નથી. તમે પોતે કેવી રીતે એ ખાતરી કરી શકો કે તમારા બાધા દસ્તાવેજો દોષરહિત છે ? જ્યારે કે તમે વાંચી કે લખી શકતા નથી ત્યારે તમે તેમાં રહેલી ભૂલોને કેવી રીતે ઓળખી શકો ? તમારા ગામમાં એવી અફવાઓ છે કે સુનાવણી કેન્દ્રમાં બાયોમેટ્રિક્સ સબમિટ કરવાનું કહેવામાં આવે છે અને તેઓ તમને સૂચિત કરે છે કે તમને અટકાયત શિબિરમાં મોકલવામાં આવશે. શું તે સાચું છે ? અધિકારી તમને શું પૂછશે ? તમારા માટે કોણ જુબાની આપશે ?

તમે મને તમારી સુનાવણીની તારીખ વિશે અને કેન્દ્રની માહિતી દર્શાવતી નોટિસ બતાવો છો. તેમાં ઘણાં એવા સંક્ષેપો છે જેના તમારા ગૌબુરા પાસે પણ જવાબો નથી. કેન્દ્ર તમારા ઘરથી ઘણું દૂર છે અને તમારા નવ સંબંધીઓને તમારી જુબાની માટે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. તમે મને કહો છો કે સુનાવણીના દિવસે કેન્દ્ર પર હાજર રહેવું મુશ્કેલ છે. તમારા બાળકો અને તમારે પોતાએ લાંબા સમય સુધી તમારા ખેતરો અને નોકરીઓથી દૂર રહેવું પડે છે, તમારા બાળકોને તેમની શાળાઓમાંથી રજા લેવી પડશે. અહીની લોકલ બસો કેન્દ્ર છે ત્યાં જતી નહોતી તેથી તમારે તમારા પરિવાર માટે એક મિની બસ ભાડે લેવી પડી. સદ્ભાગ્યે, એક પાડોશીએ તમને તેના માટે પૈસા ઉધાર આપ્યા હતા.

સુનાવણીના દિવસે ખૂબ જ ગરમી હતી, પરંતુ અહીં આવેલા લોકોને આરામથી બેસવા માટે કેન્દ્રમાં કોઈ વ્યવસ્થા ન હતી. તમારા ભત્રીજીને તેના બાળકને સ્તનપાન કરાવવા અને આરામ કરવા માટે એક છાયા સાથેનું સ્થળ શોધવા કલાકો સુધી આજુબાજુ ફરવું પડ્યું હતું. સુનાવણી કેન્દ્રોની આજુબાજુ શિશુઓના મૃત્યુના સમાચારથી તેણી ભયભીત થઈ ગઈ હતી.

સુનાવણી એક વિશાળ રૂમમાં કરવામાં આવી રહી હતી જેમાં અનેક ટેબલ હતા અને એક અધિકારી દરેક ટેબલની પાછળ બેઠો હતો. અહીં ખૂબ જ વધુ માણસો હતા અને દરેક જગ્યાએ ભયભીત લોકો દેખાઈ રહ્યા હતા, આ બધા ચોક્કસ ક્રમમાં એક ડેસ્કથી બીજા ડેસ્ક પર જતા હતા. કેટલાક લોકો તમારી જેમ ખૂબ જ ભયભીત દેખાતા હતા, કેટલાક લોકો તેમના દસ્તાવેજો પોતાની પ્લાસ્ટિકની થેલીમાંથી શોધી રહ્યા હતા. એક એવી મહિલા કે જેણે પોતાનું મોટાભાગનું જીવન ફક્ત તેના પરિવાર અને પાડોશીઓ સાથે જ વિતાવ્યું હતું અને બહારના માણસો સાથે ક્યારેય વાર્તાલાપ કર્યો ન હતો એવી મહિલાઓને આજે આ બધા વિચિત્ર અને સંવેદનહીન પુરૂષોને જવાબ આપવો મુશ્કેલ હતો. આખરે જ્યારે તમારો વારો આવ્યો, ત્યારે તમને જાણ થઈ કે અહીં બેઠેલા અધિકારી ફક્ત આસામી જ બોલે છે અને તેઓ તમારા પરિવારમાં બોલાતી બંગાળી બોલી સમજી શકતા નથી.

જ્યારે હું તમને પૂછું છું કે સુનાવણી કેવી રીતે ચાલતી હતી, ત્યારે તમે મને કહો કે તમને કંઈ જ ખબર નથી. તેઓએ તમારા પરિવારના લોકો તરફથી આપેલી જુબાનીઓની નોંધ કરી હતી, પરંતુ તમે તેના પર સહી કરો છો પણ તમે જેના પર સહી કરી રહ્યા છો તે વાંચવા માટે તમે સાક્ષર ન હતા. તમે અધિકારીને તમારા દસ્તાવેજો બતાવ્યા અને જે તમને તે પૂછે છે તેના જવાબો આપ્યા હતા. તમને લાગે છે કે તે તમારા માટે જુદા જુદા શબ્દોનો ઉપયોગ કરે છે.

હું તમને પૂછું છું કે, "શું તમને પરિણામો વિષે વિશ્વાસ છે ?"

તમે કહો છો. "ના" એક અધિકારીએ તમારી સાથે મજાક કરી હતી કે તમે બાંગ્લાદેશી છો. તે અટહાસ્ય કરતો હતો, તેનો કહેવાનો અર્થ શું છે તે તમે ખરેખર સમજી શક્યા નહીં. તમે હજી પણ ચિંતિત છો કે તમારી પાસે બધા યોગ્ય દસ્તાવેજો છે કે નહીં. જો કે સુનાવણીના સત્તાવાર પરિણામો હજી બહાર આવ્યા નથી.

હવે તમે રાહ જુઓ છો.

હું તમને પૂછું છું "તમને ડર લાગે છે ?"

તમે કહો છો, "હા,"

હું તમને પૂછું છું "કેમ ?"

તમે કહો છો, "તેઓ અમને અટકાયત કેન્દ્રો પર લઈ જશે."

તમે મને તમારા એવા પાડોશી મહિલા વિશે વાત કહો છો જેને "વિદેશી" ઘોષિત કરવામાં આવી હતી. જો કે તેણે તેના માતાપિતા સાથે

પોતાનું સમગ્ર જીવન આ ક્ષેત્રમાં પસાર કર્યું હતું, તે હવે છુપાઈને રહે છે, આજીવિકા માટે કામ કરી શકતી નથી અથવા પરિવારની સંભાળ રાખી શકતી નથી. જ્યારે તેઓ મહિલાઓને અટકાયત કેન્દ્રોમાં લઈ જાય છે ત્યારે તેમનું શું થાય છે ? જ્યારે પરિવાર માટે કમાનાર એકમાત્ર વ્યક્તિને છીનવી લેવામાં આવે છે ત્યારે તેવા પરિવારોને શું થાય છે ? જે પરિવારોને અનેક વર્ષો અને પૈસા ખર્ચવા પડે છે તેમને શું હશે જેઓને અદાલતમાં છૂટકારો આપવાનો પડકાર કેવી રીતે આપવો એ પણ જાણ નથી ?

આ મહિલાના પિતાને ત્રણ વર્ષ પહેલા સરહદ પોલીસ દ્વારા બજારમાંથી અટકાયત કેન્દ્રમાં લઈ ગયા બાદ, એ માણસને કોઈએ જોયો ન હતો અને અંતે તેનું શબ અંતિમ સંસ્કાર માટે ઘરે મોકલી દેવામાં આવે છે, અટકાયત કેન્દ્રમાં આ વૃદ્ધનું મોત નીપજ્યું. હવે આ પ્રદેશમાં એક કહેવત પ્રચલિત થઈ રહી છે - "જ્યારે તેઓ તમને અટકાયત કેન્દ્રમાં લઈ જાય છે, ત્યારે તમે વિદેશી છો - પરંતુ જ્યારે તમે મરી જાઓ છો, ત્યારે તમારું શબ ભારતીય તરીકે તમારા ઘરે આવે છે."

(સૌ. : સ્ક્રોલ.ઈન)

આ માહિતી જાણવી ખૂબ જરુરી છે

કેન્દ્ર સરકારની યોજના તથા ભરતીમાં બિનઅનામત વર્ગનો લાભ લેવા કયા અધિકારીનું પ્રમાણપત્ર માન્ય

આ જ કોલમમાં બિનઅનામત વર્ગના દાખલાઓ મેળવવાની કાર્યવાહી તેમજ બિનઅનામત જ્ઞાતિના લોકોને ૧૦ ટકા આર્થિક રીતે નબળા વર્ગોના પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારોને/વિદ્યાર્થીઓને આર્થિક રીતે નબળા વર્ગો દાખલા માટેની કાર્યવાહીની પુરતી માહિતી પ્રસિદ્ધ કરવા આવેલ હતી. હજુ પણ ઘણા અરજદારોને બિનઅનામત વર્ગનો દાખલો કે આર્થિક રીતે નબળા વર્ગો દાખલો મેળવવા માટે પુરતી માહિતી ન હોવાથી ફોન/ ઈમેઈલ/પત્રો દ્વારા આ બાબતે ફરીથી વિગતે પ્રક્રિયા જણાવવા કહે છે. વિદ્યાર્થીઓ અને અરજદારો હજુ પણ મૂંઝવણ અને મુશ્કેલી અનુભવતા હોવાથી બિનઅનામત વર્ગનો દાખલો જરુરી કે આર્થિક રીતે નબળા વર્ગ (ઈઉજી)નો દાખલો આ બન્ને દાખલાઓ કઈ રીતે ? અને ક્યાંથી ? તેમજ ક્યા પુરાવા જોઈશે ? તેના વિશેની માહિતી અત્રે રજૂ કરું છું. જે માહિતી સમજી લેવાથી જરુરી પુરાવા સાથે તમારે જે તે સક્ષમ અધિકારીશ્રીની કચેરીએ જતા કચેરીના ધક્કામાંથી બચી શકશો.

બિનઅનામત વર્ગ કોને મળવાપાત્ર છે ? : બિનઅનામત વર્ગો એટલે કે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર હેઠળના અન્ય પછાત વર્ગો/ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો સિવાયના વર્ગો/ વ્યકિતઓને બિનઅનામત વર્ગોને ગણવાના રહેશે.

બિનઅનામત વર્ગ પ્રમાણપત્ર એટલે શું ? : બિનઅનામત વર્ગો માટેના પ્રમાણપત્રનો નમૂનો પરિશિષ્ટ-અ મુજબનો નક્કી કરવામાં આવેલ છે. જે પ્રમાણપત્રમાં અનુ.જાતિ/જનજાતિ અથવા કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર હેઠળના અન્ય પછતવર્ગો/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સમાવેશ થતો નથી તેવું સક્ષમ અધિકારી બિનઅનામ વર્ગો માટેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

બિનઅનામત વર્ગ પ્રમાણપત્ર શી પદ્ધતિ છે ? : કયા આધાર પુરાવા ? રાજ્ય સરકારે બિનઅનામત વર્ગ પ્રમાણપત્ર માટે મૂળ ગુજરાતના વતની હોય તેવા ઈસમોને મળવાપાત્ર છે. સક્ષમ અધિકારીશ્રીની કચેરીમાંથી અરજી ફોર્મ નમૂના પરિશિષ્ટ- બ નિયત કરેલ અરજી ફોર્મ ભરવાનું રહેશે. અરજી ફોર્મ સાથે પરિશિષ્ટ-ક મુજબ બાંહેધરી આપવાની રહેશે. અરજી ફોર્મ સાથે દર્શાવ્યા મુજબ આધાર પુરાવા જેવા કે, (૧) અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલસી) (૨) જરુર જણાય તો પિતા-દાદાનું એલસી રજૂ કરવાનું રહે છે. (૩) રહેઠાણના પુરાવા લાઈટબિલ, રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ, ઓળખકાર્ડ, આધારકાર્ડ, ટેલિફોન બિલ, મકાનવેરાની પાવતી કોઈ પણ એક રજૂ કરવાની રહે છે. (૪) પાસપોર્ટ સાઈઝના ફોટો.

બિનઅનામત વર્ગ પ્રમાણપત્ર કયા અધિકારીશ્રીઓ છે ?

બિનઅનામત વર્ગોના પ્રમાણપત્રો આપવા માટેના સક્ષમ સત્તાધિકારીઓ નિર્ધારિત કર્યા અનુસારના કલેકટર-મદદનીશ કલેકટર-નાયબ કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી- નાયબ જિલ્લા વિકાસ અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ. અધિકારી (વિ.જા)નો સમાવેશ થાય છે.

બિનઅનામત વર્ગના પ્રમાણપત્ર મેળવવા શું પદ્ધતિ છે ?: સામાન્ય રીતે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા વિકાસ અધિકારીઓ, તાલુકાના વડા મથક માટે મામલતદાર તેમજ જિલ્લાના વડા મથક માટે નાયબ નિયામક (વિ.જા) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)એ આવા પ્રમાણપત્રો આપવાના રહેશે પરંતુ જિલ્લામાં કોઈપણ કારણોસર મામલતદાર કે તાલુકા વિકાસ અધિકારી પાસેથી આવા પ્રમાણપત્રો ન મળ્યા હોય તો સમગ્ર જિલ્લા માટે સંબંધિત નાયબ નિયામક (વિ.જા)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)એ આવા પ્રમાણપત્રો આપવા માટે સરકારશ્રીની સૂચનાઓ છે.

મૂંઝવણ - ઉકેલ

- મહંમદહફીઝ યુ.મલેક

બિનઅનામત વર્ગનો જાતિ કોમ્પ્યુટરમાં સમાવેશ થયેલ ન હોય તો શું ? : બિનઅનામત વર્ગના પ્રમાણપત્ર સક્ષમ અધિકારીશ્રી ઓનલાઈન દાખલા આપવામાં આવતા હોય છે. જો કોમ્પ્યુટરમાં જાતિઓ ન હોય તો સક્ષમ અધિકારીશ્રીએ અનામત વર્ગ સિવાયની બિનઅનામત વર્ગની જાતિ સ્પષ્ટ થતી હોય તો ઓફ લાઈન પ્રમાણપત્ર આપવાના આદેશો હોવાથી સક્ષમ અધિકારીશ્રી પાસેથી ઓફ લાઈન પ્રમાણપત્ર મેળવવાનું રહે છે.

બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર અને આર્થિક રીતે નબળા વર્ગોના (EWS) પ્રમાણપત્ર શું ફેર છે ?

બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર મળતાં જે બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર ફકત યોજનાઓના લાભ માટે મેળવવું જરુરી છે. જ્યારે ગુજરાત સરકાર હેઠળ કે ભારત સરકારના સેવાઓ માં/નોકરીઓ માં/ શૈક્ષણિક સેવાઓમાં લાભ મેળવવા ૧૦ ટકા અનામતના લાભ મેળવવાનું હોય ત્યારે સક્ષમ અધિકારીશ્રી પાસેથી આર્થિક રીતે નબળા વર્ગોના (Economically Weaker Sections) પ્રમાણપત્ર મેળવવું ફરજીયાત બનાવેલ છે. આમ બન્ને રીતે અલગ ધ્યાને લેવાનું હોય છે. બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર એક મેળવ્યા બાદ બીજી વાર તે પ્રમાણપત્ર મેળવવાનું રહેતું નથી. જ્યારે આર્થિક રીતે નબળા વર્ગોના (Economically Weaker Sections) પ્રમાણપત્ર દર ત્રણ વર્ષે આવકનો નવો દાખલો કઢાવ્યા બાદ બીજો નવો પ્રમાણપત્ર કઢાવવાનો હોય છે.

બિનઅનામત વર્ગ પ્રમાણપત્ર અને આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ના પ્રમાણપત્ર પૈકી કયા પ્રમાણપત્ર કયાં કયાં જોડવાં અથવા બન્ને પ્રમાણપત્ર જોડવા ? તેની વિસ્તૃત માહિતી અત્રે પ્રસ્તુત છે.

આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ના પ્રમાણપત્ર મેળવવા શું પધ્ધતિ છે ?

આર્થિક રીતે નબળા વર્ગોના પ્રમાણપત્ર મેળવવા માટે નિયત કરેલ બિનઅનામત વર્ગના પ્રમાણપત્ર માટેના સક્ષમ અધિકારીશ્રીઓની કચેરીમાં જઈ અરજી ફોર્મ પરિશિષ્ટ-કમાં આધાર પુરાવા દસ્તાવેજો વગેરેની પ્રમાણિત નકલો સાથે ફોર્મ ભરવાનું રહેશે.

આર્થિક રીતે નબળા વર્ગોના પ્રમાણપત્ર માટે કયા આધાર પુરાવા ?

(૧) અરજદારના શાળા છોડાયાનું પ્રમાણપત્ર/બોનોફાઈડ સર્ટી તથા જરુરી હોય ત્યાં પિતા, દાદા, કાકા, ફોઈ પૈકી કોઈપણ એકનું શાળા છોડયાનો દાખલો. (૨) રહેઠાણના પુરાવા તરીકે લાઈટ બિલ, રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ, ઓળખકાર્ડ, આધારકાર્ડ, ટેલિફોન બિલ, મકાન વેરાની પાવતી કોઈપણ એક રજૂ કરવાની રહે છે. પાનકાર્ડ ડ્રાઈવીંગ લાયસન્સ અથવા રહેણાંક સાબિત કરતા અન્ય પુરાવા જેમાં અરજદારના હાલના સરનામાનો ઉલ્લેખ હોય (૩) અરજદાર પુખ્તવયના હોય તો તેમનું સ્વંયનું કાયદેસરની જરુરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામું (૪) અરજદાર સગીર હોય તો તેના પિતા, પિતા ન હોય તો માતાનું નિયત નમૂનામાં સોગંધનામું (૫) અરજદારના કુટુંબના તમામ સભ્યોની વાર્ષિક આવકના પુરાવા આગળના વર્ષ ઈન્કમટેક્ષ રિર્ટન કે નોકરી કરતાં હોય કચેરીના વડાનું પ્રમાણપત્ર (૬) અરજદાર સ્વયં ખેતીની જમીન ધારણ કરતા હોય તો ૭/૧૨ના ઉતારાની નકલ અને કુટુંબના અન્ય સભ્યો ખેતીની જમીન ધારણ કરતા હોય તો તે રજૂ કરવી. (૭) સક્ષમ અધિકારીશ્રીની આવકનો દાખલો અને આવક અંગેના અન્ય સ્ત્રોતોની વિગતો હોય તે રજૂ કરવી. (૮) ચાલચલગતનું પ્રમાણપત્ર

આવક મર્યાદા કેટલી ?

આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ના પ્રમાણપત્ર મેળવવા આવક મર્યાદા અરજદારના કુટુંબ તમામ સભ્યોની વાર્ષિક આવક ૮.૦૦ (આઠ લાખ)થી ઓછી હોવી જોઈએ.

રાજ્ય બહારના વિદ્યાર્થીઓ-અરજદારોએ પ્રમાણપત્ર મેળવવા શું પદ્ધતિ છે ?

ગુજરાત રાજ્ય સરકારે આર્થિક રીતે નબળા વર્ગોના (Economically Weaker Sections) પ્રમાણપત્ર અરજદાર તા૧/૪/૧૯૭૮ પહેલાના ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ કરતાં હોવાના સરકારી રેકર્ડ આધારીત પુરાવાના આપવામાં આવે છે કે એટલે અરજદારે ધોરણ ૧થી ૧૨ સુધી અભ્યાસ કરેલના આધાર પુરાવા રજૂ કરવાના થાય છે. જ્યારે અન્ય રાજ્યમાંથી સ્થળાંતરીત થયેલા કિસ્સામાં તા૧/૪/૧૯૭૮ પહેલાના ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ કરતાં હોવાના સરકારી રેકર્ડ આધારીત પુરાવા રજૂ કરવાના હોય છે. સક્ષમ અધિકારશ્રીને સંતોષ ન થાય તો ડોમીસાઈલ પ્રમાણપત્ર માંગી શકે છે અને રજૂ કરવાનું થાય છે

રાજ્ય સરકાર અને ભારત સરકારના લાભ મેળવવા પ્રમાણપત્ર અલગ હોય છે ?

આધાર પુરાવા રજૂ થયેથી ચકાસણી કર્યા બાદ આર્થિક રીતે નબળા વર્ગોના (Economically Weaker Sections) પ્રમાણપત્ર અરજદારને આપવામાં આવે છે. કેટલાંક જિલ્લાઓમાં પરિશિષ્ટ-ગ (ગુજરાતી) અથવા પરિશિષ્ટ- ખ (અંગ્રેજી) મુજબ દાખલા કાઢી આપે છે. આ પ્રમાણપત્રમાં સ્પષ્ટ લખેલ હોય છે (ફકત ગુજરાત સરકાર હેઠળના અનામત હેતુ માટે) જ્યારે અરજદારને કેન્દ્ર સરકારમાં ભરતી માટે કેન્દ્ર સરકારના નમૂના મુજબ એનેક્ષર-૧ માં (અંગ્રેજી) મેળવવાનો રહેશે. ભારત સરકાર હેઠળના અનામતનો લાભ લેવા માટે પાત્રતાના પ્રમાણપત્ર આપવા માટે મામલતદાર/તહેસીલદારની કક્ષાથી ઉતરતો ન હોય તેવા અધિકારીઓ સક્ષમ સત્તાધિકારીઓ ગણાય છે.

બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર/આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ના પ્રમાણપત્ર આપવા ઈન્કાર થાય તો શું કરવું ?

બિનઅનામત વર્ગના પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ સત્તાધિકારી ઈન્કાર કરે ત્યારે અથવા આવું પ્રમાણપત્ર ખોટું હોવાનું જણાય ત્યારે અપીલની જોગવાઈ પણ રખાઈ છે. જેમાં મામલતદાર/ તાલુકા વિકાસ અધિકારીશ્રીએ નિર્ણય કરેલ હોય તો પ્રાંત અધિકારીશ્રી/નાયબ કલેકટરશ્રી/મદદનીશ કલેકટરશ્રીએ નિર્ણય કર્યો હોય તો જિલ્લા કલેકટરશ્રીને અપીલ કરી શકાશે. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.)એ નિર્ણય કર્યો હોય તો નાયબ નિયામકશ્રી (વિ.જા)ને અને નાયબ નિયામકશ્રી (વિ.જા)એ નિર્ણય કર્યો હોય તો અધિક કલેકટરશ્રીને અપીલ કરી શકાશે. જિલ્લા કલેકટરશ્રીએ નિર્ણય કરેલ હોય ત્યારે નિયામકશ્રી (વિ.જા) સમક્ષ અપીલ કરી શકાશે અને આવા પ્રમાણપત્રો અંગે સ્થાનિક કક્ષાએ કોઈ મુશ્કેલીઓ ઊભી થાય તો તેના નિવારણ માટે કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને કમિટી બનાવાઈ છે.

(mumalek58@gmail.com)

ગુમરાહી અને મુસ્લિમ સમાજ

સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હજના આખરી ખુત્બામાં તમામ લોકોની હાજરીમાં સ્પષ્ટતા કરી હતી કે મને નથી લાગતું કે હવે પછી આપણે આટલી બહોળી સંખ્યામાં ક્યારે પણ ભેગા થઈ શકીશું. હું તમારી વચ્ચે હિદાયતની અલ્લાહ તઆલાની કિતાબ કુર્આનશરીફ છોડી જાઉં છું. જો તમે તેને મજબૂતીથી પકડી રાખશો તો કદી પણ ગુમરાહ નહીં થાવ.

જ્યારે આજે આપણે ધાર્મિક, આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને ઈલ્મની દૃષ્ટિએ આમ તમામ રીતે ગુમરાહીમાં ગરકાવ થઈ ચૂક્યા છીએ. હવે જો આપણે આ બધી સમસ્યાઓમાંથી બહાર નીકળવા ઈચ્છતા હોઈએ તો આપણે અલ્લાહના નબી સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે બતાવેલા સરળ માર્ગ ઉપર ચાલી કુર્આને પાકના હુકમોને હિદાયતના સ્વરૂપે સમજી-વિચારી તેના ઉપર મુકમ્મલ અમલ કરવાની કોશિશ કરીશું તો જ આપણે ગુમરાહીની પરિસ્થિતિમાંથી બહાર નીકળી શકીશું. અમારી સમજ મુજબ આ એક માત્ર રસ્તો છે જેના ઉપર અમલ કરીને ગુમરાહીમાંથી બહાર નીકળી શકાય.

જે લોકો ઈમાન લઈ આવ્યા છે પછી તે ધાર્મિક પુરૂષ હોય, રાજકીય આગેવાન હોય, પ્રોફેસર , શિક્ષક, ડોક્ટર, વકીલ જેવા બુદ્ધિજીવી વર્ગના હોય કે એમ સામાન્ય દરજ્જાનો મુસલમાન હોય, દરેકે જાતે પોતાનામાં બદલાવ લાવવો પડશે અને તો જ આપણામાં પરિવર્તન આવશે. પરિવર્તન તો દરેકે જાતે સમજીને પોતાનામાં લાવવું પડે .

દરેક ઈમાનવાળા માટે કુર્આન શરીફની તિલાવત કરવી ફરજ છે. તિલાવતનો અર્થ છે પૈરવી કરવી. પૈરવી કરવામાં ત્રણ બાબતો એક સાથે આવી જાય છે જેમ કે પહેલા કુર્આન પઢવું, સમજવું અને માનવું એટલે કે તેમાં આવતી આયાતોના હુકમ પર અમલ કરવો.

મંતવ્ય

દા.ત. આપણે બીમારી સબબ ડોક્ટરની મુલાકાત લઈએ અને નિદાન થયા પછી રિપોર્ટમાં ડાયાબિટીસનો રોગ આવે તો ડોક્ટર દવા લખી આપે અને સૂચના આપે કે મીઠી વસ્તુ ખાવાની બંધ કરો અથવા સાવ ઓછી કરો. તો આપણો ડો. સાથેનો કોઈપણ પ્રકારનો ઘનિષ્ઠ સંબંધ ન હોવા છતાં તેની ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી તે જ મિનિટથી સૂચનાનો અમલ કરવાનું શરૂ કરી દઈએ છીએ.

જ્યારે સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આપણી કૌમનું નિદાન

સંસ્કાર સૌરભ

ધન લાલસાથી તમારા હૃદયને મુક્ત રાખો.
(હદીસ બોધ)

બોધ વચન

જે કોઈ તમને આવીને મળે તેને આવકારો, પણ બીજા કશાની ઝંખના ન રાખો.
-આંદ્રે ગાઈડ

આજની આરસી

૧ સપ્ટેમ્બર રવિવાર ૨૦૧૯
૧ મોહર્રમ હિજરી ૧૪૪૧
ભાદરવા સુદ બીજ સંવત ૨૦૭૫

સુબ્હ સાદિક	૫-૦૫
ખત્મે ઝવાલ	૧૨-૪૦
તુલૂએ આફતાબ (સૂર્યોદય)	૬-૨૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત)	૬-૫૮

ગુટકુટિયું

શિક્ષક : ચાલ બતાવ...
૪ અને ૪ કેટલા થાય છે ?
રામુ : ૧૦ થાય છે.
શિક્ષક : ૮ થાય છે... ગાંડા.
રામુ : અમે દિલદાર પહેલેથી છીએ....
બે મેં મારા તરફથી નાંખી દીધા.

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
-વ્યવસ્થાપક

ફલોપ રાહુલ પર ટીમ મેનેજમેન્ટ કંઈક વધારે જ મહેરબાન છે

ટેસ્ટમાં ઈનફોર્મ રોહિત શર્માને બહાર રાખવાનું કારણ સમજાતું નથી

નવી દિલ્હી, તા.૩૧

વર્લ્ડ કપ ૨૦૧૯માં રોહિત શર્માનું ગજબનું ફોર્મ હજી સુધી ક્રિકેટ પ્રેમીઓના મગજમાં છવાયેલું છે. રોહિત શર્માએ વર્લ્ડ કપની કોઈ એક એડિશનમાં ના ફકત સૌથી વધારે પાંચ સદી ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યા. પણ આ સ્ટાર ઓપનિંગ બેટસમેને ૮૧ની સરેરાશથી ટુર્નામેન્ટમાં હાઈએસ્ટ ૬૪૮ રન પણ બનાવ્યા હતા. પણ તેમ છતાં રોહિતને એ સમજાતું નહીં હોય કે આખરે ટેસ્ટ ક્રિકેટ રમવા માટે તે શું કરે. કોહલીની ટેસ્ટ ટીમમાં રોહિત માટે ના તો મીડલ ઓર્ડરમાં જગ્યા બની રહી છે અને ઓપનિંગ સ્લોટમાં પણ તેને અજમાવવામાં આવી રહ્યો નથી. બીજી બાજુ કે.એલ.રાહુલ પર ટીમ મેનેજમેન્ટ કંઈક વધારે જ મહેરબાન દેખાઈ રહ્યું છે. રાહુલે ગત બે વર્ષે ઓવલમાં અંતિમવાર સદી ફટકારી હતી. ત્યારબાદ તે છેલ્લી ૧૧ ઈનિંગોમાં એવો ફલોપ થયો કે તેણે કોઈ અર્ધસદી સુધી ફટકારી નથી પણ ઓપનિંગમાં તેને કોઈ ખતરો નથી કારણ કે કોહલી અને શાસ્ત્રી તેના ઉપર કંઈક વધારે જ મહેરબાન છે. પૂર્વ કપ્તાન સૌરવ ગાંગુલીએ પણ સૂચન કર્યું હતું કે રોહિત શર્માનું વન-ડે ફોર્મ ટેસ્ટમાં પણ અજમાવવું જોઈએ અને જો મીડલ ઓર્ડર તેનું સ્થાન નિશ્ચિત ના હોય તો તેને ઓપનિંગમાં મયંક અગ્રવાલ સાથે અજમાવવો જોઈએ.

શિખર ધવનનો ભારતીય-એ ટીમમાં સમાવેશ

નવી દિલ્હી, તા.૩૧

ભારતીય ટીમના ઓપનર બેટ્સમેન શિખર ધવન દક્ષિણ આફ્રિકા-એ સામેની ટી-૨૦ શ્રેણી પહેલા ભારત-એ તરફથી રમશે. દક્ષિણ આફ્રિકા સામે ચોથી અને પાંચમી સત્તાવાર વનડે મેચમાં તેને ભારત-એની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. શુક્રવારે સિલેક્શન કમિટીએ ધવનને ભારત-એ ટીમ સાથે જોડવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય ટીમ પાંચ મેચની શ્રેણીમાં પ્રથમ મેચ જીતીને ૧-૦થી આગળ છે. બંને ટીમો વચ્ચે બાકીની ચાર મેચ ૩૧ ઓગસ્ટ અને ૨, ૪ અને ૬ સપ્ટેમ્બરના રોજ રમાશે. આ પછી, બે બિનસત્તાવાર ટેસ્ટ મેચની સીરિઝ શરૂ થશે

વર્લ્ડ કપમાં ઈજા બાદ વેસ્ટ ઈન્ડીઝ પ્રવાસથી પરત ફરનાર ધવન ૩ વનડે અને ૩ ટી-૨૦ની શ્રેણીમાં ફક્ત ૬૫ રન જ બનાવી શક્યો હતો. ટી -૨૦માં તેણે ૧, ૨૩ અને ૩ રન બનાવ્યા હતા. જ્યારે બે વનડેમાં ૨ અને ૩૬ રન બનાવ્યા. એક મેચ વરસાદને કારણે રદ કરાઈ હતી.

બીજી તરફ ઓલરાઉન્ડર વિજય શંકરને તેના જમણા હાથના અંગૂઠામાં ઈજા થવાને કારણે શ્રેણીમાંથી બહાર કરી દેવાયો હતો. શંકર ઈજાના કારણે વર્લ્ડ કપ દરમિયાન ટીમમાંથી બહાર થઈ ગયો હતો. તેને નેટ્સમાં જસપ્રિત બુમરાહનો યોર્કરને પગમાં વાગ્યો હતો. ત્યારબાદ તેણે તમિલનાડુ પ્રીમિયર લીગમાં ભાગ લઈને કમબેક કર્યું હતું.

યુએસ ઓપન : ફેડરર, નોવાક જોકોવિચ અને સેરેના પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં

ન્યુયોર્ક, તા.૩૧

ડિફેન્ડિંગ ચેમ્પિયન નોવાક જોકોવિચ અને રોજર ફેડરરે અમેરિકી ઓપન ટેનિસ ગ્રાન્ડસ્લેમના અંતિમ-૧૬મા પ્રવેશ કરી લીધો છે જ્યારે કેઈ નિશિકોરી બહાર અને મહિલા વર્ગમાં સેરેના વિલિયમ્સ પણ પ્રી ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ છે. છેલ્લા પાંચ ગ્રાન્ડસ્લેમમાંથી ચાર પોતાના નામે કરનાર સર્વોચ્ચ રેંકિંગ ખેલાડી જોકોવિચને બીજા રાઉન્ડમાં ખભાના દુખાવાને કારણે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ ત્રીજા રાઉન્ડમાં તેને એટલી મુશ્કેલી ન પડી. તેણે શુક્રવારે ૧૧૧મી રેંકિંગના અમેરિકી ખેલાડી ડેનિસ કુડલાને ૬-૩ ૬-૪ ૬-૨થી પરાજય આપ્યો હતો.

૧૬ ગ્રાન્ડસ્લેમ જીતી ચુકેલી ૩૨ વર્ષીય ખેલાડીનો સામનો હવે રવિવારે ત્રણ વખતના ગ્રાન્ડસ્લેમ વિજેતા સ્ટાન વાવરિંકા સામે થશે. સ્વિટ્ઝર્લેન્ડના ખેલાડીએ ઈટાલીના પાઓલો લોરેન્જીને ૬-૪ ૭-૬ ૭-૬થી પરાજય આપ્યો હતો. ત્રણ અમેરિકન ઓપન ટ્રોફી જીતી ચુકેલા જોકોવિચનો વાવરિંકા વિરુદ્ધ જીતનો રેકોર્ડ ૧૯-૫ છે પરંતુ ૨૦૧૬ના અમેરિકી ઓપન ફાઈનલ બાદ બંન્ને વચ્ચે ટક્કર થઈ નથી જેમાં વાવરિંકાએ જોકોવિચને પરાજય આપ્યો હતો.

પાંચ વખતનો ચેમ્પિયન રોજર ફેડરરે બ્રિટનના ડોન ઈવાન્સ પર માત્ર ૮૦ મિનિટમાં ૬-૨, ૬-૨, ૬-૧થી આસાન જીત મેળવી હતી. છેલ્લા બે મુકાબલામાં તેણે પ્રથમ સેટ ગુમાવ્યો હતો. જેથી ૨૦ વખતના ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયને આ મેચમાં શરૂથી મજબૂત શરૂઆત કરી અને ૪૮ વિનર લગાવ્યા હતા. જાપાનના નિશિકોરીને ઓસ્ટ્રેલિયાના એલેક્સ ડિમિનોરે ૬-૨ ૬-૪ ૨-૬ ૬-૩થી હરાવ્યો અને હવે તેનો સામનો બુલ્ગારિયાના ગ્રિગોન દિમિત્રોવ સામે થશે.

યુ.એસ. ઓપનમાં બોપન્નાનો બીજા રાઉન્ડમાં પ્રવેશ : પેસ બહાર

ન્યુયોર્ક, તા.૩૧

ભારત માટે યુ.એસ. ઓપનમાં દિવસ મિશ્ર સફળતાવાળો રહ્યો. જેમાં રોહન બોપન્નાએ ડેનિસ શાપોવાલોવ સાથે મળીને અહિયા પુરૂષ ડબલ્સ સ્પર્ધાના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો તો લીએન્ડર પેસ અને ગુલીરેમો દુરાનને પ્રથમ રાઉન્ડમાં પરાજયનો સામનો કરવો પડ્યો. બોપન્ના અને તેના કેનેડિયન જોડીદારે ફકત ૫૫ મિનિટ સુધી ચાલેલા મુકાબલામાં પિયરે હાઝેસ હર્બર્ટની ચોથા ક્રમાંકની ફ્રાન્સીસી જોડીને ૬-૩, ૬-૧થી પરાજય આપ્યો. બોપન્ના અને શાપોવાલોવએ બે વખત પોતાની સર્વિસ ગુમાવી પણ તેમણે સાતમાંથી ૬ વખત પોતાના હરીફની સર્વિસ તોડી. પેસ અને આર્જેન્ટીનાના દુરાનને સર્બિયાના મિમોમીર અને નોર્વેના કેસ્પર રૂડ સામે ૫-૭, ૨-૬થી પરાજયનો સામનો કરવો પડ્યો. દિપિઝ શરણ અને મોનાકોના હુગોનીસ પ્રથમ રાઉન્ડમાં જ હારીને બહાર થઈ ગયા હતા.

ટૂંકી મુદતની જાહેર નિવિદા

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ખેડા (નડિયાદ) હસ્તકનું ટાટા સુમો વિસ્ટા નંબર-જીજે-૭-જી-૩૧૧ (મોડેલ-૨૦૦૭)ની હરાજી માટે લાગતા વળગતા પાસેથી સિલબંધ કવરમાં રજિ. પો.એડી.થી ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે.

વાહનની અપસેટ પ્રાઈઝ રૂા. ૪૦,૦૦૦/- છે અને ડિપોઝીટની રકમ રૂા.૪૦૦૦/- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી- ખેડા (નડિયાદ)ના નામના ડિમાન્ડ ડ્રાફ્ટથી ભરવાના રહેશે. કોરા ટેન્ડર/ ભાવપત્રક કોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન-૭ (રજાના દિવસો સિવાય) સવારે ૧૧-૦૦થી ૧૭-૦૦ કલાક દરમ્યાન રૂબરૂમાં આપવામાં આવશે અને ભરેલા ટેન્ડર/ભાવપત્રક રજિ.એડી.થી તા.૧૨/૦૯/૨૦૧૯ના બપોરના ૧૫-૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. ત્યારપછી આવેલ ટેન્ડર/ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં, વધુ વિગતો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની ક્રચેરી, ખેડા (નડિયાદ)ના નોટિસ બોર્ડ પર જોવા મળશે.

(બી.કે. પટેલ)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ, ખેડા (નડિયાદ)

નામાનિ/નડિ/૨૯૬૬/૨૦૧૯

જાહેર નોટીસ

મોજે રાજપુર-હીરપુર, તા.સિટી, જિ.અમદાવાદના ટી.પી.સ્કીમ નં.૧, ફાઈનલ પ્લોટ નં.૬૯/એની જમીન ઉપર આવેલ બાલમુકુન્દ કો.ઓ.હા.સો.લી. વાળા ફલેટ નં.એ-જી/૪, વાળો ફલેટ કેશરીસિંગ મોતીસિંગ વાઘેલા નામે સોસાયટીના રેકર્ડમાં ચાલે છે અને સોસાયટીમાં ઠરાવ કરીને શેર સર્ટીફીકેટ નં.૧૨૬થી ૧૩૦ ટ્રાન્સફર કરી આપેલ. આ મિલકત વેચાણ આપવાનું નક્કી થયેલ છે, પરંતુ સદર ફલેટનું શેર સર્ટીફીકેટ ખોવાઈ ગયેલ છે. તેથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવા અમારા અસીલ તથા હોલ્ડર સોસાયટીમાં અરજી કરેલ છે. તો ઉપરોક્ત નંબર ઉપર કોઈનું લિયન, હકક હોય તો દસ્તાવેજી પુરાવા સાથે વાંધાઓ નોટીસ પ્રસિદ્ધથી દિન-૦૪માં અમોને રજિ.એડી.થી મોકલી આપવા મુદત વિત્યે શેર સર્ટીફીકેટ કાઢી આપવામાં આવશે. તેની નોંધ લેવી.

જે.બી. મકવાણા
એડવોકેટ
સી-એફ/૩, બાલમુકુન્દ ફલેટ, મજૂરગામ, ગીતામંદિર રોડ, અમદાવાદ.
(મો.) ૮૧૪૧૮૨૨૨૭૩

ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

જોઈએ છે

જાણકારો જોઈએ
GST-એકાઉન્ટસ-ઈન્કમટેક્ષ જાણકારોની ફરી શરૂ થતી અનુભવીની ત્રણ ઓફિસો સ્વતંત્ર સંભાળી શકે તેવા પાર્ટનરો અથવા કમિશન કાર્યકર્તા
લેખક : એસ.મોહસીન
૯૮૨૪૦૩૭૦૩૦

જોઈએ છે
માતર (જિ.ખેડા) પોલ્ટ્રી હબમાં તૈયાર મરઘા ફાર્મ ૫૦૦૦થી ૧૦,૦૦૦ પક્ષીની કેપેસીટીવાળું
મો.૯૦૯૯૮૮૮૭૪૩

Required ENT Doctor Medical Officer, MBBS, BAMS, BHMS, BUMS, Lab Technician, Office Assistant, Supervisor, Clerk, computer Knowledge must lokhandwala Hospital. near Premdarwaja Dariapur Ahmedabad
7016667068

મુસ્લિમ કેર ટેકરની જરૂરત છે
૮૬ વર્ષના બુઝુર્ગ મહિલાને સાચવી શકે તેવા અને ઘરના કામકાજ કરી શકે તેવા બહેનની જરૂરત છે
સંપર્ક : + 91-9742389193

વેચવાનું છે

ત્રિપ્લેક્ષ વેચવાનું છે
દાણીલીમડા પ્રાઈમ લોકેશન મેઈન રોડ ઉપર
M.9824237132

પ્લોટ વેચવાનો છે
૨૩૨ વાર ઝીનતપાર્ક મહેમદાવાદ
૭૫૭૫૮૦૫૨૯૫

વેચવાનો છે
બંગલો મુસ્લિમ પોશ એરિયામાં કાગદીવાડ, એલિસબ્રિજ 150 સ્કેવર યાર્ડ પ્લોટ 450 સ્કવેર યાર્ક કન્સ્ટ્રકશન
7383008521

ખાનપુર એરિયામાં પ્રાઈમ લોકેશનમાં કમ્પલેટ ફલેટ વેચવાનો છે ૩૦ (લાખ)
9898278640

બંગલો વેચવાનો છે
6 BHK લક્ઝુરીયસ બંગલો ગાર્ડન, કાર પાર્કિંગ સાથે, અંબર ટાવર સામે, જુહાપુરા,
9824488290, 9879805823

ફલેટ વેચવાનો છે
2 BHK, NANOC ટાઈટલ ક્લિયર સનરાઈઝ આર્કેડ, વિશાલા સર્કલ,
9978922505

ફલેટ વેચવાના છે
વિસનગર મોટી વ્હોરવાડ મુકામે, 2 BHK ત્રણ માળના ફલેટસ, ૨૪ કલાક પાણીની સુવિધા, રેડી પઝેશન, કોઈપણ જમાઅતના ફક્ત મુસ્લિમો માટે કોન્ટેક્ટ 94265 43242 (સાંજે ૭થી ૧૦)

બંગલો વેચવાનો છે
આમીર પાર્ક જુહાપુરા,
8401328909

બંગલો વેચવાનો છે
ફુઝેલ પાર્કમાં બંગલો,
8141837313

વેચવાની છે
૧૦૦ ફૂટ રોડ પર NANOC ટાઈટલ ઉપરની દુકાન,
8141837313

ફલેટ વેચવાનો છે
2 nd ફલોર ૩ રૂમ, કિચન 85 વાર 3rd ફલોર ૩ રૂમ ૮૫ વાર મેઈન રોડ ટચ મીલ કમ્પઉન્ડ શાહપુર, સલીમભાઈ -
9898666771, 9898831382

ફલેટ વેચવાનો છે
1 BHK નેહા ફલેટ પહેલો માળે સોનલ પાસે અમદાવાદ.
મો.7984861806
મો.9428414786

મકાન વેચવાનું છે
શાહપુર પાવર હાઉસની બાજુમાં ત્રીજો માળ, પૂર્ણીમા ફલેટ, અહેમદઆબાદ
ફોન : ૯૦૧૬૭૫૦૬૬૧

મકાન અને જમીન ભાડે-વેચાણ

ફલેટ ભાડે/વેચાણ આપવાનો છે
બ્લીસ રેસિડેન્સી, હાજી બાવા સોસાયટી પાસે, સરખેજ રોડ ઉપર, બે બેડરૂમ, હોલ, કિચન, ફીક્ષ કર્નિચર સાથે
9898141487
9106429566

૫૦૦ ફૂટ શીતલ વર્ષા જમાલપુર ચાર રસ્તા, દરેક ધંધાને લાયક ઓફિસ ભાડે/ વેચાણ આપવાની છે
મો.૯૮૨૪૪૭૧૧૪૯

ફલેટ ભાડે/વેચાણ આપવાનો છે
આશિયાના, પાલડી (દલાલોએ તસ્દી લેવી નહીં)
9898308922

વેચાણ
જુહાપુરાના વૈભવી વિસ્તારમાં હવાઉજાસ, સારા લોકેશનવાળો બંગલો વેચવાનો છે
ફોન : 8733976460

કાલુપુરમાં ફલેટ વેચાણ આપવાનું છે. કેસન્ટ હાઉસ ગ્રાઉન્ડ ફલોર 1 BHK 8200264811

ભાડે આપવાના છે
બંગ્લો રોડ ટચ ટ્રાન્સફરેબલ જોબવાળાને
9925519490

સાહારા એસ્ટેટ અલ-મુકામમાં ફલેટ ભાડે આપવાનું છે. મકાન, બંગ્લો, દુકાન વેચાણ આપવા લેવા માટે મળો ઈખ્તીયારભાઈ શેખ
9925519490

"APEX"માં ફલેટ ભાડે/ વેચાણ આપવાનો છે "HAYAT"માં ફલેટ ભાડે/ વેચાણ આપવાનો છે "AL-ARSH-3"માં ફુલ્લી ફર્નિશ્ડ ફલેટ ભાડે આપવાનો છે લે-વેચ માટે મળો આસિફભાઈ
9106087987

વેચાણ
3 BHK ફલેટ Al-BUROOJ વેચાણ આપવાનું છે
King Broker
9825415296

ભાડે/વેચાણ
પાલડી, ખાનપુર, સીટીમાં 2 BHK, 3 BHK, ભાડે/વેચાણ ફર્નિશ્ડ, અનફર્નિશ્ડ ફલેટો મળો
ગુડુભાઈ
9375465869

દુકાન ભાડે આપવાની છે
શાહપુર વિસ્તારમાં મેઈન રોડ ટચ
8401221859

જોઈએ છે ભાડે/વેચાણ
નાની દુકાન પાનકોરનાકા પાસે
9173836186

રોયલ પાર્કમાં ટેનામેન્ટ વેચાણ આપવાનું છે,
9510440560

અલ-બુરૂજમાં 2/3 BHK ફલેટ ભાડે આપવાનું છે,
9510440560

શમા સ્કૂલ પાસે ડુપ્લેક્ષ વેચવાના છે,
9510440560

આમીર પાર્કમાં બંગલો વેચવાનો છે,
9825604708

અલ-મુકામમાં દુકાન ભાડે તથા વેચાણ આપવાની છે,
9825604708

2 BHK ફલેટ ભાડે આપવાના છે, 95104 40560

જુહાપુરામાં સરસ વિસ્તારમાં ફલેટ, બંગલો ભાડે તથા લે-વેચ માટે મળો, હાફીઝ અલી મુની, 98254 29000

સારા લોકેશનમાં 2/3 BHK ફલેટ ભાડે/વેચાણ આપવા તથા લેવા, 7777999667

TP-85 રોડ પર ડુપ્લેક્ષ વેચવાનું છે,
7777999667

નશેમન જાવેદ પાર્ક, ફૈઝ મોહંમદી ૧૫૦થી ૨૦૦ પ્લોટ અથવા બંગલો લેવાનો છે, 9898065036

જમીન-પ્લોટ-બંગ્લોઝ ટેનામેન્ટ-ફલેટ-ડુપ્લેક્ષ-દુકાન-ગોડાઉન-લે-વેચ જુહાપુરા-સરખેજ, 8141837313-ગુલુચાચા

Ajwad Flate For Sale 2 BHK, Nice Ventilation, Best Location Opp Taiba Flat, 'Sarkhej' Mo. 98254 77254

1 BHK નોકરિયાત મહિલા તેમજ કોલેજની બહેનો માટે TP-85 કાદરી પાર્ટી પ્લોટ રોડ, જુહાપુરા, અમદાવાદ, Mo. 9925445806

અનમ ડેવલોપર્સ
NA જમીન (ફાર્મ હાઉસ) લાયક કન્ડિશનથી લેવા કોન્ટેક્ટ કરવું No. 9327836801, 9924471875

અરજન્ટ ફલેટ સેલ /ભાડે
રૂા.૧૨,૫૧,૦૦૦માં આશરે ૬૧ વાર પહેલો માળ અલ-નિંદા ફલેટ મદીના મસ્જિદની સામે રાયખડ, 9825703320

ભાડે/વેચાણ
ફલેટ, બંગલો, ટેનામેન્ટ, ઓફિસ, દુકાન, સરખેજ, જુહાપુરા, પાલડી, એનઆઈડી, કાગદીવાડ, ખાનપુર, નવરંગપુરા મુસ્લિમ સોસાયટી પ્રિન્સ બ્રોકર
9662196776

વેચવાનો છે ફલેટ
2 BHK સયાનહિલ્સ એપાર્ટમેન્ટ ટાઈટલ ક્લિયર જુહાપુરા
9824468816

જુહાપુરામાં નુરી મસ્જિદની પાસે ડુપ્લેક્ષ વેચવાનું છે અથવા ૬૫ વારનું જૂનું મકાન આપવાનું છે.
૮૨૦૦૩૩૮૨૩૪

દુકાન ભાડે આપવાની છે
શ્રીજી કોમ્પલેક્ષ કોંગ્રેસ ભવનની બાજુમાં, પાલડી
8200264811

(Plot for sale 32, Nasheman Soc 212 Sq.Yds 9408792913)

લગ્ન વિષયક

મુસ્લિમ પઠાન યુવતી Age 24 Bachlor of Physiotherapy doctor. Doing Government Job માટે એજયુકેટેડ યુવકના વાલી સંપર્ક કરો
9825091851

હાજી ડૉક્ટર BPT, ઉ.૩૨, નિર્દોષ ડાયર્વોશને દિનદાર કન્યાના વાલી સંપર્ક કરે,
9824766552

લગ્ન વિષયક
૨૩ વર્ષીય મુસ્લિમ તબલીગ ખ્યાલવાળી દેખાવડી ગ્રેજયુએટ કન્યા માટે ગવર્મેન્ટ સર્વન્ટ અથવા બિઝનેસમેન યુવકોના વાલીઓ તરફથી બાયોડેટા આવકાર્ય
9375007734

મુસ્લિમ લગ્ન વિષયક હાઈલી એજયુકેટેડ મુસ્લિમ NRI યુવક-યુવતીઓ From USA/UK/Canada/Australia/France/Africa\Singapore/Saudi Arabia/Dubai/Sweeden/NewZealand/Russia/Italyમાં Citizen, P.R. Work Visa પર હોય તેવા 525થી વધુ NRI બાયોડેટા અને તે સિવાય બીજા 5500થી વધુ હાઈલી એજયુકેટેડ મુસ્લિમ યુવક-યુવતીઓના બાયોડેટા જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો.
9925811162/ 9825091851
યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો
www.ummbonline.com

લગ્ન વિષયક ૨૨ વર્ષીય મુસ્લિમ તબ્લીગી ખ્યાલવાળી દેખાવડી કન્યા એરલાઈન્સમાં જોબ કરતી યુ.એ. રીટર્ન માટે NRI અથવા વેલ એજયુકેટેડ યુવકના વાલીઓ તરફથી બાયોડેટા આવકાર્ય
9375007734

Doctor BDS fair & Beautiful Girl 32 Years (Divorcee no child) From Reputed Family Searching the Same Doctor BDS, MDS, MBBS, MD OR any other Higher Education, Businessman & NRI also Acceptable Reputed Family Only Wtps
9327646982

Businessman Divorcee Handsome Boy 33-5'8 (no child) Well Educated from Reputed Family of Ahmedabad Searching the same Educated Beautiful Girl From Reputed Family Only can Contact Please Wtps
8153989822

વ્યવસાયીલક્ષી/ અન્ય

વિનામૂલ્યે SSCથી ડોક્ટર, એન્જિનિયર, NRI યુવક-યુવતીઓનો ૧૮૬મો પસંદગી સમારંભ. ૦૮-૦૯-૨૦૧૯ રવિવારે સવારે ૧૧:૦૦ વાગે અંજુમને ઈસ્લામ હાઈસ્કૂલ, ગોળલીમડા, ૧૦૦૦થી વધુ બાયોડેટા જોવા, દર સોમવારે રાત્રે ૮:૦૦થી ૧૦:૦૦ મુસ્લિમ મેરેજ બ્યુરો, C\O મસ્તુરાત ટ્રસ્ટ, બુખારા મહોલ્લા, ઢાલગરવાડ

ટ્યુશન માટે મળો
English Medium 1 to 12 Std. ક્લાસિક હોમ્સ, C-4-5 અંબર ટાવર પાસે,
Contact : 7383402711 (Zahedakhan)

અગત્યની સૂચના

લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
-વ્યવસ્થાપક

આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટરો ઉપર પણ આપી શકો છો

ગુજરાત ટુડે

ટચૂકડી જાxખ આપનારાઓ માટે ખાસ ઓફર
રવિવાર અંકમાં જાxખ આપનારને બુધવારના અંકની જાxખમાં ૫૦% રાહત આપવામાં આવશે.
(જાહેરખબર વ્યવસ્થાપક)

ઝલક એકાઉન્ટ સર્વિસ, ખામાસા ગેટ, બેંક ઓફ ઈન્ડિયા પાસે, અમદાવાદ મો.૯૯૭૪૧ ૫૦૩૫૩

ફિરદોશ સિમેન્ટ ડેપો, સરખેજ જુહાપુરા
ફોન : ૯૯૯૮૮૮૦૩૩૦

બ્યુરો ઓફિસ, આણંદ
મો.૯૩૨૮૫ ૧૨૦૬૬

વડોદરામાં ગુજરાત ટુડે દૈનિક મેળવવાનું સ્થળ
વડોદરામાં ગુજરાત ટુડે દૈનિક વિતરકભાઈઓ માટે જથ્થાબંધ તેમજ છુટક નકલ મેળવવા સંપર્ક કરો, શ્રીનાથ ન્યૂઝ પેપર એજન્સી અમદાવાદી પોળ પાસે, રાવપુરા, વડોદરા.

ગુજરાત ટુડે બ્યુરો ઓફિસ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૪૬૧૦૯૮, ૦૨૬૧-૨૪૬૧૦૯૭

ગુજરાત ટુડે બ્યુરો ઓફિસ, પાંચબત્તી ભરૂચ
ફોન : ૦૨૬૪૨-૨૪૦૨૦૮

કલાસિફાઈડ ડિસપ્લે જાxખ
૧ કોલમ X ૧ સે.મી. રૂપિયા ૨૦૦/-

ટચૂકડી જાxખ
ભાવ શબ્દ દીઠ રૂપિયા ૧૨/-
વ્યવસાય/નોટિસ તેમજ અન્ય રૂપિયા ૧૬/-

ગુજરાત ટુડે બ્યુરો ઓફિસ, વડોદરા. ફોન : ૦૨૬૫-૨૪૧૨૪૫૦-૯૮૭૯૧૧૧૨૯૩

કિંમત બુક સ્ટોર : ૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર કોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯

ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

કેરળનો આ અંધ ચેસ ચેમ્પિયન હવે પોતાના આંતરિક વિઝનથી ચેસની રમત પર નિપૂણતા ધરાવે છે

(એજન્સી) તા.૩૧

જો વ્યક્તિ સખત પરિશ્રમ કરવા અને મોટા ધ્યેય સિદ્ધ કરવા કૃતસંકલ્પિત હોય તો પછી અંધાપો કે અન્ય કોઇ અવરોધ તેમની આડે આવતો નથી એવું રાષ્ટ્રીય ચેસ ચેમ્પિયન ટી બાલારમને જણાવ્યું હતું. આજથી ૨૦ વર્ષ પૂર્વે બાલારમનને તેમના પિતા કે વી મેનન અને માતા શાંતાકુમારી દ્વારા ચેસની રમતનો પરિચય આપવામાં આવ્યો હતો. ૧૦ વર્ષની ઉમર સુધી હું આંશિક રીતે અંધ હતો. પરંતુ જ્યારે મારા ભાઇ સાથે ક્રિકેટ રમતો હતો ત્યારે મારી આંખમાં બોલ વાગતા મેં સંપૂર્ણપણે દ્રષ્ટિ ગુમાવી દીધી હતી. હું મારા મિત્રો સાથે ચેસ રમતો હતો. હું કોઇ આઉટ ડોર ગેમ રમી શકતો ન હતો તેથી મારા માતા પિતાએ મને ચેસ રમવામાં મદદ કરી હતી

રાષ્ટ્રીય સ્તરનો આ ચેસ ચેમ્પિયન ટી બાલારમને પોતાની પ્રગતિ આડે ક્યારેય પોતાની દષ્ટિની ખામીને આવવા દીધી નથી

ત્યારથી ચેસ માટે બાલારમનની અભિરુચિ અનેકગણી વધી ગઇ છે.

બાલારમન ૨૦૦૨ અને ૨૦૦૮ દરમિયાન રાજ્યમાં ચેમ્પિયન હતાં. સાઉથ ઝોન ચેમ્પિયનશીપમાં તેનો વિજય થયો હતો. બાલારમને રાષ્ટ્રીય અને એશિયન ચેસ ટુર્નામેન્ટમાં પણ ભાગ લીધો છે. તે સંભવતઃ કેરળમાંથી પ્રથમ બ્લાઇન્ડ ચેસ ચેમ્પિયન છે. જ્યોતિર્ગમ્યિ ફાઉન્ડેશન ખાતે તે હવે અંધજનો માટે ચેસની ગેમ શીખવે છે. અત્યારે કુલ ૭ વિદ્યાર્થીઓ છે કે જેમને જ્યોતિર્ગમ્ય ખાતે ચેસની તાલીમ આપવામાં આવે છે. બાલારમન જણાવે છે કે હું વિદ્યાર્થીઓને અઠવાડિયામાં બે વખત ચેસના ક્લાસ લઉં છું. હું તેમને ચેસના નિયમો અને પ્રયુક્તિઓ પણ શીખવાડું છું એવું બાલારમને જણાવ્યું હતું.

૧૧ મહિનાની બાળકીના ફ્રેક્ચરની સારવાર કરતા પહેલાં તબીબોએ તેની ઢીંગલીને પ્લાસ્ટરીંગ કરવું પડ્યું

(એજન્સી) તા.૩૧

દિલ્હીની લોકનાયક હોસ્પિટલમાં ઝીકા મલિક નામની એક બાળકી પોતાની ઢીંગલી સાથે સૂતેલી નજરે પડે છે. ૧૧ મહિનાની આ બાળકીના પગનું ટ્રેક્શન કરવામાં આવ્યું છે એ જ રીતે બાજુમાં સૂતેલી તેની પરી નામની ઢીંગલીના પગનું પણ ટ્રેક્શન કરવામાં આવ્યું છે.

અહેવાલ અનુસાર ૧૭મી ઓગસ્ટે ઝીકા નામની આ બાળકી પોતાની પથારીમાંથી નીચે પડી ગયા બાદ તેના પગમાં ફ્રેક્ચર થઇ ગયું હતું પરંતુ જ્યારે તેનો પરિવાર તેને હોસ્પિટલમાં લઇ ગયાં ત્યારે આ બાળકી સતત રડતી હતી અને પોતાની સારવાર કરાવવાનો ઇનકાર કર્યો હતો. ડોક્ટરે ઝીકાને પગમાં ટ્રેક્શન મૂકવાનું સૂચવ્યું હતું કારણ કે બે વર્ષથી નાની વયના બાળકોના જાંઘના હાડકામાં

દર્દથી કણસતી ૧૧ મહિનાની આ બાળકીએ જીદ પકડી કે પહેલાં મારી ઢીંગલી પરીને પ્લાસ્ટરીંગ કરો અને પછી મને કરો

થયેલ ફ્રેક્ચરની સારવાર માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

ઝીકાએ સારવાર કરવાનો ઇનકાર કરતા તેના માતા પિતાને એક નવો વિચાર આવ્યો હતો. તેમણે ઝીકાની ઢીંગલી પરીને હોસ્પિટલમાં લાવીને તેની પથારીની બાજુમાં સૂવડાવી દીધી હતી. ઝીકાની માતા ફરીન જણાવે છે કે ઘરે પણ તે પાંચ મિનિટ માટે પણ પોતાની ઢીંગલી પરીથી છૂટી પડતી નથી. હોસ્પિટલમાં પ્રથમ દિવસે તેણે પથારી પર સૂવાનો જ ઇનકાર કરી દીધો હતો.

તે વારંવાર પોતાનો પગ હલાવ્યે રાખતી હતી આથી ડોક્ટરોએ પગને યોગ્ય રીતે જોડવા માટે તેના પગ સીધા રાખવા અમને જણાવ્યું હતું. ત્યારબાદ મેં મારા પતિને ઝીકાની માન્તિતી ઢીંગલીને હોસ્પિટલ લાવવા જણાવ્યું હતું અને અમે પરી નામની આ ઢીંગલીને ઝીકાની સ્થિતમાં જ હોસ્પિટલમાં રાખવાનો નિર્ણય કર્યો હતો જે વિચાર એકદમ સફળ રહ્યો. ઝીકા પોતાની બાજુમાં પોતાની ઢીંગલી આવી જતાં ખુશ ખુશ થઇ ગઇ હતી. હોસ્પિટલમાં ડોક્ટરોએ સૌપહેલા પરીની સારવાર કરી અને પછી ઝીકાની. તેમણે પહેલા ઝીકાની ઢીંગલીનું પ્લાસ્ટરીંગ કર્યુ અને ત્યારબાદ ઝીકા પોતે સારવાર લેવા તૈયાર થઇ. હોસ્પિટલના ઓર્થોપેડિક બ્લોકના બેડ નં.૧૬ના બંને ઝીકા અને ઢીંગલી બાજુ બાજુમાં સૂતા છે અને તેમની મૈત્રી ચર્ચાસ્પદ બની છે. ઝીકા હવે ગુડિયાવાલી બચ્ચી તરીકે ઓળખાય છે.

બોરીસ જ્હોન્સન સામે વિરોધ વંટોળ છે પરંતુ સંસદની ઉપેક્ષા કરવાથી તેમનો અનૈતિક જુગાર સફળ થશે એવો તેમને વિશ્વાસ છે

(એજન્સી) તા.૩૧

લોકશાહીની માતૃભૂમિ સમાન દેશની સ્થિરતા એકાએક અસામાન્ય રીતે હાલક ડોલક થઇ ગઇ છે. એવી અટકળ તો હતી કે શાસક કોન્ઝર્વેટીવ પક્ષના નેતા તરીકે ચૂંટાતા અને પાછળથી સરકારના વડા તરીકે વરણી થતાં પહેલાં બોરીસ જહોન્સન નોન ડીલ બ્રેક્ઝીટના એજન્ડા માટે સંસદનું સત્ર મોકૂફ રાખશે પરંતુ બહુ ઓછા લોકોને એવી ખબર હતી કે તેઓ આ રીતે લોકતંત્રની ઉપેક્ષા કરશે, તેમ છતાં આવું બન્યું છે.

બ્રેક્ઝીટ એ કોઇ માન્ય લેખિત બંધારણ નથી. તે ઠરાવો કે પૂર્વ દાખલાઓ પર કામ કરે છે. સંસદની મોકૂફી એ કોઇ અભૂતપૂર્વ વાત નથી. તેમણે ત્રણ સપ્તાહના વિરામનો લાભ ઉઠાવ્યો છે કે જેમાં સપ્ટે. અને ઓક્ટો.ને આવરી લેવાશે અને પાંચ સપ્તાહ માટે સંસદ બંધ રાખવા કોન્ઝર્વેટીવ, લેબર અને લીબરલ ડેમોક્રેટ્સ પાર્ટીની

રાજકીય પરિષદોનું આયોજન કરી શકાય.

આમ સાંસદોને હવે સપ્ટે.માં ૬ દિવસની અને ઓક્ટો.માં પણ ૬ દિવસની સંભવતઃ રાહત મળશે. જો કે નોર્થન આઇરીશ ડેમોક્રેટીક યુનિયનિસ્ટ પાર્ટીના સાંસદો દ્વારા સમર્થિત કોન્ઝર્વેટીવની હાઉસ ઓફ કોમન્સમાં એકદમ પાતળી બહુમતી છે. જહોન્સનને હકાલપટ્ટી કર્યા બાદ બે સપ્તાહમાં વૈકલ્પિક સરકારની રચના કરવાની નિષ્ફળતા મધ્યસત્ર ચૂંટણીની તારીખ પસંદ કરવાના વિશેષાધિકાર સમાન છે. જો તે ૩૧ ઓક્ટો. બાદ આ બધુ સેટ કરશે તો બ્રિટન કોઇ પણ જાતની ડીલ વગર યુરોપિયન યુનિયનમાંથી વિદાય લેશે.

ગૂગલ કહે છે કે કેટલીક વેબસાઇટ્સ વર્ષોથી આઇ ફોનને હેક કરી રહી છે

એપલ આઇફોનની ખામીઓનો ગેરલાભ ઉઠાવીને કેટલીય વેબસાઇટ વર્ષોથી આઇફોનને હેક કરવાનું કામ કરી રહી છે એવું ગૂગલના એક રીસર્ચરનું કહેવું છે

(એજન્સી) તા.૩૧

ગૂગલે હવે એવો દાવો કર્યો છે જે દુનિયાભરના કરોડો આઇફોન યુઝર્સ માટે આશ્ચર્ય સાથે આઘાતજનક છે. ગૂગલના સિક્યોરિટી સંશોધકોના ધ્યાન પર આવ્યું છે કે કેટલીક વેબસાઇટ છેલ્લા કેટલાય વર્ષોથી આઇ ફોન યુઝર્સને નિશાન બનાવીને તેમના આઇફોન્સને હેક કરી રહી છે. આ વેબસાઇટ એપલની કેટલીક ખામીઓનો ગેરલાભ ઉઠાવી રહી છે.

એક બાજુ એપલે નવા આઇફોન લોંચ કરવાની તારીખની જાહેરાત કરી છે તો બીજી બાજુ ગૂગલના સંશોધકોએ આવો મોટો ઘટસ્ફોટ કરીને ચોક્કસપણે આઇફોન યુઝર્સને આઘાતમાં ગરકાવ કરી દીધા છે. ગૂગલના એક સંશોધકે એટલે હદ સુધી કહ્યું છે કે આ પ્રકારના સાઇબર એટેકથી આઇફોન યુઝર્સના લોગઇન ક્રિડેન્શિયલ, બેંકિંગ પાસવર્ડ અને સંવેદનશીલ માહિતીની ચોરી કરી શકે છે. ગૂગલ પ્રોજેક્ટ ઝીરો તરફથી ઇયાન બીઅરે લખ્યું છે કે અહીં ટાર્ગેટમાં કોઇ ભેદભાવ હતો નહીં માત્ર હેક્ડ થયેલ વેબસાઇટની વિઝીટ કરવાથી તમારી ડિવાઇસ પર એટેક કરાવવા જેવું છે અને જો તે સફળ થઇ જાય તો તમારા સ્માર્ટ ફોનમાં મોનિટરીંગ કરતા

ટુલ પણ નાખી શકાશે. ગૂગલનું ટાસ્ક ફોર્સના એક સભ્ય છે કે જેમના હેઠળ નવી સિક્યોરિટી ખામીઓ શોધવામાં આવે છે. ગૂગલના સંશોધકનું કહેવું છે કે એવી કેટલીય વેબસાઇટ છે કે જે માત્ર આઇફોનની ખામીઓનો ગેરલાભ ઉઠાવીને આઇફોન યુઝર્સને હેક કરવા માટે જ બનાવવામાં આવી છે.

આશ્ચર્યજનક વાત એ છે કે ગૂગલની રીસર્ચ ટીમે એવા પાંચ અલગ અલગ આઇફોન એક્સપ્લોઇટ ચેઇન શોધી કાઢી છે. આઇઓએસ-૧૦થી લઇને આઇઓએસ ૧૨ સુધીને તે પ્રભાવિત કરી શકે છે. ગૂગલે પણ જણાવ્યું છે કે આ એ વાતનો નિર્દેશ આપે છે કે એક ગ્રુપ ઓછામાં ઓછા બે વર્ષથી આઇફોન યુઝર્સને હેક કરવાના પ્રયાસો કરી રહ્યાં છે.

કાશ્મીરમાં હવે જીવન રક્ષક દવાઓનો પુરવઠો ખૂટી ગયો

અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા બાદ કાશ્મીરમાં સંપૂર્ણપણે લોકડાઉનની અસર તબીબી પુરવઠા પર જોવા મળી રહી છે એમાંય જીવન રક્ષક દવાનો પુરવઠો ખૂટી ગયો છે માત્ર ઇમરજન્સી કેસોમાં જ સારવાર કરવાની સૂચના આપવામાં આવી છે આમ આ બધામાં દર્દીઓ પ્રત્યે સરકારની ઘોર ઉપેક્ષા અને ઉદાસીનતા જોવા મળી રહી છે

(એજન્સી) તા.૩૧

જમ્મુ અને કાશ્મીરમાં કર્ફ્યુ ચોથા સપ્તાહમાં પ્રવેશતાની સાથે અકલ્પનીય માનવતાવાદી કટોકટી તરફ રાજ્ય ધકેલાઇ રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરના વિશિષ્ટ બંધારણીય દરજ્જામાં બદલાવ એ રાજ્યનું બે કેન્દ્રશાસિત પ્રદેશના વિભાજન પૂર્વે કેન્દ્ર સરકારે અનેક કોમ્યુનિકેશન નિયંત્રણો, લોકડાઉન અને કર્ફ્યુને કારણે રાજ્યમાં સામાન્ય સ્વાસ્થ્ય સંભાળ પર ગંભીર અસર પડી છે.

આ અસર એટલી બધી ગંભીર છે કે દર્દીઓને હવે હોસ્પિટલમાંથી હાંકી કાઢવામાં આવે છે, હોસ્પિટલો પાસે જીવનરક્ષક દવાઓનો સ્ટોક ખૂટી ગયો છે. ઓપરેશન થિયેટરો ખાલી પડ્યાં છે. બીજો ગંભીર પ્રશ્ન રાજ્યને એ

સતાવી રહ્યો છે કે મૃત્યુનો આંકડો નીચો રાખવા અને એકંદરે સ્થિતિ સામાન્ય અને શાંતિપૂર્ણ છે એવી છાપ ઊભી કરવા સત્તાવાળાઓ મૃત્યુનું પ્રમાણપત્ર આપવાનો પણ ઇનકાર કરે છે. શ્રીનગર જેવા શહેરોમાં અગ્રણી હોસ્પિટલની બહાર કોઇ સામાન્ય સ્થિતિ જણાતી નથી. ગ્રામીણ વિસ્તારોની સ્થિતિ અંગે વિચારીએ તો થરથરી ઉઠાય છે. શ્રી મહારાજા હરીસિંહ હોસ્પિટલમાં દર્દીઓને પાછા જતાં રહેવા અને સ્થિતિ સામાન્ય થાય ત્યારે પરત આવવા જણાવવામાં આવે છે. એક આંતરરાષ્ટ્રીય અખબાર ધી ઇન્ડિપેન્ડન્ટના અહેવાલ અનુસાર કાશ્મીરની મોટા ભાગની હોસ્પિટલોમાં દરરોજ કરવામાં આવતી શસ્ત્રક્રિયામાં ૪૦થી ૬૦ ટકાનો ઘટાડો થયો છે. ઇમર્જન્સી સેવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે.

હર્નિયા, ગોલ બ્લેડરમાં પથરી અને અન્ય રોગોના દર્દીઓના રિપોર્ટ કરાવવામાં આવતા નથી. દર્દીઓને માત્ર કામચલાઉ પગલા રુપે દર્દશામક દવાઓ આપવામાં આવે છે. રૂટીન સર્જરી પણ હાલ સ્થગિત કરવા જણાવાયું છે. દર્દીઓને પ્રાથમિક સારવાર આપીને વહેલા ઘરે મોકલી દેવામાં આવે છે. તબીબોના એક જૂથે ભારતીય વ્યાવસાયિક સંસ્થાઓને સરકાર સાથે સંકલન કરવા જણાવાયું હતું કે જેથી સેવાની જોગવાઇમાં કોઇ કસર રહે નહીં. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન તરફથી પ્રતિસાદ પણ ઉદાસીન જોવા મળી રહ્યો છે. આમ સરકારની આરોગ્ય જેવા મુદ્દાઓ પર ગંભીર ઉદાસીનતા અને બેપરવાહી જોવા મળી રહી છે.

જમ્મુ અને કાશ્મીરમાં સર્જાયેલ રાજકીય શૂન્યાવકાશ માટે નવી દિલ્હીને અફસોસ થશે : હવે લોકોને સપનાઓ કોણ દેખાડશે ?

ત્રણ મુખ્ય પ્રધાનોની અટકાયતથી તેમના પ્રત્યે કોઇને સહાનુભૂતિ થઇ નથી પરંતુ આ મામલાનો સીધો અંકુશ સંભાળનાર PMOને ભવિષ્યમાં આ રાજકીય શૂન્યાવકાશ માટે અફસોસ થશે

(એજન્સી) તા.૩૧

નરેન્દ્ર મોદી સરકાર પાસે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ માટે ભવ્ય યોજનાઓ હશે પરંતુ હજુ સુધી પ્રજાને ઉજ્વળ ભાવિના સપનાઓ અને વચનોનું માર્કેટીંગ કરવા માટે કોઇ વિશ્વસનીય ચહેરો નથી. કાશ્મીરમાં જે રાજકીય શૂન્યાવકાશ સર્જાયો છે તે ચિંતાજનક છે અને ૯૦ના દાયકાની યાદ અપાવે છે કે જ્યારે કોંગ્રેસ, નેશનલ કોન્ફરન્સ અને ડાબેરીઓ જેવા મુખ્ય ધારાના રાજકીય પક્ષોના રાજકારણીઓ પોતાની ઓફિસો લોક કરીને કાશ્મીર છોડી ગયા હતા.

નેતૃત્વના ૬ વર્ષ લાંબા શૂન્યાવકાશે આતંકવાદના

ઉદયને મોકળું મેદાન પૂરું પાડ્યું હતું. લોકો સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે કાશ્મીર અને જમ્મુમાં રાજકીય શૂન્યાવકાશને કારણે લોકોમાં હતાષા આવવા લાગી છે અને હવે પહેલા જેવો લોકોમાં જુસ્સો મળતો નથી. ત્રણ મુખ્ય પ્રધાનોની અટકાયતથી કોઇ જાહેર અનુકંપા ઊભી થઇ નથી પરંતુ ભાજપના નેતાઓને અંધારામાં રાખીને સમગ્ર મામલો પોતાના હસ્તક લઇ લીધો તેનાથી કાશ્મીરની બાબતોનો સીધો જ હવાલો સંભાળતા વડાપ્રધાનના કાર્યાલયને પણ રાજકીય શૂન્યાવકાશનો અફસોસ થશે.

આ સમગ્ર મામલા અંગે ભાજપના નેતાઓ સાવ અજાણ છે. કાશ્મીરના એક ભાજપના નેતા તાજેતરમાં પોતાના પરિવારને સગાસંબંધીઓ સાથે મૂકવા દિલ્હીમાં આવ્યાં હતા ત્યારે તેમણે જણાવ્યું હતું કે કાશ્મીરની સ્થિતિ અંગે મને કઇ ખબર નથી. કેટલાક પ્રધાનોએ પણ તેને જણાવ્યું હતું કે અમે પણ કાશ્મીરની સ્થિતિ અંગે સંપૂર્ણ અજાણ છીએ કારણ કે આ બધી બાબત પીએમઓ સંભાળે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જમ્મુના બિઝનેસ લીડર્સ પણ ભાવિ અંગે ચિંતિત છે. બાર કાઉન્સિલના વડા સાથે ચેમ્બર ઓફ કોમર્સ ઇન્ડસ્ટ્રીના નેતાઓને પણ નજરકેદ રાખવામાં આવ્યાં છે.

ભારતીય મીડિયા અને કાશ્મીર : ઇટ્સ માસ્ટર વોઇસ

મોટા ભાગના મીડિયાએ અસાધારણ અપવાદ બનવાના બદલે કાશ્મીર અને કાશ્મીરીઓની આ સૌથી મોટી કરૂણાંતિકાથી પોતાની પીઠ ફેરવી લીધી છે

(એજન્સી) તા.૩૧

પૂર્વ વડાપ્રધાન દિવંગત ઇંદિરા ગાંધી દ્વારા લાદવામાં આવેલ કુખ્યાત આંતરીક ઇમર્જન્સી દરમિયાન ભારતીય મીડિયાની ભૂમિકાને યાદ કરતા ભાજપના પીઢ નેતા લાલકૃષ્ણ અડવાણીએ જણાવ્યું હતું કે તમને નમવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તમે ભાખોડિયાભર ચાલવા લાગ્યા હતા.

વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી હેઠળ મીડિયા વધુ એક ડગલું આગળ વધ્યાં છે. નરેન્દ્ર મોદી ગુજરાતના કાર્યકાળથી ચોથી જાગીર માટે પોતાના સ્નેહ માટે જાણીતા છે. નરેન્દ્ર મોદી હેઠળ મીડિયા માત્ર ભાખોડિયા જ ભરતા નથી પરંતુ મોટા ભાગના મુદ્દાઓ

પર પોતાનું મોં, આંખ અને કાન બધુ ચુસ્તપણે બંધ રાખે છે. ભાજપે કાશ્મીર પર તાજેતરમાં જે નિર્ણયો લીધા છે તે મામલે ચોથી જાગીર એટલે કે મીડિયાએ સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લીધી છે.

પત્રકારો ખાસ કરીને ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો મોદી અને અમિત શાહની પ્રશંસા કરતાં થાકતાં નથી. ભાજપે કાશ્મીરમાં સત્તા કબજે કરી તેને લગભગ એક મહિનો થવા આવ્યો હોવા છતાં લોકો હજુ ઘરની અંદર પુરાયેલા જ છે. લોકો હવે પોતાના ઘરમાં કેદી તરીકે રહે છે. પરિવહન, હોસ્પિટલ અને કોમ્યુનિકેશન જેવી આવશ્યક સેવાઓ સ્થગિત કરવામાં આવી છે.

રાજ્યમાંથી પ્રસિદ્ધ થતાં ૨૦૦થી વધુ અખબારો અને અન્ય પ્રકાશનો પણ હાલ બંધ રાખવામાં આવ્યાં છે. આ સંભવતઃ વિશ્વનો સૌથી પ્રથમ અને સર્વવ્યાપી બ્લેકઆઉટ છે. અભૂતપૂર્વ કોમ્યુનિકેશન બ્લેકઆઉટનો વિરોધ કરીને કાશ્મીરમાં મીડિયા સાથે ઊભા રહેવાના બદલે તે પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ સરકારને પોતાનું સમર્થન આપવાનું પસંદ કર્યુ છે. જ્યારે સમગ્ર વિશ્વના મીડિયા કાશ્મીર પર કેન્દ્રીત છે ત્યારે મીડિયા વોચડોગે અખબારી સ્વાતંત્ર અને કાશ્મીરીઓના નાગરિક સ્વાતંત્ર પરના દમનકારી પગલાંને યથાર્થ ઠરાવવાનું પસંદ કર્યુ છે.

મુસ્લિમ બહુમતી વિસ્તાર મેવાતમાં રાજનીતિક જમીન શોધી રહી છે ભાજપ !

(એજન્સી) તા.૩૧

હરિયાણામાં આ ક્ષેત્રોમાં પણ રાજનીતિક તાસીર બદલાઇ રહી છે જે, ક્યારેક અલગ માર્ગ પર નજર આવતા હતા. મુસ્લિમ બહુમતી મેવાતમાં બદલાતી રાજનીતિ જમીનનો મોટો પુરાવો છે ત્યાં ભારત માતાની જયના સુત્ર મુખ્યમંત્રી મનોહરલાલની જન આશીર્વાદ યાત્રાથી ભાજપને મેવની રાજકીય જમીન હવે પોતાના માટે ઉપજાવ બનવાની આશા છે. સમાચાર મુજબ નૂંહ મુસ્લિમ બહુમતી વિસ્તાર છે. તેને ક્યારેક મેવાતના નામથી ઓળખવામાં આવતો હતો. એપ્રિલ ૨૦૧૬માં ભાજપ સરકારના મુખિયા મનોહર લાલે મેવાતનું નામ બદલીને નૂંહ કરી દીધુ હતુ. મેવાતનું નામ બદલવાની પાછળની અલગ જ વાર્તા છે. માનવીય સરોકારો અને લોકોના માન-સમ્માન સાથે

જોડાયેલી.

દિલ્હી- એનસીઆરમાં સામાન્ય રીતે મોટી આપરાધિક ઘટનાઓ થવા પર મેવાતીઓ પર શંકા કરવામાં આવતી હતી. જો કે, મેવાત કોઇ સ્થળ નથી પરંતુ એક ક્ષેત્ર છે, જે ઉત્તરપ્રદેશ તેમજ રાજસ્થાનમાં પણ છે.

જ્યારે પણ કોઇ આપરાધિક ઘટના થતી તો હરિયાણામાં પડતો મેવાત જિલ્લો બદનામ થવા લાગતો હતો. ભાજપે લોકોની આ પીડાને સમજી અને જિલ્લાનું નામ બદલીને નૂંહ રાખી દીધુ. સરકારના આ નિર્ણયથી મેવાતીઓનું માન-સમ્માન સુરક્ષિત થયુ.

પાલિકા નગરજનોને સુવિધા આપવામાં નિષ્ફળ ગઈ હોવાની ચર્ચાઓ વચ્ચે

અમરેલી નગરપાલિકા દ્વારા પાણી, સફાઈ, સ્ટ્રીટ લાઈટના દરમાં તોતિંગ વધારો કરવાની હિલચાલ

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૩૧

અમરેલી નગરપાલિકા દ્વારા નગરજનો ઉપર સફાઈ, પાણી અને સ્ટ્રીટ લાઈટોના વાર્ષિક કરોમાં ૧૦૦થી ૨૦૦ ગણો ભાવનો તોતિંગ વધારો કરવાની હિલચાલ હાથ ધરી છે. શહેરીજનોને નારપાલિકા દ્વારા એકપણ સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહી છે, રોડ-રસ્તા સ્ટ્રીટ લાઈટો પાણી અને અને સફાઈ સહિતના કામોમાં નિષ્ફળ રહી છે, ત્યારે નગરપાલિકા દ્વારા શહેરીજનો માથે ૧૦૦થી ૨૦૦ ગણો વાર્ષિક ભાવ વધારો નાખવામાં વધારે ઉતાવળી બની છે. નગરપાલિકા દ્વારા ૭/૯/૨૦૧૮ના રોજ સામાન્ય સભામાં ભાવ વધારાનો ઠરાવ કરવામાં આવેલ હતો, તે હવે અમલવારી કરવાની તૈયારીમાં છે, ઠરાવમાં જે ભાવ નક્કી કરવામાં આવ્યા છે, તેમાં રહેણાંક સફાઈ માટે વાર્ષિક કર ૯૬ રૂપિયા હતો, તેના બદલે દૈનિક ૧ રૂપિયો ગણી ૩૬૫ રૂપિયા વાર્ષિક કરવામાં આવેલ છે, તેમજ વ્યાપાર કરતા કરદાતાઓ માટે દૈનિક ૧૫૦ હતા, તેની બદલે ૫૪૭ દૈનિક ૧.૫૦ રૂપિયા કરવામાં આવેલ છે, તેમજ ઔદ્યોગિક માટે સફાઈ કર ૧૮૦ હતા, તેના બદલે ૭૩૦ રૂપિયા દૈનિક ૨ રૂપિયા લેખે ભાવ વધારેલ છે, તેમજ ખુલી જમીન માટે ૬૦ રૂપિયા હતા તેના માટે ૧૮૨ રૂપિયા વાર્ષિક ભાવ કરેલ છે, જયારે સૌથી વધુ પાણીના કરોમાં સીધોજ ૬૦૦ ના બદલે ૧૨૦૦ રૂપિયા ભાવ વધારો કરેલ છે જયારે સ્ટ્રીટ લાઈટોમાં વાર્ષિક ૫૦ રૂપિયા હતા તેના બદલે ૧૦૦ રૂપિયા કરવામાં આવેલ છે. નગરપાલિકા દ્વારા નવા કરો ના ભાવ બાબતે અખબારોમાં જાહેરાતો આપવામાં આવેલ છે અને જે કોઈ નાગરિકોને આ ભાવ વધારા અંગે વાંધા સૂચનો હોઈ તો ૩૦ દિવસમાં નગરપાલિકાને રજુ કરી શકશે.

લુમ્સના ધંધામાં ૧૦ લાખનું દેવું થઈ જતાં

સુરતમાં પિતા અને બે પુત્રએ દારૂની હોમ ડિલિવરીનો ધંધો ચાલુ કર્યો

પોલીસે બે કાર, દારૂના જથ્થા સાથે ૫.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરી જેલ હવાલે કર્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૧

મંદીના માહોલ વચ્ચે લુમ્સના ધંધામાં ૧૦ લાખનું દેવુ થઇ જતા દારૂ ની હોમ ડિલિવરીનો ધંધો શરૂ કરનાર પાંડેસરાના પિતા અને બે પુત્ર પોલીસે રૂપિયા ૨ લાખની મત્તાનો દારૂનો જથ્થો ઉપરાંત બે અલ્ટો કાર સહિત કુલ રૂપિયા. ૫.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરી પાંડેસરા પોલીસને હવાલે કર્યો છે.

સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળી હતી કે પાંડેસરા આશાપુરી વિસ્તારની દેવેન્દ્રનગર સોસાયટીમાં રહેતા રાજેશ ઉર્ફે રાજુ પ્રાણલાલ ખત્રી અને તેના બે પુત્ર દારૂનો ધંધો કરે છે. જેથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દેવેન્દ્ર નગરમાં ઘર નંબર ૧૦૩ માં રહેતા રાજેશ ઉર્ફે રાજુ ખત્રીને ત્યાં દરોડા પાડયા હતા. જયાંથી અલગ-અલગ બ્રાન્ડની દારૂની બોટલ, બિયર અને વોડકા મળી રૂપિયા. ૨ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. સ્ટેટ મોનીટરીંગ સેલે રાજેશ અને તેના બે પુત્ર દિવ્યેશ ખત્રી અને મિતુલ ખત્રીની ધરપકડ કરી પાંડેસરા પોલીસને હવાલે કર્યા હતા. પાંડેસરા પોલીસે પિતા રાજેશ અને બે પુત્ર દિવ્યેશ અને મિતુલની પુછપરછ હાથ ધરી હતી. જેમાં પિતા-પુત્રોએ કબુલાત કરી હતી કે તેઓ લુમ્સના ધંધા સાથે સંકળાયેલા હતા. પરંતુ ૧૦ લાખનું દેવુ થઇ ગયું હતું અને બીજી તરફ મંદીના કારણે દેવુ ભરપાઇ કરી શકાય તેવી સ્થિતી ન્હોતી. જેથી દમણના બુટલેગર અક્ષયનો સંપર્ક કરી દારૂનો ધંધો શરૂ કર્યો હતો. ઉચ્ચ બ્રાન્ડની દારૂની બોટલ મંગાવી પિતા-પુત્રો હોમ ડિલિવરી આપતા હતા અને તેમણે આ ધંધો છેલ્લા છ મહિનાથી કરતા હોવાની કબુલાત કરી હતી.

ધોલેરામાં રહેતા નેપાળી પરિવારનો કરૂણ બનાવ

સગી જનેતાએ પોતાના અઢી વર્ષના માસૂમ પુત્રનું ગળું કાપી પોતે પણ આપઘાત કરી લેતાં ચકચાર

વતન જવાની ઈચ્છા ધરાવતી પત્નીને પતિએ થોડા દિવસ પછી જવાનું કહેતાં તેણીને લાગી આવતાં ઘાતકી પગલું ભર્યું

(સંવાદદાતા દ્વારા) ધંધુકા, તા.૩૧

મા એક એવો વ્હાલભર્યો શબ્દ છે. જે સંતાનના મુખેથી સરતાજ મા તેના પડ્યા. બોલ ઝીલવા તૈયાર રહે છે, પરંતુ આ સંસારની એવી ક્રૂર માની કહાની છે. જેણે મા તે મા બીજા બધા વગડાના વા, જેવી કહેવતોને તદ્દન ખોટી ઠેરવી છે. ધોલેરામાં સગી માતાએ પોતાના અઢી વર્ષના માસૂમ બાળકનું ગળું કાપી પોતે પણ આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ઘટનાની જાણ થતા પોલીસ તથા ૧૦૮ની ટીમનો કાફલો પહોંચી જઈ મૃતદેહોને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

મળતી વિગત મુજબ ધોલેરા ખાતે દરજી શેરીમાં રહેતા અને મૂળ નેપાળના રહેવાસી બીર બહાદુર ધનસિંગ સુનાર (ઉ.વ.૨૩) ચાઈનીઝ ફૂડનો વ્યવસાય કરે છે. પરિવારમાં પત્ની શાંતિ અને પુત્ર લક્ષ્મણ હતો. પત્ની શાંતિબેને પતિને નેપાળ વતનમાં જવાની વાત કરી હતી. જો કે પતિ બીર બહાદુરે થોડા દિવસો બાદ જવાનું કહ્યું હતું. તેથી પતિ નેપાળ નહીં લઈ જાય તેવું પત્નીના મનમાં લાગી આવતા શાંતિબેને શુક્રવારે રાત્રે ઘરે કોઈ હાજર ન હોવાથી અઢી વર્ષના પુત્ર લક્ષ્મણ ઉર્ફે ગણેશનું ગળુ કાપી હત્યા કર્યા બાદ પોતે ગળા ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પંથકમાં અરેરાટી મચી જવા પામી છે. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ ધોલેરા પી.એસ.આઈ. ડી.જી.ગોહિલ ચલાવી રહ્યા છે.

મીઠાપુરનાં પોકસો એક્ટનાં ગુનામાં ૧ દિ' મોડી ચાર્જશીટ રજુ થતાં મહિલા પી.આઈ સસ્પેન્ડ

જામનગર, તા.૩૧

મીઠાપુરમાં ગયા વર્ષે નોંધાયેલા પોકસો એક્ટના એક ગુન્હામાં એક દિવસ મોડું ચાર્જશીટ થતા મીઠાપુર પોલીસ સ્ટેશનના પી.આઈને રાજયના પોલીસવડાએ ફરજ મોકુફ કરવાનો આદેશ કર્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના મીઠાપુરમાં કાયદો અને વ્યવસ્થા બાબતે કડક કામગીરી કરતા તથા પ્રજામાં પોલીસ પ્રત્યેની સારી છાપ ઉપસાવી શકનાર મીઠાપુર પોલીસ સ્ટેશનના મહિલા પીઆઈ ચંદ્રકલાબા જાડેજાને ગઈકાલે રાજયના પોલીસ વડા શિવાનંદઝાએ ફરજ મોકુફ કરવાનો હુકમ કરતા ચકચાર જાગી છે. કાયદા મુજબ સાંઈઠ દિવસમાં ચાર્જચીટ કરવાનું થતું હતું પરંતુ ઈન્ચાર્જ પીઆઈ સી.બી. જાડેજા દ્વારા એકસઠમાં દિવસે ચાર્જશીટ રજુ થતા આ ગુનાના આરોપીને જામીનમુક્ત થવાનો મોકો મળી ગયો હતો. તે બાબત જિલ્લા પોલીસવડા રોહન આનંદના ધ્યાનમાં આવતા તેઓએ પીએસઆઈ પરંતુ ઈન્ચાર્જ પીઆઈ સી.બી. જાડેજાને શીક્ષારૂપે દંડ ફટકાર્યો હતો. ત્યારપછી આ મુદ્દે ગઈકાલે રાજય પોલીસવડાએ ઈન્ચાર્જ પીઆઈને સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે.

છેલ્લા ૩ દિવસથી ડેન્ગ્યુના કેસોમાં સતત વધારો

જામનગરમાં વકરતા રોગચાળાથી લોકોમાં ભય : ડેન્ગ્યુના છ, મલેરિયાના બે કેસ

જામનગર,તા.૩૧

જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં છ દર્દીઓના ડેન્ગ્યુ અને બે દર્દીઓના મેલેરિયાના પોઝિટિવ રિપોર્ટ મળ્યા હતાં.

રોગચાળો જામનગરમાંથી દૂર થતો જ નથી, પરંતુ છેલ્લા ત્રણ દિવસથી ડેન્ગ્યુના કેસમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે.

ગઈકાલે જી.જી. હોસ્પિટલમાં છ દર્દીઓને ડેન્ગ્યુ થયો હોવાનો અને બે દર્દીઓને મેલેરિયાનો તાવ હોવાનો રિપોર્ટ મળ્યો હતો. તેના આગલા દિવસે ચાર અને તેના પછી આગલા દિવસે એક કેસ ડેન્ગ્યૂનો નોંધાયો હતો. આમ સતત વધતો જતો રોગચાળો અંકુશમાં આવતો નથી. પરિણામે લોકોમાં પણ દહેશત ફેલાયેલી જોવા મળે છે.

વડોદરામાં ધો.૫ની વિદ્યાર્થિની સાથે શિક્ષકે અડપલાં કરતાં ચકચાર

વડોદરા શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના શિક્ષક સામે ફરિયાદ નોંધાઈ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩૧,

વડોદરા શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાનાં શિક્ષક દ્વારા ધો.૫ની વિદ્યાર્થિનીની છેડતી કરી હોવાનો મામલો બહાર આવતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે વિદ્યાર્થિનીની માતાએ શિક્ષક સામે સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વિદ્યાર્થિનીને શાળામાં શિક્ષક દ્વારા છેડતી કરી અડપલા કરતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ધો.૫ની વિદ્યાર્થિનીની માતાએ સીટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૨૭મી ઓગષ્ટનાં રોજ પોતાની ધો.૫માં અભ્યાસ કરતી પુત્રીએ પોતાની માતાને ડરતા ડરતા પોતાની આપવીતી સંભળાવી હતી. પોતાના કલાસ ટીચર રમણ સર દ્વારા પોતાની સાથે તેમજ કલાસની અન્ય છોકરીઓ સાથે પણ ગંદા અડપલા કરતાં હોવાનું જણાવ્યું હતું. સાથે વિદ્યાર્થિનીએ પોતે શાળાનાં વોશ રૂમમાં જતાં બદનિયત ધરાવતો શિક્ષક પણ તેની પાછળ પાછળ જતો હોવાનું વિદ્યાર્થિનીએ ગભરાતા ગભરાતા માતાને જણાવ્યું હતું. આ અંગેની જાણ થયા બાદ વિદ્યાર્થિનીના પિતા શાળાએ પહોંચ્યા હતા અને હંગામો કરતાં આક્ષેપ ધરાવતો શિક્ષક રમણ ત્યાંથી રવાના થઇ ગયો હતો. પુત્રીનાં કલાસની અન્ય છોકરીઓને પણ આ મામલે પિતાએ તપાસ કરતાં વિદ્યાર્થિનીઓએ સાચું હોવાનું જણાવ્યું હતું.

વિદ્યાર્થિનીનાં પિતાએ આ મામલે શાળાનાં આચાર્યને મળી રજૂઆત કરતાં તેમને શિક્ષક રમણ માછી સામે કાર્યવાહી કરવાનું જણાવ્યું હતું. આ અંગે વિદ્યાર્થિનીની માતાએ સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર થઇ ગયેલા શિક્ષક રમણ માછીની શોધખોળ હાથ ધરી છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સ્કુલનાં શિક્ષકે વિદ્યાર્થિની સાથે કરેલા અડપલાનાં પડઘા સમિતિની સભામાં પડ્યા હતા અને શિક્ષકને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવાનો ઠરાવ કરાયો હતો.

સુરત મનપાના પ્રધાનમંત્રી આવાસ યોજનાના

૧૦૮૨ કરોડના વિવિધ પ્રકલ્પોની ડિજીટલ અનાવરણ વિધિ કરતા મુખ્યમંત્રી રૂપાણી

સુરત, તા.૩૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં વિકાસની ગતિશીલતા સાથે પર્યાવરણની ખેવના કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા સ્પષ્ટપણે કહ્યું કે, રાજયના દરેક શહેરોમાં "અર્બન ફોરેસ્ટ" ઊભા કરી હરિયાળા નગરો-મહાનગરો બનાવવા છે. મુખ્યમંત્રીએ સુરત મહાનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના રૂા. ૯૭૧ કરોડના કામો સહિત રૂ.૧૦૮૨ કરોડના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા.

તેમણે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ.૨૮૨.૨૨ કરોડના ખર્ચે નિર્મિત થનાર કેટેગરી ઈઉજી-૨ના કુલ ૩૯૫૧ આવાસોની કોમ્પ્યુટરાઈઝડ ડ્રો દ્વારા ફાળવણી તથા રૂા.૧૭૫.૫૧ કરોડના ખર્ચે નવનિર્મિત આવાસોનું લોકાર્પણ, લાભાર્થીઓને ચાવી અર્પણવિધિ તેમજ રૂ.૫૧૩.૬૧ કરોડના ખર્ચે નિર્મિત થનાર આવાસોનું ખાતમુહૂર્ત અને રૂા.૧૧૦ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત તકતીઓની અનાવરણ વિધિ કરી હતી.

મુખ્યમંત્રીએ વિકાસની સાથે પર્યાવરણની ચિંતા કરીને ૧૦ કરોડ વૃક્ષોના વાવેતરના નિર્ધાર સાથે ''ગ્રીન ગુજરાત કલીન ગુજરાત''ના મંત્ર સાથે હરિયાળુ સુરક્ષા કવચ ઊભુ કરવા અંગેની ભૂમિકા આપતા જણાવ્યું કે, શહેરોમાં લીલાછમ જંગલોનું નિર્માણ થાય તેવી આપણી નેમ છે. ધુમાડાઓ બંધ કરીને ઈલેકટ્રિક બસો, ઈ-વાહનોનો વધુને વધુ ઉપયોગ કરીને સ્વચ્છ અને પ્રદુષણમુક્ત વાતાવરણનું નિર્માણ થાય તે માટેની આગેવાની ગુજરાત લેશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

૨૦૨૨ સુધીમાં બે લાખ મકાનોની અગાશીઓ પર રૂફટોપ યોજના હેઠળ સોલાર પેનલો મૂકી ૩૦ હજાર મેગાવોટ ગ્રીન એનર્જી ઉત્પન્ન કરવાની દિશામાં ગુજરાત આગળ વધી રહ્યું છે એમ તેમણે કહ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય રાજયમંત્રી કિશોર કાનાણીએ જણાવ્યું હતું કે, ગરીબ અને મધ્યમવર્ગના લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે રાજય સરકાર કટિબદ્ધ છે. ભ્રષ્ટાચારની નાબુદી માટે તમામ વિભાગોની કામગીરી ઓનલાઈન કરી છે, જેના કારણે ભ્રષ્ટાચારની બારીઓ બંધ કરીને ઈમાનદારી પૂર્વકના નિર્ણયો રાજય સરકારે લીધા હોવાની વિગતો આપી હતી.

મેયર જગદીશ પટેલે જણાવ્યું હતું કે, દુનિયાના તેજીથી વિકસતા શહેરોમાં સુરત અગ્રેસર છે ત્યારે વિકાસની સાથે તાલ મિલાવીને મહાનગરપાલિકાએ ૧.૧૨ લાખ જેટલા ગરીબ પરિવારોના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કર્યું છે.

સુરતની મયુર સિલ્ક મિલમાં લાગેલી ભીષણ આગ : લાખોનું નુકસાન

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૧

પાંડેસરા જીઆઈડીસી પાસે આવેલી મયુર સિલ્ક મિલમાં વહેલી સવારે ૫:૧૫ વાગે પ્રચંડ આગ લાગતા ફાયરબ્રિગેડની ૧૧ ફાયર સ્ટેશનની ૨૦થી વધુ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી. જેમણે ભારે જહેમતપૂર્વક લગભગ સાડા ૬ કલાકથી વધુ સમય બાદ આગ પર કાબૂ મેળવી કુલીંગની કામગીરી શરૂ કરી છે. આગના કારણે વ્યાપક માત્રામાં કાપડનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો.

પાંડેસરા જીઆઈડીસીની મયુર સિલ્ક મિલ્સમાં શનિવારે વહેલી સવારે સવા પાંચ વાગ્યાના અરસામાં કારખાનાના ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નિકળતાં સમગ્ર વિસ્તારમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. રાજલક્ષ્મીના નામે ઓળખાતી મયુર સિલ્કમાં લાગેલી આગ પર કાબૂ મેળવવા મજુરા, ભાગળ, કતારગામ, ડુંભાલ, ડીંડોલી, ભેસ્તાન, માન દરવાજા સહિતના ૧૧ ફાયર સ્ટેશનોની ૨૦ ગાડીઓ, ટેન્કર, બાઉઝર સાથે લશ્કરો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જયાં સાડા છ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો અને કૂલિંગની કામગીરી હાથ ધરી હતી. આગ પ્રચંડ હતી પરંતુ સદનસીબે કોઈને જાનહાનિ કે ઈજા પહોંચી ન હતી. વહેલી સવારે લાગેલી આગના કારણે લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતાં. ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, મિલમાં કોઈ જ પ્રકારની ફાયર સેફ્ટી નહોતી. જેથી આગ વધુ પ્રમાણમાં પ્રસરી હતી. શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું અનુમાન સેવવામાં આવી રહ્યું છે. ફાયર વિભાગ દ્વારા મિલને નોટિસ ફટકારવામાં આવશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. તક્ષશિલા કાંડ પછીયે ફાયર સેફ્ટી પ્રત્યે દુર્લક્ષતા સેવવામાં આવી રહી હોવાથી ફાયરની ફૂટેલી કારતૂસો સામે પણ પગલાં ભરવામાં આવે એવી ચોતરફથી માંગ ઉઠી છે.

કોસંબા હાઈવે પર સાઈડ પર ઊભેલા વાહન સાથે કાર અથડાતા બેનાં મોત

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૩૧

કોસંબા નેશનલ હાઈ-વે પર સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે વ્યક્તિનાં મોત નિપજ્યા હતા જ્યારે ત્રણને ગંભીર રીતે ઈજા પહોંચી હોવાના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે. થર્ડ લેનમાં સાઈડ પર ઉભેલા વાહન સાથે ઈકો કાર ભટકાઈ જતાં આ પ્રકારની ઘટના સર્જાઈ હતી.

ભાવનગરના પાલીતાણાથી જીજે-૫-જેકે-૬૨૦૭ નંબરની ઈકો કાર સુરતના પાસોદરા તરફ આવી રહી હતી. મોડી સાંજે નીકળેલ કાર ચાલક કોસંબા પાસે કોઈ ઉભેલા અજાણ્યા વાહનની પાછળ ધડકાભેર અથડાઈ જતાં ભારે ધડાકો થયો હતો. કારની સ્પીડ એટલી હતી કે, આગળના ભાગનો કડુસલો વળી ગયો હતો. આ અકસ્માત બાદ આજુબાજુના વિસ્તારના લોકો મદદે દોડી આવ્યા હતા. કારમાં મોતને ભેટેલા લોકોને સ્થાનિકોએ આવીને કપડા ઓઢાડ્યા હતા. જ્યારે ઈજાગ્રસ્તોને હોસ્પિટલ લઈ જવાયા હતા. થર્ડ લેનમાં ઉભેલા વાહન સાથે ધડાકાભેર ઈકો ટકરાઈ હોવાથી જાનહાનિ નોંધાઈ હતી. એક્સિડન્ટ બાદ અજાણ્યો વાહનચાલક નાસી છૂટ્યો હતો. કવા પરિવારના પાંચેય સભ્યોમાં ભરત કવા ડ્રાઈવિંગ કરી રહ્યાં હતા. એક જ પરિવારમાં બે જણના મોતનાં પગલે કવા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. જેમાં ૬૦ વર્ષીય રસીકભાઈ કવા અને ૫૫ વર્ષીય ભાનુબેન અરવિંદભાઈ કવા મોતને ભેટ્યા હતા. જ્યારે ૪૮ વર્ષીય રાજુભાઈ બાબુભાઈ કવા, ૫૦ વર્ષીય ભરત કવા અને ૫૮ વર્ષીય ચંદ્રીકાબેન રસિકભાઈ કવાને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જયાં ચંદ્રીકાબેન કવાની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રિ.અલ્તાફખાં રાઠોડ તથા શબ્બીર હામદાણીની નિમણૂંક

પોરબંદરની સુન્ની અંજુમને ઈસ્લામ સંસ્થામાં બે વહીવટદાર નિયુક્ત કરતું વકફ બોર્ડ

પોરબંદર,તા.૩૧

પોરબંદરના સમગ્ર મુસ્લિમ સમાજની સર્વોચ્ચ સંસ્થા સુન્ની અંજુમને ઈસ્લામ સંસ્થામાં વહીવટ કરતી કમિટીને ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા બરખાસ્ત કરી વહીવટ માટે પોરબંદર જિલ્લા શિક્ષણ તાલીમભવનના પ્રિન્સીપાલ અલ્તાફખાં રાઠોડ તથા શબ્બીર અ.સતાર હામદાણીની નિમણૂંક કરાઈ છે.

પોરબંદર અંજુમને ઈસ્લામની ચૂંટણીને લઈને લાંબા સમયથી વાદવિવાદ ચાલી રહ્યો છે. સંસ્થાના પ્રમુખની ટર્મ્સ સમયમર્યાદા પૂર્ણ થયે ૧ વર્ષ કરતાં વધુ સમય વિતી ગયેલ હોય અને આજ દિવસ સુધી ચૂંટણી યોજાયેલ નથી.

સંસ્થાના પ્રમુખ હાજી ઈબ્રાહિમ પઠાણે આશરે ૧ વર્ષ પહેલાં અંજુમને ઈસ્લામ સંસ્થાની ચૂંટણી નવેસરથી યોજાય તે માટે ઓગસ્ટ-૨૦૧૮ના અંત સુધીમાં ચૂંટણી યોજાશે અને તેની તારીખ જાહેર કરવામાં આવશે. તેવી લેખિત ખાતરી આપી હતી. ત્યારબાદ હાજી ઈબ્રાહિમખાં પઠાણે સંસ્થાની નવેસરથી ચૂંટણી યોજાય તે માટે સેક્રેટરી મહામંત્રી આરીફ ડી.સુર્યા અને કમિટીના સભ્યોને જાણ કરીને રાજીનામાં આપી દીધેલ હતું. ત્યારબાદના આ સંસ્થાના વહીવટ સામે લોકોમાં પ્રશ્નો ઊભા થયા હતા. જેથી આ સમગ્ર ઘટનાની જાણ જમાતના પ્રમુખો અને સમાજના આગેવાનો ગુજરાત રાજ્ય વકફ બોર્ડ-ગાંધીનગર ખાતે દોડી ગયેલ અને સમગ્ર ઘટનાની જાણ કરેલ હતી અને સમાજના તે આગેવાનો સામે કાનૂની કાર્યવાહી કરેલ. જેમાં વકફ બોર્ડના ચેરમેનની સુચનાથી પોરબંદર ખાતે વકફ બોર્ડના તપાસ અધિકારી શ્રી શિરાજ માડકિયા આવી પહોંચ્યા હતા અને સમગ્ર મુસ્લિમ જમાતના પ્રમુખોએ અને આગેવાનોએ જણાવ્યું હતું કે, સમાજની ચૂંટણી ન થાય ત્યાં સુધી વહીવટદારને સંસ્થાનો વહીવટ સોંપવા વિનંતી કરેલ. જેના ભાગરૂપે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ બે વહીવટદારો તરીકે પ્રિ.અલ્તાફખાં રાઠોડ તથા શબ્બીર હામદાણીની નિમણૂંક કરાઈ છે. જેને મુસ્લિમ સમાજે આવકારેલ છે. એમ એક યાદીમાં સમાજ તરફથી જણાવાયું છે.

ચુસ્ત મનપા દ્વારા આકરો દંડ

શ્વાનને જાહેરમાં શૌચક્રિયા કરાવનાર યુવાનને ૩૦૦૦નો દંડ ફટકારાયો

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૩૧

સ્વચ્છતાના ક્રમમાં દેશભરની મહાનગર પાલિકાઓમાં દ્દ્ધું સ્થાન હાંસલ કરનાર સુરતને ગંદુ બનાવવાની કોશિશ કરનાર વધુ એક યુવાનને આકરો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઘટનામાં થુંકનાર સામે નહી પરંતુ પાલતું શ્વાનને જાહેરમાં શૌચ કરાવવાને મુદ્દે પાલિકાએ ૩ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

પાલિકાના અધિકારી રમણ નાયકા અને તેમના કર્મચારીઓ અડાજણ વિસ્તારમાં ગ્રુપ સફાઈ કરી રહ્યાં હતાં. બારેક કર્મચારીઓ સફાઈ કરતાં તે દરમિયાન વિશ્વજીત સંદીપ જેઠાણી નામનો યુવક તેના બે ડોગને શૌચ કરાવવા જાહેરમાં લઈને આવ્યો હતો. તેને આવું કરતા રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો અને દંડાત્મક જોગવાઈ વિશે માહિતગાર કરવામાં આવ્યો તો સામે નિયમો બતાવતાં વિશ્વજીતે એનિમલ એક્ટની થિયરી શરૂ કરી દીધી હતી. જોકે, ભારે વિનવણી પછીયે વિશ્વજીતે જીદ પકડી રાખતા આખરે સ્ટાફે જાહેરમાં શૌચ કરાતા શ્વાનના ફોટા પાડી પોલીસને બોલાવી હતી. અડાજણ પોલીસમાં અરજી આપનાર રમણ લાલ નાયકા સાથે શુક્રવારની સાંજે આ બબાલ થઈ હતી. પાલિકા દ્વારા યુવકને દંડ કરવામાં આવ્યો હોવાથી દિલ્હીનો રહીશ બોલાચાલી પર ઉતરી આવ્યો હતો. યુવકે અધિકારીને ધમકી અપાતા અડાજણ પોલીસ સ્ટેશનમાં રમણભાઈએ ફરિયાદની અરજી કરી હતી. બે દિવસ અગાઉ જાહેરમાં થૂંકનાર એક યુવક પાસે રૂપિયા ન હોવાથી દંડ અને જાગૃતિના ભાગરૂપે જાહેરમાં ઉઠબેસ કરાવવામાં આવી હતી. પુણા ગામ વિસ્તારમાં પાલિકાનો કામદાર જાહેરમાં થૂંક્યો હોવાથી લોકોએ પાલિકાના ઉચ્ચ અધિકારીઓને ઘટના સ્થળે બોલાવીને તેમનો દંડ વસૂલવાની ફરજ પાડી હતી.

૨ ટકા ટીડીએસ કપાતના કાયદાના વિરોધમાં

લુણાવાડા અનાજ એસોશિયન દ્વારા સોમ-મંગળ માર્કેટયાર્ડમાં ખરીદી બંધ રહેશે

(સંવાદદાતા દ્વારા) લુણાવાડા,તા.૩૧

લુણાવાડા અનાજ કઠોળ તેલીબિયા એસોશિયનની મીટિંગ માર્કેટયાર્ડ ખાતે મળી હતી. જેમાં ઊંઝા અનાજ વેપારી એસોશિયન દ્વારા એક કરોડથી વધારે રોકડ રકમ ઉપાડ પર ૨% ટીડીએસ કપાતના કાયદાના વિરોધમાં વેપાર-રોજગાર બંધ રાખી સહકાર આપવા બદલ આવેલ પત્રનો લુણાવાડા એસોશિયને સહકાર આપવાનું નક્કી કરેલ છે. જેથી સોમવાર-મંગળવાર માર્કેટયાર્ડ ખાતે વેપાર બંધ રહેશે.

૨% ટીડીએસ કપાતના કારણો માર્કેટયાર્ડના વેપારીઓને ખેડૂતોના માલના વેચાણના નાણાં રોકડા સ્વરૂપે ચૂકવવામાં ઘણી અગવડતા ઊભી થાય તેમ છે.

માટે અનાજ વેપારી એસોશિયનના પ્રમુખ ઈકબાલ સુરતી તથા મંત્રી શૈલેશ દોશી સહકારની અપેક્ષા રાખેલ છે.

મોરબીમાં જાંબુડિયા સીમમાં મહિલાની પથ્થરના ઘા ઝીંકી કરપીણ હત્યા

મોરબી, તા.૩૧

આજે મોરબીના જૂના જાંબુડિયા ગામની સીમ વિસ્તારમાં એક અજાણી મહિલાની પત્થરના ઘા ઝીંકી હત્યા કરાયેલી લાશ મળી આવતા ચકચાર મચી ગયો છે પોલીસે સ્થળ પર પ્રાથમિક તપાસમાં મહિલાનું પથ્થરથી માથું છૂંદીને ઘાતકી હત્યા કરી હોવાનું પોલીસે અનુમાન લગાવ્યું છે. જેનું સાચુ કારણ જાણવા મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી છે અજાણી મહિલાની કરપીણ હત્યા કરાયેલી લાશ પડી હોવાની જાણ મોરબી તાલુકા પીએસઆઈ એમ.વી. પટેલને થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. જ્યાં ઘટનાસ્થળનું નિરીક્ષણ કરીને આ મહિલાનું માથુ પથ્થરથી છૂંદી નાખીને હત્યા કર્યાનું પોલીસે પ્રાથમિક અનુમાન લગાવી સાચું કારણ જાણવા મહિલાના મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી છે મૃતક મહિલા પરપ્રાંતિય હોવાનું પ્રાથમિક અનુમાન છે.

અવસાન નોંધ

ઉના

ઉનાના મૂળ નિવાસી ડેન્ટીસ્ટ ડૉ. ચંદ્રકાન્ત પારેખ (હાલ રહે. અમેરિકા) (ઉ.વ.૭૧)નું અમેરિકા ખાતે અવસાન થયેલ છે. સદ્ગતની પ્રાર્થના સભા (સાદડી) તા.૧/૯/૧૯ રવિવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે ગાંધી કન્યા વિનય મંદિર, પોલીસ સ્ટેશન સામે, ઉના ખાતે રાખવામાં આવી છે.

GUJARAT STATE WAQF BOARD
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ
Dr. Jivrajbhai Mehta Bhavan, Block No.8, Gandhinagar
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ગાંધીનગર
વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬
વિષય : ''મસ્જીદ અલસ ઈબાદતગાહ વકફ કમિટી''

વડોદરામાં ટાંકી સાફ કરવાના ૨૬ લાખના બિલો મંજૂર કરવા

દોઢ લાખની માંગણી કરનાર મનપાનો કાર્યપાલક ઈજનેર લાંચ લેતા ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩૧

કોન્ટ્રાકટરનાં ટાંકીઓ સાફ કરવાનાં ૨૬ લાખ રૂપિયાનાં બિલો મંજુર કરવા દોઢ લાખ રૂપિયાની માંગણી કરનાર મહાનગર પાલિકાનાં પાણી પુરવઠા વિભાગનાં કાર્યપાલક ઈજનેર મુકુંદ પટેલ લાંચ લેતા એ.સી.બી.ના છટકામાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

પ્રાપ્ત થતી વિગત અનુસાર, પાણીની ટાંકીઓ સાફ કરવાનો કોન્ટ્રાકટ ધરાવતા કોન્ટ્રાકટરનાં ૨૬ લાખ રૂપિયાનાં બીલો કોર્પોરેશનમાં બાકી હોવાથી તેને પોતાના બિલો પાસ કરવા કોર્પોરેશનનાં પાણી પુરવઠા વિભાગનાં કાર્યપાલક ઈજનેર મુકુંદ પટેલનો સંપર્ક કર્યો હતો. મુકુંદ પટેલે ૨૬ લાખનાં બીલો મંજુર કરવા માટે દોઢ લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. કોન્ટ્રાકટર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે એ.સી.બી.નો સંપર્ક સાંધ્યો હતો. જેના પગલે એ.સી.બી.ની ટીમે આજે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસમાં છટકું ગોઠવી પાણી પુરવઠા વિભાગનાં કાર્યપાલક ઈજનેર મુકુંદ પટેલને કોન્ટ્રાકટર પાસેથી દોઢ લાખની લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડયો હતો. એ.સી.બી.નાં સપાટાને પગલે લાંચીયા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. એ.સી.બી.એ ઝડપાયેલા કાર્યપાલક ઈજનેર મુકુંદ પટેલ સામે કાયદેસરની કાર્યવાહી કરી તેના ઘરે સર્ચ કરવાની તજવીજ હાથ ધરી છે.

પાલનપુરમાં અમન એકતા હરિયાળી યાત્રાનો સમાપન સમારોહ યોજાયો

વૃક્ષો વાવવા ઈસ્લામમાં સદકાએ જરીઆ છે : મો.મહમુદ મદની

ભારત દેશ કોઈ એકનો નહીં, બધાનો છે : સ્વામી ચીદાનંદજી

કાનોમાં પડતાં ઝેરથી આપણે બચવું પડશે : સ્વામી

(સંવાદદાતા દ્વારા) પાલનપુર,તા.૩૧

દેશમાં વધુમાં વધુ વૃક્ષો વાવી તેને હરિયાળુ બનાવવા તથા દેશમાં ભાઈચારો અને એકતા બની રહે તે આશયથી ઋષીકેશથી નીકળેલી અમન એકતા હરિયાળી યાત્રાનો આજે પાલનપુરમાં સમાપન કરી ભવ્ય સમારંભ યોજાયો હતો. જેમાં હિન્દુ-મુસ્લિમ આગેવાનો સહિત હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઉપસ્થિત મો.મદની તથા સ્વામી ચીદાનંદ મહારાજે ઉપસ્થિત તમામને ઘરદીઠ ૧૧ વૃક્ષો વાવવા સંકલ્પ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે હજારોની મેદનીને સંબોધતા મો.મહમુદ અસદ મદનીએ જણાવ્યું હતું કે, વૃક્ષો વાવવા એ ઈસ્લામમાં સદકાએ જરીઆ છે. જમીનમાં રહેલા પાણીથી વૃક્ષોની જડ મજબૂત બને છે. મો.મદનીએ જણાવ્યું કે, જો આપણે આજના ગ્લોબલ વોર્મિંગના સમયમાં વૃક્ષોનું જતન નહીં કરીએ, તેને વધુમાં વધુ નહીં વાવીએ તો આવનાર પેઢીઓને ઓક્સિજન લેવું પણ ભારે પડશે.

(તસવીર :- અખ્તર ચૌહાણ, પાલનપુર)

જે પેઢી આપણને ક્યારેય માફ નહીં કરે. તેમણે જણાવ્યું કે, સરકારોના હાથે બદલાવ નથી આવતો પરંતુ દેશની પ્રજાથી બદલાવ આવે છે. મો.મદનીએ આ પ્રસંગે વધુમાં વધુ યુવાનો વૃક્ષો વાવવાની ઝૂંબેશમાં જોડાય તેવો આહ્વાન કર્યું હતું.

જમીઅતઉલમા તથા પરામર્શ નિકેતનના સહયોગથી નીકળેલી અમન એકતા હરિયાળી યાત્રામાં મો.મદની સાથે જોડાયેલા ઋષીકેશ સ્થિત પરામર્શ નિકેતન આશ્રમના અધ્યક્ષ સ્વામી ચીદાનંદ સરસ્વતીજીએ જણાવ્યું કે, ઋષીકેશથી પાલનપુર સુધીની યાત્રા કરવાનો મક્સદ ફક્ત એટલો જ છે કે, દેશમાં અમન-ભાઈચારો અકબંધ રહે તથા વધુમાં વધુ વૃક્ષો વાવી દેશને હરિયાળુ બનાવાય. તેમણે જણાવ્યું કે, આ દેશ કોઈ એકનો નથી બધાનો છે આપણે બધા ભેગા મળી તેને સજાવવાનું છે. સ્વામીએ વધુમાં કહ્યું કે, સફાઈ અલ્લાહને પ્યારી છે ગંદકી પસંદ નથી. ગંદકીએ સમાજમાંથી વિસર્જન થવું જોઈએ, ગંદકી અને બંદગી એક સાથે રહી શકતી નથી. તેમણે કહ્યું કે, કાનોમાં પડતા ઝેરથી આપણે બચવું પડશે. કોઈ ગરબડ થાય તો મુસ્લિમનું નામ આવે છે. જો કે હવે સમય બદલાશે, કોઈ સારી વાત, શાંતિની વાત હશે તો મુસ્લિમનું નામ આવશે. દેશમાં અમન માટે સાથે મળી કામ કરીશું. આ પ્રસંગે સ્વામીજીએ ઉપસ્થિત જનમેદનીને ઊભા રાખી હિન્દુસ્તાન ઝિંદાબાદના નારા બુલંદ કરાવ્યા હતા.

આ પ્રસંગે ડો.સુરેન્દ્ર ગુપ્તા, પ્રવીણભાઈ કોટક, જમીઅત ઉલમા બ.કાં.ના પ્રમુખ મો.અબ્દુલ કુદુસ, મો.હકીમુદ્દીન અનીફુરહમાન કુરેશીએ પ્રસંગરૂપ પ્રવચન કર્યું હતું જ્યારે જમીઅત ઉલમા બ.કાં.ના કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

વડોદરામાં ધો.૫ની વિદ્યાર્થિની સાથે શિક્ષકે અડપલાં કરતાં ચકચાર

વડોદરા શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના શિક્ષક સામે ફરિયાદ નોંધાઈ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૩૧,

વડોદરા શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાનાં શિક્ષક દ્વારા ધો.૫ની વિદ્યાર્થિનીની છેડતી કરી હોવાનો મામલો બહાર આવતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે વિદ્યાર્થિનીની માતાએ શિક્ષક સામે સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વિદ્યાર્થિનીને શાળામાં શિક્ષક દ્વારા છેડતી કરી અડપલા કરતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ધો.૫ની વિદ્યાર્થિનીની માતાએ સીટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૨૭મી ઓગષ્ટનાં રોજ પોતાની ધો.૫માં અભ્યાસ કરતી પુત્રીએ પોતાની માતાને ડરતા ડરતા પોતાની આપવીતી સંભળાવી હતી. પોતાના કલાસ ટીચર રમણ સર દ્વારા પોતાની સાથે તેમજ કલાસની અન્ય છોકરીઓ સાથે પણ ગંદા અડપલા કરતાં હોવાનું જણાવ્યું હતું. સાથે વિદ્યાર્થિનીએ પોતે શાળાનાં વોશ રૂમમાં જતાં બદનિયત ધરાવતો શિક્ષક પણ તેની પાછળ પાછળ જતો હોવાનું વિદ્યાર્થિનીએ ગભરાતા ગભરાતા માતાને જણાવ્યું હતું. આ અંગેની જાણ થયા બાદ વિદ્યાર્થિનીના પિતા શાળાએ પહોંચ્યા હતા અને હંગામો કરતાં આક્ષેપ ધરાવતો શિક્ષક રમણ ત્યાંથી રવાના થઇ ગયો હતો. પુત્રીનાં કલાસની અન્ય છોકરીઓને પણ આ મામલે પિતાએ તપાસ કરતાં વિદ્યાર્થિનીઓએ સાચું હોવાનું જણાવ્યું હતું.

વિદ્યાર્થિનીનાં પિતાએ આ મામલે શાળાનાં આચાર્યને મળી રજૂઆત કરતાં તેમને શિક્ષક રમણ માછી સામે કાર્યવાહી કરવાનું જણાવ્યું હતું. આ અંગે વિદ્યાર્થિનીની માતાએ સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર થઇ ગયેલા શિક્ષક રમણ માછીની શોધખોળ હાથ ધરી છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સ્કુલનાં શિક્ષકે વિદ્યાર્થિની સાથે કરેલા અડપલાનાં પડઘા સમિતિની સભામાં પડ્યા હતા અને શિક્ષકને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવાનો ઠરાવ કરાયો હતો.

બે યુવાનોનાં મોત બાદ તંત્ર જાગ્યું

અંકલેશ્વર : ૯ ફૂટથી વધારે ઊંચાઈની ગણેશ પ્રતિમાઓની હવે તપાસ થશે

અંકલેશ્વર, તા.૩૧

અંકલેશ્વરમાં ગણેશજીની ૨૬ ફૂટ ઉંચી પ્રતિમાને લાવતી વેળા વીજ કરંટ લાગવાથી બે યુવાનોના મોત થયા હતા. આ ઘટના બાદ વહીવટીતંત્ર સફાળુ જાગ્યું છે અને ૯ ફૂટથી વધારે ઉંચાઇવાળી ગણેશ પ્રતિમાઓની તપાસ કરવા માટે ટાસ્ક ફોર્સની રચના કરવાનો નિર્ણય લેવાયો છે.

ભરૂચમાં અધિક કલેક્ટર અંસારીની હાજરીમાં કલેકટર કચેરી ખાતે વહીવટી તંત્રના અધિકારીઓ, જાગૃત નાગરિકો અને ગણેશ મંડળના સંચાલકોની બેઠક યોજાઇ હતી. દર વર્ષે ૯ ફૂટથી વધારે ઉંચાઇની પ્રતિમાઓની સ્થાપના પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ બહાર પાડવામાં આવતું હોય છે પણ તેની અમલવારી કરાતી ન હોવાના આક્ષેપો થતાં આવે છે. અંકલેશ્વરની ઘટના બાદ આ વિવાદને હવા મળી છે. હવે વહીવટીતંત્રએ જી.પી.સી.બી., મામલતદાર, નગરપાલિકા અને પોલીસ વિભાગની સંયુક્ત રીતે ટાસ્કફોર્સ બનાવી પી.ઓ.પી.ની મુર્તિ બનાવનાર, વેચનાર અને સ્થાપના કરનાર સામે તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવાની જાહેરાત કરી હતી. ગણેશ ઉત્સવના લઈને તંત્રએ બહાર પાડેલ જાહેરનામાનો અમલ કોણ કરાવશે સહિતના મુદ્દાઓ બેઠકમાં ચર્ચાયા હતાં. જેમાં નગરપાલિકાના મુખ્ય અધિકારીએ જાહેરનામાનો અમલ કરાવવામાં અન્ય વિભાગોનો સાથ-સહકાર ન મળતો હોવાનો આક્ષેપ કર્યો હતો.

હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ અનંત દવેના હસ્તે

ભરૂચ ખાતે રાજ્યના બીજા સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્રનું લોકાર્પણ

ભરૂચ, તા.૩૧

ભરૂચ ખાતે રાજ્યના બીજા સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્રની સ્થાપના કરાઈ છે. હાઈકોર્ટના કાર્યકારી મૂખ્ય ન્યાયમૂર્તિ અનંત દવેના હસ્તે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.અનંત દવે, ન્યાયમૂર્તિ આર.એમ. છાયા, ન્યાયમૂર્તિ સિનિયા ગોકાણી, ન્યાયમૂર્તિ એન.વી. અંજારિયાના હસ્તે દીપપ્રાગ્યટયથી સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર ખુલ્લું મુકાયું હતું. આ ઉદ્‌ઘાટન પ્રસંગે ભરૂચ જિલ્લાના મુખ્ય ન્યાયાધિશ ઉત્કર્ષ દેસાઈ, એડી.જિલ્લા ન્યાયાધીશ અને સ્પેશિયલ પ્લોસ્કો જજ સમીર વ્યાસ સહિત ભરૂચના તમામ ન્યાયાધીશો, સરકારી વકીલો તથા બાર એશો.ના પ્રમુખ, હોદેદારો, વકીલ મંડળના સભ્યો, ન્યાય ખાતાના કર્મચારીઓ, પોલીસ અધિક્ષક તેમજ ભરૂચ શહેરની અગ્રણી સંસ્થાઓના હોદેદારો હાજર રહ્યા હતા.આ કેન્દ્ર જાતિય ગુનાઓ સહિતના વિવિધ ગુનાઓમાં ભોગ બનનારા અને બાળ સાક્ષી તથા વિવિધ જઘન્ય ગુનાઓમાં ભોગ બનનાર વિશિષ્ટ વર્ગ કે જેઓને કેસના બચાવપક્ષ તરફથી થતા અનુચિત પ્રભાવ કે દબાણ સામે રક્ષણ આપવાની જરૂર છે તેઓ માટે હશે.

સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર હેઠળ બાળ સાક્ષી કે ભોગ બનનાર માટે કોર્ટ રૂમમાં પ્રવેશ માટેની એક ખાસવિશિષ્ટ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે જેથી આરોપી પક્ષ તરફથી મળતા દબાણ અથવા પ્રભાવથી બચાવી શકાય. કોર્ટની મુલાકાત લેતા બાળકને પરંપરાગત કોર્ટ જેવો અનુભવ ન થાય તે માટે તેને માત્ર બાળ સાથી પ્રતિક્ષા ખંડ અને બાળ સાક્ષી નિવેદન કક્ષમાં બેસાડવામાં આવશે.

ઉપરાંત તે રમકડા, સેટ ટોપ બોક્ષ સાથેના ટેલીવીઝન સેટ બાળકોની મલ્ટીમીડિયા સામગ્રીથી સજ્જ કરાયું છે.

જાહેર નોટિસ

મહેરબાન જંબુસરના એડિ.ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ, સાર્વેબની કોર્ટમાં, મુકામ :- જંબુસર

અરજદારના વિ.વ.શ્રી એ.એસ.કરમાડવાલા
ફોજદારી પરચુરણ અરજી નંબર :- ૨૮૪/૨૦૧૯
આંક :- ૪

મુદત તારીખ : ૧૭/૦૯/૨૦૧૯

અરજદાર :- **ઠક્કર છાયાબહેન ઈન્દ્રવદન**
રહેવાસી : ૬, બાલજી વિહાર ટેનામેન્ટસ, મહેશ કોમ્પ્લેક્ષ પાછળ, વાઘોડિયા રોડ, વડોદરા

વિરૂદ્ધ

સામાવાળા :-
ચીફ ઓફિસર શ્રી - જંબુસર નગરપાલિકા નગરપાલિકાની કચેરી, જંબુસર, જિ.ભરૂચ

આથી જાહેર જનતાને આ જાહેર નોટિસ આપી જણાવવાનું કે ઉપરોક્ત દર્શાવેલ સદર અરજદારના પુત્ર નામે :- "વિકિ ઈન્દ્રવદન ઠક્કર"નો જન્મ તારીખ ૨૦/૦૮/૧૯૮૮ના રોજ મુકામ : જંબુસર, તાલુકા : જંબુસર, જિલ્લો : ભરૂચ મુકામ થયેલ. જે બાબતે ઉપરોક્ત દર્શાવેલ સામાવાળાની નગરપાલિકાની કચેરી જંબુસરના જન્મની નોંધણીના રજિસ્ટરમાં તેઓના પુત્ર નામે - "વિકિ ઈન્દ્રવદન ઠક્કર"ના જન્મની નોંધ કરે તેવો હુકમ મેળવવા ઉપરોક્ત દર્શાવેલ નંબરથી ફોજદારી પરચુરણ અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલી છે. જેથી સદરહું અરજદારના પુત્ર નામે - "વિકિ ઈન્દ્રવદન ઠક્કર"નાઓની જન્મની નોંધણી સામે કોઈ ઈસમને લાગતા વળગતાઓને કે અન્ય કોઈને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ)માં અત્રેની કોર્ટમાં હાજર થઈ કાયદેસરની રજૂઆત કરવી. જો નિયત મુદતમાં વાંધો રજૂ કરવામાં નહીં આવે તો નામદાર કોર્ટ દ્વારા નિયમાનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજની તારીખ ૨૯મી માહે ઓગસ્ટ, સને ૨૦૧૯ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

તૈયાર કરનાર (આર.કે.રોઝિયા) આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર (આઈ.સી.ઠાકોર) આસિસ્ટન્ટ | હુકમથી, (સતીશચંદ્ર ગાંધી) રજીસ્ટ્રાર

HDFC હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિ. — પઝેશન નોટિસ

શાખા : એચડીએફસી હાઉસ, ટ્રાયોન્ટ, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૩.
ફોન : ૦૨૬૫ - ૨૩૦૮૪૦૦, ૨૩૫૪૨૯૮, ૨૩૨૦૨૪૦ ફેક્સ : ૦૨૬૫ - ૨૩૫૩૨૭૧

હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડના અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને રિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચુકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચુકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

અનુ. નં.	બોરોઅર/કાયદેસરના વારસદાર અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ	૩૦ એપ્રિલ,૨૦૧૯ના રોજ બાકી લેણાં (રૂ.)	રિમાન્ડ નોટિસ તારીખ	પઝેશન તારીખ ફીઝિકલ/સિમ્બોલીક	સ્થાવર મિલકત(તો) / સગમત અસ્કયામત(તો) નું વર્ણન
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)
૧	શ્રી અફરોજ આલમ વકીલઅહમદ ૧૦૩૪૧-૧૧૨૬૧૧૩૪	રૂ. ૧૨,૩૯,૬૦૨/-	૨૭ મે, ૨૦૧૯	૨૭ ઓગસ્ટ, ૨૦૧૯ ફીઝિકલ	ફ્લેટ-જે-૩૦૧, અલનુર રેસિડેન્સી (બ્લોક-જે), નંદેસાર બસસ્ટોપ સામે, છાયજ રોડ, નંદેસાર, ભરૂચ-૩૯૨૦૦૧.
૨	શ્રી અજયકુમાર નરેશપ્રસાદ શર્મા ૧૬૩૧૯-૧૧૬૧૧૦૪૦	રૂ. ૧૩,૩૯,૦૫૩/-	૨૭ મે, ૨૦૧૯	૩૦ ઓગસ્ટ, ૨૦૧૯ ફીઝિકલ	ફ્લેટ-૦૦૨, ગ્રાઉન્ડ ફ્લોર, કોહિનૂર કો.ઓ.હા.સો.લિ. (વિભૂ), પ્લોટ નં.-૧૧૦૪, જીઆઈડીસી રેસિડેન્સીયલ પ્લોટ્સ, ન્યુ કોસોની, (જીઆઈડીસી), અંકલેશ્વર-૩૯૩૦૦૨.
૩	શ્રી નરેન્દ્ર દેવેશ (અવસાન પામેલ છે) ૧૦૩૮૧-૧૦૨૨૬૪૧૮	રૂ. ૫,૮૧,૮૦૩/-	૨૭ મે, ૨૦૧૯	૨૭ ઓગસ્ટ, ૨૦૧૯ ફીઝિકલ	૩૦૧, ત્રીજો માળ, શિવદર્શન રેસિડેન્સી-બી-૩ ટાવર, સિદ્ધિ વિનાયક સોસાયટી સામે, પી.ઓ.:કોસામડી, વાલીનાથ રોડ, ભરૂચ-૩૯૩૦૦૧.
૪	શ્રી રાજકુમાર રઘુનાથ મહેતા ૧૧૬૮૫-૧૦૧૫૮૧૦૦૨	રૂ. ૪,૦૪,૮૭૩/-	૨૭ મે, ૨૦૧૯	૨૭ ઓગસ્ટ, ૨૦૧૯ ફીઝિકલ	૧૮૮, હેપ્પી રેસિડેન્સી, વાયી રોડ, છપરા ચાટિયા વી ને. સા.-૮ રોડ, અંદાડા, અંકલેશ્વર, ભરૂચ-૩૯૩૦૦૨.
૫	શ્રી કીરિટકુમાર માનસંગભાઈ ચૌધરી ૧૦૧૬૧-૧૦૦૩૦૬૬૫	રૂ. ૯,૩૦,૦૪૩/-	૨૦ મે, ૨૦૧૯	૩૦ ઓગસ્ટ, ૨૦૧૯ ફીઝિકલ	૩૦૧, ગોકુલધામ રેસિડેન્સી, બ્લોક-૦૧, નવા તવરા, શુક્લતીર્થ રોડ, ઝાડેશ્વર ચોકડી, ભરૂચ-૩૯૨૦૦૧.
૬	શ્રી હસમુખભાઈ સોમાભાઈ પટેલ સીમતી કલ્પનાબેન હસમુખભાઈ પટેલ અને શ્રી અશિષકુમાર હસમુખભાઈ પટેલ ૧૮૩૮૨-૧૧૪૨૩૧૧૮	રૂ. ૨૪,૯૧,૧૦૯/-	૨૭ મે, ૨૦૧૯	૨૯ ઓગસ્ટ, ૨૦૧૯ સિમ્બોલીક	૧૦૩, પહેલો માળ, ડ્રીમ આઈકોનીઆ વીંગ-૦૧, પાટીદાર કોમ્પ્લેક્ષ, માંજલપુર અનિધિ ગૃહ પાસે, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧.
૭	શ્રી પ્રેમચંદ બી. ભારદ્વાજ (બોરોઅર) ૧૦૩૬૩-૧૧૧૧૨૮૨૧૦	રૂ. ૧૧,૮૩,૯૦૧/-	૧૭ મે, ૨૦૧૯	૨૯ ઓગસ્ટ, ૨૦૧૯ ફીઝિકલ	૪૦૩, સહજાનંદ ફ્લેટ્સ, પ્રમુખસ્વામી ટાવર-સી, રે.સ. નં.૧૧૯/પિકી-કે, આકૃતિ ફ્લેટ્સ પાછળ, વડસર બ્રિજ નજીક, વડસર, વડોદરા-૩૯૦૦૧૪.
૮	શ્રી કિરણ બીમનભાઈ પરિયાર (બોરોઅર) ૧૧૧૩૨-૧૧૨૧૦૦૬૧	રૂ. ૧૪,૮૭,૫૯૧/-	૨૦ મે, ૨૦૧૯	૨૯ ઓગસ્ટ, ૨૦૧૯ ફીઝિકલ	ફ્લેટ-૩૦૩, ત્રીજો માળ, કલીપામ રેસિડેન્સી, ટાવર-એ, પોલેમ્પર સોસાયટીની બાજુમાં, હનુમાનજી મંદિર સામે, ૨૪ મીટર સોલ્ડ-કરોડિયા રોડ, કરોડિયા, વડોદરા-૩૯૦૦૧૯.
૯	શ્રી સંદિપ નરવરસિંહ રાઠોલાજી (બોરોઅર) ૧૬૦૦૧-૧૦૦૨૮૧૧૮૦	રૂ. ૨૯,૨૯,૩૪૫/-	૦૨ મે, ૨૦૧૮	૨૯ ઓગસ્ટ, ૨૦૧૯ સિમ્બોલીક	૨૭, ડ્રીમ કેસલ બંગ્લોઝ, રે. સ. નં. ૧૩/૨, ૧૩/૧, ટેલિફોન એક્સ્ચેન્જ પાછળ, રેડિયટ મા નગર પાસે, મોમી જકાતનાકા સામે, વડોદરા-૩૯૦૦૨૧.
૧૦	શ્રી વિનત પ્રદીપ પટેલ (બોરોઅર) ૧૮૧૦૨-૧૨૦૧૮૦૦૧૬ અને ૧૧૬૩૨૧૧૨૦	રૂ. ૪૩,૧૩,૯૧૩/-	૨૦ મે, ૨૦૧૯	૩૦ ઓગસ્ટ, ૨૦૧૯ સિમ્બોલીક	ફ્લેટ-બી/૫૦૨, પાંચમો માળ, સાકાર ઓપ્યુલન્ટ-૨, ટાવર-બી, સાકાર ઓટીવ પાસે, સમા-સાવલી રોડ, વડોદરા-૩૯૦૦૦૨.
૧૧	શ્રી સુરેશભાઈ જે. ખારીઆ (બોરોઅર) અને પરસોત્તમભાઈ ખારીઆ (કો-બોરોઅર) ૧૮૦૦૬-૬૩૨૬૩૮૨૪, ૧૩૩૧૧૧૧૧ અને ૧૩૧૧૩૮૮૪	રૂ. ૨૧,૮૩,૮૧૦/-	૨૭ મે, ૨૦૧૯	૩૦ ઓગસ્ટ, ૨૦૧૯ સિમ્બોલીક	ફ્લેટ-૩૦૩, સાતમો માળ, શ્રીજી રેસિડેન્સી-ભરસાના, વાઘોડિયા-ડભોઈ રીંગ રોડ, વડોદરા-૩૯૦૦૧૯.
૧૨	શ્રી રશિકાન્ત ટી. વસિત (બોરોઅર) અને સંગ્રામસિંહ રત્નસિંહ વસિત (કો-બોરોઅર) શ્રી કિરણસિંહ એમ. ચૌહાણ (વેરન્ટર) ૧૮૦૧૦-૬૩૬૦૦૧૮૮ અને ૬૩૧૧૧૧૧૧	રૂ. ૧૨,૩૪,૩૮૯/-	૨૭ મે, ૨૦૧૯	૩૦ ઓગસ્ટ, ૨૦૧૯ સિમ્બોલીક	ફ્લેટ-એ/૪૦૮, ચોથો માળ, ખાલાજી દર્શન ટાવર-એ, રીલાયન્સ ફ્રેશની પાછળ, અનંત એલર્ટઝની બાજુમાં, વાઘોડિયા-આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯.
૧૩	શ્રી આગાહાસિલ એમ. શેખ (બોરોઅર) અને શ્રી શાહરૂખ નરસિંહા (વેરન્ટર) ૧૮૦૮૧-૧૧૪૮૦૧૮૮ અને ૬૧૧૧૧૧૧૧	રૂ. ૧૧,૦૪,૩૨૦/-	૨૭ મે, ૨૦૧૯	૩૦ ઓગસ્ટ, ૨૦૧૯ સિમ્બોલીક	ફ્લેટ નં.-૧૦૨, પહેલો માળ, માઝ રેસિડેન્સી, વિશ્વાસ ડિસ્ક-ડી-૧/૯, સૂર એનેક્સ, સેવન સી મોલ પાછળ, કેનેલગંજ, વડોદરા-૩૯૦૦૦૨.

* ઉપરનુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચુકવણી/જમા થાય ત્યાં સુધીના રહેશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી**ના અધિકૃત અધિકારી દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાવી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો **ફીઝિકલ/સિમ્બોલીક કબજો** મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાવી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરશે તો તે **હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ**ના ગિરો હકને આધિન રહેશે.

બોરોઅર(સી) / કાયદેસરના વારસ (દારો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયામત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સી) / કાયદેસરના વારસ (દારો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વિનંતી છે કે જે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

સહી/-
તારીખ : ૩૧-૦૮-૨૦૧૯
સ્થળ : વડોદરા
વતી હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિ.
અધિકૃત અધિકારી

રજી. ઓફિસ : રેમન હાઉસ, એચ.ટી. પારેખ માર્ગ, ૧૬૯, બેકબે રેક્લમેશન, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.
Corporate Identity Number : CIN : L70100MH1977PLC019916. E-mail : customercare@hdfc.com, Website : www.hdfc.com

પાલનપુરના ટ્રસ્ટ સાથે ટ્રેનિંગ કોર્ષના નામે ૧૩.૯૮ કરોડની છેતરપિંડી

રાજસ્થાનના જયપુર સ્થિત બિઝનેસા કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રમુખ સહિત ભળતા ટ્રેનિંગ સેન્ટરના સાત વહીવટકર્તાઓ સામે ફરિયાદથી ચકચાર

પાલનપુર, તા.૩૧

પાલનપુર ખાતે યુવક- યુવતીઓને કમ્પ્યુટર, સ્કિલ ડેવલપમેન્ટ સહિતના તાલિમ કોર્ષ કરાવી પ્રમાણપત્ર આપતા ટ્રસ્ટના પ્રમુખે રાજસ્થાનના જયપુર સ્થિત બિઝનેશ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે એમઓયુ કરી પાલનપુર ઉપરાંત સમગ્ર ગુજરાતમાં ૪૮ સેન્ટરોમાં કોર્ષ શરૂ કર્યા હતા. જોકે, કાઉન્સિલના પ્રમુખ સહિતના વહિવટદારોએ તાલીમાર્થીઓની ફી, ડિપોઝિટ અને સ્કોલરશીપ તેમજ ઓફિસ ખર્ચના રૂપિયા ૧૩.૯૮ કરોડ ન આપી પાલનપુરના ટ્રસ્ટના પ્રમુખ સાથે છેતરપીંડી કરતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે ટ્રસ્ટના સંચાલકે બિઝનેશ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનાના પ્રમુખ સહિત સાત વ્યકિતઓ સામે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુરમાં ચકચારી બનેલા છેતરપીંડીના કિસ્સાની વિગતો એવી છે કે, શહેરના બ્રિજેશ્વરી કોલોની ખાતે રહે

વિદ્યાર્થીઓ સ્કોલરશીપથી વંચિત રહે તે માટે

લઘુમતીઓને આવકના દાખલા જાણી જોઈને વધુ રકમના અપાતા હોવાની ફરિયાદ

આવકના દાખલા ૧ લાખથી ઓછી રકમના આપવા મુસ્લિમ આગેવાનોની રજૂઆત

અમદાવાદ, તા.૩૧

લઘુમતી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મેળવવા તલાટી કમમંત્રીનો આવકનો દાખલો મેળવવો ફરજિયાત છે અને સરકાર દ્વારા સ્કોલરશીપ મેળવવા રૂા.૧ લાખની આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે, પરંતુ કેટલાક વિસ્તારોમાં તલાટી કમમંત્રીઓ દ્વારા જાણીજોઈને રૂા.૧,૨૫,૦૦૦ કે તેથી વધુ રકમના આવકના દાખલા આપવામાં આવે છે, જેથી કરીને વિદ્યાર્થીઓ સ્કોલરશીપ મેળવવાથી વંચિત રહે. આથી મુસ્લિમ આગેવાનોએ વટવા અને વેજલપુરના માલતદારોને રજૂઆત કરી તેમના તાબા હેઠળના તલાટીઓને ૧ લાખથી નીચેની રકમનો દાખલો કાઢી આપવા સૂચના આપવા માંગ કરી છે.

નેશનલ સ્કોલરશિપ માટે આવકના દાખલા માં ગ્રામ પંચાયત - સરખેજ, મકતમપુરા મકરબા, વેજલપુર, ગ્યાસપુર અને શાહવાડી ના તલાટી કમ મંત્રી ઓ દ્વારા આવકના દાખલા જાણી જોઈને રૂપિયા ૧,૨૫,૦૦૦ કે તેથી વધુના આપવા માં આવે છે. જેના લીધે નેશનલ સ્કોલરશિપ મેળાવવાના ફોર્મ માં દાખલા નો સ્વીકાર થતો ન હોઈ ગરીબ વાલીઓ અપાત્ર ઠરતા હોઈ તેમને સ્કોલરશીપ નો લાભ મળતો નથી .

આ સંજોગોમા ગુણદોશ મુજબ જો આવક ના દાખલા રૂપિયા ૧ લાખથી નીચેની રકમના આપવામાં આવે તો નેશનલ સ્કોલરશિપ ના ફોર્મ જરુરિયાતમન્દ વિદ્યાર્થી દ્વારા ભરી શકાય અને તેનો ફાયદો વિસ્તારમાં વસતા દરેક કોમના નાગરિકોને સ્કોલરશિપ નો લાભ મળે તે હેતુથી આજરોજ વટવા મામલતદાર પટેલિયા અને વેજલપુર મામલતદાર ભટ્ટને કોંગ્રેસ માઈનોરીટી પ્રમુખ મકતમપુરા વોર્ડના શૌકત હુસેન મલેક, એક્શન ફોર જુહાપુરા ઈન્ફ્રાસ્ટ્રક્ચર મુવમેન્ટ (અજીમ ગ્રૂપ)ના દાઉદભાઈ કોઠારિયા તથા અમદાવાદ ટાસ્ક ફોર્સ(ATF)ના મનસુરીએ સબન્ધિત મામલતદારોને રજૂઆત કરતા તેઓશ્રીએ બહુ સારો પ્રતિભાવ આપેલ છે. તેઓ દ્વારા આવકનો દાખલો જે તે કેસોમા રુ ૧ લાખથી નીચેની રકમનો કાઢી આપવા માટે ઉપરની ગ્રામ પંચાયતોના તલાટી કમ મંત્રીઓને સુચના આપેલ છે.

દિવ્યાંગ મતદારો માટે વોટર હેલ્પલાઈન ટોલ ફ્રી નં.૧૯૫૦ની વિશેષ સુવિધા

રાજયભરમાં આજથી મતદાર ચકાસણીનો કાર્યક્રમ શરૂ : ઈ-માધ્યમોથી પણ તપાસી શકાશે

વિગતો સુધારવા, મૃત કે સ્થળાંતરિતના નામ કમી કરવા, નવો ઉમેરો કરવા વગેરેનો સમાવેશ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૧

ભારતના ચૂંટણી પંચ દ્વારા ફરી એકવાર મતદાર ચકાસણી કાર્યક્રમ શરૂ કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત તા.૧લી સપ્ટેમ્બર એટલે કે આવતીકાલથી રાજયભરમાં મતદાર ચકાસણીનો પ્રારંભ થઈ રહ્યો હોઈ મતદાર યાદીમાં મતદારોના ફોટા સહિતની વિગતોમાં સુધારો કરવા, અવસાન પામેલ કે સ્થળાંતર થયેલ મતદારોના નામો યાદીમાં દૂર કરવા સહિતની ચકાસણી વગેરે કામગીરી, મતદારો આ દરમિયાન કરી શકશે તેમ રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ.એસ.મુરલી કિષ્ણાએ જણાવ્યું છે.

મતદાર યાદીમાં પ્રમાણિકરણ માટે જે તે મતદારોએ ભારતીય પાસપોર્ટ, ડ્રાયવીંગ લાયસન્સ, આધાર કાર્ડ, રેશન કાર્ડ, સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ માટેનું ઓળખપત્ર, બેંક પાસબુક, ખેડૂત ઓળખ પત્ર, પાન કાર્ડ, રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર (NPR) હેઠળનું સ્માર્ટ કાર્ડ, અરજદારના અથવા તેમના તરતના સંબંધી જેવા કે માતા-પિતા વગેરેના નામે તે સરનામા પરનું છેલ્લું પાણી/ટેલીફોન/વીજળી/ગેસ જોડાણ બિલ પૈકી કોઈ એક રજૂ કરવાનો રહેશે.

મુખ્ય નિર્વાચન અધિકારીએ કહ્યું હતુ કે, આ કાર્યક્રમ દરમિયાન મતદાર યાદીમાં નામ અને અન્ય વિગતોની ચકાસણી અને સુધારાની સુવિધા (૧) Voter Helpline Mobile App દ્વારા, (૨) NVSP Portal દ્વારા, (૩) e-Gram કેન્દ્રો / નાગરિક સુવિધા કેન્દ્રો તથા (૪) સંબંધિત મતદાર નોંધણી અધિકારીની કચેરીના મતદાર સહાયતા કેન્દ્ર ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. e-Gram કેન્દ્રો / નાગરિક સુવિધા કેન્દ્રો ખાતે આ સુવિધા માટે નિયત કરેલ ફી રૂ. ૧ થી રૂ. ૩ સુધીની ચૂકવવાની રહેશે. આ ઉપરાંત દિવ્યાંગ મતદારોને ચકાસણી માટે Voter Helpline Toll Free No. 1950 મારફત સુવિધા આપવામાં આવશે.

Voter Helpline Mobile App ગુગલ પ્લે સ્ટોર / iOS App Store પર ઉપલબ્ધ છે. આ એપ્લીકેશન ભારતના ચૂંટણી પંચની વેબસાઈટ www.eci.gov.inના હોમ પેજ પર જમણી બાજુ નીચેના ભાગે આપેલ લીંક પરથી પણ ડાઉનલોડ કરી શકાશે તેમ તેમણે ઉમેર્યું હતું.

મતદાર યાદીમાં જરૂરી સુધારા માટે ફોર્મ-૮ તથા મરણ પામેલ કે સ્થળાંતરિત મતદારોના નામ કમી કરવા ફોર્મ-૭ તેમજ નવા મતદારોની નોંધણી માટે ફોર્મ-૬ ઓનલાઈન અપલોડ કરી ભરી શકાશે. નવા મતદારો માટે તા.૧-૧-૨૦૧૯ની લાયકાત તારીખ ગણતરીમાં લેવાની રહેશે.

ગુજરાત કોલેજમાં છેડતી બાદ મહિલા સફાઈ કર્મીનો આપઘાતનો પ્રયાસ

સુપરવાઈઝરે મહિલા સફાઈ કર્મીને કહ્યું, 'ચાલ મારી કારમાં બેસી જા સાહેબને કહીને નોકરીએ રખાવી દઈશ'

અમદાવાદ, તા.૩૧

શહેરની ગુજરાત કોલેજ અસામાજિક તત્વોનો અડ્ડો હોવાની વાતથી જાણીતી છે. હવે આ કોલેજમાં કામ કરતી એક મહિલા સફાઇકર્મી પણ છેડતીનો ભોગ બની છે. કોલેજના કોઇ વિદ્યાર્થીએ નહીં પરંતુ સુપરવાઇઝરે મહિલાકર્મીને ગાડીમાં બેસી જવાનું કહીને તેમજ સાહેબને વાત કરીને નોકરીએ રાખવાની લાલચ આપીને છેડતી કરી હતી. અગાઉ પણ આ ઘટના બનતા મહિલાએ કંટાળી ફીનાઇલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. મળતી માહિતી પ્રમાણે રાયખડમાં રહેતી ૪૦ વર્ષની મહિલા સાતેક વર્ષથી ગુજરાત કોલેજમાં સફાઇ કામદાર તરીકે નોકરી કરે છે. થોડા દિવસ પહેલા આ મહિલા કોલેજના ટ્યુટોરિયલ બિલ્ડિંગ ખાતે સફાઇ કરતી હતી ત્યારે સુપરવાઇઝરે અન્ય કર્મી સાથે સફાઇ કામદારોની મિટિંગનો મેસેજ આપ્યો હતો. સુપરવાઇઝરે તમામ મહિલાકર્મીઓને કામની વહેંચણી કરી હતી પરંતુ પીડિત મહિલાને કામ સોંપ્યું ન હતું. આ મામલે પૂછપરછ કરવામાં આવતા પીડિત મહિલાને બહાર કામ માટે મૂકી હોવાનું જણાવ્યું હતું.

બાદમાં મહિલાએ ફરી કામની વહેંચણી બાબતે પૂછતાં સુપરવાઇઝરે કહ્યું હતું કે, 'ચાલ તું ગાડીમાં બેસી જા, સિંગ સાહેબને વાત કીરને તને કામ અપાવી દઈશ.' આ વાતથી મહિલાને લાગી આવતા તે સુપરવાઇઝર સાથે ગઈ ન હતી અને અને બાથરૂમમાં જઇ ફીનાઇલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આખરે પોલીસને જાણ થતાં પોલીસે સુપરવાઇઝર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જુહાપુરાના મુસ્કાન ગાર્ડનમાં વૃક્ષારોપણ થકી કોમી એકતાની મહેક ફેલાઈ

આર.જે. તિબ્રવાલ કોમર્સ કોલેજના સીડબ્લ્યુડીસી અને મ્યુનિ. કોર્પોરેશનની સહાયતાથી જુહાપુરાના મુસ્કાન ગાર્ડન ખાતે વિવિધ ફૂલછોડ અને વૃક્ષો વાવવામાં આવ્યા હતા. જેમાં સીડબ્લ્યુડીસીના કન્વિનર પ્રો. ઉષા આટાન્ગર, શુભેન્દુ, સલોમી, હર્ષ ચૌહાણ, અમવાના ઝાકેરાબેન, રિઝવાનાબેન, મિઝબા વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા કમર કસી હતી. આ પ્રસંગે સીડબ્લ્યુડીસીના કન્વિનર અને અમવાના પ્રમુખ મહેરૂન્નીશા દેસાઈએ જણાવ્યું હતું કે, આજે અહીં અમન અને ભાઈચારાના બીજ વવાયા છે. મુસ્કાન ગાર્ડન તો હરિયાળું બનશે જ સાથે માનવીય સંબંધો પણ હરિયાળા બનશે. આ કામગીરીને મ્યુનિ. કોર્પોરેટર હાજી અસરાર બેગ મિરઝા અને પ્રી.ડૉ. હિતેન પરીખે આ કામગીરીને બિરદાવી હતી.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર કામ ટૂંકમાં દેખાવવા લાગી જશે

વડાપ્રધાન મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ઉપર ખર્ચનો આંકડો વધીને જુન ૨૦૧૯ સુધી ૩૨૨૬.૦૮ કરોડ સુધી પહોંચી ગયો

અમદાવાદ, તા. ૩૧

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પરનું કામ ૨૦૧૯-૨૦ના છેલ્લા ત્રિમાસિક ગાળાથી દેખાવવાની શરૂઆત થઈ જશે. વડાપ્રધાનના ડ્રિમ પ્રોજેક્ટ ગળાતા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર માળખાકીય કામ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના નાણાંકીય વર્ષના છેલ્લા તબક્કાથી શરૂ થઈ જશે. વરિષ્ઠ સરકારી અધિકારીઓ દ્વારા આ મુજબની માહિતી આજે આપવામાં આવી હતી. પ્રોજેક્ટ પરનું કામ નિર્ધારિત સમય મુજબ ચાલી રહ્યું છે. નિર્માણ કામગીરી માટેના કોન્ટ્રાક્ટ પણ આપી દેવામાં આવ્યા છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર નિર્માણ કામો ઝડપથી આગળ વધી રહ્યા છે. કોન્ટ્રક્ટ આપવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. સમયસર તમામ પ્રક્રિયાને પૂર્ણ કરવામાં આવી શકે છે. જાપાન બિઝનેસ એન્ડ ટુરિઝમ કાર્યક્રમમાં અધિકારીઓએ આ મુજબની વાત કરી હતી. અશોક કુમાર ચાવલાએ કહ્યું છે કે, કોન્ટ્રાક્ટ આપવાની પ્રક્રિયા એક બે મહિના મોડેથી શરૂ થઈ છે. આના માટે ટાર્ગેટ આ વર્ષે ઓક્ટોબર નવેમ્બર છે પરંતુ ડિસેમ્બર સુધી આ પ્રક્રિયા શરૂ થશે. કોન્ટ્રાક્ટ જુદા જુદા માળખા, સિવિલ અને ઈલેકટ્રિક કામગીરી માટે આપનાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, વડોદરામાં એચએસઆર પ્રોજેક્ટ માટે ટ્રેનિંગ સંસ્થાના વિકાસ સાથે કામગીરી શરૂ થશે. પ્રોજેક્ટ માટે જમીન અધિગ્રહણ અંગે વાત કરતા ચાવલાએ કહ્યું હતું કે, આ પ્રક્રિયા યોગ્ય ટ્રેક ઉપર છે. રેલવે જમીનના હિસ્સા અને સરકારી હિસ્સા પર કામગીરી થઈ ચુકી છે. જ્યા સુધી રેલવે માલિકીને જમીનનો મામલો છે ત્યાં સુધી આ પ્રશ્ન ટ્રાન્સફર સાથે સંબંધિત છે. સરકારી જમીન ટૂંકમાં જ ફાળવી દેવામાં આવશે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ મુંબઈ અને અમદાવાદને જોડનાર છે. આ પ્રોજેક્ટ પર ખર્ચનો આંકડો ૧.૮ લાખ કરોડનો હતો પરંતુ જુન ૨૦૧૯ સુધી ખર્ચનો આંકડો વધીને ૩૨૨૬.૦૮ કરોડનો થઈ ગયો હતો. મુંબઈ અને અમદાવાદને જોડતી આ બુલેટ ટ્રેન પર ટ્રેકની લંબાઈ ૫૦૮.૯ કિમી હશે. આ પ્રોજેક્ટને ૨૦૨૩ સુધી પુર્ણ કરવામાં આવનાર છે.

ઈન્ડિયા-જાપાન બિઝનેસ ટુરિઝમ કોન્ક્લેવ યોજાયું

અમદાવાદની પેટર્ન પર સુરતમાં પણ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટની નેમ વ્યક્ત કરતાં નાયબ મુખ્યમંત્રી

અમદાવાદ, તા.૩૧

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) ખાતે ઈન્ડિયા-જાપાન બિઝનેસ ટુરીઝમ કોન્ક્લેવને સંબોધતા કહ્યું કે વૈશ્વિક પ્લેટફોર્મ પર જાપાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું મેક ઈન ઈન્ડિયાનું સપનું સાકાર કરી રહ્યું છે. નાયબ મુખ્યપ્રધાનએ કહ્યું કે જાપાનની અનેક મોટી બ્રાન્ડ ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં રોકાણ કરવા આતુર છે તેનું કારણ ગુજરાતની પ્રોત્સાહક ઔદ્યોગિક નીતિ છે. તેમણે ઉમેર્યું કે વિશાળ ભારતીય બજારને વિકસાવવા માટે જાપાનની ટેકનોલોજી ઉપયોગી બની રહી છે.

નાયબ મુખ્યમંત્રીએ ગુજરાતમાં આકાર પામી રહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો ઉલ્લેખ કરતા કહ્યું કે ભારતની પબ્લીક ટ્રાન્સપોર્ટ સિસ્ટમને વિકસાવવામાં જાપાનની મહત્વની ભૂમિકા રહેશે.તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકારે મેટ્રો ફેઝ-૨ માં અમદાવાદ-ગાંધીનગર પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે અને ટૂંક સમયમાં તેનું કામ શરુ થશે. તેમણે અમદાવાદની પેટર્ન પર જ સુરતમાં પણ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ વિકસાવવાની નેમ વ્યક્ત કરી હતી. તેમણે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો કે બુલેટ ટ્રેનના પ્રોજેક્ટથી સ્થાનિક સ્તરે રોજગારી ઉભી થશે. ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે જાપાનમાં ઘણી તકો હોવાનું જણાવી ના.મુખ્યમંત્રીએ યુવાનોને જાપાનીઝ ભાષા શીખવા અનુરોધ કર્યો. ના.મુખ્યમંત્રીએ જાપાનના કોબે અને ગુજરાતના અમદાવાદ શહેરને ટ્વીન સીટી તરીકે વિકસાવવા થયેલી સમજૂતીનો ઉલ્લેખ કરી બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય અને શૈક્ષણિક ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ વધારવા પર ભાર મૂક્યો હતો.

આંતરશાળા સ્પર્ધામાં એફ.ડી. હાઈસ્કૂલ ફોર ગર્લ્સ બની અવ્વલ નંબર

એફ.ડી. હાઈસ્કૂલ ફોર ગર્લ્સને આંતરશાળા સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં સૌથી વધુ ઇનામ મેળવવા બદલ ચેમ્પિયન્સ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. એફ.ડી. એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત તમામ શાળા કોલેજના વિદ્યાર્થીઓની બે દિવસીય સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન મક્તમપૂરા સ્થિત ફૈઝ મોહમ્મદ શેખ મેમોરીયલ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. એફ.ડી. હાઈસ્કૂલ ફોર ગર્લ્સ દ્વારા સૌથી વધુ ઈનામો મેળવતા મહાનુભાવોના હસ્તે ચેમ્પિયન ટ્રોફી શાળાના આચાર્યા શ્રીમતી અનિસા શેખને આપવામાં આવી હતી. નીચે મુજબ સ્પર્ધાઓમાં વિદ્યાર્થિનીઓ વિજેતા થઈ હતી. નિબંધ મેમણ નાઝનીન, વકતૃત્વ પઠાણ ઇરમસબા, કાવ્ય પઠન અન્સારી અલસબા, શીઘ્રવક્તૃત્વ શેખ સાહેબા, એક પાત્રિયઅભિનય મંદોસરવાલા માહેનુર, સર્જનાત્મક કારીગરી અન્સારી આયનુર, ચિત્રસ્પર્ધા અન્સારી અફસાના, શૌર્યગીત બાલોલિયા સ્લીકા સમુહગીત શેખ ઉઝમા એન્ડ ગ્રુપ તમામને શાળા પરિવારે બિરદાવ્યા હતા.

નવ હાઈકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓના નામ નક્કી કરતું સુપ્રીમ કોર્ટ કોલેજિયમ

અલ્હાબાદ વડી અદાલતના વરિષ્ઠ જજ વિક્રમ નાથનું નામ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નક્કી કરાયું

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

નવ હાઈકોર્ટો માટે મુખ્ય ન્યાયમૂર્તિઓની સુપ્રીમકોર્ટ કોલેજિયમે ભલામણ કરી હતી. ચાર વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિઓના નામનો પણ સમાવેશ કરાયો હતો જેમના ટોચની કોર્ટમાં ફરજ માટે નામ મંજૂર કરાયા હતા.

મધ્યપ્રદેશ હાઈકોર્ટના વરિષ્ઠ જજ જે.કે. મહેશ્વરીની આંધ્રપ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ભલામણ કરવામાં આવી હતી. અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિશ અજેય લાંબાની ગોહાટી હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ભલામણ કરવામાં આવી હતી. પંજાબ અને હરિયાણા વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ પદે મધ્યપ્રદેશ હાઈકોર્ટના સિનિયર જજ રવિ શંકર ઝાના નામનું સૂચન કરાયું હતું. જ્યારે કર્ણાટિક હાઈકોર્ટના જસ્ટિશ એલ. નારાયણ સ્વામીને હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના મુખ્ય જજ બનાવવા સૂચન કરાયું હતું. ૨૮ ઓગસ્ટે યોજાયેલી કોલેજિયમની બેઠકમાં મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિશ એસ. મણિકુમારને કેરળ હાઈકોર્ટના ચીફ જસ્ટિશ બનાવવા ભલામણ કરાઈ હતી જ્યારે બોમ્બે હાઈકોર્ટના જસ્ટિશ ઈન્દ્રજીત મહંતીની રાજસ્થાન હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ભલામણ કરવામાં આવી હતી. અલ્હાબાદ હાઈકોર્ટના વરિષ્ઠ જજ વિક્રમ નાથ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નક્કી કરાયા હતા.

તરણેતરના લોકમેળામાં

૧થી ૩ સપ્ટેમ્બર દરમિયાન પશુ પ્રદર્શન હરિફાઈ યોજાશે

અમદાવાદ, તા.૩૧

રાજ્ય સરકારના પશુપાલન ખાતા દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ખાતેના લોકમેળામાં તા. ૧લી સપ્ટેમ્બરથી ૩જી સપ્ટેમ્બર ૨૦૧૯ દરમિયાન પશુ પ્રદર્શન હરિફાઈ-૨૦૧૯નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પશુ પ્રદર્શન હરિફાઈ રાજ્યના પશુપાલકોને ગીર, કાંકરેજ ગાયવર્ગ અને જાફરાબાદી, બન્ની ભેંસવર્ગના શુદ્ધ ઓલાદના ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પશુઓને મેળામાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. પશુ પ્રદર્શનમાં આવેલ પશુઓની ઓલાદ મુજબ ઉચ્ચ ગુણવત્તાની હરિફાઈ યોજી વિજેતા પશુઓને ઇનામો (પ્રથમ, દ્વિતીય, તૃતિય અને આશ્વાસન) આપવામાં આવશે. તેમજ દરેક વર્ગ પૈકી કોઈપણ એક વર્ગમાંથી એક શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવતા પશુને 'ચેમ્પિયન ઓફ ધ શો' નું ઇનામ આપવામાં આવશે આ અંગે વધુ માહિતી માટે પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અથવા વિભાગીય સંયુકત પશુપાલન નિયામકની કચેરી, રાજકોટ અથવા આપની નજીકની પશુ સારવાર સંસ્થાનો સંપર્ક કરવા પશુપાલન નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

ગુજરાત સરકારની જીસ્વાન વેબસાઈટ ત્રણ દિવસ બંધ રહેશે

અમદાવાદ, તા.૩૧

રાજ્ય સરકારની GSWAN (Gujarat State Wide Area Network) વેબસાઈટ ૩૧ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર સુધી બંધ રહેશે. જીસ્વાન આજે રાતના ૮ વાગ્યાથી ત્રણ સપ્ટેમ્બરના સવારના ૯ વાગ્યા સુધી બંધ રાખવામાં આવી છે. હાલ ગૃહ વિભાગમાં મેન્ટેનન્સ કામ ચાલી રહ્યું હોવાથી જીસ્વાન વેબસાઈટ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જીસ્વાન દ્વારા રાજ્ય સરકારની ૩૦૦ વેબસાઈટ અને ૪૦ એપ્લિકેશન ઓપરેટ થઈ રહી છે. જેને પગલે રાજ્યના નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ પહેલા રાજ્ય સરકારના ગાંધીનગર સ્થિત સ્ટેટ ડેટા સેન્ટરના મેન્ટેનન્સની કામગીરીને કારણે સરકારની તમામ વેબસાઈટો અને તેના દ્વારા અપાતી ઓનલાઈન સેવાઓ ૯થી ૧૨ ઓગસ્ટ એમ ત્રણ દિવસ માટે બંધ કરવામાં આવી હતી.

દરિયા કિનારે વાવાઝોડાની આગોતરી ચેતવણી માટે

૪૫ કરોડના ખર્ચે "અર્લી વોર્નિંગ ડિસિમિનેશન સિસ્ટમ"ને મંજૂરી

અમદાવાદ, તા.૩૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૧૬૦૦ કિલોમીટર લાંબો સમુદ્ર કિનારો ધરાવતા ગુજરાતમાં વાવાઝોડાની આગોતરી ચેતવણી લોકોને મળી રહે તે માટે રૂ. ૪૫ કરોડના ખર્ચે "અર્લી વોર્નિંગ ડિસિમિનેશન સિસ્ટમ" ઊભી કરવાની મંજૂરી આપી છે.

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા રાજયમાં વાવાઝોડાના ખતરાના નિવારણ માટે નેશનલ સાયક્લોન રિસ્ક મિટિગેશન પ્રોજેક્ટ અંતર્ગત નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને વર્લ્ડ બેક્ના સંયુક્ત ઉપક્રમે આ સિસ્ટમ ઊભી કરવામાં આવશે. વિજય રૂપાણીએ આ સિસ્ટમ શરૂ થયા પછી પાંચ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સ ખર્ચ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ બજેટમાં કરવાનો પણ નિર્ણય કર્યો છે.

SVS કક્ષાના મેળામાં એફ.ડી. જમાલપુરની વિદ્યાર્થિનીઓ ઝળકી ઉઠી

તા. ૩૦/૮/૨૦૧૯ના રોજ શુક્રવારે શ્રેયસ ફાઉન્ડેશન ખાતે અમદાવાદ ડીઈઓ કચેરી અને ડીઆઈઈટીના ઉપક્રમે એસવીએસ કક્ષાનો વિજ્ઞાનમેળો યોજાઈ ગયો. જેમાં ૫૦ શાળાઓએ ભાગ લઈ લગભગ ૮૫ જેટલા મોડેલ્સ રજૂ કર્યા હતા, વિજ્ઞાનમેળામાં એફ.ડી. હાઈસ્કૂલ ફોર ગર્લ્સની વિદ્યાર્થિનીઓ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વિભાગ-૨ અને વિભાગ-૪ માં વિજેતા જાહેર થઈ હતી. 'ઈન્સીફેલાઈટિસ' અને 'ઈ-વેસ્ટ' મેનેજમેન્ટ જેવા વિચારો ઉપર આધારિત આ મોડેલ્સ પ્રશંસા પાત્ર બન્યા હતા. આ પ્રસંગે ડીઈઓ અમદાવાદ સાથે શાળાના આચાર્યા શ્રીમતી એ.એ. શેખ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

બી-બોય સ્ટાર આરિફ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં પ્રવેશનાર પ્રથમ ભારતીય બન્યો

(એજન્સી) તા.૩૧

ફ્લાઈંગ મશીન તરીકે જાણીતો બનેલો જોગેશ્વરીનો આરીફ ચૌધરી બી-બોયિંગ વર્લ્ડ ચેમ્પિયનશીપ ફિનાલેમાં પ્રવેશનાર પ્રથમ ભારતીય બન્યો છે. ૯ નવેમ્બર ૨૦૧૯ના રોજ મુંબઈમાં આ ફિનાલે યોજાવવાની છે. એક સમાચાર પત્રના અહેવાલ પ્રમાણે આરીફે આ ફિનાલેમાં વાઈલ્ડ કાર્ડ વડે પ્રવેશ મેળવ્યો હતો. ત્રણ વાર નેશનલ ચેમ્પિયન બની ચૂકેલો ૨૧ વર્ષીય આરીફ બીસી વન ૨૦૧૯ ટાઈટલ જીતવા માટે ઉત્સુક છે.

બી-બોયિંગ શું છે ?

બ્રેકિંગ અથવા બી-બોયિંગ એથ્લેટિક સ્ટ્રીટ ડાન્સનો એક પ્રકાર છે. આરીફે આ ડાન્સ માટે કોઈ ઔપચારિક ટ્રેનિંગ લીધી નથી તે ફક્ત પ્રોફેશનલ્સ ડાન્સરોને જોઈ આ ડાન્સ શીખ્યો છે.

નવ વર્ષના કિશોરે માઉન્ટ કિલિમંજારો સર કર્યો, રશિયન શિખર પર નજર

(એજન્સી) તા.૩૧

અદ્વૈત, તેની માતા પાયલ ભારતીયા અને અભિયાન નેતા, સમીર પાઠમ, એડવેન્ચર સ્પોર્ટ્સ એજન્સી એડવેન્ચર પલ્સ, માચમે રૂટ પર જઈને ૩૧ મી જુલાઈના રોજ માઉન્ટ કિલીમંજરોની ટોચ પર પહોંચ્યા. છ વર્ષના અદ્વૈત ભારતીયા, આ ઉંમરે એવરેસ્ટ બેઝ કેમ્પમાં પહોંચનારા સૌથી યુવા ભારતીયોમાંના એક છે જેણે તાજેતરમાં તાંઝાનિયાના માઉન્ટ કિલીમંજરોને સ્કેલ કર્યો. તે નવ વર્ષનો છે. અદ્વૈત, તેની માતા પાયલ ભારતીયા અને અભિયાન નેતા, સમીર પાઠમ, એડવેન્ચર સ્પોર્ટ્સ એજન્સી એડવેન્ચર પલ્સ, માચમે રૂટ પર જઈને ૩૧ મી જુલાઈના રોજ માઉન્ટ કિલીમંજરોની ટોચ પર પહોંચ્યા હતા. કુટુંબ, જે ઉંધ સિંધ સમાજમાં રહે છે. તાજેતરમાં પૂણે પરત ફર્યા છે આ મહિનાની શરૂઆતમાં, પિમ્પલ સૌદાગરની ૧૦ વર્ષીય સાંઇ સુધીર કાવડેએ દક્ષિણ રશિયામાં માઉન્ટ એલ્બ્રસને સ્કેલ કર્યું હતું અને હવે આ વર્ષના અંતમાં ઓસ્ટ્રેલિયન શિખર પર ચઢવાની યોજના છે. પર્વત આરોહકોને આવી ઊંચાઈએ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, ત્યાં પાતળી હવા, વાતાવરણીય ઓક્સિજનમાં આશરે ૫૦ ટકા ઘટાડો અને તાપમાનમાં ઓછામાં ઓછા માઈનસ ૨૧ થી માઈનસ ૨૫ ડિગ્રી સેલ્સિયસ હોય છે.

પોતાની જાતને ચઢવા માટે તૈયાર કરવા માટે, અદ્વૈતે બે મહિનાના સમયગાળામાં કડક તાલીમ લીધી. તેના રૂટિનમાં એક કલાક માટે તરવું, બીજા કલાકમાં ફૂટબોલ, ક્રિકેટ અને ટેનિસ રમવા જેવી રક્તવાહિની તાલીમ અને ત્રીજા કલાક દરમિયાન ૧૦૦ ફ્લોર પર ચઅને પાર્કઆરની પ્રેક્ટિસ શામેલ છે. તેમના કુટુંબીજનોએ જણાવ્યું હતું કે અદ્વૈત અને તેની માતા પણ માઉન્ટ કિલીમંજરોની તૈયારી માટે લદાખ અને અન્ય સ્થળોએ ટ્રેક પર ગયા હતા. "આ ટ્રેક મુશ્કેલ પણ મનોરંજક હતો. જ્યારે હું એવરેસ્ટ બેઝ કેમ્પ પર પહોંચતો હતો, ત્યારે અમે લાકડાના મકાનોમાં રહેતા હતા, પરંતુ કિલીમંજારો ટ્રેક દરમિયાન, અમે તંબુમાં રહ્યા અને બરફ અને આસપાસના વિસ્તારના સંપર્કમાં આવતાં તે એક સારો અનુભવ હતો. હું ઝડપથી ટ્રેક પૂર્ણ કરી શક્યો હોત પરંતુ પર્વતો ખૂબ સુંદર હતા અને કુદરતી સૌંદર્યની પ્રશંસા કરવા માટે મેં વચ્ચે ઘણાં વિરામ લીધાં. હું આવતા વર્ષે માઉન્ટ એલબ્રસ ચઢવાની યોજના ઘડી રહ્યો છું, પરંતુ હવે શાળાએ પાછો આવ્યો છું અને હું ઉત્સાહિત છું." અદ્વૈતે કહ્યું. અદ્વૈતને માઉન્ટ કિલીમંજરોની શિખરથી ૧,૦૦૦ ફૂટ નીચે વધારાની મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો કારણ કે તેને ઘણી મુશ્કેલી આવી હતી. જો કે, તેણે સમીર અને તેમના તાંઝાનિયન માર્ગદર્શિકા સાથે ટ્રેક ચાલુ રાખ્યો.- પાયલ ભારત

બાંગ્લાદેશમાં બળજબરીપૂર્વક ગુમ કરી દેવામાં આવતા કર્મશીલો અંગે ઢાકાના સ્લમમાં લાગેલ આગ અને રોહિંગ્યા કટોકટી શું કહે છે ?

(એજન્સી) તા.૩૧

આ મહિનાના આરંભે બાંગ્લાદેશ આંતરરાષ્ટ્રીય હેડલાઈન્સમાં ચમક્યું હતું કારણ કે ઢાકાના મિરપુર વિસ્તારમાં એક વસાહતમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. રાતોરાત હજારો લોકો ઘરવિહોણા બની ગયા હતા.

હવે આ ઘટના અંગે એવા પ્રશ્નો પૂછવામાં આવી રહ્યાં છે કે કયા સંજોગોમાં આગ લાગી હતી અને સરકાર તરફી જૂથો આ વસાહત પર કેટલો અંકુશ ધરાવે છે અને તેમને ગેરકાયદે વીજળી અને પાણીના જોડાણ આપવા માટે કેટલી મોટી રકમમાં વસાહતીઓ પાસેથી નાણા ઉઘરાવે છે. આ જૂથોએ વડા પ્રધાન શેખ હસીના અને તેમના શાસક પક્ષ અવામી લીગને ૧૦ વર્ષથી સત્તા પર કબજો જાળવવામાં મદદ કરી છે તો બીજી બાજુ પડોશના મ્યાનમારમાં અત્યાચારોનો ભોગ બનેલા અહીં નાસીને આવેલા રોહિંગ્યા શરણાર્થીઓને એક યજમાન દેશ તરીકે આવકારવામાં આવે છે. આ બે અલગ અલગ ઘટનાઓ આપણને બાંગ્લાદેશના અદ્રશ્ય થયેલા, હત્યા કરાયેલા કે આઘાતમાં સરી પડેલા માનવ અધિકાર કર્મશીલો અંગે શું કહે છે ? બાંગ્લાદેશમાં કર્મશીલો, રાજકીય વિરોધીઓ અને પત્રકારોને ફરજીયાત રીતે અદ્રશ્ય કરી દેવામાં આવે છે એ વાત જાણીતી છે. બાંગ્લાદેશી માનવ અધિકાર જૂથ અધિકારીના જણાવ્યા અનુસાર ૨૦૦૯થી આ દેશમાં ૫૦૦થી વધુ લોકો ગાયબ થઇ ગયા છે અને તેમાંના ૬૨ મૃત હાલતમાં મળી આવ્યાં હતાં અને ૧૫૯ હજુ લાપત્તા છે.

પ્રમાણભૂત પુરાવા એવો આક્ષેપ કરે છે કે રાજય દ્વારા નિયંત્રીત દળો અથવા જૂથો ધોળા દિવસે આ કર્મશીલોને ઉઠાવી જાય છે જેમાં માઇકલ ચકમાનો પણ સમાવેશ થાય છે કે જે એપ્રિલથી ગાયબ છે. શિક્ષણવિદ મુબાસર હસનનું પણ નવે. ૨૦૧૭માં ધોળા દિવસે એક મહિના સુધી અપહરણ કરવામાં આવ્યું હતું અને બાંગ્લાદેશ નેશનલ પાર્ટી એટલે કે વિરોધ પક્ષના ઇલિયાસ અલી એપ્રિલ ૨૦૧૨માં અદ્રશ્ય થયાં હતાં કારણ કે તેમણે મણિપુરમાં વિવાદી ભારતીય ડેમના બાંધકામ પર સરકારની નિષ્ક્રિયતાની ઉગ્ર ટીકા કરી હતી. આ અંગે કેટલાક પીડિતો સાથે મુલાકાત બાદ એવું બહાર આવ્યું છે કે બાંગ્લાદેશી સત્તાવાળાઓને સમર્થન આપતા સરકાર તરફી જૂથોની કર્મશીલોને ગુમ કરવામાં મહત્વની ભૂમિકા છે. બીજું રોહિંગ્યા કટોકટીએ સત્તાવાળાઓને શાસક પક્ષના હરીફો વિરુદ્ધ નિર્લજ્જ માનવ અધિકાર ઉલ્લંઘન કરવા માટે હિંમત ખુલી ગઇ છે.

કાશ્મીરીઓ પ્રત્યે એકતા દર્શાવવા પાકિસ્તાનમાં 'કાશ્મીર અવર'ની ઉજવણી

(એજન્સી) તા.૩૧

શુક્રવારે કાશ્મીરના લોકો પ્રત્યે એકતા દર્શાવવા માટે પાકિસ્તાનના લોકો તેમના ઘરો, ઓફિસો તેમજ દુકાનોમાંથી બહાર આવતા સમગ્ર દેશ થંભી ગયો હતો. પાકિસ્તાનના રાષ્ટ્રપતિ ડો.આરીફ અલ્વી, વડાપ્રધાન ઈમરાનખાન, સમગ્ર સરકારી તંત્ર અને વિશાળ જનમેદનીએ બપોરે ૧૨ વાગ્યે એક સાથે મળીને કાશ્મીરીઓ પ્રત્યે ભાઈચારો દર્શાવ્યો હતો. બપોરે ૧૨ વાગે સમગ્ર પાકિસ્તાનમાં સાયરનો વાગી અને ઈસ્લામાબાદના બધા માર્ગો પર સિગ્નલો લાલ થઈ ગયા.

'કાશ્મીર અવર'ની ઉજવણી માટે ઈસ્લામાબાદના ફ કોન્સ્ટીટ્યુશન એવેન્યુમાં એક કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સંબોધિત કરતાં ઈમરાનખાને કહ્યું હતું કે, આજે સમગ્ર પાકિસ્તાન જ્યાં પણ પાકિસ્તાનીઓ છે, ભલે પછી તે અમારા વિદ્યાર્થીઓ હોય, દુકાનદારો હોય કે પછી મજૂરો હોય, આજે અમે બધા કાશ્મીરીઓના પડખે ઊભા છીએ. તેમણે કહ્યું હતું કે, કાશ્મીરીઓ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. લગભગ છેલ્લા ૪ અઠવાડિયાથી ૮૦ લાખ જેટલા કાશ્મીરીઓને કરફ્યુ બંધ કરી દેવામાં આવ્યા છે. ઈમરાનખાને કહ્યું હતું કે, જ્યારે પણ મુસ્લિમો પર અત્યાચાર થાય છે ત્યારે આંતરરાષ્ટ્રીય સમુદાય મૌન થઈ જાય છે. જો કાશ્મીરીઓ મુસ્લિમ ન હોત તો આજે સમગ્ર વિશ્વ તેમની પડખે ઊભો હોત. ઈમરાને કહ્યું હતું કે, ''કાશ્મીર અવર'' બનાવવાનો ઉદ્દેશ આ સંદેશ આપવાનો છે કે, પાકિસ્તાન અંતિમશ્વાસ સુધી કાશ્મીરીઓની પડખે ઊભું રહેશે.

જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓએ કાશ્મીર ખીણમાં કોમ્યુનિકેશન ઠપ કરવાનો વિરોધ કર્યો

(એજન્સી) તા.૩૧

શનિવારે નવી દિલ્હીમાં જંતર મંતર મેદાન ખાતે જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓએ કાશ્મીર ખીણમાં કોમ્યુનિકેશન ઠપ કરવા વિરુદ્ધ શાંતિપૂર્ણ દેખાવો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશમીરમાંથી ૫ ઓગસ્ટના રોજ કલમ ૩૭૦ હટાવી લીધા બાદથી બ્લોકેડની સ્થિતિ જોવા મળી રહી છે. અહીં નેતાઓની સાથે સાથે નાગરિકોને પણ ઘરમાં ત્યારથી જ કેદ કરી રાખવામાં આવ્યા છે. કેન્દ્રની મોદી સરકારે જમ્મુ-કાશમીરનો વિશેષ રાજય તરીકેનો દરજ્જો છીનવી લીધો

હતો અને તેની સાથે સાથે જમ્મુ-કાશ્મીરને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરી દીધો હતો. તેના બાદથી કાશ્મીરમાં તંગદિલીપૂર્ણ સ્થિતિ જોવા મળી રહી છે.

કાશ્મીરમાં હાલમાં ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાની સાથે સાથે લેન્ડલાઇન તેમજ કોમ્યુનિકેશનના તમામ માધ્યમ તેમજ ટીવી પણ બંધ છે. આ કારણે કાશ્મીરીઓની સ્થિતિ અત્યંત દયનીય થઇ ગઈ છે. જેટલા કાશ્મીરના નાગરિકો ચિંતિત છે તેના કરતાં કાશ્મીરની બહાર રહેતા અન્ય નાગરિકો તેમના પરિવારોની સ્થિતિ જાણવા માટે ચિંતિત છે. તેઓ આજ સુધી તેમના પરિવારનો સંપર્ક સાધી શક્યા નથી. ઉલ્લેખનીય છે કે મોદી સરકારને કલમ ૩૭૦ હટાવ્યાને લગભગ ૨૬ દિવસ વીતી ગયા છે. ત્યારથી કાશ્મીરમાં અનેક પ્રકારના પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. જોકે સરકાર તો એવો દાવો કરે છે કે ત્યાં છેલ્લા કેટલાક દિવસોથી ફોન અને ઈન્ટરનેટ સેવા શરુ કરી દેવામાં આવી છે.

સભ્ય સમાજની ચિંતા

૨૦૧૪માં મોદીએ સત્તા સંભાળ્યા બાદ આશરે ૯૦ ટકા લિંચિંગના કેસો નોંધાયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

લોકસભાની ચૂંટણીઓમાં ઘોર પરાજય બાદ વિપક્ષ ચુપ બેસી ગયો છે ત્યારે નરેન્દ્ર મોદી સરકારના બીજા કાર્યકાળની શરૂઆત થઇ છે ત્યારથી લિંચિંગની વધી ગયેલી ઘટનાઓ અંગે રાષ્ટ્રનું ધ્યાન કેન્દ્રીત કરવાની જવાબદારી હવે સભ્ય સમાજના અનુભવી અને પરિપક્વ શિક્ષણશાસ્ત્રીઓ, નામાંકિ ફિલ્મ નિર્માતાઓ, ઇતિહાસકારો અને સામાજિક કાર્યકરોની છે. નિર્દોષ લોકોની હત્યા કરવા માટે રામના નામનો દુરૂપયોગ કરવા તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ધ્યાન દોરવા માટે સિનેમા જગત, કલા, સક્રિયતા અને સાહિત્યના ક્ષેત્રોમાંની આશરે ૫૦ વિદ્વાનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર પાઠવ્યો છે. અદૂર ગોપાલકૃષ્ણન, અપર્ણાસેન, અનુરાગ કશ્યપ, બિનાયક સેન, રામચંદ્ર ગુહા, ગૌતમ ઘોષ, મણિરત્નમ, શ્યામ બેનેગલ,કેતન મહેતા અને શુભા મુદ્ગલ સહિતની અન્ય મહાન હસ્તીઓ દ્વારા વડાપ્રધાનને પાઠવવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે રામ બહુમતી સમુદાય માટે પવિત્ર છે અને રામનું નામ અપવિત્ર અને ભ્રષ્ટ કરવાનું બંધ કરો. તેઓએ એવો પુનરોચ્ચાર કર્યો કે ૨૦૧૪માં મોદીએ સત્તા સંભાળ્યા બાદ આશરે ૯૦ ટકા લિંચિંગના કેસો નોંધાયા છે.

તાજમહેલ ખાતે એરકન્ડિશન્ડ બેબી ફીડીંગ રૂમ ખુલ્લો મૂકાયો

(એજન્સી) આગરા, તા. ૩૧

ઐતિહાસિક તાજમહેલની મુલાકાત લેનારાઓ માટે એક ખુશખબર છે. ગુરૂવારે તાજ પરિસરમાં એરકન્ડિશન્ડ બેબી ફીડીંગ રૂમ ખુલ્લો મૂકાયો હતો. દરરોજ ૨૨,૦૦૦ મુલાકાતીઓ તાજમહેલની મુલાકાતે આવે છે જેમાં ભારતીયો અને વિદેશી મુલાકાતીઓનો સમાવેશ થાય છે. આ વર્ષની શરૂઆતમાં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાએ મહિલા મુલાકાતીઓને રાહત આપતા બાળકોને ધાવણ માટે રૂમ બનાવવાની જાહેરાત કરી હતી.

ભારતની કોઇ ઐતિહાસિક ઇમારતમાં પહેલીવાર બાળકોને ધાવણ કરાવવા માટે રૂમ બનાવાયો, માતાઓને તમામ પ્રકારની સવલત પૂરી પડાશે

તાજમહેલના નર્સિંગ રૂમનું ઉદ્ઘાટન ગુરૂવારે કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી પ્રહલાદસિંહ પટેલ દ્વારા કરવામાં આવશે. એએસઆઇના આર્કિયોલોજીના સુપ્રીન્ટેન્ડેન્ટ વસંતકુમાર સાવંતે જણાવ્યુ હતું કે, કોઇપણ ભારતીય વારસામાં આ પ્રથમ બેબી ફીડીંગ રૂમ છે. તેમણે ઉમેર્યું હતું કે, તાજમહેલ પરિસરમાં આવેલું આ ઓરડું ૧૨ બાય ૧૨ના માપનું છે. રૂમમાં ડાયપર ચેન્જિંગ ટેબલ, સોફાસેટ અને ખાસ કરીને તેના પર બાળકને સરળતાથી ધાવણ કરી શકાય તે રીતે બનાવાયા છે. આ ઉપરાંત અહીં ફ્લોર રબરની છે જેથી બાળકોને વાગે નહીં. માતાઓને દોરવણી કરવા માટે એક મહિલા કર્મચારીને મુકવામાં આવશે. ધાવણ કરાવતી મહિલાઓને માટે આ ગોપનીય રખાશે અને તે અત્યંત મહત્વનું છે.

શીખવવાની અનોખી કલા વડે સરકારી શાળાના વિજ્ઞાન શિક્ષકે દિલ જીત્યા

રાષ્ટ્રપતિના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનો ખિતાબ મળ્યો

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૩૧

કર્ણાટકની એક શાળાના વિજ્ઞાન વિષયના શિક્ષકે તેમની ભણાવવાની અનુપમ કલાથી હજારો વિદ્યાર્થીઓના દિલ જીત્યા હતા. જેમને ૫ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રપતિ એવોર્ડ પણ અપાયો હતો.

કર્ણાટકના તુમકુરૂના વતની શશિકુમાર (૪૨) નિલમંગલા જિલ્લાની યેલેકયાથનહલ્લી ગામની સરકારી શાળામાં વિજ્ઞાન વિષય ભણાવે છે. તેઓ રોજ ૬૦ કિ.મી. બાઈક પર મુસાફરી કરી શાળાએ પહોંચે છે. શાળામાં બાળકોને પ્રેમથી ભણાવવાની કલા તેમણે વિકસાવી છે. બાળકોને વિજ્ઞાનના પ્રયોગો માટે વિજ્ઞાનની લેબમાં ખૂબ જ પ્રોત્સાહન આપે છે. બાળકોને નવા નવા મોડેલ માટે પ્રેરણા આપી તેના ડેમો કરાવે છે જેથી બાળકોને વિજ્ઞાનમાં કૌશલ્ય વિકાસમાં તક મળે છે.

શાળા છૂટ્યા પછી પણ શશિકુમાર બાળકોને સમય આપી નવા સંશોધનો અને મોડેલો અંગેના વિચારો અને બાળકોને કામકાજને પ્રોત્સાહિત વિદ્યાર્થીઓ તેમને શશિસર કહી બોલાવતા અનુપમ શિક્ષણ માટે તેમને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ એવોર્ડથી નવી દિલ્હી ખાતે સન્માનિત કર્યા હતા.

શશિકુમારે પ્લાસ્ટિક, વોટર મેનેજમેન્ટ અંગે જાગૃતિ અભિયાન ચલાવ્યું છે. શાળા છૂટ્યા બાદ ધો.૧૦ના વિદ્યાર્થીઓ માટે વિશેષ કોચીગ આપે છે. ડો.નરેશ કે. જેઓ મૈસુરમાં એમડી મેડિસિનનો અભ્યાસ કરે છે તેઓ પણ શશિસરના વિદ્યાર્થી હતા. મોરારજી શાળામાં શશિસરે તેમને વિજ્ઞાન વિષય તરફ આકર્ષિત કર્યા હતા.

UPSC : 'તે અભ્યાસમાં વ્યસ્ત હતો' પત્નીએ પતિ પાસેથી છૂટાછેડા માગ્યા

(એજન્સી) ભોપાલ, તા.૩૧

મધ્યપ્રદેશના ભોપાલમાં યુપીએસસીની પરીક્ષાની તૈયારીઓ એક વ્યક્તિના છૂટાછેડાનું કારણ બની છે. યુપીએસસીની પરીક્ષાની તૈયારીઓ કરવામાં ભારે વ્યસ્ત પતિ તેની પત્નીને સમય ન આપી શક્યો હોવાથી પત્નીએ છૂટાછેડા લેવા માટે ફેમિલી કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. ભોપાલમાં જિલ્લા કાનૂની

UPSCની પરીક્ષાની તૈયારીઓ કરવામાં ભારે વ્યસ્ત પતિ તેની પત્નીને સમય ન આપી શક્યો હોવાથી પત્નીએ છૂટાછેડા લેવા માટે ફેમિલી કોર્ટમાં કેસ દાખલ કર્યો

સેવાની સત્તાના કાઉન્સેલિંગ સેશન દરમિયાન આ ઘટના બહાર આવી છે. ભોપાલના કતારા હિલ્સ ખાતે પતિ સાથે રહેતી મહિલાએ એવી ફરિયાદ કરી છે કે તેનો પતિ આખો દિવસ સિવિલ એક્ઝામની તૈયારીઓમાં વ્યસ્ત રહે છે અને પોતાના અભ્યાસમાં જ ખોવાઇ ગયો છે. પતિ તેની તરફ જરાય ધ્યાન આપતો નથી કે તેની સાથે વાતચીત પણ કરતો નથી. મહિલાના કાઉન્સિલરના જણાવ્યા મુજબ પત્ની શોપિંગ કરવા કે ફિલ્મ જોવા માટે બહાર જવાનું કહે છે ત્યારે પતિ તેમાં કોઇ રસ લેતો નથી અને સંબંધીઓને મળવા માટે તેને લઇ જતો નથી. આ બધી બાબતોથી કંટાળીને પત્નીએ પતિ પાસેથી છૂટાછેડા લેવાનું પગલું ભર્યું છે.

અધ્યયન કહે છે : હરિયાણાના લગભગ અડધા કેદીઓને પોલીસ ત્રાસનો સામનો કરવો પડે છે

(એજન્સી) તા.૩૧

કેદીઓના ત્રાસનો વ્યાપ એ એવો છે કે, જે મોટાભાગના લોકો વ્યાપકપણે સ્વીકારે છે અને કેટલાક સ્પષ્ટ રીતે ટેકો આપે છે. આ સંદર્ભમાં, એનજીઓ કોમનવેલ્થ હ્યુમન રાઇટ્સ ઇનિશિયેટિવ (સીએચઆરઆઈ)ના તાજેતરના અહેવાલમાં જેલો કેવી રીતે ચલાવવામાં આવે છે તેના પર ઘણા ભયંકર વિગતો બહાર આવી છે. જ્યારે આવા ત્રાસનો વ્યાપ ભાગ્યે જ નવી માહિતી હોય છે, તે રસપ્રદ છે કે તેની સામે અનેક સલામતી હોવા છતાં તે કેવી રીતે થાય છે. "જેમ કે, ત્રાસ આપવાની કલ્પના આપણી સંસ્કૃતિ માટે સંપૂર્ણપણે વિચિત્ર છે અને રાષ્ટ્રના શાસનમાં તેનું કોઈ સ્થાન નથી." ત્રાસ અંગે ભારતની સત્તાવાર સ્થિતિ સંભવિત રીતે મે ૨૦૧૭માં તત્કાલીન એટર્ની જનરલ મુકુલ રોહતગીએ સંયુક્ત રાષ્ટ્રની માનવ અધિકાર પરિષદ (યુએનએચઆરસી) સમક્ષ કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું. જો કે, કેદીઓના ત્રાસનો વ્યાપ તે એવો છે કે, તે વ્યાપક સ્વીકાર કરવામાં આવે છે અને કેટલાક સ્પષ્ટ રીતે ટેકો આપે છે. આ સંદર્ભમાં, એનજીઓ કોમનવેલ્થ હ્યુમન રાઇટ્સ ઇનિશિયેટિવ (સીએચઆરઆઈ)ના તાજેતરના અહેવાલમાં જેલ કેવી રીતે ચલાવવામાં આવે છે તેના પર અનેક ભયંકર વિગતો બહાર આવી છે.

આ અધ્યયનમાં જાણવા મળ્યું છે કે ઇન્ટરવ્યુ લીધેલા લગભગ અડધા કેદીઓ (૪૭ ટકા) લોકોએ પોલીસ કસ્ટડીમાં ત્રાસ સહિત, માનહાનિ અને અમાનવીય વર્તન કર્યાનો દાવો કર્યો હતો. ત્રાસ આપવાની પદ્ધતિઓ મૌખિક દુર્વ્યવહાર અને થપ્પડથી માંડીને ઇલેક્ટ્રિક આંચકા, વોટરબોર્ડિંગ અને જાતીય અવયવોને નુકસાન જેવા વધુ ગંભીર સ્વરૂપો સુધી લપસી રહી છે. રિપોર્ટમાં મહિલા કેદીઓને ત્રાસ આપવા જેવા અવિશ્વસનીય પાસાઓ ઉપર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. બહુવિધ સ્ત્રી કેદીઓએ શારીરિક ત્રાસ, જાતીય શોષણ અથવા જાતીય શોષણની ધમકી આપી હોવાનો દાવો કર્યો હતો. બે મહિલા કેદીઓએ કહ્યું કે તેમને ઇલેક્ટ્રિક આંચકા આપવામાં આવ્યા હતા.

જ્યારે આવા ત્રાસનો વ્યાપ ભાગ્યે જ નવી માહિતી છે, તે રસપ્રદ છે કે અનેક સલામતી હોવા છતાં તે કેવી રીતે થાય છે. આમાંથી એક ફોજદારી કાર્યવાહીની સંહિતા (સીઆરપીસી) ની કલમ ૫૪ છે, જે અંતર્ગત આરોપી કોઈ મેજિસ્ટ્રેટને તેને ત્રાસ આપતો હોવાની માહિતી આપી શકે છે, અને મેજિસ્ટ્રેટ પાસેથી ડોક્ટરને આરોપીની તપાસ કરવા કહેવાની અપેક્ષા રાખવામાં આવે છે.

પશ્ચિમ બંગાળના રાજ્યના ડી.કે. બાસુ વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટના ચુકાદામાં નિર્દેશ આપવામાં આવ્યો છે કે જો આરોપી વિનંતી કરે તો ધરપકડ સમયે તેમની તબીબી તપાસ કરી શકાય છે, અને જે ઈજાઓ છે તે નોંધી શકાય છે. ચુકાદામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આરોપીની તબીબી તપાસ પોલીસના કબજામાં દર ૪૮ કલાકે એક પ્રશિક્ષિત વ્યાવસાયિક દ્વારા કરવી જોઈએ. જો કે, આ સલામતીનો અર્થ નકામો છે જ્યારે આરોપી તેમના હકથી અજાણ હોય અને કાનૂની રજૂઆત નબળી હોય. અધિકારીઓની ક્રિયાઓ અને નિષ્ક્રિયતા દ્વારા ઉલ્લંઘન પણ થઇ શકે છે. દાખલા તરીકે, સીએચઆરઆઈ અહેવાલમાં એક એવા કેદીનો ઉલ્લેખ છે જેને ત્રાસ દરમિયાન તેના અંડકોશને ગંભીર ઈજાઓ પહોંચાડાઈ હતી અને તેને બે શસ્ત્રક્રિયાઓ કરવી પડી હતી.

કેદીએ દાવો કર્યો હતો કે, જેલમાં પ્રવેશ્યા પછી જેલના તબીબી અધિકારીએ તેની પ્રથમ તબીબી તપાસ દરમિયાન તેની જુબાની નોંધી નથી. આ હરિયાણા જેલ મેન્યુઅલના માર્ગદર્શિકાનું ઉલ્લંઘન છે જેમાં જણાવાયું છે કે, ડોક્ટરે બધા નવા પ્રવેશ પામેલા કેદીઓની કાળજીપૂર્વક તપાસ કરવી જોઈએ અને જ્યારે "શરીર પર ઈજાઓ વાળા કેદીને પોલીસ કસ્ટડીમાંથી જેલમાં દાખલ કરવામાં આવે છે, ત્યારે તેની તુરંત તપાસ તબીબી અધિકારી દ્વારા કરવામાં આવશે."

એ જ રીતે અહેવાલમાં એક મહિલા કેદીનો પણ ઉલ્લેખ છે જેણે કહ્યું હતું કે, તે ડરને કારણે મેજિસ્ટ્રેટ સામે તેની યાતના વિશે બોલતી નથી, અને મેજિસ્ટ્રેટે તેને આ સંદર્ભમાં કોઈ સવાલ ઉઠાવ્યો નથી. આમ, જો મેજિસ્ટ્રેટે તેને પૂછ્યું હોત કે, શું તેણીને ત્રાસ સહન કરવો પડ્યો હતો, તો કેદીએ અદાલતમાં તેના ત્રાસ વિશે કહેતા. તદુપરાંત, સીએચઆરઆઈના અહેવાલમાં જણાવાયું છે કે, તેની ટીમને એક પણ જેલ મળી નથી જે કેદીઓને દાખલ થયા પછી પોલીસ ત્રાસ આપવાની ફરિયાદો સ્વીકારે.

રિપોર્ટના મુખ્ય લેખક, સબિકા અબ્બાસ, ફર્સ્ટપોસ્ટ સાથે વાત કરતાં, જણાવ્યું હતું કે, "ઘણા કેદીઓ અધિકારીઓ સમક્ષ આવી બાબતોનો ખુલાસો કરવાનું પસંદ કરતા નથી કે ડરથી ફરીથી પોલીસ દ્વારા તેમના પર અત્યાચાર ગુજારવામાં આવે. તદુપરાંત, અમારો અનુભવ એ હતો કે કેટલાક કેસોમાં, ડોક્ટરો કેદીઓને પૂછતા નથી કે તેઓને પોલીસ કસ્ટડીમાં કોઈ યાતનાનો સામનો કરે છે. કેટલીકવાર, જ્યારે કેદીઓ પોલીસ સામે આવા આક્ષેપોનો ઉલ્લેખ કરે છે, ત્યારે પણ ડોક્ટરો તેમના અહેવાલોમાં તેમનો ઉલ્લેખ કરતા નથી."

ત્રાસના સંકેતોને ઓળખવા માટે લઈ શકાય તેવા પગલાઓની યાદીમાં તેમણે ઉમેર્યું હતું કે, "કેદીઓને તપાસવા માટે ડોક્ટરો જે રીતનો ઉપયોગ કરે છે તેમની પાસે આવી ઈજાઓ માટે ચોક્કસ કોલમ હોવી જોઈએ. આગળ, જિલ્લા કાનૂની સેવા સત્તાવાળાઓ (ડીએલએસએ) જેલની મુલાકાત લેવી જોઈએ, જેમાં તેઓ આવા કેસોની તપાસ કરી શકે છે અને કેદીઓ માટે યોગ્ય કાનૂની રજૂઆતની ખાતરી પણ કરે છે."

હરિયાણા માટે, સીએચઆરઆઈ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, તમામ જેલોમાં કાનૂની સહાય ક્લિનિક્સ છે અને વકીલો પણ આ હેતુ માટે જેલની મુલાકાત લે છે. આ હોવા છતાં, ૪૭૫માંથી ૯૦ કેદીઓએ કહ્યું કે, તેમની પાસે વકીલ નથી. ચિંતાજનક રીતે, અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, જેલના કોઈ પણ મહિલા વોર્ડ પાસે અલગ કાનૂની સહાય ક્લીનિક નથી, અને વકીલો દ્વારા સ્ત્રી વિભાગોની મુલાકાત ભાગ્યે જ જોવા મળી હતી.

જો કે, કાયદાકીય સહાયનું અસ્તિત્વ માત્ર અદાલતોમાં યોગ્ય પ્રતિનિધિત્વની ખાતરી કરવા માટે પૂરતું નથી. અસંખ્ય અધ્યયન દ્વારા સમર્થન મળ્યા મુજબ, કાનૂની સહાય વકીલો પાસે તેમના ગ્રાહકોના કેસોને સમજવા માટે અથવા તેમની સાથે વાતચીત કરવા માટે થોડો સમય અથવા ઝોક હોય છે. વકીલોને ખાનગી વ્યવહાર કરતા કાનૂની સહાયના કેસો માટે ખૂબ ઓછો પગાર આપવામાં આવે છે, જે તેમની પ્રેરણાના અભાવમાં ફાળો આપે છે. વધુમાં, દિલ્હીની નેશનલ લો યુનિવર્સિટીના અધ્યયનમાં જાણવા મળ્યું છે કે, મોટાભાગના ન્યાયાધીશોના આકારણી મુજબ, ખાનગી વકીલોની તુલનામાં કાનૂની સહાય વકીલોની ક્ષમતામાં અભાવ હોવાનું જણાયું છે. આની લાંબી અને ટૂંકી વાત એ છે કે, આર્થિક રીતે વંચિત, જેમની ધરપકડ થવાની સંભાવના છે, તેઓને શબ્દના સાચા અર્થમાં ન્યાયની પ્રાપ્તીની શક્યતા ઓછી છે. આવી સ્થિતિમાં, સીએચઆરઆઈના અહેવાલમાં જોવા મળ્યા મુજબ કેદીઓ પર વ્યાપક ત્રાસ ગુનાહિત ન્યાય પ્રણાલીને સમાજના સીમાંત વર્ગ સામે વધુ નમે.

(સૌ.: ફર્સ્ટપોસ્ટ.કોમ)

ભાજપ કાયદેસરના હિન્દુ માઇગ્રન્ટ્સની પડખે, તેમના કેસો લડશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

ભાજપના નેતા અને આસામના પ્રધાન હિમંત બિસ્વા શર્માએ શનિવારે જણાવ્યું કે ભાજપ કાયદેસરના હિન્દુ માઇગ્રન્ટ્સને પડખે છે અને એનઆરસીની અંતિમ યાદીમાં તેમને સામેલ કરવા માટે તેમના કેસો લડશે. તેમણે કહ્યું કે ભાજપ કાયદેસરના હિન્દુ માઇગ્રન્ટ્સને મદદ કરશે , જેથી ગેરકાનૂની ઇમિગ્રન્ટ્સનું બાંગ્લાદેશને પ્રત્યાર્પણ કરી શકાય. શનિવારે પ્રકાશિત કરવામાં આવેલી એનઆરસીની અંતિમ યાદીમાંથી ૧૯,૦૬,૬૫૭ લોકોને બાકાત રાખવામાં આવ્યા છે જ્યારે કુલ ૩,૧૧,૨૧,૦૦૪ લોકોને યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. તેમણે એવું પણ કહ્યું કે NRC યાદીમાંથી વધુ લોકોને બહાર કાઢવા અને ઓછા લોકોને સામેલ કરવાની તેમના પક્ષ દ્વારા રજૂઆત કરવામાં આવશે.

ખગરાગર વિસ્ફોટ કેસ : ૧૯ આરોપીઓને ૬થી ૧૦ વર્ષની જેલની સજા કરાઈ

(એજન્સી) કોલકાતા, તા.૩૧

બર્દવાન ખગરાગર બોમ્બ વિસ્ફોટ કેસમાં કોલકાતાની વિશે એનઆઈએ અદાલતે ૧૯ આરોપીઓને સજા સંભળાવી હતી. જેમાં ચાર બાંગ્લાદેશી નાગરિકો પણ સામેલ છે. ચાર બાંગ્લાદેશી ગુનેગારોને ૧૦ વર્ષની સજા કરાઈ હતી. ગુલશનરાબીબી અને અલીમાબીબીને ૬ વર્ષની સજા કરી હતી. કોર્ટે બાંગ્લાદેશી આરોપીઓને સજા બાદ પરત તેમના દેશમાં મોકલી દેવાનો આદેશ આપ્યો છે. બચાવ પક્ષના વકીલ અબુસાલેમે કહ્યું કે, એક આરોપી આસામનો વિદ્યાર્થી છે. જેને ૬ વર્ષની જેલની સજા કરાઈ છે. એનઆઈએ દ્વારા ૩૧ લોકોને કસ્ટડીમાં લેવાયા હતા. જેમાંના ૧૯ને દોષિત ઠરાવી સજા કરાઈ હતી. એનઆઈએના કહેવા મુજબ જેમને સજા કરાઈ છે તેમાં ત્રણ આસામી અને ૬ બાંગ્લાદેશી છે. ૨૦૧૪માં બર્દવાનમાં બોમ્બ વિસ્ફોટ થયો હતો. જેમાં બે વ્યક્તિનાં મોત થયા હતા. એનઆઈએની તપાસ બાદ ૩૧ આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ મૂકાઈ હતી.

મહારાષ્ટ્રમાં કેમિકલ ફેકટરીમાં વિસ્ફોટ થતાં ૧૩નાં મોત, ૫૮ ઘાયલ

(એજન્સી) મુંબઈ, તા.૩૧

મહારાષ્ટ્રના ધૂલે જિલ્લામાં શિરપુર ખાતે આવેલી એક કેમિકલ ફેકટરીમાં થયેલા પ્રચંડ સિલિન્ડર બ્લાસ્ટમાં ૧૩ લોકોનાં મોત થયા હતા જ્યારે ૫૮ ઘાયલ થયા હતા. ધડાકા સમયે ફેકટરીમાં ૧૦૦ લોકો કામ કરતાં હતા. ધડાકો શનિવારે સવારે ૯:૪૫ કલાકે થયો હતો. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે મૃતકોનાં પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયાની મદદની જાહેરાત કરી હતી. પોલીસ વડા વિશ્વાસ પંધારે એ બતાવ્યું કે, ધડાકાનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પ્રારંભિક તપાસમાં સિલિન્ડર ફાટ્યો હોય તેમ લાગે છે. ફેકટરીમાં ૧૦૦થી વધુ લોકો હાજર હતા. શિરપુર એક ઔદ્યોગિક વિસ્તાર છે. ઘટના સ્થળે એનડીઆરએફની ટીમ પહોંચી છે. મૃતકોની ઓળખ થઈ નથી. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. ધડાકા બાદ બચાવદળે ૮ મૃતદેહો બહાર કાઢયા હતા. બચાવદળની વિવિધ ટીમો રાહત કામમાં લાગી છે. ગૃહમંત્રી અમિત શાહે દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.

વિરોધ છતાં "રામ કે નામ" પ્રેસિડેન્સી ખાતે દર્શાવાઈ

(એજન્સી) કોલકાતા, તા.૩૧

મંજૂરી નહીં આપવા છતાં કોલકાતાની પ્રેસિડેન્સી યુનિવર્સિટીના કેટલાક વિદ્યાર્થીઓએ ૧૯૯૨માં બાબરી મસ્જિદ શહીદી પર બનેલી ફિલ્મ "રામ કે નામ" બેડમિન્ટનના કોર્ટમાં પડદા પર રજૂ કરી હતી. આ ફિલ્મ દર્શાવવાની તંત્રએ મંજૂરી નહીં આપવા છતાં યુનિ.ના મુખ્યખંડમાં ફિલ્મ વિરોધ છતાં દર્શાવાઈ હતી. તંત્રએ ફિલ્મને રાજકીય વિવાદાસ્પદ બતાવી મંજૂરીનો ઈનકાર કર્યો હતો, તેમ છતાં વિદ્યાર્થીઓએ સ્થળ બદલી તેને દર્શાવી હતી. યુનિ.ના અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થી સાયન ચક્રવર્તીએ કહ્યું કે, બેડમિન્ટન કોર્ટમાં ફિલ્મ રજૂ કરાઈ હતી, જે ૧૫૦ વિદ્યાર્થીઓએ જોઈ હોવાનો દાવો કર્યો હતો. અર્પણા સેન અને કૌશિક સેને તેને ટેકો આપ્યો હતો. યુનિ.ના તંત્રએ કહ્યું કે, કેમ્પસમાં કોમવાદ ફેલાવવાને સહન નહીં કરાય.

"અચ્છે દિન"નું વાજુ વગાડતી સરકારે ઈકોનોમીમાં પંક્ચર પાડ્યું : પ્રિયંકા ગાંધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

કેન્દ્રની મોદી સરકાર અર્થવ્યવસ્થા મામલે ચારેય બાજુથી ઘેરાતી જતી હોય તેવું લાગે છે. એખ બાજુ મોદી સરકાર અર્થવ્યવસ્થાને પાટા પર લાવવાનો પ્રયત્ન કરી રહી છે ત્યારે બીજી બાજુ સહયોગી અને વિપક્ષ મોદી સરકારની આર્થિક નીતિ સામે સવાલ ઉભા કરી રહ્યા છે. કોંગ્રેસની સાથે સાથે બીજેપી નેતા સુબ્રમણ્યમ સ્વામીએ પણ સરકારની નીતિઓ સામે સવાલ ઉભા કરીને ૫ ટ્રિલિયન અર્થવ્યવસ્થાને ગુડબાય કેહવાની વાત કરી છે.

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ શનિવારે કહ્યું કે, જીડીપી વિકાસ દરથી સ્પષ્ટ દેખાય છે કે, સારા દિવસોના પીપૂડા વગાડતી ભાજપ સરકારે અર્થવ્યવસ્થાને પંચર પાડી દીધું છે. પ્રિયંકા ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું છે કે, ન જીડીપી ગ્રોથ છે, ન રૂપિયો મજબૂત છે. રોજગારી પણ ગાયબ છે. હવે તો જણાવો કે અર્થવ્યવસ્થાને નષ્ટ કરી દેવાની આ કોની કરતૂત છે?

બીજેપી નેતા સુબ્રમણ્યમ સ્વામીએ પણ અર્થવ્યવસ્થા સામે સવાલ ઉભા કર્યા છે. સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું છે કે, આર્થિક નીતિ વગર ૫ ટ્રિલિયન ઈકોનોમી શક્ય નથી. સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું કે, માત્ર સાહસ અથવા જ્ઞાનથી જ અર્થવ્યવસ્થાને ન બચાવી શકીએ. તે માટે બંનેની જરૂર હોય છે. આજે આપણી પાસે બંનેમાંથી એક પણ નથી.

ઉલ્લેખનીય છે કે, દેશનો આર્થિક વૃદ્ધિ દર ૨૦૧૯-૨૦ના એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ઘટીને ૫ ટકા રહી ગયો છે. તે છેલ્લા ૭ વર્ષનું સૌથી ન્યૂનતમ સ્તર છે. ઉત્પાદન ક્ષેત્રમાં ઘટાડો અને કૃષિ ઉત્પાદનની સુસ્તીથી જીડીપી વૃદ્ધિમાં આ ઘટાડો આવ્યો છે. શુક્રવારે જાહેર અધિકૃત આંકડાઓમાં આ જાણકારી આપવામાં આવી છે.

સંકટમાં અર્થતંત્ર : હાઉસિંગ જાયન્ટ HDIL દેવામાં ડૂબી, નાદારીની પ્રક્રિયા શરૂ

(એજન્સી) મુંબઈ, તા.૩૧

આર્થિક કટોકટી સામે ઝઝૂમવાના સંકેતો આપતી મુંબઈની એક હાઉસિંગ જાયન્ટ હાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (HDIL) દેવાળું ફૂંક્યું છે. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)એ કંપનીની સામે નાદારીની કાર્યવાહી કરવાના આદેશ આપ્યા બાદ HDIL દ્વારા શુક્રવારે નાદારી અંગેની પ્રક્રિયાને આગળ ધપાવવા માટે અભય નારાયણ મનુધાનેની ઈન્ટિરિમ રિઝોલ્યુશન પ્રોફેશનલ (આઈઆરપી) તરીકે નિમણૂંક કરવામાં આવી છે. એક નિયમનકારી ફાઈલિંગમાં HDILએ સૂચવ્યું છે કે આઈઆરપીને નાદારી અને દેવાળિયાણાંના કોડ (આઈબીસી) હેઠળ ઉલ્લેખ કરાયેલા કાર્યોને પૂર્ણ કરવા માટે નિમવામાં આવ્યા છે. આ મહિનાની શરૂઆતમાં નેશનલ કંપની લો (NCLT)એ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ધ્યાનમાં લીધી હતી કે જેથી દેવામાં ડૂબેલી રિયાલિટી ફર્મ HDILની સામે નાદારી અંગેની કાર્યવાહી શરૂ કરી શકાય. જો કે હાઉસિંગ જાયન્ટે કહ્યું છે કે કંપની દ્વારા NCLT દ્વારા જે આદેશ આપવામાં આવ્યોને તેની વિરૂદ્ધ નેશનલ કંપની લો અપીલેટ ટ્રિબ્યુનલ(NCLAT) માં અરજી દાખલ કરવામાં આવશે.

ભાજપ-TMC વચ્ચે દુર્ગા પૂજા દરમિયાન સંઘર્ષના એંધાણ

(એજન્સી) કોલકાતા, તા.૩૧

દુર્ગા પૂર્જા મહોત્સવ ઓક્ટોબરના પ્રથમ અઠવાડિયામાં શરૂ થનાર છે. ત્યારે તે ભાજપ, TMCની સરકાર માટે ગળાના ગાળિયા સમાન પુરતા થનાર છે. ભાજપ દુર્ગા પૂર્જાના નામે લોકો સુધી પહોંચવાનું કામ કરશે. તે દરમિયાન બન્ને પક્ષો વચ્ચે સંઘર્ષના એંધાણ વર્તાઈ રહ્યા છે. ભાજપના નેતાઓ ૧૦ દિવસના મહોત્સવ માટે એનડીએ ગરીબો અને રાષ્ટ્રની સલામતી માટે યોજના બનાવી રહ્યું છે. ભાજપે વર્તમાન લોકસભાની ચૂંટણીમાં ૪૦માંથી લોકસભાની ૧૮ બેઠકો જીતી હતી. TMCએ ૨૨ પર જીત મેળવી હતી. ભાજપ ૧૨૦૦ પૂજા મંડપમાં સક્રિય છે. ગયા વર્ષે ૪૦૦માં સક્રિય હતું. ભાજપ ગ્રામ્ય વિસ્તારોમાં પૂજા તો વિસ્તાર કરી રહ્યું છે.

કહેવાતા ગેરકાયદેસર વસાહતીઓ અંગેના ભ્રમનો પર્દાફાશ થયો : અસદુદ્દીન ઓવૈસી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

ઓલ ઈન્ડિયા મજલિસે ઈત્તેહાદુલ મુસ્લિમિન (એઆઈએમઆઈએમ)ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ જણાવ્યું હતું કે, ભાજપે હિંદુ અને મુસ્લિમોને નજર સમક્ષ રાખી સમગ્ર દેશમાં એનઆરસી લાગુ કરવાની વાત પર હવે પૂર્ણવિરામ મૂકવો જોઈએ. ભાજપે આસામમાં જે થઈ રહ્યું છે, તેના પરથી બોધપાઠ લેવો જોઈએ. ભાજપે પાઠ શીખવો જોઈએ, કહેવાતા ગેરકાયદેસર વસાહતીઓ અંગેના ભ્રમનો પર્દાફાશ થયો છે. શનિવારે આસામ એનઆરસીની જાહેર થયેલી અંતિમ યાદી બાદ કહેવાતા ગેરકાયદેસર વસાહતીઓ અંગેનો ભ્રમ ભાંગ્યો છે. હવે ભાજપે આ ઘટના પરથી શીખામણ મેળવવી જોઈએ.

બાળકની ઉઠાંતરીની શંકા રાખી શાળાના શિક્ષકની મારઝૂડ કરનાર ૪૦ લોકો સામે કેસ દાખલ

(એજન્સી) મુઝફ્ફરપુર, તા.૩૧

મુઝફ્ફરનગરમાં એક શાળાના શિક્ષક પર બાળકની ઉઠાંતરીનો આરોપ લગાવી ૪૦ શખ્સોએ તેમની મારઝૂડ કરી. આરોપીઓ સામે કેસ દાખલ કરાયો છે. આ ઘટના મંગળવારે બની જ્યારે સચિન નામનો વિદ્યાર્થી દિલ્હીથી ટ્રેનમાં પરત ફર્યો. પોલીસે શિક્ષકને બચાવ્યા હતા. પોલીસે સીસીટીવી ફૂટજના આધારે શિક્ષક પર હમલો કરનાર આરોપીઓની તપાસ શરૂ કરી છે. તેમ પોલીસે જણાવ્યું હતું.

અર્થતંત્રને બચાવવા માટે 'આપણી પાસે ન તો' હિંમત છે અને ન તો જ્ઞાન : આર્થિક મંદી અંગે સુબ્રમણ્યમ સ્વામીનું નિવેદન

(એજન્સી) તા.૩૧

ભાજપના રાજ્યસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ તેમની પોતાની સરકાર વિરૂદ્ધ ફરી એક વધુ એક હુમલો કર્યો છે અને કહ્યું હતું કે અર્થવ્યવસ્થાને બચાવવા માટે તે જ્ઞાન અને હિંમત બંનેની જરૂર છે. તેમનો હુમલો ત્યારે થયો છે જ્યારે જીડીપીના નવીનતમ આંકડા દર્શાવે છે કે આર્થિક વૃદ્ધિ ઘટીને ૫% થઈ છે, જે છ વર્ષમાં સૌથી ઓછી છે.

સ્વામીએ લખ્યું, "જો કોઈ નવી આર્થિક નીતિ આગામી દિવસોમાં નહીં આવે તો. ૫ ટ્રિલિયન ડોલરને બાય બાય કહેવા માટે તૈયાર થઈ જાઓ. એકલા હિંમત અથવા જ્ઞાન અર્થતંત્રને કેશથી બચાવી શકશે નહીં. તે બંનેની જરૂર છે. જે આજે અમારી પાસે પણ નથી."

નાણાકીય વર્ષ ૨૦૧૮-૨૦ના પ્રથમ ત્રિમાસિક ગાળાના જીડીપીના ડેટા પછી અર્થતંત્રમાં ફક્ત ૫% વૃદ્ધિ થઈ હોવાનું દર્શાવ્યા બાદ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર શુક્રવારે વાસ્તવિક સંકટનો સામનો કરી રહી છે. જે અગાઉના નાણાકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં નોંધાયેલા ૫.૮% કરતા ઓછો અને ભારતીય નાણાંકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં નોંધાયેલા ૮% કરતા ઓછો હતો.

સ્વામીએ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને દેશના અર્થતંત્રને સંચાલિત કરવામાં સક્ષમ એવા વ્યક્તિ તરીકે ક્યારેય આપ્યું નથી. આ વર્ષે જૂનમાં, ભાજપના સ્પષ્ટ પક્ષના નેતા સંમત થયા હતા કે સીતારમણને મુખ્યત્વે પ્રામાણિક અધિકારીઓને નિશાન બનાવવા માટે નવા નાણાં પ્રધાન બનાવવામાં આવ્યા હતા અને ઉમેર્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તેનું 'આગલું લક્ષ્ય' હશે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર દ્વારા એક આવકવેરા કમિશનર એસ.કે. શ્રીવાસ્તવની ફરજિયાત નિવૃત્તિ અંગે સ્વામીએ ગુસ્સાથી પ્રતિક્રિયા આપ્યા પછી આ થયું હતું. આ મહિનાની શરૂઆતમાં, તેમના વિરોધીઓએ પણ નાણાં પ્રધાનની નોકરી માટેના તેમના દાવાને ટેકો આપ્યો હતો.

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વામાં બસ ખાઈમાં ખાબકી : ૨૪ લોકોનાં મોત

(એજન્સી) પેશાવર, તા.૩૧

પાકિસ્તાનના ખૈબર પખ્તૂખામાં નબળો પૂલ પડી જવાના કારણે તેના પર પસાર થતી યાત્રીઓની ભરેલી એક બસ ખાઈમાં પડી છે. આ દુર્ઘટનામાં ૨૪ લોકોના મોત થયા છે. કોહિસ્તાનના ડેપ્યુટી કમિશ્નર રાજા અબ્દુલ સાબૂરે જણાવ્યું છે કે, આ ઘટના કોહિસ્તાન જિલ્લાના બગરા વિસ્તારમાં થઈ હતી. બસમાં કુલ ૩૫ લોકો મુસાફરી કરી રહ્યા હતા. આ દરેક લોકો એક પરિવારના સભ્યો હતા અને એક કાર્યક્રમમાં જઈ રહ્યા હતા. સિવિલ ડિપેન્સના ચીફ અહસાન અલ હકે જણાવ્યું કે, બસ બાગરુથી કંદિલા જઈ રહી હતી. આ દરમિયાન બગરા વિસ્તારમાં આવેલો એક જર્જરિત પુલ ધરાશાયી થતાં તેના ઉપરથી પસાર થતી બસ પણ ખાઈમાં પડી હતી. આ વિસ્તારમાં કોમ્યુનિકેશનની સુવિધા પણ ન હોવાથી રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરતાં વાર લાગી હતી. ૧૪ ઓગસ્ટે પણ ખૈબર પખ્તૂખા પ્રાંતમાં થયેલી વિવિધ ઘટનામાં ૧૭ લોકોના મોત થયા હતા. કયાન ખીણના કવાઈ ક્ષેત્રમાં એક કાર ખાઈમાં પડી હતી. તેમાં ચાર પર્યટકોના મોત થયા હતા. કારાકર પાસમાં એક અન્ય વિસ્તારમાં પણ કાર ખાઈમાં પડી હતી. તેમાં એક જ પરિવારની ચાર મહિલાઓ અને બાળકોના મોત થઈ ગયા હતા.

ગુજરાત : વાડિયા ગામની રહેણાંક સોસાયટીએ પોતાના સભ્યોને દલિતો તથા મુસ્લિમોને સંપત્તિ નહીં વેચવા જણાવ્યું

દલિત સમુદાયના લોકોએ આ મામલે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરતાં તપાસ

(એજન્સી) વડોદરા, તા.૩૧

નર્મદા જિલ્લાના નંડોદના વાડિયા ગામની રહેણાંક કોલોનીના સભ્યોને પોતાની સંપત્તિ મુસ્લિમો અને દલિતોને નહીં વેચવા જણાવવામાં આવ્યું છે. આ અંગે છપાયેલા ચોપાનિયામાં જણાવવામાં આવ્યું હતું કે, સોસાયટી મીટિંગમાં આ અંગે નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયના કારણે દલિત સમુદાયમાં રોષ ફાટી નીકળ્યો છે.

આ નિર્ણય અંગેનું ચોપાનિયું સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીના આગામી સાંસ્કૃતિક ઉત્સવો અને તહેવારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને સાથે મુસ્લિમો અને દલિતોને પોતાની સંપત્તિ નહીં વેચવા નિર્દેશ કરવામાં આવ્યો હતો. આ મામલે દલિત સમુદાયના લોકોએ કલેક્ટરની મુલાકાત લીધી હતી અને જાતિ ભેદભાવના ગુના બદલ કાર્યવાહી કરવાની માંગ કરી હતી. દલિત સમુદાયના લોકોએ કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું હતું. દલિત સમુદાયના લોકોએ આ મામલે તપાસ કરવાની માંગ કરી હતી અને સમાજમાં ભેદભાવ રાખતા તેમજ નફરત ફેલાવતા લોકો સામે આકરા પગલાં ભરવાની માંગ કરી હતી. નર્મદા જિલ્લાના કલેક્ટર આઈ.કે. પટેલે આ ઘટનાનું સમર્થન કર્યું હતું અને કોલોનીને ખુલાસો કરવા જણાવ્યું હતું. કોલોનીએ આ અંગે બચાવ કરતાં જણાવ્યું હતું કે, આ માત્ર બેઠકનો એજન્ડા હતો, બેઠકમાં આવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

સલમાન ખુરશીદ સામે ચાર્જશીટ ફાઈલ

(એજન્સી) લખનઉ, તા. ૩૧

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુરશીદ સામે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અંગે તેમની ટિપ્પણીઓ બદલ ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓમાં પ્રચાર કરતી વખતે સલમાન ખુરશીદે પોતાને યુપીના સીએમ યોગી આદિત્યનાથના 'બાપ' (પિતા) ગણાવ્યા હતા. યોગી આદિત્યનાથ સામે વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવા બદલ સલમાન ખુરશીદ સામે કેસ નોંધવામાં આવ્યા બાદ પોલીસે ચાર્જશીટ ફાઈલ કરી છે. એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓમાં પ્રચાર દરમિયાન એક ઈવેન્ટમાં યોગી આદિત્યનાથના બાપ ગણાવવા બદલ ફરૂખાબાદના કોટવાલી પોલીસ સ્ટેશનમાં સલમાન ખુરશીદ સામે એપ્રિલ ૨૦૧૯માં ભાજપના કાર્યકર અનૂપ મિશ્રા દ્વારા એફઆઈઆર નોંધાવવામાં આવી હતી. આ કેસમાં તપાસ પુરી કરવામાં આવ્યા બાદ સ્થાનિક કોર્ટમાં સલમાન ખુરશીદ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોવાનું ફરૂખાબાદના એસપી અનિલ મિશ્રાએ જણાવ્યું છે.

ભાજપના મંત્રીએ કહ્યું, NRC યાદીમાંથી ફક્ત ૧૯ લાખ લોકોની બાદબાકીથી તે ખુશ નથી, બાંગ્લાદેશ સરહદે આવેલા જિલ્લાઓમાં પુનઃ ચકાસણીની માંગ

આસામ ભાજપના નેતાઓએ એનઆરસી યાદી પ્રત્યે નારાજગી વ્યક્ત કરતા કહ્યું : "આ હિંદુઓને બાકાત રાખવા માટેનું ષડયંત્ર છે"

(એજન્સી) તા.૩૧

ભાજપના નેતા અને આસામના હિમંતા બિશ્વા શર્માએ કહ્યું હતું કે, તેમની પાર્ટી એનઆરસી યાદીમાંથી ફક્ત ૧૯ લાખ લોકોને બાકાત રાખવા મુદ્દે ખુશ નથી. તેમણે કહ્યું હતું કે, આસામની એનઆરસી યાદીમાંથી વધુ લોકોની બાદબાકી થવી જોઈતી હતી. શર્માએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, "એનઆરસી યાદીમાં ઘણા ભારતીય નાગરિકો સામેલ નથી, જે ૧૯૭૧ પહેલાં બાંગ્લાદેશથી શરણાર્થી તરીકે ભારત આવ્યા હતા. કારણ કે, વહીવટી તંત્રએ શરણાર્થીનું પ્રમાણપત્ર સ્વીકારવાની ના પાડી હતી." એક અન્ય ટ્વિટમાં શર્માએ કહ્યું હતું કે, "હું કેન્દ્ર અને રાજ્ય સરકારને કરેલ મારી વિનંતીનો પુનરોચ્ચાર કરૂં છું કે, માનનીય સુપ્રીમ કોર્ટ સરહદી જિલ્લાઓમાં ઓછામાં ઓછી ૨૦ ટકા અને અન્ય જિલ્લાઓમાં ૧૦ ટકા પુનઃ ચકાસણી કરવા માટે પરવાનગી આપે કે, જેથી યોગ્ય અને નિષ્પક્ષ એનઆરસી યાદી તૈયાર થાય." શનિવારે પ્રકાશિત થયેલી એનઆરસી યાદી પ્રત્યે નારાજગી વ્યક્ત કરતા આસામના ભાજપ ધારાસભ્ય શિલાદિત્ય દેવે આક્ષેપ કર્યો હતો કે, એનઆરસી હિંદુઓને બાકાત રાખવાના અને મુસ્લિમોને મદદ કરવાના ષડયંત્રનો ભાગ છે. તેમણે કહ્યું હતું કે, "જ્યારે આસામ સંધિ થઈ હતી, ત્યારે રાજ્યમાં ૧ કરોડથી વધુ બાંગ્લાદેશી અંદાજ લગાવવામાં આવ્યો હતો હવે તે બધા ક્યાં ગયા."

પાકિસ્તાન સ્થિત ISIની કાશ્મીર ખીણ બહાર મોટા હુમલાની યોજના

પાકિસ્તાન દ્વારા આતંકવાદીઓને ભારતમાં ઘુસાડીદેવાના પ્રયાસો થઈ રહ્યા છે. વાતચીતની ઓફરના બહાને પાકિસ્તાન દુનિયાને ગેરમાર્ગે દોરીને ત્રાસવાદીઓને ઘુસાડીને મોટા હુમલા કરાવવાની ફિરાકમાં છે. ગુપ્તચર સંસ્થા આઈબી તરફથી જણાવવામાં આવ્યું છે. એનસીઆર અને દિલ્હીમાં પણ મોટા આતંકવાદી હુમલાનો ખતરો દેખાઈ રહ્યો છે. જૈશ અને તોયબાના ત્રાસવાદીઓની પોલ ખુલી ગયા બાદ પાકિસ્તાન દ્વારા નવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. પાકિસ્તાન તરફથી આઈએસઆઈના નવા પોસ્ટર બોય અલ ઉમર મુજાહિદ્દીનને બનાવવામાં આવ્યો છે. ખીણથી બહાર મોટા ત્રાસવાદી હુમલા આ શખ્સ કરી શકે છે. પાકિસ્તાનથી અનેક આતંકવાદીઓને જમ્મુ કાશ્મીરના ઘુસણખોરીની વાત સામે આવી રહી છે. પાકિસ્તાનના આતંકવાદી સંગઠન એયુએમના ત્રાસવાદી મુસ્તાક અહેમદ ઉર્ફ મુસ્તાક લાતરામ છે. એમ માનવામાં આવે છે કે, મુસ્તાકના મોડ્યુલે આ વર્ષે બાર જુનના દિવસે શ્રીનગર નજીક અનંતનાગમાં ત્રાસવાદી હુમલો કર્યો હતો. આ હુમલામાં સીઆરપીએફના ૫ જવાન શહીદ થયા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, જમ્મુ કાશ્મીર અને પોકમાં યુવાનોની ભરતી પણ મોટા પાયે કરવામાં આવી રહી છે. આઈએસનો હેતુ ત્રાસવાદીઓને જમ્મુ કાશ્મીરમાં ઘુસાડી દઈને ભારતના અન્ય વિસ્તારમાં હુમલા કરાવવાનો છે. ગુપ્તચર રિપોર્ટની બાબત પર વિશ્વાસ કરવામાં આવે તો પોકમાં ઓછામાં ઓછા પાંચ નવા ત્રાસવાદી સંગઠનો આવી ગયા છે. આમાથી દરેક ગ્રુપમાં પાંચ થી સાત ત્રાસવાદીઓ છે. કાશ્મીર ખીણમાં આ ત્રાસવાદીઓએ ઘુસણખોરી કરી લીધી છે. અન્ય ૨૫૦ ત્રાસવાદીઓ ખીણમાં ઘુસણખોરી કરવાની રાહ જોઈ રહ્યા છે. પાકિસ્તાની સેના ત્રાસવાદીઓને સમર્થન આપી રહી છે. પાકિસ્તાની સેના હજુ સુધી ઓગસ્ટ મહિના બાદથી ૨૫૦ વખત યુદ્ધ વિરામનો ભંગ કરી ચુકી છે. જુન મહિનામાં ૧૮૮ વખત યુદ્ધ વિરામનો ભંગ કરાયો હતો. આ વર્ષે જુન જુલાઈમાં લોન્ચ પેડ પર ત્રાસવાદીઓની સંખ્યા ઓછી હતી. કારણ કે પાકિસ્તાન નાણાંકીય ક્ષેત્રની ટાસ્કફોર્સ દ્વારા તપાસ કરી રહ્યું હતું. છેલ્લા બે સપ્તાહમાં ૩૦૦થી વધુ ત્રાસવાદીઓ પોકમાં લોન્ચપેડ ઉપર જમા થાય છે. તમામ રિપોર્ટ સંકેત આપે છે કે, આતંકવાદી હુમલાનો ખતરો રહેલો છે. ત્રાસવાદી સંગઠનોએ કાશ્મીરમાં દુકાનો ખોલવા, ઓફિસ જવા, ડ્રાઈવરો અને બાળકોને સ્કુલ મોકલવાની સામે ચેતાવણી આપી છે. ચેતવણીના પોસ્ટર પુલવામા, અનંતનાગ, શોપિયાં જેવા વિસ્તારમાં મુકવામાં આવ્યા છે.

૧.૧૭ કરોડ રૂપિયાની રદ કરાયેલી નોટો જમા કરાવા દેવાની અરજી પર સુપ્રીમકોર્ટે નોટિસ જારી કરી

૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જૂની નોટો જમા કરાવવાના છેલ્લા દિવસ ૨૦૧૬ની ૩૦મી ડિસેમ્બરે કોઈ પણ બેંકે તેની ઉપરોક્ત રકમની જૂની નોટો સ્વીકારી ન હતી : અરજદાર

(એજન્સી) મદુરાઈ, તા.૩૧

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ કરવામાં આવ્યાના અઢી વર્ષથી પણ વધુ સમય પસાર થયા બાદ તમિળનાડુના મદુરાઈના એક વેપારીએ સુપ્રીમકોર્ટમાં નવેસરથી એક અરજી દાખલ કરીને તેના ૧,૧૭,૦૦,૮૭૨ રૂપિયા સ્વીકારવાનો ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ને આદેશ આપવાની માગણી કરી છે. આ રકમ તેના ટેક્ષટાઈલ બિઝનેસની છે.ન્યાયમૂર્તિઓ એનવી રમણ, ઈન્દિરા બેનરજી અને અજય રસ્તયોગીની બનેલી બેંચે આરબીઆઈને નોટિસ જારી કરી છે અને મદુરાઈના વેપારીની અરજી સુપ્રીમકોર્ટ સમક્ષ પડતર આવી અન્ય અરજીઓ સાથે જોડી દીધી છે. અરજદાર અજય એક્ઝિમનો માલિક છે. અરજદારે પોતાની અરજીમાં સુપ્રીમકોર્ટને કહ્યું છે કે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જૂની નોટો જમા કરાવવાના છેલ્લા દિવસ ૨૦૧૬ની ૩૦મી ડિસેમ્બરે કોઈ પણ બેંકે તેણે ઉપર જણાવેલી રકમની નોટો સ્વીકારી ન હતી. અરજદારે એવો દાવો કર્યો છે કે તમિળનાડુ મર્કન્ટાઈલ બેંક દ્વારા તેના નાણા સ્વીકારવામાં નહીં આવ્યા હોવાથી તેણે આ નાણા, બિઝનેસ અને પ્રતિષ્ઠા ગુમાવી દીધી છે.

પ્રારંભિક સફળતા બાદ હવે આપ સરકાર OBC અને જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને ફ્રી કોચિંગ આપશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૧

દિલ્હીની આપ સરકારને જય ભીમ મુખ્યમંત્રી પ્રતિભા વિકાસ યોજના હેઠળ મફત કોચિંગમાં સફળતા મળ્યા બાદ હવે ઓબીસી અને જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને પણ મફત કોચિંગ આપવાનો નિર્ણય કર્યો છે. આ વર્ષે ૩૫ જેટલા વિદ્યાર્થીઓને મફત કોચિંગ અપાયું હતું. જેઓ જેઈઈ અને નીટમાં સફળ થયા હતા. પાંચ જેટલા વિદ્યાર્થીઓને મેડિકલ-ટેકનિકલ કોર્સમાં પ્રવેશ પાત્ર ઠર્યા હતા. જેમને દિલ્હી આઈઆઈટી અને બનારસ હિન્દુ યુનિ.માં પ્રવેશ મળ્યો હતો. દિલ્હીના સામાજિક કલ્યાણમંત્રી રાજેન્દ્ર પાલે કહ્યું કે, સરકારે હવે ઓબીસી અને જનરલ કેટેગરીના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે મફત કોચિંગનો નિર્ણય કર્યો છે. દિલ્હી સરકારે તે માટે ૫૦ હજાર રૂપિયા વિદ્યાર્થીદીઠ ખર્ચ કર્યો છે. જેને વધારી દોઢ લાખ કરાશે અને ૧૨ મહિના તાલીમ અપાશે.

પાકિસ્તાનમાં કથિતરીતે અપહરણ કરાયેલી શીખ યુવતી ઘરે પરત ફરી : ૮ની ધર

વડોદરામાં ભાજપ અધ્યક્ષે કહ્યું, રાધનપુરથી પ્રચાર કરે તેમાં કોઈ વાંધો નથી !

રાધનપુરથી અલ્પેશ ઠાકોરના ચૂંટણી લડવા મુદ્દે જીતુ વાઘાણીએ આપ્યો સંકેત

વાઘાણીની સ્પષ્ટતા; ગમે ત્યાંથી પ્રચાર કરે, આખરી નિર્ણય તો સંસદીય બોર્ડ કરશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૧

વિધાનસભાની ખાલી પડેલી બેઠકો માટે પેટાચૂંટણી યોજાવાને હજુ વાર છે પરંતુ તેને લઈને રાજકીય હલચલ ભાજપ-કોંગ્રેસ બન્ને પક્ષોમાં શરૂ થઈ જવા પામી છે. જેમાં કોંગ્રેસ છોડી ભાજપમાં ગયેલા ઠાકોર નેતા અલ્પેશ ઠાકોરને લઈને તો છેલ્લા ઘણા સમયથી અટકળોનો દોર ચાલી રહ્યો છે તેમાં અલ્પેશ ઠાકોરે રાધનપુરથી જ ચૂંટણી લડવા મક્કમતાપૂર્વક જાહેરાત કરતાં અને સામે પૂર્વ મંત્રી શંકર ચૌધરી પણ આ બેઠક માટે મુખ્ય દાવેદાર હોઈ રાજકીય ખટરાગ થાય તેવા એંધાણ મળી રહ્યા છે ત્યારે પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ વડોદરામાં આજે અલ્પેશ ઠાકોરને લઈને સંકેતાત્મક નિવેદન આપતાં રાજકીય ગરમાવો વધી જવા પામ્યો છે. ભાજપ નેતા અલ્પેશ ઠાકોર પેટા ચૂંટણીની જાહેરાત પહેલા જ રાધનપુરમાં પ્રચાર શરૂ કરી દીધો છે. ત્યારથી ગુજરાતની રાજનીતિમાં મોટી ચર્ચાઓ થવા લાગી છે. જો કે હજી સુધી ચૂંટણી પંચ દ્વારા પેટા ચૂંટણીની તારીખને લઈને કોઈ જાહેરાત કરવામાં આવી નથી. અગાઉ અલ્પેશ ઠાકોરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, વિધાનસભાની પેટાચૂંટણી લડીશ તો રાધનપુરથી અલ્પેશના દાવા સાથેની વાતો સાંભળી ભાજપના ઘણા અગ્રણી નેતાઓ અને કાર્યકરો નારાજ થયા હતા. દરમિયાન ભાજપના અધ્યક્ષ જીતુ વાઘાણીએ વડોદરામાં આજે અલ્પેશ ઠાકોરને લઈને એક નિવેદન આપ્યું હતું. જીતુ વાઘાણીએ અલ્પેશ ઠાકોર રાધનપુરથી ચૂંટણી લડે તેવા આડકતરી રીતે સંકેત આપી દીધા છે. આજે જીતુ વાઘાણીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, અલ્પેશ ઠાકોર રાધનપુરથી પ્રચાર કરે તેમાં અમને કોઈ જ વાંધો નથી. તેમણે ઉમેર્યું કે, 'ભૂતકાળમાં પણ જ્યાંથી રાજીનામું આપ્યું ત્યાંથી ચૂંટણી લડ્યા છે' માટે અલ્પેશ રાધનપુરથી પ્રચાર કરે તો કંઈ વાંધો નહીં. પરંતુ છેલ્લે જીતુ વાઘાણીએ સ્પષ્ટતા કરતાં ઉમેર્યું હતું કે, અત્યારે તો ગમે ત્યાં જઈને પ્રચાર પ્રસાર કરે, આખરી નિર્ણય તો કેન્દ્રિય પાર્લામેન્ટ્રી બોર્ડ જ લેવાની છે. ચૂંટણીની જાહેરાત પહેલા જ અલ્પેશ ઠાકોરે રાધનપુરથી લડવાના સંકેત આપી દીધા છે. જો કે રાધનપુરની બેઠક શંકર ચૌધરીની માનવામાં આવે છે, તેવામાં જો રાધનપુરની સીટ અલ્પેશ ઠાકોરને આપવામાં આવશે તો શંકર ચોધરી અને અલ્પેશ ઠાકોર વચ્ચે ખટરાગ ઊભો થઈ શકે છે! ફરીથી એક વખત ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણી રસપ્રદ બનવા જઈ રહી છે. એટલે કે, ખાસ કરીને રાધનપુરની સીટ અલ્પેશ ઠાકોર અને શંકર ચૌધરી એમ બન્ને નેતાઓમાંથી કોના હાથમાં આવે છે અને આ સીટ પર જનતા પોતાના મૂડના આધારે કેવો નેતા ઈચ્છે છે તે આવનારો સમય બતાવશે.

કચ્છ સરહદે આતંકીઓના સફાયા માટે બીએસએફના ખતરનાક 'મગરો' તૈયાર

બીએસએફ દ્વારા ક્રીક કોકોડાઈલ ગ્રુપને કાદવના પાણીમાં ઘૂસણખોરી અટકાવવા ખાસ તાલીમ અપાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૧

ગુજરાતમાં કચ્છના હરામીનાળા વિસ્તારમાંથી પાકિસ્તાની તાલીમબદ્ધ આતંકીઓ ઘૂસણખોરી કરવાની ફિરાકમાં હોવાના ઈનપુટ બાદ કચ્છ જિલ્લામાં હાઈએલર્ટ આપવામાં આવ્યું છે. ત્યારે આતંકીઓની કોઈપણ પ્રકારની ઘૂસણખોરીને રોકવા અને તેમના સફાયા માટે બીએસએફ દ્વારા કમાન્ડોની ખાસ તાલીમ આપવામાં આવી છે. ત્યારબાદ આ ખતરનાક મગરોને હરામીનાળામાં છોડી દેવામાં આવશે.

કચ્છના દરિયામાં આવેલા હરામી નાળામાં પાકિસ્તાની આતંકીઓ ઘૂષણખોરી કરવાના ઈનપુટ મળી રહ્યા છે. પરિણામે ગુજરાતની સરહદોને હાઈ એલર્ટ કરવામાં આવી છે. ઈનપૂટમાં કહેવાયું હતું કે પાકિસ્તાન આતંકીઓ દરિયાઈ માર્ગે ઘૂષણખોરી કરી આતંકી યોજનાને અંજામ આપી શકે છે. ખાસ કરીને આતંકી સંગઠન

(ફાઈલ ફોટો)

જૈસે મોહમ્મદ અને એસએસજી કમાન્ડો હરામી નાળા થકી ભારતીય બોર્ડરમાં પ્રવેશી શકે છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે હરામી નાલામાં ખતરનાક મગરોને છોડી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હકીકતમાં બીએસએફ દ્વારા ક્રીક કોકોડાઈલ કમાનડોનું ગ્રુપ છે. જેના સરહદ પર ખાસ કરીને કાદવીયા પાણીમાં ઘૂષણખોરી અટકાવવા માટે ટ્રેનીંગ આપવામાં આવી છે. પાકિસ્તાની આતંકવાદી ષડયંત્રો અને મુંબઈ હુમલા બાદ આ બટાલીનને સ્પેશિયલ ટ્રેનીંગ આપવામાં આવી છે. હવે આ કોકોડોઈલ કમાન્ડોને ૨૨ કિમીની લાંબી સરહદ પર તૈનાત કરવામાં આવશે.

ભારત-પાકિસ્તાનની દરિયાઈ સીમા ગુજરાતના કચ્છ ખાતે મળે છે. અહીંયા કાદવીયું પાણી અને અત્યંત ખતરનાક હરામી નાળા આવેલું છે. આ નાળાનો ઉપયોગ પાકિસ્તાન આતંકી ઘૂષણખોરી માટે કરી શકે તેવી આશંકા છે. જો કે મે મહિના દરમિયાન આ જ વિસ્તારમાંથી પાકિસ્તાની માછીમારો ઘૂષણખોરી કરતા પકડાય હતા. આ ઘૂષણખોરીના બીએસએફના જવાનોએ નિષ્ફળ બનાવી હતી. ત્યારબાદ બે ખાલી બોટ પણ મળી આવી હતી. આ ઘટનાઓને પગલે બીએસએફના મગર કમાન્ડોને કચ્છમાં તૈનાત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ઢોંગી ઢબુડી માતાના સમર્થકે પત્રકારને ધમકી આપતાં ફરિયાદ

ઢબુડી માતા ઉર્ફે ધનજી ઓડના કરતૂતોનો પર્દાફાશ થતાં તેના સમર્થકો બેફામ

અમદાવાદ, તા.૩૧

અંધશ્રદ્ધાના નામે ધતિંગ કરતા ઢોંગી ઢબુડી માતા ઉર્ફે ધનજી ઓડના પરાક્રમો પરથી પડદો ઉંચકાયો છે ત્યારે તેના કાળા કરતૂતોનો મીડિયામાં પર્દાફાશ થતા બેફામ બન્યા છે. ઢબુડી માતાના સમર્થકોએ એક પત્રકારને ધમકી આપતા પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. છેલ્લા અમુક દિવસોથી 'ઢબુડી મા' એટલે કે ધનજી ઓડ ઘણો જ ચર્ચામાં છે. ઢોંગી ઢબુડીનો મીડિયામાં પર્દાફાશ થતા હવે તેની સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હોવાના સમાચાર મળ્યા છે. ઢબુડી માના નામે લોકોની અંધશ્રદ્ધા સાથે રમત રમતાં ધનજી ઓડનો પર્દાફાશ થતાં તેની સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ધનજી ઓડની સચ્ચાઈ સામે આવતા અને મીડિયામાં ઢોંગી ઢબુડીનો પર્દાફાશ થતા હવે તેના સમર્થકો દ્વારા પત્રકારોને મારી નાંખવાની ધમકી આપવામાં આવી રહી છે. પત્રકારો સાથે હવે ધનજી ઓડના ઢોંગ વિરૂદ્ધ સામાન્ય જનતાને જાગૃત કરનારા લોકોને પણ ધનજી ઓડના સમર્થકો જાનથી મારી નાખવાની ધમકી આપી રહ્યા છે. જેના કારણે હવે સમર્થકો વિરુદ્ધ પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ધનજી ઓડના એક સમર્થક દ્વારા પત્રકારને ધમકીભર્યો ફોન કરવામાં આવ્યો જેને પગલે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગઈકાલે પણ ધનજી ઓડનો પર્દાફાશ થતાં તેની સામે બોટાદના ભીખુભાઈએ ગાંધીનગરના પેથાપુર પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. જે બાદ પોલીસની ધરપકડથી ફફડી ઉઠેલાં ધનજી ઓડે ગાંધીનગર કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. ઉલ્લેખનીય છે કે, અગાઉ ધનજીએ કહ્યું હતું કે મારી સામેના આક્ષેપો ખોટા છે. તો પછી ધનજીને આગોતરા જામીનની અરજી કેમ કરવાની જરૂર પડી તે પણ એક સવાલ છે.

૧ મોહર્રમ આજે ૧ સપ્ટેમ્બરે યૌમે આશુરા ૧૦ સપ્ટેમ્બર મંગળવારના રોજ મનાવાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૧

ઝીલહજના ૨૯મા ચાંદના રોજ ચાંદ નજર આવતા ઈસ્લામી નવું વર્ષ મોહર્રમનો પહેલો ચાંદ ૧ સપ્ટેમ્બરને રવિવારના રોજ ગણાશે. ગુજરાત ચાંદ કમિટીના પ્રમુખ મુફ્તી શબ્બીરઅહેમદ સિદ્દીકીએ અને શહેર કાઝી મોહમ્મદ શોએબે જણાવ્યું છે કે, આજ તા.૩૧ના રોજ ચાંદ નજર આવતા ૧ મોહર્રમ આવતીકાલ તા.૧-૯-૨૦૧૯ને રવિવારનો ગણાશે. આ મુતાબિક યવ્મે આશુરા એટલે કે ૧૦ મોહર્રમ તા.૧૦-૯-૨૦૧૯ને મંગળવારના રોજ મનાવવામાં આવશે.

Teacher Required

F.D.(Hameediyah) English Higher Secondary School, Charvat, Dariyapur, Ahmedabad-380001, a Minority Institution, run by F.D. Education Society, Ahmedabad, invites applications for a post of Shikshan Sahayak as per NOC vide DEO, Ahmedabad (City) No. JSHA/Secondary/2019/2679 dtd. 30-8-2019. Minimum Qualification B.Sc. (Maths/Science), B.Ed. English Medium, from UGC recognized University. Fixed pay Rs. 25,000/- for a period of 5 years. Exemption from TAT qualification is subject to condition No. 15 of the NOC. Candidate selected will not be entitled to protection as surplus Teacher according to GR dtd. 21-5-1994 and 06-7-1998 of the Education Dept. Other terms as in the NOC will apply. Desirous eligible candidates to send applications to The Principal of the said School at the address mentioned attaching true attested copies of all certificates (SSC., HSC, B.Sc./M.Sc., B.Ed./M.Ed.), mark-sheets and Experience Certificates, if any, by registered post A.D.to reach on or before 13-9-2019. Serving candidates to route applications through proper channel. Incomplete applications will not be considered.

શિક્ષકો જોઈએ છે

નવાબખાન અબ્બાસખાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત એમ.એસ. પબ્લિક સ્કૂલમાં અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમ માટે B.A. B.ed., M.A.B.ed., M.com, B.ed., B.Sc.B.ed., M.Sc.B.ed. તથા B.C.A, M.C.A. ડીગ્રી ધરાવતા શિક્ષકો જોઈએ છે.

લાયકાત ધરાવતા ઉમેદવારોએ સોમવારથી શનિવાર ૧૧થી ૨ના સમયમાં અરજી સાથે રૂબરૂ મળવું

એમ.એસ.પબ્લિક સ્કૂલ

ગંગા જમના સોસાયટી સામે, પીરકમાલ મસ્જીદ પાસે, દાણીલીમડા અમદાવાદ.

ફોન નંબર ૮૮૬૬૦૩૬૫૭૫

ઈ મેઈલ : mspublicschool7@gmail.com.

''બુખારી બાવા કબ્રસ્તાન''

(ટ્રસ્ટ રજિ.નં.બી-૮૦૬)

ઠે. :- ઓફિસ : ગેટ નં.૧, જમાલપુર ચાર રસ્તા પાસે, બહેરામપુરા પોલીસ ચોકી કે સામે, એહમદાબાદ-૧.

''શહી ઈમદાદ ઔર મદદ કરને કા મુકામ કબ્રસ્તાન હૈ'' કબ્રસ્તાનકી કોઈ ભી જાતકી આવક હૈ નહીં ઔર કુછ પરદેશી મુસ્લિમ કોમકે લોકોને કબ્રસ્તાનકી જમીન પર કબ્જા જમાયા હૈ ઔર દુકાને-ઓફિસે બનાકે ભાડા ખા રહે હૈ ઔર પક્કે તીન-ચાર મંજિલે કે મકાન બના લીયે હૈ કબ્રો કે ઉપર જીસકા ગુજરાત હાઈકોર્ટમેં કેશ ચાલુ હૈ ઉસકે બારે મેં ભી દુઆ કરનાં ઔર કબ્રસ્તાન મેં ભી પૈસે વગેરા કી મદદ કરતે રહેના ઔર મદદ ભી દીલવાના ઔર ગરીબ-લાવારીસ મૈયત કો ફ્રી મેં દફન કી જાતી હૈ ઔર કબ્ર કા પુરા સામાન, ઔર કફન વગૈરા કબ્રસ્તાન સે દીયા જાતા હૈ.આમીન. સુમ્મા આમીન.

-ખુદાહાફિઝ

ખાસ નોંધ : યેહ પેપરકી જાહેરખબરકે સિવાય હમને કબ્રસ્તાનકી કિસી ભી જાતકી ચંદેકી યા ડોનેશનકી પહોંચબુક બહાર દી નહીં હૈ. ઈસલિયે કબ્રસ્તાનકી રકમ બહારવાલેકો દેના નહીં. અગર દેના હો તો કબ્રસ્તાનમે આકર ઓફિસમેં જમાં કરાએ, યા કબ્રસ્તાનકી મદદ કે બારે મેં ખુદ જાત તપાસ કરે યા નિચે દિયે ગયે એકાઉન્ટ મેં ઓનલાઈન ટ્રાન્સફર કરે.

કોન્ટેક્ટ : ૯૩૭૫૪૩૨૮૧૦, ૯૫૭૪૭૫૮૯૭૮, ૯૭૩૭૦૦૦૬૨૮

બેંક એકાઉન્ટ નંબર :- 12240100019114

IFSC Code : BARB0ASTODI

બેંક ઓફ બરોડા, આસ્ટોડિયા ચકલા બ્રાન્ચ, એહમદાબાદ-૧.

લિ.વર્કિંગ કારોબારી ખિદમતગાર ટ્રસ્ટી હાજી નિઝામુદ્દીન એ.શેખ (લાઈટવાલા)

શિક્ષક જોઈએ છે

દારૂલ ઉલૂમ ફૈઝે અકબરી એજ્યુકેશનલ એન્ડ ચેરિટેબલ સોસાયટી - લુણીશરીફ સંચાલિત

એસ.એમ.જે. શાળા

લુણીશરીફ, શાળા માટે નીચે મુજબની લાયકાત ધરાવતા શિક્ષકો જોઈએ છે

ક્રમ	વિભાગ	લાયકાત	વિષય	જગ્યા
૧	પ્રાથમિક વિભાગ	પી.ટી.સી.-બી.એ.	અંગ્રેજી	૧
૨	માધ્યમિક/ઉ.માધ્યમિક વિભાગ	બી.એ.એમ.એ. બી.એડ.	અંગ્રેજી	૧

નોંધ : અનુભવી શિક્ષકને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે.

ઉપરોક્ત જગ્યા માટે લાયકાત ધરાવનાર ઉમેદવારોએ નીચે લખેલ સરનામાં- E-mail Id અથવા મો.નંબર ઉપર બાયોડેટા મોકલવા અને કોન્ટેક્ટ કરવો. આકર્ષક પગાર અને રહેવા-જમવાની વ્યવસ્થા આપવામાં આવશે.

સરનામું

એસ.એમ.જે. હાઈસ્કૂલ લુણીશરીફ, તા.મુંદરા, જિ.કચ્છ-ભૂજ

પી.નં. ૩૭૦૪૧૦

તા.૩૧/૦૮/૨૦૧૯

એન.એ.માથકિયા

મો.નં. ૯૯૨૫૬૩૩૨૪૫

E-mail : na786abc@gmail.com

આચાર્યશ્રી, એમ.આઈ. માથકિયા

મો.નં. ૯૯૧૩૦૬૧૪૭૦

ગુજરાત ટુડે

ગ્રીવેન્સીસ સેલ (લોક ફરિયાદ એકમ)

પીડિત અને આફતગ્રસ્ત લોકોની પડખે સદાયે ઉભા રહેતા દૈનિક 'ગુજરાત ટુડે' દ્વારા ''ગ્રીવેન્સીસ સેલ'' (લોક ફરિયાદ એકમ) શરૂ કરવામાં આવેલ છે; જેમાં જુદી જુદી કચેરીઓમાં ઘણા સમયથી પડતર હોય તેવી, નીચે મુજબની રજૂઆતો/ફરિયાદ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

(૧) સામાન્ય લોકો/ સંસ્થાઓએ સરકારી/ અર્ધસરકારી કચેરીઓ/ બોર્ડ/ નિગમોમાં કરેલી જેન્યુઈન (યોગ્ય) રજૂઆતો.
(૨) શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાઓને લગતા પ્રશ્નો તથા લોન/સ્કોલરશીપને લગતી રજૂઆતો.
(૩) વકફના કબ્રસ્તાનો અને તેની મિલકતોને લગતી બાબતો.
(૪) ગરીબ/ મધ્યમ વર્ગના લોકોની ધંધા/ રોજગારને લગતી રજૂઆતો.
(૫) માનવ અધિકારના ઉલ્લંઘનને લગતી ફરિયાદો.
(૬) R.T.E. તથા R.T.I.ને લગતી બાબતો.
(૭) દેખીતો અન્યાય થયો હોય અને દાદ ન મળતી હોય તેવી ફરિયાદો.
(૮) જાહેર હિતની અરજીઓ/લીટીગેશન્સ.
(૯) બી.પી.એલ.કાર્ડ કાર્યવાહીની સમજ.
(૧૦) આધારકાર્ડ કાર્યવાહીની સમજ.

- ઉપરોક્ત બાબતો **ઉદાહરણ સ્વરૂપે** દર્શાવેલ છે. ઉપરાંત અન્ય એવી બાબતો કે જેમાં લોકોના/ સંસ્થાઓના પ્રશ્નોને વાચા આપી શકાય અને તેઓને થતા અન્યાય સામે લડવામાં મદદરૂપ થઈ શકાય, તે માટે માર્ગદર્શન/ સલાહ આપવામાં આવશે.
- જો કોઈ NGO, સંસ્થા RTI અંગે માર્ગદર્શન માટે ઈચ્છુક હોય તો, ગ્રીવેન્સીસ સેલ, નિષ્ણાંતની સેવાઓ પણ ઉપલબ્ધ કરાવી શકશે.
- આપના પ્રશ્નો અંગે માર્ગદર્શન/ સલાહ/ મદદ મેળવવા માટે 'ગુજરાત ટુડે'ના ''ગ્રીવેન્સીસ સેલ''ને **પત્ર દ્વારા** આપની ફરિયાદ/ રજૂઆત જરૂરી સાધનિક પુરાવા (સપોર્ટિંગ ડોકયુમેન્ટસ) સહિત, દર્શાવેલ સરનામે મોકલી આપવી. જેમાં સંપર્ક નંબર અવશ્ય લખવો.

સમય : દર મંગળ અને બુધ ૧૧.૩૦થી ૧૩.૦૦ કલાક

સરનામું : ગ્રીવેન્સીસ સેલ

C\o ગુજરાત ટુડે,૩૩/૧, ગુજરાત ટુડે કંપાઉન્ડ, શાહે આલમ , અમદાવાદ-380028.

ફોન : (૦૭૯) ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧, ૨૫૩૨૮૮૨૫, ફેક્સ : ૨૫૩૫૮૦૬૦, ૨૫૩૨૬૨૭૩ E-mail : gujarattodayadmin@gmail.com,

નોંધ: (૧) ઈ મેઈલથી કરવામાં આવતી ફરિયાદો/ રજૂઆતોમાં મથાળે Attention to grievencies cell અચૂક લખવા વિનંતી છે.
(૨) સંપર્ક નંબર લખેલ નહીં હોય તો આપની રજૂઆત/ફરિયાદ ધ્યાને લેવામાં આવશે નહીં, જેની નોંધ લેવા વિનંતી છે.

લોકહિત મુવમેન્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS

મેઘધનુષ
ગુજરાત ટુડે
રવિવાર
તા.૧-૯-૨૦૧૯

મોદીના પાંચ લાખ કરોડના અર્થતંત્રના સ્વપ્ન સામે સૌથી મોટો વૈશ્વિક અવરોધ

મારી સ્મૃતિમાં છે ત્યાં સુધી ભારતનો GDP ૨૦૦૩થી ૨૦૦૮ના સમયગાળા દરમિયાન બમણો થયો હતો. શું આજનું બાહ્ય વાતાવરણ ભારતને તેનું પુનરાવર્તન કરવાની તક આપશે

પ્રશ્નાર્થ

એમ કે વેણુ

આજે સમગ્ર વિશ્વના અર્થતંત્રો એકબીજા સાથે તેટલા મજબૂત આંતરિક રીતે જોડાયેલા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારતને ૨૦૨૪-૨૫ સુધીમાં પાંચ લાખ કરોડ ડોલરનું અર્થતંત્ર બનાવવાના મહત્વાકાંક્ષી પ્રશ્ન સામે સવાલ સર્જાયો છે. ભારતીય અર્થતંત્ર હાલમાં ૨.૭ લાખ કરોડ ડોલરનું છે. તેનું મુખ્ય કારણ ટ્રમ્પ દ્વારા ચીન સામેના અવિરત વેપાર યુદ્ધના પગલે આવેલી ગંભીર વૈશ્વિક આર્થિક સ્થિતિ છે, જેના લીધે વૈશ્વિક અર્થતંત્ર પર અસર પડી રહી છે.

અમેરાકનો જીડીપી સ્થિર દરે ધીમો પડી રહ્યો છે ત્યારે યુરોપના પરંપરાગત આર્થિક એન્જિન જર્મનીમાં પણ મંદી ડોકાવવા માંડી છે. વિશ્વના ઘણા વિકસિત અર્થતંત્રો જેવા કે અમેરિકા, યુકે અને જાપાનમાં સરકારી બોન્ડમાં ઈન્વર્ટેડ યીલ્ડ કર્વ જોવા મળી રહી છે. ઈન્વર્ટેડ યીલ્ડ કર્વ મુખ્યત્વે મંદીની વૃદ્ધિનો સ્થિર સંકેત માનવામાં આવે છે. અમેરિકાના દસ વર્ષના બોન્ડની ઊપજ માંડ ૧.૬ ટકા છે, જે બે વર્ષના ટ્રેઝરી રેટથી પણ નીચે ઉતરી ગઈ છે. ૩૦ વર્ષના બોન્ડી ઊપજ તાજેતરમાં ઘટીને બે ટકાથી નીચે ઉતરી ગઈ છે. આ દર્શાવે છે કે અમેરિકાના અર્થતંત્રની સંભાવના નબળી છે અને આ જ પ્રકારની સ્થિતિ વૈશ્વિક અર્થતંત્રની છે.

હવે જો અમેરિકા, યુરોપ, ચીન અને જાપાનનો વૃદ્ધિદર નોંધપાત્ર પ્રમાણમાં ઘટે તો તેની સીધી અસર બીજા ઉભરતા અર્થતંત્રો પર પડે. ભારત પણ તેમા અપવાદ નથી. નિયમ તરીકે સરકારી બોન્ડના લાંબા ગાળાના વ્યાજદર ટૂંકા ગાળાના દર કરતા ઊંચા હોવા જોઈએ અને સામાન્ય યીલ્ડ કર્વ ત્રણ મહિના, એક વર્ષ, બે વર્ષ, પાંચ વર્ષ, દસ વર્ષ અને ૩૦ વર્ષના સમયગાળા માટે ઉપર તરફી ઢોળાવવાળી હોવી જોઈએ. હવે યીલ્ડ કર્વ એકદમ સપાટ છે અથવા તો ડાઉનવર્ડ સ્લોપિંગ એટલે કે ઘટાડા તરફી ઢોળા પર છે, આ બાબત મંદીનો સંકેત પાઠવે છે.

હાલમાં આ ડેવલપમેન્ટે વોલ સ્ટ્રીટને હચમચાવી નાખ્યુ છે અને તેના લીધે ટ્રમ્પને પણ ચીનના ૩૦૦ અબજ ડોલરની કન્ઝ્યુમર આઈટેમની આયાત પરનો વધારાનો દસ ટકા વેરો લાદવાનુ મોકૂફ રાખવાની ફરજ પડી છે, કારણ કે તે ઈચ્છતા નથી કે મધ્યમ વર્ગના અમેરિકનો માટે ૨૦૧૯ની ક્રિસમસ મોંઘી ન બની જાય, જેનો વપરાશ મુખ્યત્વે ચાઈનીઝ ઉત્પાદકો પર આધારિત છે. ટ્રમ્પ હવે ચૂંટણી પૂર્વેના વર્ષમાં અમેરિકાનો વૃદ્ધિદર ઝડપથી ધીમો થઈ રહ્યો છે તેની વાસ્તવિકતા ચકાસવા લાગી ગયા છે.

ભારતીય અર્થતંત્ર પર અસર

પરંતુ ભારતીય અર્થતંત્ર પર તેની કેવી અસર પડશે, જે નોટબંધી અને ખરાબ રીતે અમલ પામેલા જીએસટીના આંચકામાંથી માંડ-માંડ બહાર આવી રહ્યુ છે. તેના લીધે લઘુ ઉદ્યોગો પર વિપરીત અસર પડી છે. તેમા રિયલ એસ્ટેટ અને બાંધકામ ઉદ્યોગનો સમાવેશ થાય છે, આ બંને ઉદ્યોગ મોટાપાયા પર રોજગાર પૂરો પાડે છે.

ભારતનો વૃદ્ધિદર આમ પણ ઓક્ટોબર ૨૦૧૮થી ધીમો પડી ગયો છે. તેનું કારણ નોન-બેન્કિંગ ફાઈનાન્સ (એનબીએફસી)ની નવી એનપીએ કટોકટી છે. સરકાર કે રેગ્યુલેટરોને અંદાજ નથી કે બેડ લોનની મુશ્કેલી સેક્ટરને ખરાબ અસર પડી રહી છે. તેના લીધે એનબીએફસીએ હવે પારદર્શક એસેટ ક્વોલિટી રિવ્યુ કરવાની ફરજ પી રહી છે, જે ૨૦૧૪ પછી વધેલા ધિરાણમાં ૭૫ ટકાથી વધારે હિસ્સો ધરાવે છે.

મોટાભાગની પીએસયુ બેન્કે રીતસરનું ધિરાણ બંધ કરી દીધુ છે, કારણ કે રિઝર્વ બેન્કના નેજા હેઠળ તે બેલેન્સ શીટ સાફ કરવામાં લાગેલી છે. તે સમયે એનબીએફસીએ કોર્પોરેટ્સ અને રિયલ એસ્ટેટ સેક્ટરને ધિરાણ પૂરુ પાડ્યુ હતુ. તેના લીધે હવે બેડ લોનની મુશ્કેલી બેન્કોમાંથી એનબીએફસી તરફ શિફ્ટ થઈ છે. તેમા પણ એનબીએફસીઓમાં હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ કોઈપણ નિરીક્ષણ હેઠળ નથી, તેથી આપણને હજી સુધી ખબર નથી કે તેઓને કેટલી હદ સુધી નુકસાન થયું છે. તેથી મોદી સરકારે મુશ્કેલીઓને બે સેટનો સામનો કરવાનો છે.

એક તો સ્થાનિક અર્થતંત્ર પીએસયુ બેન્ક-એનબીએફસી ક્રેડિટ સિસ્ટમના માળખાકીય પ્રશ્નો સાથે સંકળાઈ ગયુ છે, જેણે હજી સુધી ક્રેડિટ સિસ્ટમને યોગ્ય રીતે છૂટી કરી નથી. રિઝર્વ બેન્ક દ્વારા બેન્કોને નીતિગત વ્યાજદર કપાત ૧૧૦ બેસિસ પોઈન્ટ જેટલી કરવામાં આવી હોવા છતાં બેન્કોએ તે પૂરેપૂરી ગ્રાહકો પર શિફ્ટ કરી નથી. મુશ્કેલીઓનો બીજો સેટ વૈશ્વિક આર્થિક અને વેપાર અવરોધના લીધે સર્જાયો છે. આ બંને મુશ્કેલીઓના લીધે ભારતનો જીડીપી આગામી છ વર્ષમાં બમણો થઈ પાંચ લાખ કરોડ ડોલર થાય તેવી સંભાવના ઓછી લાગે છે. આંકડા સૂચવે છે કે ૧૯૯૧ના સુધારા પછી ભારતનો જીડીપી ૨૦૦૩થી ૨૦૦૮ની વૈશ્વિક આર્થિક તેજીના પાંચ વર્ષના સમયગાળામાં બમણો થયો હતો. આ સમયગાળાને હકારાત્મક બાહ્ય વાતાવરણ કહેવાય છે. તેમા વૈશ્વિક આર્થિક વૃદ્ધિ અમેરિકા, ઈયુ, જાપાન અને ચીનની આગેવાની હેઠળ ટોચ પર હતી.

ઊંચી બચતો અને રોકાણના દરના લીધે ભારતનું સ્થાનિક અર્થતંત્ર ઘણુ મજબૂત હતુ. આ સમયગાળામાં પણ બેન્ક ધિરાણ વૃદ્ધિ ૨૦ ટકા હતી અને નિકાસવૃદ્ધિ પણ ૨૦ ટકા પ્લસ હતી. આ સ્થિતિઓની વચ્ચે પણ ભારતનો વિનિમય દર સ્થિર રહ્યો હતો અને સામાન્ય વધ્યો હતો. આ સમયગાળા દરમિયાન રૂપિયાનો સરેરાશ વિનિમય દર ડોલર સામે ૪૫નો હતો. આ હકારાત્મક વાતાવરણનું કારણ સ્થાનિક અને વૈશ્વિક સ્થિતિ હતી જેના લીધે ભારતનો જીડીપો ૨૦૦૩-૦૪ના ૬૫૦ અબજ ડોલરથી વધીને ૨૦૦૮-૦૯નામાં ૧,૩૫૦ અબજ ડોલર પર પહોંચી ગયો હતો.

કમનસીબે તે સમયે હતે તેવી સ્થાનિક અને વૈશ્વિક સ્થિતિઓ આજે ન હોવાથી ભારત માટે આગામી છ વર્ષમાં જીડીપી બમણો કરી ૫ લાખ કરોડ ડોલર કરવો અઘરો છે. હાલમાં ભારતની નિકાસો, ધિરાણ વૃદ્ધિ, બચતો અને રોકાણનો દર બધુ સ્થગિત છે અને વૈશ્વિક આર્થિક સ્થિતિઓ પણ મદદરૂપ નથી. કેટલાક આર્થિક વિશ્લેષકો સૂચવે છે કે વર્તમાન ડી-ગ્લોબલાઈઝેશનના તબક્કામાં વેપાર અને રોકાણની સ્થિતિને ધ્યાનમાં રાખતા ઈમર્જિંગ ઈકોનોમીઝ માટે જે સાત ટકાનો દર જોવા મળતો હતો ત્યાં પાંચ ટકાનો જીડીપી દર નવું ધોરણ બની શકે છે.

તેના પરિણામે વિકસિત અને વિકાસશીલ દેશોમાં ઉત્પાદકતામાં ઘટાડો જોવા મળશે, જેના કારણ વિકસિત દેશ અને ચીનમાં ઋણના મોરચે સ્થિતિ અસહ્ય બની જશે. ચીને છ ટકાથી પણ નીચેનો વૃદ્ધિદર જોયો છે. ભારત પર ઋણબોજ તેટલો ગંભીર નથી, પરંતુ સ્થાનિક અર્થતંત્રમાં આવેલી માળખાકીય નબળાઈઓને તેણે વેઠવી પડશે અને તેનો સામનો કરવો પડશે.

આ સંજોગોમાં ભારત જો ૬.૫ ટકાનો સરેરાશ વૃદ્ધિદર જાળવે તો પણ નસીબદાર કહી શકાય અને જો ચાર ટકા ફુગાવાને ઉમેરવામાં આવે તો તેનો જીડીપી વૃદ્ધિદર ૧૦.૫ ટકા જેટલો હોવો જોઈએ. આ સંજોગોમાં તેને જીડીપી પાંચ લાખ કરોડ ડોલર પર પહોંચાડવામાં આઠ વર્ષ લાગી શકે અને તેમા તે વાત પણ ધારી લેવાઈ છે કે વિનિમય દર સ્થિર રહેશે, જે ૨૦૦૩થી ૨૦૦૮ના સમયગાળાને બાદ કરતા ક્યારેય બન્યું નથી.

૨૦૦૮-૦૯ પછીના સમયગાળામાં વૈશ્વિક નાણાકીય કટોકટીના લીધે વૈશ્વિક વ્યાપાર અને રોકાણની પ્રવૃત્તિમાં ઘટાડો નોંધાયો હતો. ભારતના જીડીપીને બમણો થતા લગભગ દસ વર્ષ લાગ્યા હતા, કારણ કે વૃદ્ધિ ઘટી હતી અને વિનિયમ દરના લીધે ૨૦૧૩ દરમિયાન આંચકા લાગ્યા હતા. ૨૦૦૭-૦૮માં વિનિમય દર ડોલર સામે ૪૫ રૂપિયા હતો જે ૨૦૧૭-૧મા ૬૪ રૂપિયા રહ્યો હતો. આના લીધે ઘસારો ૪૦ ટકા હતો. સામાન્ય જીડીપી વદ્ધિ પાંચથી છ વર્ષના સમયગાળા માટે ૧૧થી ૧૨ ટકા હોય છે. આ જ સમયગાળામાં વિનિમય દર ૪૦થી ૪૫ ટકા હતો, જેના લીધે ડોલરમાં જીડીપી દસ વર્ષમાં બમણો થશે.

અર્થતંત્રએ ૧૯૯૧-૯૨થી શરૂ કરેલા સુધારાના પગલે અસરકારક વૃદ્ધિ દર્શાવી હતી, પરંતુ વિનિમય દર ૧૯૯૧-૯૨ના સરેરાશ ૩૨થી ૨૦૦૨-૦૩માં ૪૭ રૂપિયા હતો. ભારતના જીડીપીને ૨૦૦૨-૦૩ના ૩૨૦ અબજ ડોલરથી ૬૦૦ અબજ ડોલરનું થવામાં દસ વર્ષ લાગ્યા હતા. એશિયન નાણાકીય કટોકટીના લીધે ભારતીય વિનિમય દર આ સમયગાળા દરમિયાન નીચો હતો. ભારતની જીડીપીની વૃદ્ધિ સ્પષ્ટપણે દર્શાવે છે કે અર્થતંત્રએ સમયાંતરે વિનિમય દરના આંચકા અનુભવ્યા છે, તેનું કારણ વૈશ્વિક નાણાકીય સ્થિતિ અને વેપાર છે, જે ૨૦૦૮ની નાણાકીય કટોકટીના લીધે ઘટ્યો હતો. તેના પછીના પાંચથી છ વરષમાં ડોલરમાં જીડીપી બમણી થઈ તેને વૈશ્વિક અને સ્થાનિક સ્તરે કોઈ ગતિરોધનો સામનો કરવો પડ્યો ન હતો. **(સૌ : ધ વાયર.ઈન)**

ફાયર ટેકનોલોજીની ચેલેન્જીંગ કરિયર વિષે વિચાર્યું છે ? જાણો ફાયર સેફ્ટી ઓફિસરની કારકિર્દી વિશે

કેમ છો મિત્રો સૌ મજામાં છો ને ? આજે આપણે પોલીસ, પત્રકાર, વકીલ જેવી પડકારજનક એટલે કે ચેલેન્જીંગ કરિયરની વાત કરવી છે. આ કરિયર છે ફાયર ઓફિસર, ફાયર સેફ્ટી ઓફિસર, ફાયર મેન વગેરે આગને લગતી બાબતોના નિષ્ણાતની. આશ્ચર્ય ના પામતા બહુ ઓછા લોકો આ કરિયર વિશે જાણે છે અને તેટલા માટે જ તેમા ઝંપલાવતા નથી. પરંતુ મારું માનો તો દુનિયામાં સામાન્ય લોકો કરતા અલગ તરી આવવું હોય, કંઇક પડકારજનક જીંદગી જીવવી હોય, લોકોના જાન-માલના રક્ષણ માટેની સાહસ કરવાની હિંમત હોય અને લોકોની જીંદગી બચાવવાનો જુસ્સો હોય તો જોડાઇ જાવ ફાયર વિભાગની મજબૂત કારકિર્દીમાં. તો ચાલો આજે આપણે આ કરિયર વિશે માહિતી મેળવીશું.

ફાયર અને ઈમરજન્સી સર્વિસ વિશે.....

આજકાલ કુદરતી અને માનવસર્જીત આફતો રોજબરોજ બનતી હોય છે. આ ઉપરાંત ક્લાયમેટ ચેન્જના કારણે આપણા દેશમાં વર્ષમાં આઠથી નવ મહિના ભયંકર ગરમી પડતી હોય છે. તેના કારણે આજકાલ આગ લાગવાના બનાવો ખૂબ બનતા હોય છે. આ ઉપરાંત નાની-મોટી ઘટનાઓમાં પણ ઈમરજન્સી સેવાઓની જરૂરિયાત રહેતી હોય છે. આથી રાજય સરકાર દ્વારા દરેક શહેર અને જીલ્લાઓમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસની રચના કરી છે. જે આગ લાગવાના અને આકસ્મિક બનાવો બન્યા હોય તેમાં પહોંચી વળે છે. તેના માટે તાલિમ બધ્ધ યુવાનો, યુવતીની જરૂર પડતી હોય છે અને તેઓ અલગ-અલગ હોદ્દાઓ ઉપર ફરજ બજાવતા હોય છે.

આ તો થઇ સરકારી વિભાગની વાત. પરંતુ હવે તો અર્ધસરકારી અને ખાનગી કંપનીઓમાં પણ ફાયર અને સેફ્ટીની જરૂરિયાત ઊભી થઇ હોવાથી તે લોકો પણ ફાયર સેફ્ટી ઓફિસરોની નિમણૂક કરતા હોય છે. ધારો કે કોઇક બિલ્ડીંગમાં આગ લાગી તો તેમાં ફાયર વિભાગના જવાનો અને અધિકારીઓ ગણતરીની મિનિટોમાં પહોચીં જાય છે અને લોકોના જાન-માલની રક્ષણ કરે છે. ક્યાંક પૂર આવ્યું, ભૂકંપ આવ્યો કે બીજી કોઇપણ ઘટના બની હોય ત્યારે ફસાયેલા લોકોને હેમખેમ કેવી રીતે બહાર કાઢવા તે ફાયર વિભાગની જવાબદારી હોય છે.

ફાયર અને ઈમરજન્સી સેવાઓનું મહત્વ.....

આજકાલ દરેક ક્ષેત્રમાં એક પ્રકારની જાગૃતિ આવી ગઇ છે. તેવી જ રીતે આગ સામે રક્ષણ કેવી રીતે મેળવવું તે બાબતે પણ લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. દરેક બહુમાળી મકાનોમાં ફાયર સેફ્ટી સીસ્ટમ લગાવવી ફરજીયાત છે. મોટા-મોટા બિલ્ડરો, વિશાળ જગ્યામાં ફેલાયેલી યુનિવર્સીટીઓ, પોર્ટ, જહાજો, સરકારી સંસ્થાનો દરેક જગ્યાએ ફાયર સિસ્ટમ લગાવેલી હોય છે જેના કારણે આગના બનાવો અટકાવી શકાય અને આગની ઘટના બની હોય તો તેનાથી ઓછામાં ઓછું નુકસાન જાય તેની કામગીરી કરવાની હોય છે. મોટા ઉદ્યોગ ગૃહો, બિલ્ડરો અને ઓદ્યોગીક વસાહતોમાં ફરજીયાત રીતે ફાયર અને ઈમરજન્સી નિષ્ણાતો રાખવા પડતા હોય છે. આ માટે હાલમાં ખૂબ જ મોટા પ્રમાણમાં આવા નિષ્ણાતોની જરૂર પડતી હોય છે પરંતુ હાલમાં માગ સામે ઉમેદારોની સંખ્યા ઓછી હોવાથી ક્યાંકને ક્યાંક તો જોબ મળી જ જાય છે.

તાલિમ શેની લેવાની હોય છે ?

ફાયર અને ઈમરજન્સી સેવાની કરિયર અપનાવવી હોય છો ધોરણ-૧૨ સાયક્ર કે કોમર્સ પછી ફાયર એન્જીનીટરીંગ અને ફાયર ટેકનોલોજી કોલેજોમાં એડમીશન લઇને તેની પધ્ધતિસરની તાલિમ લઇ શકાય છે. આવી કોલેજમાં પ્રેક્ટીકલ અને થીયરીકલ બન્ને તાલિમ આપવામાં આવે છે. શરુઆતના વર્ષોમાં આગના પ્રકારો અને તેને ઓલવવાની પધ્ધતિઓ વિશે અભ્યાસ કરાવાય છે. ત્યારબાદ ધીરે-ધીરે પ્રેક્ટીકલ તાલિમ આપવામાં આવે છે. આ ઉપરાંત ભૂકંપના કારણે કે નબળા બાંધકામના કારણે મકાનો પડી જાય અને તેમા દબાઇ ગયેલા લોકોનો બચાવ કેવી રીતે કરવો, કોઇ નદીમાં ડૂબી ગયું હોય તો તેને બચાવવા, બહાર કાઢવા, પૂર અને ભારે વરસાદની સ્થિતીમાં શહેર-ગામોમાં જઇને ફસાયેલા લોકોને બચવવા અને સુરક્ષિત સ્થળે પહોંચાડવા, ફાયર રોકવાના ઉપાયો, આકસ્મિક સંજોગોમાં ધીરજ રાખીને કેવી રીતે જીવ બચાવી શકાય તેની પધ્ધતિઓ શીખવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

હેલ્લો સ્ટુડન્ટસ

- સાહેબ સોની

તેમાં કરિયરની તકો કેવી છે

ફાયર સેફ્ટી અને ઈમરજન્સી સર્વિસમાં રાતોરોત લાખો રૂપિયાની કમાણી અથવા તેટલો પગાર મળે તેવી આશા રાખી શકાય નહી. આ એક સાહસ અને જુસ્સો હોય તેમજ સમાજ માટે કંઇક કરી છૂટવાની ઈચ્છા રાખનારા લોકો માટેની કારકિર્દી છે. કોઈનો જીવ બચાવવો તે સૌથી મોટી સેવા ગણાય છે. આથી કરિયરની તકો સારી છે. તમને ખાનગી અથવા સરકારી સંસ્થાનોમાં ફાયર મેન, સેફ્ટી ઓફિસર, ફાયર ઓફિસર સહિતની જગ્યાઓ ઉપર નોકરી મળી શકે છે. સરકારી ફાયર વિભાગોમાં તમે વર્ગ-૧ના ઉચ્ચ હોદ્દા સુધી પહોંચી શકો છો. આ ઉપરાંત જો તમારે નોકરી ના કરવી હોય તો અનુભવના આધારે તમે ફાયર અને સેફ્ટીના સલાહકાર તરીકે પણ કામગીરી કરી શકો છો. આ ઉપરાંત ફાયર સેફ્ટીના સાધનો બનાવતી કંપનીમાં, બિલ્ડર, રીફાઇનરીઓ, મોટી ફેક્ટરીઓમાં તમને નોકરી મળી શકે છે.

ક્યાં અભ્યાસ કરી શકાય ?

જો તમે આ કરિયર વિશે ગંભીર હોવ તો નાગપુર ખાતે આવેલી દેશની પ્રતિષ્ઠિત નેશનલ ફાયર સર્વિસ કોલેજ , નાગપુર ખાતે અભ્યાસ કરી શકો છો. આ સંસ્થામાં પ્રવેશ માટે ખૂબ સ્પર્ધા હોય છે અને દેશભરમાં પ્રવેશ પરીક્ષા યોજાય છે. આથી તમારે સારું શિક્ષણ મેળવીને અહીની પ્રવેશ પરીક્ષા આપો તો તમારી ઉત્તમ કારકિર્દીના દ્વાર ખુલી જાય છે. અહીં વિદ્યાર્થીને સબ ઓફિસર, સ્ટેશન ઓફિસર, ઈન્સ્ટ્રક્ટર અને ડિવિઝન ઓફિસર બનવા માટે કોર્ષ ચાલી રહ્યા છે. ઉપરાંત ગુજરાતની વાત કરીએ તો સાણંદ-વિરમગામ હાઈવે ઉપર પણ એક ફાયર ટેકનોલોજી કોલેજ આવેલી છે. જેનું નામ છે કોલેજ ઓફ સેફ્ટી એન્ડ ફાયર ટેકનોલોજી. આ સંસ્થામાં ત્રણ કોર્ષ થાય છે. બીએસસી (ફાયર એન્ડ સેફ્ટી), આઈટીઆઈ (ફાયરમેન કોર્ષ) અને આઈટીઆઈ (સેફ્ટી અને પ્રોટેક્શન)નો કોર્ષ થાય છે. બીએસસીનો કોર્ષ સ્નાતક કક્ષાનો અને ત્રણ વર્ષનો હોય છે. ફાયરમેનના કોર્ષ પણ ત્રણ વર્ષનો હોય છે અને ધોરણ-૧૨ સાયન્સ કરેલું હોય તેને પ્રવેશ મળે છે. જયારે ત્રીજો કોર્ષ એક વર્ષનો હોય છે અને ધોરણ-૧૦ પાસ પ્રવેશ મેળવી શકે છે. તો મિત્રો જોઇ શું રહ્યા છો. જો લોકોના જીવ બચાવવાની બહાદુરી અને સાહસ હોય તો જોડાઇ જાવ આ કરિયરમાં જયાં તમને લોકોની સેવા કર્યાનો આનંદ તો મળસે પરંતુ જીવ બચાવ્યાના આશિર્વાદ પણ મળશે.

મૂંઝવણ તમારી ઉકેલ અમારો

સવાલ – મારુ નામ ઉર્જીત શેઠ છે અને હું ધોરણ-૧૨માં અભ્યાસ કરું છું. મારે વકીલાત કરવી છે તો ત્રણ વર્ષનો કોર્ષ કરું કે પાંચ વર્ષનો? જવાબ આપશો.

જવાબ – મિત્ર ઉર્જીત ધોરણ-૧૨ પછી પાંચ વર્ષનો બીએ એલએલબીનો કોર્ષ થાય છે. તેમાં કાયદાનું તલસ્પર્શી જ્ઞાન આપવામાં આવે છે. તેની વાર્ષિક ફી રૂ. ૧.૨૦ લાખ હોય છે. એટલે ખૂબ ખર્ચ આવે છે. જો આટલો ખર્ચ ના કરવો હોય તો સરકારી કોલેજોમાં ત્રણ વર્ષનો કોર્ષ કરી શકાય. જે સ્નાતક થયા બાદ થઇ શકે છે. બન્નેમાં તમે સારા વકીલ બની શકો છો.

સવાલ – મારું નામ હાદીયા પટેલ છે. મારે સારા પેઇન્ટર બનવું હોવાથી સલાહ આપશો.

જવાબ – જો તમારે પેઇન્ટર બનવું હોય તો તમારામાં એક કુદરતી આવડત કે રચનાત્કતા હોવી જરૂરી છે. આ ઉપરાંત તમે કયા શહેરમાં રહો છો તે કીધું નથી. બાકી વડોદરાની એમ.એસ યુનિવર્સીટીના ફાઇન આર્ટસ ડિપોર્ટમેન્ટમાં, અમદાવાદ શહેરમાં સી.એન. કોલેજમાં અને ધોળકા ખાતે ફાઇન આર્ટસ કોલેજમાં તેનો અભ્યાસક્રમ થઇ શકે છે.

સવાલ – વિડીયો એડીટર એટલે શું ? તેની માહિતી આપશો. તબરેશ મનસૂરી, દાહોદ

જવાબ – વિડીયો એડીટર એટલે કે જે વિડીયો શુટીંગ થયું હોય તેમાં ફેરફારો કરીને જોવાલાયક બનાવે તે વ્યક્તિ. વિડીયો એટીટર એક ખૂબ સારી કારકીર્દી છે અને તેમની ખૂબ ડીમાન્ડ છે. તેના વિશે એક આખો લેખ લખીશ. આ કોલમ વાંચતા રહેશો. ઓલ ધ બેસ્ટ.

નતીજા કુછ ભી હો લેકિન હમ અપના કામ કરતે હૈ

શબ્દ સંતૂર

- ડો.એસ.એસ.રાહી

ભાવ અને વિચારની સ્વતંત્રતા, અભિવ્યક્તિના વળાંકો અને સબળતા જેમની ગઝલોના ગુણવિશેષ છે. જેમને વાસ્તવિક અને ભૌતિક પ્રેમથી કોઈ સંબંધ નથી, જેમની પ્રિયતમા કોઈ વ્યક્તિ નથી પણ રૂપ-સૌંદર્ય માત્ર છે. જેમની ભાવનાત્મક ચેતના ઉચ્ચ સ્તરની છે તેવા શાયર યાસ યગાના ચંગેઝીનું મૂળ નામ મિરઝા વાજિદહુસેન હતું. તેમનો જન્મ ઈ.સ.૧૮૮૪માં પટણામાં ચંગેઝ ખાનના વંશમાં થયો હતો. તેમના પૂર્વજો ઈરાનથી ભારત આવ્યા હતા અને તે વખતની સલ્તનત તરફથી તેમને અઝીમાબાદ (પટણા)માં કેટલીક જાગીર મળતાં તેઓ ત્યાં જ વસી ગયા હતા. ઉર્દૂ, ફારસી અને અંગ્રેજી ભાષાના જાણકાર આ શાયર 'શાદ' અઝીમાબાદીના શિષ્ય હતા. તે સમયમાં લખાતી નિરાશાવાદી શાયરી યાસને જરાયે પસંદ ન્હોતી. આ ઢબની શાયરીનો તેમણે ખુલ્લેઆમ રીતસરનો વિરોધ કર્યો હતો. પરિણામે આ શાયર અને લખનવી શાયરો વચ્ચે એક પ્રકારના સેદ્ધાંતિક યુદ્ધનો આરંભ થયો હતો. સ્વાભિમાની શાયર યાસે આ વિરોધનો બરાબર સામનો કર્યો. ટીકા-વિરોધનો યોગ્ય જવાબ આપવા તેમણે નશ્તરે-યાસ નામનું અને ત્યારબાદ ૧૯૩૫માં 'ગાલિબે-શિકન' નામનું સામયિક શરૂ કર્યું હતું. આ શાયરે ગાલિબ, જોશ અને ઈકબાલની શાયરીની તેમના સામયિકોમાં કડક ટીકા કરી હતી.

આ શાયર કેટલોક સમય લાહોરમાં રહ્યા હતા. પણ ત્યાંનું વાતાવરણ તેમને અનુકૂળ ન આવતા તેઓ ફરીથી લખનૌ આવી ગયા હતા. એ જમાનામાં લખનૌમાં 'નાસિખ' અને 'અમીર મિનાઈ'નો પ્રભાવ ઓસરતો જતો હતો. તે વખતે મરશિયા (શોક-કાવ્ય)ની બોલબાલા હતી. રોવા-ધોવાની કરૂણ શાયરી યાસને માફક ન આવતા તેમણે મુશાયરામાં ભાગ લઈ તેમજ અખબારોમાં લેખો લખીને આવી રોતલ શાયરીનો વિરોધ કર્યો પરંતુ તેમના તરફની ઉપેક્ષા અને વિરોધથી આ શાયર ક્યારેય ડગ્યા ન્હોતા.

આવા વિષમ વાતાવરણ વચ્ચે છેવટે મહારાજા સર કિશનપ્રસાદ 'શાદ'ના નિમંત્રણથી 'યાસ' હૈદરાબાદ જઈ વસ્યા હતા. અને તેમને જિલ્લાના સબ-રજિસ્ટ્રારના હોદ્દા પર નિયુક્ત કરાવ્યા હતા. વૃદ્ધાવસ્થાને લીધે તેમણે ફરીથી લખનૌમાં સ્થળાંતર કર્યું હતું. નશ્તરે-યાસ, ગંજીના, અને આયાતે-વિજદાની જેવા ગઝલસંગ્રહો આપનાર આ શાયર બધા જ ધર્મો પ્રત્યે આદર ધરાવતા હતા તેમ સામ્પ્રદાયિકતાથી દૂર રહ્યા હતા. આ તેજસ્વી શાયર ઈ.સ.૧૯૫૬માં લખનૌની યાદીમાં દફન થયા હતા.

તેમની શે'ર-શાયરીના ટહુકાઓને હવે નિરાંતે સાંભળીએ.

એસે દો દિલ ભી કમ મિલે હોંગે,
ન કશાકશ હુઈ, ન જીત ન હાર

જેમના વચ્ચે કશી ખેંચતાણ ના થઈ હોય અથવા ક્યારેય હાર જીતનો પ્રશ્ન ઊભો થયો ન હોય એવા બે હૃદય બહુ ઓછા મળી આવે છે.

જબ ભી કિયા ઈરાદા મિલને કા દો દિલો ને
દીવાર બની ગઈ હૈ દુનિયા કી મહેરબાની

બે હૃદયોએ જ્યારે મળવાનો ઈરાદો કર્યો ત્યારે દુનિયાની કૃપા દીવા બનીને આડે આવી ગઈ છે.

ગુનાહે-ઝિન્દાદિલી કહિયે યા દિલ-આઝારી,
કિસી પે હંસ લિયા ઈતના કિ ફિર હંસા ન ગયા

તમે તેને ખુશ રહેવાનું પાપ ગણો કે પછી મનનું દુઃખ સમજો. અમે કોઈના પર એટલું બધું હસ્યા કે પછી અમારાથી હસી જ ના શકાયું.

ઝિસ્ત કે હૈ યહી મુઝે વલ્લાહ,
ચાર દિન શાદ, ચાર દિન નાશાદ

ખુદા કસમ ! ચાર દિવસ આનંદના હોય તો ચાર દિવસ દુઃખના પણ હોય ! જીવનની આ જ તો મજા છે.

તડપ કે આબલા પ ઉઠ ખડે હુવે આખિર,
તલાશે-ચાર મેં જબ કોઈ કારવાં નિકલા

કોઈ કાફલો જ્યારે પસાર થાય છે. ત્યારે સજનીની શોધમાં હું ચીરાયેલા ચરણો સાથે તડપતો તડપતો ઊભો થઈ જાઉં છું.

પિયાલા ખાલી ઉઠા કર લગા લિયા મુંહ સે
કિ 'યાસ' કુછ તો નિકલ જાય હોંસલા દિલ કા

મેં ખાલી ખ્યાલી ઉપાડીને મોંઢે માંડી દીધી. હૃદયના ઉમંગને કોઈ રસ્તો મળી જાય એટલા માટે મેં આમ કર્યું.

ઐસી પિલા દે સાકિયા ! ફિક્ર ન હો નજાત કી,
નશા કહીં ઉતર ન જાય રોજે-શુમાર દેખ કર

ઓ સાકી ! તું અમને એવી સુરા પીવડાવ કે મોક્ષની ચિંતા જ ન રહે પ્રલયનો દિવસ પણ સામે આવે તો તે જોઈને (અમારો) નશો ક્યાંય ઉતરી ન જાય !

અલ્લાહરી બેતાબિયે-દિલ વસ્લ કી રાબ કો,
કુછ નીંદ ભી આંખો મેં હૈ, કુછ મય કા અસર ભી

ઓ ખુદા ! મિલનની રાત્રીમાં હૃદયની વ્યાકુળતા વિશે શું કહેવું, આંખોમાં થોડીક ઊંઘ પણ છે અને સુરાપાનની અસર પણ છે.

ચરાગે-ઝિસ્ત બુઝા, દિલ સે ઈક ધુંઆ નિકલા,
લગા કે આજ મેરે ઘર સે મેહમાં નિકલા

અફસુર્દા ખાતિરોં કી ખિઝા કયા, બહાર કયા ?
કુંજે-કફસ મેં મર રહે આયા આશિયાને મેં

ખિન્ન હૃદય માટે શું પાનખર કે શું વસંત ? (બંને સરખા જ છે ને !) કોઈ પિંજરાના ખૂંણે કે પછી પોતાના માળામાં મૃત્યુ પામે તેથી શો ફરક પડે છે ?

ઓ જલનેવાલે ! કાશ જલના હી તુઝે આતા,
યહ જનલા કોઈ જલના હૈ કિ રહ જાયે ધુઆં હો કર

અરે બળી જનારાઓ ! તમને તો બળતાં જ આવડતું નથી. આ બળવું તે કાંઈ બળવું ના કહેવાય કે જે માત્ર ધુમાડો થઈને રહી જાય !

ઈતની સી દાસ્તાને-ઉમ્ર આપ સે કયા બયાં કરૂં ?
જાગે યે ઈન્તિઝાર કેં, સો ગયે ઈન્તિઝાર મેં

જીવનની કથાઓનું હું તમારી પાસે શું વર્ણન કરૂં ? હું પ્રતીક્ષામાં જાગ્યો હતો અને પછી પ્રતીક્ષામાં જ હું તો સૂઈ પણ ગયો.

ઈસી ફરેબને મારા કે કલ હૈ કિતની દૂર ?
ઈસ આજ-કલ મેં અબસ દિન ગવાયે હૈ કયા કયા !

કાલ ક્યાં દૂર છે ? એવા છળકપટે જ મને મારી નાખ્યો. આજ કરૂં, કાલ કરૂં એવી દ્વિધામાં મેં કેટલાય દિવસો વ્યર્થ ગુમાવી દીધા.

દર્દે-દિલ કે વાસ્તે પૈદા કિયા ઈન્સાન કો,
ઝિન્દગી ફિર ક્યું હુઈ હૈ, દર્દે-સર મેરે લિયે

હૃદયના દુઃખોને સહન કરવા માટે માનવને પેદા કરાયો છે. તો પછી મારા માટે આ જીવતર શા માટે માથાનો દુઃખાવો થઈ ગયું છે ?

જૈસે દોઝખ કી હવા ખા કે અભી આયા હૈ
કિસ કદર વાઈઝે-મક્કાર ડરાતા હૈ મુઝે

પેલો ધુતારો ઉપદેશક મને કેવો ભયભીત કરી મૂકે છે ? જાણે કે એ પોતે નરક (જહન્નમ)ની હવા ખાઈને ન આવ્યો હોય એમ લાગે છે !

નતીજા કુછ ભી હો લેકિન હમ અપના કામ કરતે હૈ
સવેરે સે હી ધુરન્દેરા ફિક્રે-શામ કરતે હૈ

પરિણામ ભલે ગમે તે આવે, પણ અમે તો અમારૂં કામ આગળ ધપાવીએ જ છીએ. લાંબું જોનારા (માણસ) સવાર થાય કે તરત જ સાંજની ચિંતામાં પડી જતા હોય છે.

દુનિયા સે 'યાસ' જાને કો જી ચાહતા નહીં,
વલ્લાહ કયા કશિશ હૈ ઈસ ઉજડે દયાર મેં

ઓ 'યાસ'! આ દુનિયાને છોડીને ચાલ્યા જવાનું મને મન થતું નથી ખુદાના સમ ! આ નિર્જન જગ્યામાં કોણ જાણે કેવું આકર્ષણ છે.

ઉગ્ર રાષ્ટ્રવાદની ઊંચી દિવાલો પર ચઢીને અહેવાલ કેવી રીતે મેળવવો ?

વ્યવસાયી ભારતીય પત્રકાર માટે કાશ્મીરને કવર કરવુ તે આ વિસ્તારના હેતુલક્ષી સત્યોને બહાર કાઢવા જેવી વાત છે. હંમેશા અહી આ કવાયત ચાલતી રહે છે. પાંચમી ઓગસ્ટે મોદી સરકારે આર્ટિકલ ૩૭૦ અને ૩૫એ નાબૂદ કરીને રાજ્યમાં ત્રણ ગણી સુરક્ષા વધારી દીધી અને તેણે તેની સાથે રાજ્યનું વિભાજન કરીને તેનો દરજ્જો ઘટાડી કેન્દ્રશાસિત પ્રદેશનો બનાવી દીધો તથા પ્રસારમાધ્યમો બંધ કરી દેતા કોઈપણ કામ કરવું રીતસરનું અશક્ય થઈ ગયું.

તેના ત્રણ કારણો છેઃ એક તો આપણા બધા પર ઉગ્ર રાષ્ટ્રવાદ ચઢી ગયો છે, મોટાભાગના મુખ્યપ્રવાહવાળા ભારતીય પ્રસાર માધ્યમો તેની દિનપ્રતિદિન વાત કરી રહ્યા છે, બીજું ભારતનું આ એકમાત્ર એવું રાજ્ય હતુ જ્યારે મુસ્લિમ બહુમતીએ પહેલી વખત હિંદુત્વના રાજકારણનો સામનો કરવો પડી રહ્યો છે, ત્રીજું વાસ્તવિક બાબતોનો કોઈ અર્થ નથી, કારણ કે તે પોષાઈ શકે તેમ નથી, ફક્ત રાજકીય રીતે જ બોલી શકો છો.

ઈતિહાસમાં એવા પણ પ્રસંગો જોવા મળ્યા છે જ્યારે પત્રકારત્વ આ પ્રકારની બાબતોમાં સપડાયેલું જોવા મળ્યુ છે. બ્રિટિશ મીડિયાએ આ પ્રકારની પરિસ્થિતિનો સામનો ઉત્તરીય આયરલેન્ડના વિપરીત સંજોગો વખતે ૧૯૨૦ અને ૧૯૯૦માં કર્યો હતો. હવે આ રીતે બ્રિટિશ સરકારના નેરેટિવને નવેસરથી દર્શવતા ભારતીય પત્રકારો ખાનગીમાં એક્સેસ અને સ્વીકાર્યતા અંગે સવાલો પૂછે છે.

બ્રિટિશ લશ્કર જ્યારે ઉત્તરીય આયરલેન્ડમાં ૧૯૬૯માં પ્રવેશ્યુ ત્યારે સરકાર તરફી સૂત્રોચ્ચાર આકરા બન્યા હતા અને પ્રસારમાધ્યમોનું કવરેજ પણ વધુને વધુ ધ્રુવીકરણવાળુ બન્યુ હતુ અને આઈરિશ રિપબ્લિકન આર્મી (આઈઆરએ)ને એક શેતનાતી ટુકડી કહેવાઈ હતી અને લશ્કરી કાર્યવાહીને દેશભક્તિ અ?ને રાષ્ટ્રવાદ સાથે જોડી દેવાઈ હતી. સાંસ્કૃતિક થિયરિસ્ટ સ્ટુઅર્ટ હોલે ૧૯૭૪ના તેમના પુસ્તક રેવિયન્સ, પોલિટિક્સ એન્ડ મીડિયામાં નિરીક્ષણ કર્યુ છે કે કેવી રીતે આઈઆરએને વર્ણવાઈ હતી, લેબલ અપાયુ હતુ, તેને આત્યંતિકવાદી જૂથ ગણાવાયુ હતુ, તેની પોલિસીઓને સશસ્ત્ર દળો સાથેના સંઘર્ષની હતી અને કેવી રીતે તેને શક્તિશાળી રીતે ક્રિસ્ટલાઈઝ કરવામાં આવ્યુ હતુ અને બ્રિટિશ પ્રજા સમક્ષ આ જટિલ મુશ્કેલીને કેટલી સરળ રીતે રજૂ કરી દેવાઈ હતી.

વિયેતનામ યુગમાં અમેરિકાને દુશ્મન વિયેતનામીઓના હાથે હણાયેલા સૈનિકોના મૃતદેહોથી ભરેલા ક્ફન જ્યારે સ્વદેશ મોકલવાના આવ્યા ત્યારે પણ મીડિયાનો નેરેટિવ બદલાઈ ગયો હતો. તેમા પણ આશ્ચર્યજનક મુદ્દો ત્યારે આવ્યો જ્યારે અમેરિકાના વિશ્વાસુ પત્રકાર વોલ્ટર ક્રોન્કીએ શાબ્દિક હુમલા દરમિયાન દલીલકરી હતી કે અમે એક મડાગાંઠમાં ફસાઈ ગયા છીએ તેમ કહેવું તે જ એકમાત્ર વાસ્તવિક, અસંતોષજનક તારણ છે.'' અહી કહેવાનો અર્ત એ છે કે અમેરિકાનાવોર મશીને વિયેતનામમાં જે પ્રકારના લશ્કરી કાર્યવાહી કરી હતી તેવુ તો કશું થયું નથી, અમેરિકા આમ છતા મુખ્યપ્રવાહના અમેરિકન પ્રસારમાધ્યમોને વિયેતનામ પરનો નેરેટિવ બદલવા સમજાવી શક્યું હતુ, પરંતુ તે સ્પષ્ટ હતું કે આ તેવું યુદ્ધ હતુ જે તે જીત્યું ન હતું.

તે બાબત નોંધનીય છે કે ઉત્તરીય આયરલેન્ડ અને અમેરિકા બંનેમાં ૧૯૬૦ અને ૭૦ના દાયકાના પત્રકારો જે સત્તાવાર વલણનો બચાવ કરતા હતા તેમનું કામકાજ ઘણુ ઉતાવળુ હતુ અને પછી તેઓએ ઘણી વિપરિત સ્થિતિનો સામનો કરવાનો આવ્યો હતો.

આપણા માટે જોઈએ તો તાત્કાલિક સવાલ તે આવે છે કે ક્રૂરતાના સંજોગોમાં ખીણમાં મીડિયા પર અંકુશ છે ત્યારે દેશના બાકીના મીડિયા પ્રોફેશનલ અને વિશ્વના બાકીના મીડિયા પ્રોફેશનલ આગળ વધીને કાશ્મીરની વાત ન કહી શકે. ઘણા આંતરરાષ્ટ્રીય મીડિયા એકમો જેમા બીબીસી, રોઈટર્સ, અલ ઝઝીરા, ધ ગાર્ડિયન અને ધ ન્યૂયોર્ક ટાઈમ્સે કાશ્મીરના સમાચાર અંગે ભારતના મુખ્યપ્રવાહના સમાચાર માધ્યમ કરતા સારી કામગીરી બજાવી છે.

બીબીસી અને રોઈટર્સ દ્વારા કાશ્મીર અંગે થઈ રહેલા કવરેજમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે વ્યાપક અવરોધ ઊભા કર્યા છે. મંત્રાલયે પોતે તો હોઠ સીવી દીધા છે, પહેલા તો તે તેના અંગેના અહેવાલોનો ઈન્કાર કરે છે અને પછી તે તેની ચકાસણી કરવા કહે છે. હફપોસ્ટ ઈન્ડિયાએ સીઆરપીએફના હાથે કાશ્મીરના યુવાનના થયેલા મૃત્યુની અને પબ્લિક હોસ્પિટલોમાં કમસેકમ ૧૩ જણા ઈજા પામ્યા હોવાનું જણાવાયું છે. (શ્રીનગરના યુવાનનું સીઆરપીએફ દ્વારા કોર્નરિંગ કરાયા પછી મોત, ૭ ઓગસ્ટ) જમ્મુ-કાશ્મીર પોલીસ કોઈપણ પ્રકારના મૃત્યુનો ઈન્કાર કરે છે અને કોઈપણ પ્રકારની બુલેટ જ ફાયર કરાઈ નથી તેમ કહે છે. જો કે પછી તેણે સ્વીકાર્યુ હતુ કે પેલેટ ગન ગોઠવવામાં આવી છે.

આ પ્રકારના સંજોગોમાં કેટલાક નાના મીડિયા પ્લેટફોર્મ્સે ઘણી સારી કામગરી બજાવી છે. તેમણે મોટા રાષ્ટ્રવાદી જૂથો અને મોટા મીડિયા એમ્પાયરોની તુલનાએ વધારે પ્રમાણમાં ગ્રાઉન્ડ રિપોર્ટ્સ આપ્યા છે. આ શક્ય બનવાનું કારણ તેઓ પર કોર્પોરેટ એજન્ડાનો બોજો નથી અને તે સરકારની તુષ્ટિકરણની નીતિઓની તેમને ચિંતા નથી.

આ પ્રક્રિયાના ભાગરૂપે વિશ્વને તેની થોડી ઝાંખી મળી શકી છે કે આ વિસ્તારમાં લશ્કરી બેરિકેડ પાછ?ળ વાસ્તવમાં શું બની રહ્યુ છે. બે લેખ પડતા મૂક્યાન બે દિવસ પછી ધ વાયરે રાજ્યમાંથી બહાર જવા માંગતા યુવા અને સ્તબ્ધ થઈ ગયેલા વસાહતી કામદારોના ગુસ્સાને વ્યક્ત કરતો લેખ લખ્યો હતો.

ધ વાયરના સ્થાપક તંત્રીઓમાં એક જે ગ્રાઉન્ડ ઝીરો પર રિર્પોટિંગ કરતા હતા તેમણે જોયું કે કમસેકમ ૨૧ યુવાન અને છોકરાને શ્રીનગરની મુખ્ય હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા જ્યાં તેમના પર પેલેટની ઈજાની સારવાર કરવામા આવી રહી હતી. મોદી સરકારે આર્ટિકલ ૩૭૦ નાબૂદ કર્યા પછીના પ્રથમ ત્રણ દિવસમાં આ બન્યું હતું. તેના સાથીનો હોસ્પિટલનો વિડીયો દર્શાવે છે કે લોકોને વિક્ષિપ્ત ચહેરા, તૂટેલા અવાજો અને હતાશાની લાગણી દેખાય છે.

પછીના દિવસોમાં ધ વાયર કેટલાક બીજા અહેવાલો સાથે દેશનું ધ્યાન ખેંચ્યુ જેમા સ્ટેટ ટેરરિઝમની સ્ટોરની વાત હતી. અકીલ દારે (૧૭ વર્ષનો યુવાન જમ્મુ-કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશનો પ્રથમ પેલેટ ગન પીડિત) ગલીઓની બહાર સૂત્રો સાંભળ્યા હતા અને શું થયું છે તે જોવા હું જઉં તે પહેલા મેં એક સીઆરપીએફના કર્મચારીને શૂટની પોઝિશનમાં ઊભેલો જોયો. તેના શરીર પર ૯૦ પેલેટ હતી, તેમા તેની જમણી આંખમાં નવ હતી અને ચાર ડાબી આંખમાં હતી. બિલાલ માંડૂની સ્થિતિ પણ કંઈ જુદી ન હતી. તેનું નવજાત બાળક ઈનક્યુબેટરમા હતુ. તેની પત્નીને કેટલાક કોમ્પ્લિકેશન્સ થયા હતા, તેમા પરિવહનની કોઈ સગવડ ન હતી. તેઓએ તેને ચલાવીને લઈ જવી પડી. તેને હોસ્પિટલ લઈ જવાઈ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું.

શ્રીનગરની બહાર વસતી ઈન્શા અશરફ નસીબદાર રહી હતી. તેને ૮મી ઓગસ્ટના રોજ લેબર પેઈન ઉપડ્યુ. આ સમયગાળો કાશ્મીરના ઈતિહાસનો સૌથી ખરાબ સમયગાળો હતો. તેની માતા અને બહેન પડોશમાં ધસી ગયા અને સવારે સાડા પાંચ વાગે ઓટો રિક્ષા ડ્રાઈવરને લઈને દવાખાને ગયા. અધવચ્ચે તેઓને અટકાવાયા. સલામતી દળોએ ઓટોરિક્ષાને આગળ વધવાની મંજૂરી ન અપાઈ, મહિલા સમગ્ર રસ્તે સુરક્ષા કર્મચારીને વિનંતી કરતી હતી. સવારે અગિયાર વાગ્યાના સમયે ખાનગી હોસ્પિટલથી ૫૦૦ મીટર દૂર ઈન્શાને કેટલીક તકલીફ થવા લાગી તેઓ પછી ત્યાંથી ઝડપથી ધસી ગયા અને તેની ૧૫ મિનિટની અંદર ઈન્શા એક બેબી ગર્લની મા બની ગઈ.

કાશ્મીર ઘાટી

- પામેલા ફિલિપોઝ

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો વકીલની દલીલો જ્યારે ધીરજપૂર્વક સાંભળે છે ત્યારે તેઓ વાસ્તવિક સ્થિતિઓ સામે આંખ મીચી લે છે અને આશા રાખે છે કે કાશ્મીરીઓ અશક્ય કરે. તેઓના જીવન બયમાં છે. આ દરમિયાન સપાટી પર ચિંતા, કડવાશ અને અકળામણ ઉભરી આવી છે. આ સમયગાળામાં સામાન્ય લોકો તેમના અસામાન્ય વર્તન દ્વારા બીજા સામાન્ય લોકો સાથે ઝડપથી જોડાઈ જાય છે. તેણે જે રાજકીય જાગૃતિ સામૂહિક સ્તરે પેદા કરી છે તે દેશના બીજા હિસ્સાથી અજાણી છે. યુવાન તેનો જૂના રેડિયોનો ઉપયોગ કરીને લોકોને વિગતો પૂરી પાડે છે. તેણે વાયરના પ્રવક્તાને જણાવ્યું હતું કે ગણતરીના કલાકોમાં અમને બંધારણ દ્વારા જે મળ્યુ હતુ અને જેની ખાતરી મળી હતી તે મૂલ્યવાન બાબત ગુમાવી. અમે અત્યંત શિક્ષિત અને રાજકીય રીતે જાગૃત વર્ગ છીએ, પછી તે મહિલા હોય કે પુરુષ હોય. આ પાસુ જીન ડ્રેઝ, કવિતા ક્રિષ્નન, મૈમૂના મૂલ્લાહ અને વિમલ બાઈની હકીકત ચકાસણીની ટીમ પાસે તરી આવ્યું. પત્રકાર તરીકે અમને કાશ્મીરમાં જવુ જોઈએ, આજે નહી તો લાંબા ગાળે. શું કાશ્મીર પોતે ભારતીય રાજ્યની અંદર આવી જશે અથવા તો આઝાદીની માંગ અટકી ન શકાય તેવી ગર્જનામાં પરિવર્તીત થશે. આ વાતને ન્યાય આપવા ભારત સરકારની બાર્ડર વાયર અને બ્લોકેડ ટેકટિકને દર્શાવાઈ છે અને આ બાબત આજે મીડિયાના ઈતિહાસનું પરીક્ષણ બનીને રહેવાની છે.

કાશ્મીરમાં શોક

આ પખવાડિયામાં ઘણા બદા મેઈલનું ફોક્સ કાશ્મીર છે. તેઓમાં આ ચળવળ અને તેની સાથેના જોડાણની વાત છે, જેમનો કહેવાનો અર્થ એમ થાય કે આ વિસ્તાર એક સમયે જમ્મુ અને કાશ્મીર હતો.

એનઆઈએફટી શ્રીનગરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું કહેવું છે કે તેઓ પાંચમી ઓગસ્ટે રાજ્યને લોકડાઉન કરી દેવાતા કેવી રીતે સ્તબ્ધ થઈ ગયા. અમે સતત અમારા સત્તાવાળાઓને સ્થિતિ અંગે પૂછતા રહ્યા અને અમારા ખાલી કરવાના આયોજન અંગે પૂછતા રહ્યા. અમારી સંસ્થાઓ જેવી કે નિટ, પોલિટેકનિક અને આઈએચએમને સરકારના આદેશ મુજબ ખાલી કરવામાં આવી, પરંતુ નિફ્ટના સત્તાવાળાઓએ સલામતીના પૂરતા પગલા લીધા ન હોવાથી તેઓ હવે જાણે સ્થિતિ વધારે ખરાબ થવાની રાહ જોઈ રહ્યા હોય તેવી સ્થિતિ છે. અમારા માબાબત સતત અમને સ્થિતિ અંગે પૂછી રહ્યા છે, પરંતુ તેઓને કોઈ જવાબ મળતો નથી, તેના બદલે અમને પાંચમી ઓગસ્ટથી ક્લાસ જારી રાખવાનું ટાઈમટેબલ આપવામાં આવ્યું છે.

તેના લીધે સ્થિતિ જ્યારે વધુ ગંભીર થવા લાગી અને વિદ્યાર્થીઓમાં ડર પેદા થવા લાગ્યો ત્યારે સત્તાવાળાઓ પોતે તેમના નિવાસ્થાનોમાં બંધ થઈ ગયા અને વિદ્યાર્થીઓની મુલાકાત લેવાની કે તેમના માબાપને જવાબ આપવાની તસદી ન લીધી. છેવટે વિદ્યાર્થીઓએ પોતે એરપોર્ટ પર જવુ પડ્યુ અને ભારતીય લશ્કરની મદદ માંગી જેથી તેઓ તેમના ઘરે પરત જઈ શકે. કારગિલની સ્થિતિ અંગે કરમન અલીએ મેઈલ કર્યો હતોઃ કારગિલમાં છેલ્લા બે દિવસથી મેજર લોકડાઉન છે અને બધી દુકાનો અને બંધ છે અને કારગિલ જિલ્લાના મુખ્યમથકો બંધ છે અને સ્થાનિકોની દૈનિક પ્રવૃત્તિ બંધ થઈ ગઈ છે. મોટાભાગના અગ્રણી રાજકીય પક્ષો આ અંગે કોઈ મક્કમ વલણ ન અપનાવતા સલામત અભિગમ અપનાવી રહ્યા છે ત્યારે વિદ્યાર્થી એસોસિયેશનોએ શાંતિપૂર્ણ વિરોધ કર્યા છે, પણ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તેમને તેમ કરતા અટકાવી દેવાયા છે. આમ દોઢ લાખ નાગરિકો અને ભાવિ વિદ્યાર્થીઓ સમક્ષ હવે પછી શું તે સૌથી મોટો સવાલ મોઢું ફાડી ઊભો છે.

અગાઉ જમ્મુ-કાશ્મીરના બંધારણ હેઠળ જિલ્લા સ્તરના અનામત દ્વારા નોકરીઓ મળતી હતી, હવે તે જતી રહી છે. લડાખના વિદ્યાર્થીઓ હવે સ્થાનિક નોકરીઓ માટે સમગ્ર ભારતના વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરવી પડશે. તેઓની પાસેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંસાધનો અને શિક્ષણ જોતા તેઓ માટે અશક્ય કાર્ય છે. તેમા પણ ખાસ કરીને કારગિલને સૌથી વધારે અસર થશે. તે મુખ્યત્વે ગ્રામીણ વિસ્તાર છે. તેની મોટાભાગની વસતી અભણ છે. સ્થાનિક લોકો માટે આ સ્થિતિને વ્યાખ્યાયિત કરવી અઘરી છે. સમગ્ર દેશ માને છે કે કાશ્મીર દેશના ઈતિહાસની આ સૌથી મોટી ભૂલની તરફેમમાં છે, પરંતુ સત્ય એ છે કારગિલના લોકો આ પગલું સ્વીકારતા નથી. આમ જમ્મુ-કાશ્મીરની પ્રજા સાથે વિશ્વાસઘાત થયો છે, જે હૃદયવિદારક છે.

કાશ્મીરમાં પ્રવર્તતી સ્થિતિને ધ્યાનમાં રાખીને જમ્મુ એન્ડ કાશ્મીર સ્ટુડન્ટ્સ એસોસિયેશન (જેકેએસએ) જે કાશ્મીર ખીણની બહાર કાશ્મીરી વિદ્યાર્થીઓનું એકમ છે તેણે ખીણની બહારના વિદ્યાર્થીઓના સાથે લઈને આ મુદ્દાને સંબોધવા ઓનલાઈન પ્લેટફોર્મ અને હેલ્પલાઈનનો આશરો લીધો છે. તેનું કારણ એ છે કે કાશ્મીરની બહારના બધા યુવાનો પણ ડર અને ભયની લાગણી અનુભવી રહ્યા છે. જેકેએસએએ વિવિધ રાજ્યના સત્તાવાળાઓ, પત્રકારો, કાર્યકરો અને સંલગ્ન વિભાગો સાથે કામ કરીને વિદ્યાર્થીઓ વચ્ચે યોગ્ય સેતુ રચ્યો છે, જેથી આ વિદ્યાર્થીઓની મુશ્કેલીનું તત્કાલ નિવારણ લાવી શકાય. તેણે વિદ્યાર્થીઓને અપીલ કરી છે કે તેની ફરિયાદો સ્પષ્ટપણે નોંધાવે જેથી તેનો ઉકેલ લાવી શકાય. આ માટે તેણે વિદ્યાર્થીઓને શાંત રહેવા અપીલ કરી છે. જેકેએસએના પ્રવક્તાએ તેમની મુશ્કેલીઓ માટે સંપર્ક સાધવા નીચેના નંબરો પર ફોન કરવા વિનંતી કરી છે.

૯૧૪૯૬૭૬૦૧૪, ૭૦૦૬૦૩૭૫૩૦, ૯૬૮૨૩૬૭૦૬૬, ૯૬૩૪૩૩૬૯૩૭ અને ૭૦૦૬૯૦૩૩૪૧.

The email id is:
jandkstudentsassociation1111@gmail.com

કેરળથી ખુલ્લો પત્ર

કાશ્મીર કટોકટીમાં સપડાયેલું છે ત્યારે દેશનો એક બીજો હિસ્સો પણ છે જે બીજા જ સ્વરૂપમાં મોટા પડકારોનો સામનો કરી રહ્યો છે. કેરળના કોલ્લમ જિલ્લાના રીજીશ પલવિલાએ ગૃહપ્રધાનને ખુલ્લો પત્ર લખ્યો છે.

'માનનીય ગૃહપ્રધાન, તે બાબત તમારા ધ્યાન પર લાવવા માંગુ છું કે કર્ણાટક અને મહારાષ્ટ્રના પૂરગ્રસ્ત વિસ્તારોની તમે મુલાકાત લઈને ટ્વીટ પણ કર્યુ. સારી કામગીરી બજાવી. હુ તમને લખીને યાદ અપાવવા માંગુ છું કે મારુ રાજ્ય જે કદાચ તમારા નકશામાં નથી. આ રાજ્ય ભારતમાં દક્ષિણપશ્ચિમ આવેલુ છે અને તેની એકબાજુએ પશ્ચમી ઘાટ છે અને બીજી બાજુએ અરેબિયન સમુદ્ર છે. તેની પૂર્વ-દક્ષિણમાં તમિલનાડુ રાજ્ય સાથે સરહદ છે અને ઉત્તરમાં તથા ઉત્તરપૂર્વમાં કર્ણાટક સાથે સરહદ છે. તે ૩૮,૮૬૩ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલુ છે. આ રાજ્યમાં ત્રણ કરોડથી વધુ લોકો રહે છે જે મલયાલી બોલે છે. તેને કેરળ રાજ્ય કહેવાય છે. આ રાજ્ય ભારે વરસાદ અને પૂર સામે સંઘર્ષ કરી કરી રહ્યુ છે, કેટલાય ગામો અને શહેરો પાણીમાં છે. કેટલાય બાળકો ખોવાઈ ગયા છે. અમારા પર તેવી છાપ છે કે તમે કદાચ અમારું અસ્તિત્વ ભૂલી ગયા છો, કારણ કે કેરળ તમારા કમળના ફ્લેગ હેઠળ આવતુ નથી. પણ કેરળના કરદાતા તરીકે મારી માંગે છે અને તે કેન્દ્ર સરકાર પાસે તેની ફેવર નહી પણ અધિકાર માંગે છે. અમને આશા છે કે તમે કેરળના નકશા સાથે તમારો નકશો અપડેટ કરીને જરૂરી કરશો. આભાર, વગેરે'' **(સૌ : ધ વાયર.ઈન)**

શબ્દ ટુડે-(3)-૭૩૬



આડી ચાવી

(૧) સૂરજ ઉગ્યા પછી પઢાતી એક નિફ્લ નમાઝ (૪)
(૪) કડિયાતાના સ્વાદમાં હોય, કટુ (૪)
(૮) 'નાજર' આડુંઅવળું (૩)
(૧૦) શરીરની વૃદ્ધિ માટે જરૂરી છે (૩)
(૧૧) છોકરીઓને પહેરવાનું વસ્ત્ર (૩)
(૧૪) ભાવ, કિંમત (૨)
(૧૫) લાગ, મોકો (૨)
(૧૮) મોગલકાળ વેળાની એક અટક (૪)
(૨૦) ખટપટ, અદોલન, 'એજિટેશન' (૪)
(૨૨) બળ, જોર (હિન્દી) (૨)
(૨૩) વનસ્પતિ કે ફળનું પ્રવાહી (૨)
(૨૪) માછલી (૨)
(૨૫) જેમનું તાજેતરમાં નિધન થયું તે ભાજપના નેતા .....જેટલી (૩)
(૨૭) 'રોમ' ઉલ્ટું થયું (૨)
(૩૦) રહેમ કરવાવાળો, એક મુસ્લિમ પુરૂષ નામ (૩)
(૩૧) ભાગેડું (૩)

ઊભી ચાવી

(૧) ....મીના ડીકા (૨)
(૨) સંકોચ, લજ્જા (૩)
(૩) ભેદ, રહસ્ય,.....રમત (૨)
(૫) ગોટાળો, ખીચડો, ઝઘડો (૨)
(૬) સાંતલપુર તાલુકાનું એક ગામ (૩)
(૭) સંશય, શંકા (૨)
(૯) ઈટલીનું ચલણ (૨)
(૧૧) તફાવત, ફેર (૩)
(૧૨) કદાપિ, ક્યારેક (૩)
(૧૩) વિશ્વમાં સૌથી ઊ

૨૦૧૯, જુઓ, તમે ક્યાં જઈ રહ્યા છો

મોદીએ તેમની વ્યૂહરચના પૂરેપૂરી બદલી છે, તેમને લાગ્યું છે કે હિંદુ કોમવાદી પ્રચાર અભિયાન હવે તેમના માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે ત્યારે તેમણે નવા ચૂંટણીસૂત્ર 'મોદીઝમ'ને લોન્ચ કર્યું છે

ચર્ચા

- રાજીવ ધવન

મેં તાજેતરમાં જ જોયુ કે સ્વતંત્રતા પછી મારા પિતાએ નેશનલ હેરલ્ડમાં ૨૦૦થી પણ વધારે લેખ લખ્યા હતા. તેમાનો એક લેખ તો યુનાઈટેડ નેશન્સ એટલે કે સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના ફ્લોર પર ટાંકવામાં આવ્યો હતો. તેઓએ બેરિસ્ટર તરીકે લખ્યુ હતુ, જે માનતા હતા કે ભારતનો સૌપ્રથમ યુદ્ધ રિપોર્ટર સંજય હતો જેણે મહાભારતના મહાન યુદ્ધનું રિર્પોટિંગ કરીને ધૃતરાષ્ટ્રને સંભળાવ્યું હતું.

૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ હું એક વર્ષ અને ૧૧ દિવસનો હતો, આમ કંઈ હું 'મિડનાઈટ ચાઈલ્ડ' ન હતો, પરંતુ મારો જન્મ ક્યારેય પૂરી ન થતી સવારે થયો હતો જેનું ભવિષ્ય તે સમયે વિશ્વમાં મુશ્કેલીમાં મૂકાયેલા બીજા હિસ્સાઓની તુલનાએ સલામત હતુ.

અમે તેવા ઘરમાં જીવ્યા હતા જ્યાં બધા ધર્મના અને જાતિઓના લોકો એકબીજા સાથે સુમેળથી રહેતા હતા, અમને દલિત મહિલાએ રાંધેલુ ખાવામાં કે તેનુ યજમાનપદ માણવામાં કોઈ વાંધો ન હતો. તેમા વકીલો, સાહિત્યકારો, કવિઓ, સંસ્કૃતવિદો, ઈતિહાસવિદો, રાજકારણીઓ, રશિયન પ્રતિનિધિમંડળ પણ આવ્યું હતું, જેને મારા પિતાએ રશિયનમાં આવકાર્યુ હતુ, જે ભાષા તે મોસ્કોમાં યુવાનવયે શીખ્યા હતા.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડના ઉપક્રમે પેક્ડ બેઠકો યોજાતી હતી અને તેમા મોર્ટાઈમર વ્હીલર ઓફ ઈન્ડસવેલી ફેમનો સમાવેશ થતો હતો.. ઈન્દિરા ગાંધી ૧૯૫૯માં કોંગ્રેસની પ્રમુખ બની હતી અને જો કે તે પૂર્વે કેરળમાં બનેલી પ્રથમ કોંગ્રેસ વગરની સામ્યવાદી સરકારને હટાવી દેવાઈ હતી.

અમે માનતા હતા કે નેહરુની આગેવાની હેઠળ ઉદાર લોકશાહી, રાજ્ય પ્રેરિત સામાજિક ન્યાય, સહિષ્ણુ બિનસાંપ્રદાયિકતા અને બિનજોડાણવાદની નીતિ તે સમયની પ્રવર્તમાન પસંદગીઓ હતી. ૧૯૫૧માં ભારતની વસતી ૩૬.૧ કરોડની હતી. આ અત્યંત વૈવિધ્યસભર દેશમાં એદમ લોકશાહી સમાજવાદી સંચાલન તે સમયે શરૂ થયું હતું. નેહરુ અને શાસ્ત્રીના મૃત્યુ પછી ભારતીય સંઘવાદ ખતમ તો થયો ન હતો, પરંતુ તેને નુકસાન જરૂર થયુ હતુ. તેને સૌથી વધુ નુકસાન કટોકટીએ અને કેન્દ્રએ સર્વગ્રાહી ધોરણે લાદેલા રાષ્ટ્રપતિ શાસને પહોંચાડ્યુ હતુ. ઈન્દિરા ગાંધીએ તેના પગલે પછી જનતા પાર્ટીની સામે સત્તા ગુમાવી હતી, પરંતુ તેની અસમર્થતાના લીધે તે ફરીથી સત્તા પર પરત ફરી હતી. રાજીવ ગાંધીના નેજા હેઠળની સરકારનો સમયગાળો ભ્રષ્ટાચાર અને સગાવાદના આરોપથી ભરપૂર હતો. તેના પછી અસ્થિર બનેલી કોંગ્રેસ રાવના નેજા હેઠળ સત્તા પર પરત ફરી ત્યારે ભારતે ઉદારમતવાદી અર્થતંત્ર અપનાવ્યુ અને તે ડબ્લ્યુટીઓ સાથે જોડાયું. તેણે વૈશ્વિકીકરણ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી અને વિદેશી રોકાણને આકર્ષવાનું શરૂ કર્યુ, જે મંત્ર હજી સુધી જારી છે.

સામાજિક ન્યાય હવે એક કલ્પનાની વાત બની ગઈ અને તેમા થોડી ઘણી વાતો રહી ગઈ છે. ઠંડા વિગ્રહનો સમય હવે સમાપ્ત થઈ ગયો છે. વિશ્વ હવે અમેરિકા અને રશિયા જેવા બે ધ્રુવમાંથી અમેરિકા જ સુપરપાવર તેવું એકધ્રુવીય બની ગયું છે. ભારતમાં પણ કોંગ્રેસે સત્તા પર ગુમાવી અને ભાજપે ૨૦૧૪માં સૌપ્રથમ વખત આપબળે બહુમતી મેળવી, જો કે તે ૧૯૯૮થી ૨૦૦૪ દરમિયાન સત્તા પર રહી ચૂક્યુ હતુ, પરંતુ તે વખતે તેની સરકાર જોડાણવાદી હતી.

ભાજપના સત્તા પર આવવા માટે થયેલા ઉદભવનું કારણ રામ મંદિર આંદોલન, બાબરી મસ્જિદ ધ્વંસ અને તેના માટે કોમવાદી કહી શકાય તેવી રથયાત્રા હતી. તેના પછી તે બિનસાંપ્રદાયિક પેઈન્ટરો અને લેખકો પર હુમલા થયા, પુસ્તકો પર પ્રતિબંધ મૂકાયા, લઘુમતીઓ સામે હિંસક અથડામણો થઈ, વિદેશી મિશનરીને અને તેમના પુત્રો સૂતા હતા ત્યારે ટ્રાવેલ વાનમાં જીવતા સળગાવી દેવાયા.

તે બધાની પાછળ સંઘ પરિવાર હતુ. તેણે ફક્ત ચૂંટણીલક્ષી લસ્કર જ ન પૂરુ પાડ્યુ પરંતુ તેના એકમો કે તેની છત્રછાયા હેઠળ પાંગરેલા એકમોએ ધમકી, ચેતવણીઓ અને ખૂનો દ્વારા તેમના રાજકીય નેતાઓને સમર્થન પૂરું પાડ્યુ. મોદીની આગેવાની હેઠળ ભાજપ પહેલા કેન્દ્રમાં અને પછી કેટલાય રાજ્યોમાં સત્તા પર પરત ફર્યુ.

મોદી કોણ છે અને તેનું વલણ શેના માટે છે અથવા તો તેનું વલણ શું છે? પ્રારંભમાં મોદી મોટી મહત્વાકાંક્ષા સાથેના નિષ્ફળ રાજકારણી હતી. તેઓ ગુજરાતના મુખ્યપ્રદાન હતા ત્યારે ૨૦૦૨માં મુસ્લિમોના થયેલા નરસંહારના લીધે સમગ્ર વિશ્વએ આંચકો અનુભવ્યો હતો. વિવિધ દેશોએ તેમના વિસા રદ કર્યા હતા, આમ છતાં પણ મોદી ગુજરાતમાં આશ્ચર્યજનક રીતે સત્તા પર ફરીથી ચૂંટાતા રહ્યા હતા.

તેમના પક્ષમાં તેમણે ભાજપના નેતા બનવા અને પછી વડાપ્રધાન બનવા રીતસરનો બળવો કરી દીધો હતો. તેમને તેમા આક્રમક અને ક્રૂર એવા સંઘ પરિવારની મદદ ૨૦૧૪માં મળી હતી.તેમના સમયગાળામાં મોદીએ રાષ્ટ્રપતિ શાસનના નિયમોના દૂરુપયોગ કરીને અરુણાચલ પ્રદેશની રાજ્ય સરકારો હટાવી હતી અને ગવર્નરો અને દગાખોરો કે પક્ષપલટૂઓનો ઉપયોગ કરીને ગોવા, મેઘાલય અને હવે કર્ણાટકમાં સત્તા મેળવી છે. તેમના જ પ્રકારના રાજકારણના ચુસ્ત સમર્થક તરીકે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી છે, જે માને છે કે લિન્ચિંગ મોટો મુદ્દો નથી.

આપણે જાણીએ છીએ કે હવેનું વર્ષ ૨૦૧૯ છે. મોદીએ તેની વ્યૂહરચના પૂરેપૂરી બદલી નાખી છે. તેમને લાગી રહ્યુ છે કે હવે હિંદુ કોમવાદી કાર્ડ તેમના માટે વિપરીત સાબિત થઈ શકે છે તેથી તેમણે હવે નવો ચૂંટણીમંત્ર 'મોદીઝમ' લોન્ચ કર્યો છે. ૨૦૧૯મનાં રજૂ કરેલા પ્રથમ અભિયાન આદર્યુ છે અને તે કોર્પોરેટ્સને આ માટે સુગમતા કરી આપી રહ્યા છે. આ રીતે તે લોકોના નાણાનો દુર્વ્યય કરી રહ્યા છે. ચોથું તે કોમી ધોરણો વધુ પડતું બોલનારા અસંતોષને ન્યુટ્રલાઈઝ કરી રહ્યા છે અને તેના પ્રતિકારમાં કહે છે કે આ લોકો આતંકવાદીઓ છે અને અલગતાવાદીઓ છે. પાંચમી તે કાયદાના અમલીકરણમાં અને ન્યાયતંત્રની સ્વતંત્રતા પર ભાર મૂકે છે. છઠ્ઠી આર્થિક વૃદ્ધિ અને મસ્ક્યુલર રાષ્ટ્રવાદનો નવો મંત્ર તેમણે આલાપવા માંડ્યો છે અને વન નેશન અને વન ઈલેક્શનનું સૂત્ર અપનાવ્યુ છે, જેથી મોદીના કરિશ્માનો લાભ સમગ્ર દેશને મળી શકે.

સાતમાં બાબરીને ચૂંટણીનો મુદ્દો ન બનાવીને તેણે સંઘ પરિવારને ફરીથી આ પ્રકારનું અભિયાન આદરવા માટે પ્રેર્યુ છે. મોદીની આર્થિક અને મસ્ક્યુલર પોલિસીએ એક દિશા પકડી છે તેને તટસ્થતા કહેવાય છે અને સંઘ પરિવારને બીજી દિશા પકડવાની છૂટ આપી છે જેને કોમવાદી વલણ કહેવાય છે જે ધિક્કાર અને લિન્ચિંગનો માર્ગ છે.

હવે જો વૃદ્ધિ ચાવીરૂપ હોય તો શા માટે કોમવાદી અશાંતિ અને આટલા બધા લિન્ચિંગ થાય છે અને તે પણ ગાયના નામે કરવામાં આવે છે જ્યારે ડીએન ઝા, કાણે અને અન્ય લોકોએ પ્રસ્થાપિત કર્યુ છે કે વચગાળાના બજેટમાં તેમણે ગરીબના કલ્યાણ માટે તેમના ખાતામાં સીધી રકમ ટ્રાન્સફર કરવાનું શરૂ કર્યુ હતુ, પછી ભલેને તેના માટે બજેટની ઘટ પડતી હોય.

પુલવામા અને બાલાકોટનો ઉપયોગ તેમણે બધા ભારતીયો સમક્ષ મસ્ક્યુલિન પગલા તરીકે રજૂ કરવામાં સફળતા મેળવી હતી. આ સિવાય તેણે ભારતીયોને ભારતીયો અને દેશવિરોધી તત્વો એમ બે ભાગમાં વહેંચી દીધા. વૃદ્ધિદર આધારિત બજેટમાં અર્થતંત્રની ગતિ થંભી ગઈ છે ત્યારે તેમણે ભારતને વિદેશી રોકાણના સથવારે પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાનું મુદ્દગલ, કોંકણા સેન, શ્યામ બેનેગલ, આશિષ નંદી અને બીજાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખ્યું હતું કે ભગવાન રામના નામે થતી હિંસાને વખોડવામાં આવે તથા તેનું નામ ન લેનારાને દેશવિરોધી તથા અર્બન નક્સલ જેવી ઉપમા ન આપવામાં આવે, ફક્ત સરકાર સામે અસંતોષ વ્યક્ત કરવાના લીધે તેઓને આ રીતે નિશાના પર ન લેવામાં આવે.

મોદીએ તેનો કોઈ પ્રતિસાદ આપ્યો ન હતો. તેના બદલે બીજા ૬૨ જેમા સોનલ માનસિંઘ, કંગના રણોત, વિવેક અગ્નિહોત્રી અને બીજાઓએ આ ૪૯ પર દંભનો આરોપ મૂક્યો હતો, કારણ કે તેઓએ માઓવાદીઓની અને કાશ્મીર ખીણમાં મુસ્લિમ અલગતાવાદીઓની હિંસાનો વિરોધ કર્યો ન હતો અને તેમની અસહિષ્ણુતાને ખોટો નેરેટિવ દર્શાવ્યો હતો. તેઓને સવાલ હતો કે આ બધા લિન્ચિંગ બાર્બરિક ન હતા. મોદી આ સમગ્ર મુદ્દે મૌન રહ્યા હતા.

મોદી સત્તા પર આવ્યા પછી કેટલાય ઠરાવો સંસદ દ્વારા થયા. ટ્રિપલ તલાકનો કાયદો હવે આ બાબતને અયોગ્ય ઠેરવે છે તેને સુપ્રીમ કોર્ટે અયોગ્ય ગણાવ્યો હતો. રાઈટ ટુ ઈન્ફોર્મેશન અને નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન (એનએચઆરસી)ને સુધારવામાં આવ્યા, તેની નિમણૂકને પ્રોબેશન પર મૂકવામાં આવી. પછી પિનાકી ઘોષને એનએચઆરસીના ચેરમેન બનાવાયા શ્રમ કાયદાઓ એવી રીતે પસાર કરવામાં આવ્યા કે કામદાર સંઘો સાવ સત્તાવિહીન બની જાય છે. ત્રાસવાદ વિરોધી કાયદો સુધારીને તેવો કરવામાં આવ્યો કે ભારતમાં આ કાયદાની ઓથ લઈને વ્યક્તિઓને લક્ષ્યાંક બનાવી શકાય અને તેને પાકિસ્તાન સમર્થિત ત્રાસવાદીઓ સામેની કાર્યવાહી ગણી શકાય, પરંતુ તેનો ઉપયોગ ભારતીય નાગરિકો સામે કરી શકાય. કોર્પોરેટ કાયદો સુધારવામાં આવી રહ્યો છે. માઈનર લેજિસ્લેશન્સ પસંદગીની સમિતિઓને મોકલવામાં આવે છે, પરંતુ વિવાદાસ્પદ કાયદાઓ મોકલવામાં આવતુ નથી, કારણ કે સરકારનો દાવો છે કે વિપક્ષ મૌન છે અને સંસદ પોતે ચૂપ છે.

આટલું ઓછું હોય તેમ છેવટે જમ્મુ અને કાશ્મીર (જેકે)માં લોકશાહી અને સંઘવાદનો સોથ વાળી દેવાયો. કાશ્મીર ખીણ આમ પણ અસ્થિર હતી, હવે તે ડરની સ્થિતિમાં છે. રાજ્યને બે સંઘીય પ્રદેશમાં વહેંચી દેવાયુ છે. તેમા લડાખને વિધાનસભા આપવામાં આવી નથી. બીજાને કેન્દ્રીય અંકુશ હેઠળની વિધાનસભા આપવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીર પાસે ૧૯૫૭થી પોતાનું બંધારણ હતુ, જે તેની બંધારણ સભાએ રચ્યુ હતુ. તેને દૂર કરવુ તે એકદમ ગેરબંધારણીય પગલુ છે. જમ્મુ અને કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન હતુ અને લોકશાહી સંસ્થાની સલાહમસલત કરીને જમ્મુ-કાશ્મીરનું જોડાણ ભારત સાથે કરવું તે કાયદાકીય વચન હતુ. મોદીએ આમ પણ અલગ થલગ પડી ગયેલી ખીણમાં તેનું પગલું લીધું છે.

શું આ ફાસિઝમ છે? ફાસિઝમના લક્ષણો આ રહ્યા (૧) તટસ્થ આર્થિક નીતિઓ વડે દેશ અને લોકોને બચાવવાનો દાવો કરવો (૨) ચૂંટણી પ્રક્રિયા દ્વારા સત્તા મેળવવી (૩) જબરજસ્ત ટેકો ધરાવતા નેતાના કરિશ્મા પર આધારિત રહેવુ (૪) મસ્ક્યુલર એટલે કે રાષ્ટ્રવાદની મજબૂત ભાવના રચવી (૫) લશ્કરને વધુને વધુ મજબૂત બનાવવુ, તેનો ગર્વ વધારવો (૬) એકસમાન રાજકીય વિરોધની પૃષ્ઠભૂમિ ધરાવનારાઓને આતંકવાદી અને અલગતાવાદી તરીકે લક્ષ્યાંક બનાવવા (૭) વિદેશ નીતિ પણ તેમના રાષ્ટ્રવાદને સમર્થન આપે તેવી હોવી (પાકિસ્તાન સામેનું વલણ, પેલેસ્ટાઈન વિદેશ નીતિ ઉલટાવવી અને એન્ટિ-ઈસ્લામિક આતંકવાદી ઈઝરાયેલને ટેકો આપવો અને એન્ટિ-ઈસ્લામિક નિરાશ્રિત નીતિઓ) (૮) કટ્ટરવાદીઓનો ક્રૂર બળ જે અસંતોષને મૌન કરવા હિંસા કરવા સુધી જઈ શકે (૯) સેલીબ્રિટી પ્રોપગેન્ડા મશીન બનાવવા તથા પબ્લિક અને પ્રાઈવેટ મીડિયા પર અંકુશ મેળવવો (૧૦) વ્યક્તિઓ અને જૂથોને લક્ષ્યાંક બનાવવા કાયદાઓ તથા પ્રોસિક્યુટરલ એજન્સીઓ રચવી (૧૧) સંસદની ભૂમિકા મર્યાદિત કરવા બહુમતીનો ઉપયોગ કરવો (૧૨) બંધારણીય અને ગેરબંધારણીયનો અર્થ વિપક્ષને સરકાર દ્વારા અતિક્રમી જવુ (૧૩) નયાયતંત્ર પર અંકુશ અને વકીલો તથા કાર્યકરો પર હુમલા.

ભારત હવે વંચિતોના મોટા સમૂહનો સામનો કરી રહ્યુ છે, કામદાર સંઘ, મીડિયા અને ખેડૂતોનો અવાજ બંધ કરી દેવાયો છે, યુનિવર્સિટીઓ, સ્કૂલ અને કોલેજ શિક્ષણ પર અંકુશ મેળવી લેવાયો છે. હાલમાં સ્વતંત્રતા જમાનત પર છે. આપણને હવે ફક્ત ચૂંટણીલક્ષી મહાગઠબંધનની નહી, પરંતુ કામદારો અને કામદાર સંઘો, દલિતો, આદિવાસીઓ, આર્થિક ટેકા, અન્નાએ દિલ્હીમાં કર્યો હતો તેવો મોટો વિરોધ, હિંમતવાન પત્રકાર, બૌદ્ધિક દિશાની જરૂર છે, નહી તો ફક્ત આર્થિક વૃદ્ધિના આંકડા હેઠળ આપણને દબાવી દેવાશે. આંબેડકરની સામાજિક ન્યાયવાળી લોકશાહીનું સ્થાન આર્થિક વૃદ્ધિ ધરાવતો સમાજ લઈ લેશે. આ બધુ કરવું સરળ નથી, જ્યારે રાજ્ય અને નોન-સ્ટેટ દળો અત્યંત શક્તિશાળી છે તથા કોઈપણ સંઘર્ષને ક્રૂર રીતે કચડવા સમર્થ છે. આમ આ સંઘર્ષ ગલીઓમાં ઉતરીને લડવાનો છે. ચૂંટાયેલા એકમોએ લડવાનો છે અને દરેક સ્થળે કરવાનો છે. હું હંમેશા માનતો આવ્યો છું કે કાયદાના મોરચે પણ સંઘર્ષ કરવાનો છે. વિશ્વયુદ્ધ પછી કેટલાય વર્ષો પહેલા મજૂર નેતા ન્યે બેવને સુધારાવાદી ટોરીઝને જણાવ્યું હતું કે જ્યારે અમારી નજરો સમક્ષ ભવિષ્ય શંકાસ્પદ લાગે છે ત્યારે તેઓ પારોઠના પગલા ભરી રહ્યા છે. તે છેવટે સમાપન કરે છે: ''તેઓ અમને કહે છે 'જુઓ આપણે ક્યાં જઈ રહ્યા છીએ.' અમે તેમને કહીએ છીએ 'જુઓ તમે ક્યાં જઈ રહ્યા છો.''

(સૌ : નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા)

મારી ઇશ્વરની પ્રાર્થનાને કદાચ ખોટી રીતે વ્યાખ્યાયિત કરવામાં ન આવે



તમારા બાળકો, માબાપ, મિત્રો અને ગામના લોકો સાથે તહેવારના દિવસે વાત ન કરી શકવા બદલ તમને કેવું લાગે છે અને શાસકો કહે છે કે બધુ બરોબર છે

વાસ્તવિકતા

- નલિન વર્મા

જલંધરઃ પંજાબના જલંધર ખાતેના પરાવિસ્તારમાં રહેતો આધુનિક ભારતનો શિક્ષક અને વિદ્વાન તારિક શેખ જમ્મુ-કાશ્મીરનો ખાસ દરજ્જો પરત ખેંચવામાં આવતા આંચકાજનક સ્થિતિમાં છે. તે હજી સુધી તે જાણવા અસમર્થ રહ્યો છે કે તેના પોતાના વતન એવા રાજ્યમાં કેવી સ્થિતિ છે.

તમારા બાળકો, માબાપ, મિત્રો અને ગામના લોકો સાથે તહેવારના દિવસે વાત ન કરી શકવા બદલ તમને કેવું લાગે છે અને શાસકો કહે છે કે બધુ બરોબર છે. શેખ નિરાશાજનક સ્વરે આ વાત જમ્મુ-કાશ્મીરની સ્થિતિ અંગે પૂછવામાં આવતા કહે છે.

શેખ કાઝિગંદ જિલ્લાના કુલગામનો રહેવાસી છે. આ જિલ્લો જમ્મુ-કાશ્મીરમાં અનંતનાગની જોડે આવેલો છે. તેણે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી પીએચડી કર્યુ છે. તેણે ૨૦૦૮માં શ્રીનગર ખાતે કાશ્મીર યુનિવર્સિટીમાંથી અનુસ્નાતકની ડિગ્રી મેળવી હતી અને પછી તે રિસર્ચ માટે ઉત્તરપ્રદેશ ગયા હતા અને પછી પંજાબના કપૂરથલા જિલ્લામાં શિક્ષક તથા રિસર્ચર તરીકે વસવા લાગ્યા હતા.

ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ અને અન્ય જર્નલોમાં રિસર્ચ પેપર પ્રકાશિત કરનારા ૩૩ વર્ષના શેખે જણાવ્યું હતું કે આર્ટિકલ ૩૭૦ અને ૩૫એને હટાવી દઈને જમ્મુ-કાશ્મીરને આપવામાં આવેલો વિશિષ્ટ દરજ્જો છીનવી લેવાયો છે તે વાસ્તવમાં રાજ્યના રહેવાસીઓની સાથે કરવામાં આવેલા વિશ્વાસઘાત છે અને બંધારણનો ભંગ છે તથા ભારતની લોકશાહીની વિભાવનાના મૂળ ખ્યાલથી વિપરીત બાબત છે. મારો આ વિસ્તારમાં જેરીતે ઉછેર થયો છે તે જોતા હું સ્પષ્ટપણે કહી શકું કે ભારતે બળજબરીથી કાશ્મીર ખીણના દરેક નાગરિકને બંદૂકની અણીએ હાઉસ એરેસ્ટ રાખ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કેમને ડર છે કે માર ગામવાસીઓએ બકરીઈદના દિવસે ભૂખે ન મરવુ પડે. આજે કોઈપણ પ્રકારની માહિતી મળતી નથી, અત્યારે એક જ માહિતી છે અને તે છે કાશ્મીરમાં પૂર્ણપણે બ્લેકઆઉટ છે, જેમા બંદૂકધારી ફોર્સીસની બહાર કશું આવી શકતું નથી અને અમારી વસાહતોના દરેક ખૂણા બંદૂકની અણીએ ચૂપ છે. તેમનું કહેવું છે કે તેમનો જન્મ અને ઉછેર એકદમ બિનપરંપરાગત રીતે થયો હતો. હું અમારા ગામમાં ભારતના જુદા-જુદા ભાગના લશ્કરી દળોના સૈનિકોને અમારા ઘરોમાં દરોડા પાડતા જોતો હતો. મને હજી પણ યાદ છે કે ૧૯૯૦ના દાયકાના મધ્યાંતરમાં હું જ્યારે સ્કૂલ બસમાં મુસાફરી કરી રહ્યો હતો ત્યારે બસને લશ્કરે અટકાવી હતી. બસના ડ્રાઈવરને ઉતારીને તેઓએ માર માર્યો હતો.તેઓએ મુક્ત કર્યા બાદ ડ્રાઈવર બસમાં પરત ફર્યો ત્યારે તેના ચહેરા પર અનેક ઘા હતા. તેના પછીના મહિનાઓ અને વર્ષો દરમિયાન આ પ્રકારના બનાવો વધતા ગયા હતા. લશ્કરી દળો વિદ્યાર્થીઓ, ખેડૂતો અને કામદારોને તેમના ચેકપોઈન્ટ પર રોકતા હતા અને તેની સામે સંશયથી જોતા હતા અને તેની ચકાસણી કરતા હતા. તેઓના ઓળખપત્ર માંગવામાં આવતા હતા. તેઓને અપશબ્દો કહેવામાં આવતા હતા. તેઓને લોકોને કારણ વગર મારતા હતા. લશ્કરી દળો માટે આ બાબત સામાન્ય હતી. મારી પેઢીના લોકોની પ્રતિષ્ઠા દિન-પ્રતિદિન ઘવાતી હતી. તેના લીધે તેઓ તે લાગણીઓ સાથે ઉછર્યા હતા કે લશ્કરી કર્મચારીઓ અમારા દુશ્મન છે અને દિલ્હીમાં બેઠેલા લોકોને અમારી વાત સાંભળવાની ચિંતા નથી કે પરવા નથી. પાંચમી ઓગસ્ટના બનાવ અંગે શેખે કહ્યું હતું કે આ તો અમારા માટે રીતસરના પરમાણુ ધડાકા જેવી બાબત હતી. તેના લીધે ભારતીય રાજ્ય પ્રત્યે લોકોને જે થોડું ઘણું સન્માન હતુ તે પણ જતું રહેશે. ચાલો મને સ્પષ્ટતા કરી લેવા દો કે કાશ્મીરીઓને ભારતીય નાગરિકો સાથે કોઈ મુશ્કેલી નથી. જુઓ અમે હાલમાં પંજાબમાં કામ કરી રહ્યા છીએ. અમને કાશ્મીરથી દૂર બીજા પ્રાંતોમાં સામાન્ય લોકો સાથે હળીમળીને રહેવામાં આનંદની લાગણી થાય છે. પણ દિલ્હીના શાસકો તેમના અંકુશ હેઠળના મીડિયા દ્વારા અમારી સામે ધિક્કારની લાગણી ફેલાવે છે, અમને વિલન તરીકે ચીતરે છે, લોકોના મગજમાં ઝેર રેડે છે અને અમારા માટે કોઈપણ સ્થળે રહેવાની સ્થિતિ અઘરી બનાવી દે છે.

શેખ હાલમાં અડધો ડઝન શિક્ષકો, વિદ્વાનો અને વિદ્યાર્થીઓ સાથે જલંધરના પરામાં ભાડાના મકાનમાં રહે છે. તેને તેના માબાપ, બાળકો, મિત્રો અને સહયોગીઓની ચિંતા સતાવી રહી છે. તમને જાણતા નથી. આજે તો સ્થિતિ એવી છે કે મને મારી લાગણી વ્યક્ત કરતા ડર લાગી રહ્યો છે કે આ પ્રકારે લાગણી પ્રદર્શિત કરવા બદલ પર પણ ક્યાંક અમારી પજવણી કરવામાં ન આવે, કોણ જાણે, એમ તેણે જણાવ્યું હતું. તેમણે જમ્મુ-કાશ્મીરના ગવર્નરના તે દાવાને નકારી કાઢ્યો હતો કે ઈદના દિવસે લોકોને તેમના સગાસંબંધીઓ સાથે વાત કરવા ૩૦૦થી વધારે ટેલિફોન લાઈન ખુલ્લી મૂકવામાં આવી છે. મારા ફોનના કોલ ચેક કરી લો. એક શીખ ડ્રાઈવર મને ટ્રકમાં જમ્મુ અને કાશ્મીરમાં ૯મી ઓગસ્ટના રોજ લઈ ગયો. મારા ભાઈએ કોઈ રીતે મારો નંબર મેળવ્યો અને મને ફોન કરવા વિનંતી કરી અને જણાવ્યું કે ઘરે બધા સારા છે. પછીના દિવસે ડ્રાઈવર જલંધર પરત આવ્યો અને મને ફોન કર્યો. મારા માટે આ પ્રથમ વખત સૌથી મોટો રાહતનો શ્વાસ હતો, કારણ કે મારા કુટુંબની સ્થિતિ અંગે મેં પાચમી ઓગસ્ટ પછી પહેલી વખત જાણ્યુ હતુ અને બધા સલામત છે તે જાણી સ્વાસ હેઠે બેઠો હતો. અમારું જોડાણ ઈન્ટરનેટ કે ફોન દ્વારા હતુ, જે હાલમાં પૂર્ણપણે ખતમ થઈ ગયુ છે. હું આ મદદ કરનારા શીખ ડ્રાઈવરનો ઘણો આભારી છું.

મારી પાંચ વર્ષની ભત્રીજીએ મને કહ્યું હતું કે બકરીઈદના દિવસે આવજો. મેં તેને કપડા લઈ આપવાનું વચન આપ્યુ હતુ. હું ઉદાસ છું કે હું મારી ભત્રીજીની વિનંતી પૂરી કરવામાં નિષ્ફળ ગયો. હું કંઈ દર વખતે ઈદ પર ઘરે જાઉ છું. પરંતુ આ વખતે હું ફક્ત બાળકો અને માબાપના ફોટા જ મોબાઈલન ફોન પર જોઈ, તેમની સાથે વાત કરીને સંતોષ માની લઉં છે. તેઓ માટે પહેરવાના વસ્ત્રો અને આહાર પૂરતા પ્રમાણમાં છે તે સુનિશ્ચિત કરુ છું. કાશ્મીર અંગે ટીવી પર ચાલતી ચર્ચા અંગે શેખનું વલણ સ્પષ્ટ છે. તેનું કહેવું છે કે મોટાભાગના લોકો તો જમ્મુ-કાશ્મીરના છે જ નહી. કાશઅમીરના ગણ્યાગાંઠ્યા લોકો છે અને તેમની વાત કરનારાને આતંકવાદી ચીતરી દેવાયા છે. હું મીડિયા પરના પ્રતિબંધનો વિરોધી છુ. પરંતુ આ સ્થિતિમાં જમ્મુ-કાશઅમીરમાં મીડિયા પર પ્રતિબંધ હોય તો પછી સમગ્ર ભારતમાં મીડિયા પર પ્રતિબંધ હોવો જોઈએ, બધુ કંઈ એકપક્ષી ન હોવું જોઈએ. લોકોને સીધી રીતે તેમનો પ્રતિસાદ આપવા દો. ત્યાં પણ મર્યાદા ચે. કમસેકમ કાશ્મીરીઓ અંગે કોઈ ગેરસમજ ન ફેલાવવી જોઈએ.

તુ રહી હૈ તુ કહી હૈ, મુઝ-એ-મુશ્કિલો સે નિકલ દે. હે ઈશ્વર તું મુશ્કેલીઓમાંથી કાઢ. એમ કહી શેખ અલામા ઈકબાલની કવિતા સાથે સમાપન કરતા કહે છે. કોણ જાણે છે કે મારી ઈશ્વરને આ પ્રાર્થનાને પણ ખોટી રીતે વ્યાખ્યાયિત કરવામાં ન આવે

(સૌ : ધ વાયર.ઈન)

શું ભારતના શ્રીમંત સંપત્તિ નિર્માતાઓ અર્થતંત્રનું મૂલ્ય ૫ ટ્રિલિયન ડોલર સુધી વધારી શકે છે ?

ટેક્સના દરમાં ઘટાડાથી ખાનગી રોકાણના અભાવનો સામનો કરી શકાતો નથી અથવા જેવી રીતે શેરબજારોમાં વૃદ્ધિ દ્વારા 'સંપત્તિ નિર્માતાઓ' માંગણી કરી રહ્યા છે

મુંબઇના નાણાકીય જિલ્લાનું દૃશ્ય.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાની રક્ષણાત્મક દીવાલ પરથી રાષ્ટ્રને સંબોધન કરતાં કહ્યું કે, સંપત્તિ સર્જન એ રાષ્ટ્રીય સેવા છે અને સંપત્તિસર્જકોને શંકાથી ન જોવા જોઈએ. વધુમાં, તેમણે ઉમેર્યું, જ્યારે સંપત્તિનું સર્જન થાય છે ત્યારે જ તેનું વિતરણ કરી શકાય છે. સંપત્તિનું નિર્માણ એ એક મહાન રાષ્ટ્રીય સેવા છે. ચાલો, આપણે ક્યારેય સંપત્તિ નિર્માતાઓને શંકાથી ન જોવું. જ્યારે સંપત્તિનું નિર્માણ થશે ત્યારે જ સંપત્તિનું વિતરણ થશે. સંપત્તિનું નિર્માણ સંપૂર્ણપણે અનિવાર્ય છે. જેઓ સંપત્તિનું સર્જન કરે છે તેઓ ભારતની સંપત્તિ છે અને અમે તેમનો આદર કરીએ છીએ.

આ નિવેદનો એવા સમયે આવ્યા છે જ્યારે અર્થવ્યવસ્થા મોટા સંકટોનો સામનો કરી રહી છે અને તો પણ, વડાપ્રધાને આગામી પાંચ વર્ષમાં અર્થતંત્રને લગભગ બમણું ૫ ટ્રિલિયન ડોલર કરવાનું કઠિન લક્ષ્ય સેટ કર્યું છે. ભલે તે નજીવા રૂપિયાની દર્શાવેલી કિંમત હોય, જેમાં રૂપિયાના ૧૫% અવમૂલ્યનનો સમાવેશ થાય છે, તેને આગામી પાંચ વર્ષમાં સરેરાશ ૧૬% વૃદ્ધિની જરૂર પડશે. ૨૦૧૨-૧૩ની સર્વોચ્ચ સપાટીની તુલનામાં નોંધપાત્ર ઘટાડો નોંધાતા રોકાણોએ સુધારો દર્શાવ્યો નથી અને તેના વિના લક્ષ્ય અપ્રાપ્ય છે.

ખાનગી રોકાણકારો તેમના રોકાણને નોંધપાત્ર રીતે વધારી રહ્યા નથી. જુલાઈમાં પ્રસ્તુત બજેટમાં બે કરોડથી વધુ આવક પર લાદવામાં આવેલ અતિરિક્ત ઉપકરથી શ્રીમંત નાખુશ છે. કોર્પોરેટ સેક્ટરને લગતા અન્ય ફેરફારોએ પણ ઉદ્યોગપતિઓના નુકસાનકર્તા તરીકે કામ કર્યું છે. અગત્યના કોર્પોરેટ નેતાઓ, જેઓ અગાઉ હાલના ચાલુ સંવિધાનના સમર્થકો હતા, રોકાણ માટે બગડતા વાતાવરણ વિશે બોલવા માટે પૂરતા પ્રમાણમાં પસંદ કરવામાં આવ્યા છે. તેઓએ ટેક્સ વિભાગ દ્વારા કર આતંકવાદની પણ ફરિયાદ કરી છે. તેથી સ્વતંત્રતા દિવસ પર મોદીના શબ્દો વેપાર સમુદાયની ભીષણ ચેતા માટે મલમ હતા. નાણાંપ્રધાન નિર્મલા સીતારામને રોકાણકારોને થોડા લાભોની જાહેરાત કર્યા પછી આ અઠવાડિયે તેનુ અનુસરણ કર્યું હતું. આ નીતિ આયોગના ભૂતકાળ પર દેખરેખ રાખનાર રાજીવકુમારે કહ્યું કે ભારતે છેલ્લા ૭૦ વર્ષોમાં અસ્થિરતાનું આવું સંકટ જોયું નથી. તે પહેલા આરબીઆઈના ગવર્નર અને વડાપ્રધાનના આર્થિક સલાહકાર સમિતિના સભ્યોએ પણ જણાવ્યું હતું કે ત્યાં મંદી છે. નાણાંપ્રધાન દ્વારા જાહેર કરાયેલી છૂટછાટોએ પણ અર્થતંત્રની પડતીની કબૂલાત છે. પણ શું થોડું મોડું થયું નથી ? સીતારામને કહ્યું કે ભારતીય અર્થવ્યવસ્થા એ વિશ્વમાં સૌથી ઝડપથી વિકસિત થઈ રહેલીમાંની એક છે. તેથી, જાહેર કરેલ પેકેજ કોર્પોરેટ સેક્ટરની સગવડ માટે છે, સમસ્યાના મૂળ કારણ માટે નહીં. તે સરકાર સાથે કોર્પોરેટ ક્ષેત્રની લાગવગ અને તે માન્યતાને બતાવે છે કે તેઓ સંપત્તિ નિર્માતાઓ છે અને તેઓને સંતુષ્ટ કરવાની જરૂર છે.

પરંતુ શું વેપારીઓ એક માત્ર સંપત્તિ નિર્માતા છે ?

ભારતમાં લગભગ ૩૫ મિલિયન ડીમેટ ખાતાઓ છે. સંભવતઃ તેઓ સ્ટોક માર્કેટોમાં વેપાર કરનારા લોકોનું

અર્થકારણ

- અરૂણકુમાર અને આસ્થા આહુજા

પ્રતિનિધિત્વ કરે છે. જે વસ્તીના ૩% કરતા પણ ઓછા છે. પરંતુ મોટાભાગના શેરો ઘણા નાના કોર્પોરેટરો, ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટસ (FP!s) અને નાણાકીય સંસ્થાઓ પાસે છે. મોટી સંખ્યામાં લોકો નાની રકમની પણ બચત કરીને તેનું રોકાણ કરે છે. આ તે પરિવારો, બચત કરનારાઓ છે જેમના નાણાંનો આર્થિક સંપત્તિઓ અને બેંકોમાં રોકાણ કરવામાં આવે છે, અને બેંકોમાંથી તે રોકાણકારોને જાય છે. તેથી, વ્યવસાયોને પ્રોત્સાહિત કરતી વખતે, કોઈએ કામદારો, ખેડૂતો, ઓફિસ જનારાઓ વગેરેને ભૂલવા ન જોઈએ- આપણે દરેકનું સન્માન કરવું જોઈએ. પરંતુ મોદીએ તેમનો ઉલ્લેખ કર્યો ન હતો અને સીતારામને તેમને માટે જોગવાઈ કરી નથી.

સ્થિર દર

વિવાદાસ્પદ મુદ્દો એ છે કે રોકાણનો દર કયા કારણસર સ્થિર છે ? ઉત્પાદન અને રોજગાર સ્થિર છે અથવા ઘટી રહ્યા છે. મજૂર વર્ગના દળમાં પ્રવેશ કરનારાઓ માટે નવું કામ સર્જાયું નથી તે માત્ર પૂરતું નથી, પરંતુ વિવિધ સર્વેક્ષણો બતાવે છે તેમ કામદારો રોજગાર ગુમાવી રહ્યા છે. પરિણામે, કામદારોના મોટા વર્ગની વાસ્તવિક આવક ઘટી છે, માંગ ઓછી થઈ ગઈ છે. વધુમાં, ઓક્સફામના એક રિપોર્ટ અનુસાર, ૫૦% વસ્તીના તળિયા જેટલી સંપત્તિ ધરાવતા નવ લોકો સાથે અસમાનતા ઝડપથી વધી છે અને, વસ્તીના ટોચના ૧% રાષ્ટ્રીય સંપત્તિના ૫૧% ધરાવે છે. સ્પષ્ટ છે કે, ટોચના સંપત્તિધારકો અર્થતંત્રની સંપત્તિ અને આવકનો અપ્રમાણસર હિસ્સો એકહથ્થુ જમા કરી રહ્યા છે. તેથી, શું તેમને વધુ પ્રોત્સાહનની જરૂર છે અથવા જે તળિયે છે તેમને વધુ ટેકાની જરૂર છે ? આ પ્રકારની અતિશય અસમાનતા પ્રશ્ન ઊભા કરે છે- કોના પર કેટલો ટેક્સ લાદવો જોઈએ ? કર ચૂકવણી 'ચૂકવવાની ક્ષમતા'ના સિદ્ધાંત મુજબ, ઉચ્ચતર આવક અને સંપત્તિવાળા લોકોએ માત્ર ઊંચા કર જ નહીં પરંતુ ઊંચા કરના દરો પણ ચૂકવવા જોઈએ. ૨૦૦૭-૦૮માં વૈશ્વિક કટોકટી પછી વોરેન બફેટે જણાવ્યું હતું કે ધનિક લોકોએ મૂડીવાદને ટકાવવા માટે વધુ કર ચૂકવવાની જરૂર છે. આનું તાજેતરમાં ફરી પુનરાવર્તન કરવામાં આવ્યું છે. યુ.એસ., જર્મની, ઈટાલી અને ફ્રાન્સના સમૃદ્ધ લોકોએ બફેટના નિવેદનને સમર્થન આપ્યું હતું. પરંતુ ભારતીય સમૃદ્ધ લોકો વધારે ટેક્સ ભરવા માંગતા નથી. ધનિક લોકોએ કેટલો વધુ ટેક્સ ભરવો જોઈએ તે રાજકીય નિર્ણય છે.

નિયત દરો

બે કરોડની આવક વર્તમાન માથાદીઠ આવકની ૧૬૦ ગણી છે. આ કેટેગરીમાં ખૂબ ઓછા લોકો છે. ટેક્સના આંકડા મુજબ, ૧.૫ લાખ વ્યક્તિઓ ૧ કરોડથી વધુની આવક જાહેર કરે છે. ૫ કરોડથી વધુની આવક જાહેર કરનારા લોકોની સંખ્યા ૬,૩૬૧ છે. બે કરોડથી વધુની આવક જાહેર કરનારની સંખ્યા ૪૦,૦૦૦ની આસપાસ છે. ભારતમાં વર્ષ ૨૦૧૮-૧૯માં ટેક્સ ફાઈલ કરનારાઓની સંખ્યા ૬૧ મિલિયન હતી. તેથી, ઊંચા કરના દરથી પ્રભાવિત કરદાતાઓ માત્ર ૦.૧% અને વસ્તીના ૦.૦૦૪% હશે.

સરચાર્જ વધ્યા પછી નવા કરના દરોને જર્મની જેવા કેટલાક અદ્યતન દેશોમાં સમાન રકમ મેળવનારા લોકો જે ચૂકવે છે તેની સાથે સરખાવવામાં આવે છે. હકીકતમાં, ધનિકો દ્વારા ચૂકવવામાં આવતા વેરાનો દર કાગળ પર જે દેખાય છે તેના કરતા ઘણા ઓછા હોય છે. તેઓ તેમને અપાયેલી અસંખ્ય છૂટછાટો અને કપાતનો લાભ લે છે અને તેઓ તેમની આવકોનો એક જ ભાગ જાહેર કરીને કાળી આવક પેદા કરવા સહાયતા લે છે. વોરન બફેટે એકવાર કહ્યું હતું કે આ કર છૂટછાટોને કારણે તેઓ તેમના સેક્રેટરી કરતા ઓછા ટેક્સનો દર ચૂકવે છે. ભારતમાં, ધનિક લોકો દ્વારા મોટી કાળી આવક પેદા કરવા આપેલ સહાયતાને કારણે પરિસ્થિતિ વધુ વિકટ હોવાની સંભાવના છે. દુર્ભાગ્યે ભારતના ધનિક લોકો વિકાસશીલ દેશોમાં અથવા દક્ષિણ પૂર્વ એશિયન અર્થશાસ્ત્રના લોકો સાથે કાગળ પરના કરવેરાના દરની તુલના કરે છે. મૂડી ખૂબ ફરતી થઈ ગઈ હોવાથી તેઓ ભારત છોડવાની ધમકી આપે છે. ત્યાં ૯૦ ટેક્સ આશ્રયસ્થાનો છે અને 'લેયરિંગ'ની પ્રક્રિયા દ્વારા, એજન્સીઓ માટે તેમને પકડવાનું પગેરું ભૂંસીને ભંડોળને સરળતાથી તેમના દ્વારા ખસેડી શકાય છે.

મૂડીનું ઉડ્ડયન

વધુમાં, ૨૦૧૪થી, આમાંના ૨૩,૦૦૦ ધનિક લોકો, કહેવાતા હાઈ નેટ વર્થ ઈન્ડિવીડ્યુલ્સ, (HNWI) ભારત છોડી ગયા છે. તેથી, મોટી સંખ્યામાં 'સંપત્તિ નિર્માતાઓ' તેમના પગથી મત આપી રહ્યા છે ? મૂડીનું ઉડ્ડયન ટેક્સને આશ્રયસ્થાનોમાં સ્થાનાંતરિત કરવા જોખમ ઘટાડવાની વ્યૂહરચના છે જે ઓછા કરદરો અને ઉચ્ચ ડિગ્રીની ગુપ્તતા પ્રદાન કરે છે. યુ.એસ. ફરિયાદ કરે છે કે શ્રીમંત કંપનીઓ, તેમની ઓફિસોને ઓછા વેરા દરોવાળા અધિકાર ક્ષેત્રોમાં સ્થાનાંતરિત કરી રહી છે, જેમ કે ગૂગલ અને સ્ટારબક્સ આઈલેન્ડ જઈ રહી છે. તેને BEPS (બેઝ ઈરોશન પ્રોફિટ શિફ્ટિંગ) કહે છે. તેથી, વૈશ્વિક સ્તરે, ઘણા 'સંપત્તિ નિર્માતાઓ' તેમના નફા વિશે વધુ અને રાષ્ટ્રીય હિત વિશે ઓછા ચિંતિત છે. નોટબંધી અને જીએસટીના રૂપમાં સરકાર દ્વારા આપવામાં આવેલા આંચકાઓને કારણે ભારતીય અર્થતંત્રને નુકસાન થયું છે. આમાં નોન-બેંક નાણાકીય સંસ્થાઓને નાણાકીય ક્ષેત્રની નન-પરફોર્મિંગ એસેટ્સની સમસ્યા ઉમેરો. તેમ છતાં, સત્તાવાર માહિતી તેને પ્રતિબિંબિત કરતી નથી, અર્થતંત્ર લગભગ ૭૫%ની ક્ષમતાના ઉપયોગ સાથે નિષ્ફળ ગયું છે. ખાનગી રોકાણોમાં વધારો ન થવાનું આ વાસ્તવિક કારણ છે અને વેરા દરમાં અથવા વ્યાજદરમાં ઘટાડા દ્વારા અથવા શેર બજારોને પ્રોત્સાહન આપીને સામનો કરી શકતો નથી જેમ કે 'સંપત્તિ નિર્માતાઓ' માંગ કરી રહ્યા છે. આરબીઆઈએ છેલ્લા એક વર્ષમાં વ્યાજદરમાં ૧% ઘટાડો કર્યો છે અને શેરબજાર ઊંચું રહ્યું છે પરંતુ રોકાણનો દર જરા પણ ઘટ્યો નથી. વર્તમાન ક્વાર્ટરમાં, વૃદ્ધિનો સત્તાવાર નજીવો દર લગભગ ૭% જેટલો છે તેથી જો ખાનગી ક્ષેત્રના રોકાણમાં ઝડપથી વધારો ન થાય તો તેને કેવી રીતે વધારીને ૧૬% સુધી કરી શકાય. વૈશ્વિક અને રાષ્ટ્રીય અનિશ્ચિતતાઓવાળું સ્વીકૃત વિદેશી રોકાણ ઓછું અને અનિશ્ચિત છે. દરમિયાન, સરકારે પાંચ વર્ષમાં સૂચિત ૧૦૦ લાખ કરોડનું રોકાણ કર્યું છે. પરંતુ આ વર્ષે, બજેટમાં મૂડીનો ખર્ચ રૂા. ૮.૫ લાખ કરોડ (જાહેર ક્ષેત્ર સહિત) ઠરાવ્યો છે – જે રૂા. ૨૦ લાખ કરોડની લક્ષિત સરેરાશની નજીક પણ નથી. તેથી, જો લાલ કિલ્લાની રક્ષણાત્મક દીવાલથી ધનિક પ્રોત્સાહિત અને તેમની દુઃખદ લાગણીઓ સુષુપ્ત હોય તો પણ ૨૦૨૪ સુધીમાં ૫ ટ્રિલિયન સુધી પહોંચવાની સંભાવના નિરાશાજનક છે.

(અરુણકુમાર માલ્કમ એડિસેશિઆહ ચેર પ્રોફેસર, ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ સાયન્સીસ અને આસ્થા આહુજા આર્યભટ્ટ કોલેજ, દિલ્હી યુનિવર્સિટી સાથે છે.)

(સૌ. : ધ વાયર.ઈન)

કૌશિકી ચક્રવર્તી-અદ્‌ભુત શાસ્ત્રીય ગાયિકા

સ્ત્રી સશક્તિકરણ

- રવીન્દ્ર પારેખ

સ્ત્રી સશક્તિકરણ એ નથી, જે સ્ત્રી-પુરુષમાં સ્પર્ધાભાવ જન્માવીને વૈમનસ્ય વધારે. એવું કેટલાક માને છે, પણ કોઈપણ વિચાર કે વિવાદ વૈમનસ્ય વધારે તો તે વિવાદ જન્માવે, સંવાદ ન વધારે. કોઈપણ સ્તરે, કોઈના પણ દ્વારા થતું શોષણ અક્ષમ્ય છે. એવું નથી કે સ્ત્રી, સ્ત્રીનું શોષણ નથી કરતી. ઈર્ષા અને શોષણ સ્ત્રી પણ કરે છે ને તે સ્ત્રીનું પણ કરે છે. નોકરીનાં ક્ષેત્રોમાં એવાં ઘણાં ઉદાહરણો મળશે, પણ સશક્તિકરણ એ શું ફરિયાદ ને બદલા પૂરતું જ સીમિત છે ? સશક્તિકરણ આટલું સીમિત તો ન હોય. એટલે આપણે પણ વિચારનો વ્યાપ વધારવો પડશે. કોઈ પણ ક્ષેત્રે સ્ત્રી કંઈ નોંધપાત્ર અનુકરણીય કામ કરે એ સશક્તિકરણ નથી ? જેનાથી કોઈનું પણ કલ્યાણ થતું હોય એવું કોઈનું, કોઈપણ કામ આવકાર્ય બનવું જ જોઈએ.

અહીં ક્યારેક એવી વાતો પણ કરીશું, જેમાં સ્ત્રીએ માનવ કલ્યાણને લગતું, કલાને લગતું, સુધારાનું, સાહસનું અનેક સ્તરે નોંધપાત્ર કાર્ય કર્યું હોય. આજે એક એવી જ સમર્થ શાસ્ત્રીય બંગાળી ગાયિકા કૌશિકી ચક્રવર્તીની વાત કરવી છે. એની વિગતોમાં બહુ ઊંડે ઉતરવાનો ઈરાદો નથી કે એને કેટલા એવોર્ડ્સ મળ્યાં કે કેટલી ટ્રોફીઓ મળી એમાં પણ બહુ જવું નથી, પણ તે કેવી રીતે વિકસી ને વિકસીને બીજાના વિકાસ માટે કેવી રીતે વર્તી તેની વાત કરવી છે.

પંડિત અજય/અજોય ચક્રવર્તી અને ચંદના ચક્રવર્તી જેવાં ઉત્તમ શાસ્ત્રીય ગાયકોની દીકરી તરીકે કૌશિકી ૨૪ ઓક્ટોબર, ૧૯૮૦માં કલકત્તામાં જન્મી. માતા-પિતા, દાદા ને ઘરના તમામ સભ્યો સંગીતને વરેલાં. ભીંતો જ પટિયાલા ઘરાના શૈલીથી લીંપાયેલી. કૌશિકી ખૂબ નાની ઉંમરે રિયાઝ કરે છે. પિતાની સંસ્થામાં, પિતાના આશીર્વાદ સાથે તે ગાયકી શરુ કરે છે. આખું કુટુંબ લલકારતું રહે છે. બે વર્ષની ઉંમરથી સંગીતમાં પ્રવેશી ચૂકી હોય ને જિંદગી જ રિયાઝ હોય તો ૩૯ વર્ષની ઉંમરે કૌશિકી કેવી પરિપક્વ હોય તે કહેવાની જરૂર ખરી ? કૌશિકી ભારતની ટોચની શાસ્ત્રીય ગાયિકા હોય તેમાં જરાય નવાઈ ન લાગે તે સ્વાભાવિક છે. નવાઈ એટલે ન લાગે કે નાનપણથી જ સંગીતને જીવન ગણી લેવાયું હતું. ન ખાવાનું નક્કી. ન ઊંઘવાનું નક્કી. તાનપુરા પર જ રાત વીતી હોય એવા દિવસો જુદા તારવી શકાય એવું ખાસ જુદું કંઈ નહીં. મતલબ કે સંગીત જ શ્વાસ થઈ જાય તો જુદું શું ને કેટલું ક રહે ?

કૌશિકીને પૂછવામાં આવ્યું કે આવનારી પેઢીમાં શાસ્ત્રીય સંગીત કેટલું ક પહોંચશે તો તેણે કહ્યું કે બારણાં બંધ કરીને બાર, પંદર કલાક રિયાઝ કરવાની ધીરજ ને શક્તિ આવનારી પેઢીમાં કેટલીક હશે તે કહેવાનું મુશ્કેલ છે. છતાં કોઈક તો નીકળશે એવી શ્રદ્ધા તો રાખી જ શકાય. નવી પેઢીને પ્રશ્નો ઘણા છે, તે પૂછવા ખાતર પૂછાય તો તેનાથી સંગીતને કેટલો લાભ થાય તે પણ જોવાનું રહે છે. કૌશિકી કહે છે કે પોતે જે અનુશાસનમાં રહી એટલા અનુશાસનમાં તે પોતાના દીકરાને રાખી શકે એમ નથી, કારણ ગુરુ પર મા હાવિ થઈ જાય છે. એટલું જણાય છે કે આજની પેઢી કડક અનુશાસનમાં રહે તે અઘરું છે ને અનુશાસન વગર સંગીત કેવી રીતે સધાય ? એવું ન થાય તો એટલે અંશે સંગીત પ્રભાવિત થવાનું.

એની સામે કૌશિકીએ જે કર્યું છે તે પણ જોઈએ. તે કંઈ આજની પેઢીની નથી એવું ક્યાં છે ? ૩૯ની ઉંમર કંઈ ગઈકાલની પેઢીની ન ગણાય. તે શરૂઆત બંદીશ, ભજન, સરગમ, પલટાથી કરે છે ને ૭ વર્ષની ઉંમરે તો શાસ્ત્રીય ગાયકીની રીતસરની તાલીમ લેવાનું શરુ કરે છે ને પહેલું ગાયન 'તરાના' પ્રસ્તુત કરે છે. ૧૦ની ઉંમરે તે જ્ઞાનપ્રકાશ ઘોષની અકાદમીમાં ભારતીય શાસ્ત્રીય સંગીત શીખવા દાખલ થાય છે. આ જ્ઞાનપ્રકાશ કૌશિકીના પિતાના પણ ગુરુ છે. ૧૬ વર્ષની ઉંમરે તો તે કોન્સર્ટમાં ભાગ લે છે. વાત એમ હતી કે એના કાર્યક્રમ પછી પ્રખર તબલાવાદક ઉસ્તાદ ઝાકીર હુસેનનો સોલો કાર્યક્રમ હતો. એ કાર્યક્રમમાં કૌશિકી ગાઈ શકશે કે કેમ, એની ચિંતા, એની સાથે હાર્મોનિયમ વગાડનાર પિતા અજય/અજોય ચક્રવર્તીને વધારે હતી. કાર્યક્રમ પૂરો કરીને કૌશિકી તો બીજા બાળકો સાથે થોડે દૂર રમવા લાગી ગઈ-કેવું ગવાયું કે ઉસ્તાદોને કેવું લાગ્યું તેની ચિંતા કર્યા વગર ! ત્યાં તેનું આવ્યું કે ખાં સાહેબ બોલાવે છે. તે ગઈ ને ખાં સાહેબે તેને પૈસા આપતા આશીર્વાદ આપ્યા કે રિયાઝ ચાલુ રાખ. ખૂબ સરસ ગાય છે. ૧૯૯૫માં તો તેને પહેલો એવોર્ડ મળે છે ને પછી તો એવોર્ડ્સની ઝડી વરસતી રહે છે. આઉટ સ્ટેન્ડિંગ યંગ પર્સોનનો એવોર્ડ તે ૨૦૦૦માં મેળવે છે. આઉટ સ્ટેન્ડિંગ એચીવમેન્ટ માટે બીબીસીનો એવોર્ડ ૨૦૦૫માં મેળવે છે. બિરલા પુરસ્કાર, સંગીત નાટક અકાદમીનો ઉસ્તાદ બિસ્મિલ્લાહખાન પુરસ્કાર, બંગાળી સન્માન જેવા અનેક પુરસ્કારોથી કૌશિકીની ઝોળી છલકે છે. ખયાલ અને ઠુમરીમાં તેની વિશેષતા છે. તે 'સમક,' અમદાવાદમાં પણ આવી ગઈ છે.

૨૦૦૨માં બાલ મુરલીકૃષ્ણ પાસે દક્ષિણ ભારતીય શાસ્ત્રીય સંગીત પણ કૌશિકી શીખે છે. યુનિવર્સિટી ઓફ કલકત્તામાંથી એ ફર્સ્ટક્લાસ સાથે ફિલોસોફીમાં સ્નાતક થાય છે ને એ જ વિષયમાં જોધપુર યુનિવર્સીટીમાંથી અનુસ્નાતક પણ થાય છે.

તેને મોટા કોન્સર્ટમાં કેટલીય વાર ગાવાનાં નિમંત્રણ મળ્યાં છે. તેણે પોતે ટોક શો કર્યા છે ને તેમાં ઘણા સંગીતકારોના ઈન્ટર્વ્યૂ પણ કર્યા છે. ફિલ્મી સંગીતની પણ તેને નવાઈ નથી. દીપા સાહીની ફિલ્મ 'વોટર'માં એ.આર. રહમાનના નિર્દેશનમાં તેણે 'વૈષ્ણવજન તો તેનેરે કહીએ...' ગાયું છે. આ ઉપરાંત અન્ય ભાષાની ફિલ્મોમાં પણ તેણે ગાયું છે. સૂરો પર તેનો ગજબનો કાબૂ છે. એ 'જર્ની બિગીન્સ', 'હમારો પ્રણામ', 'જગ દોદિન કા મેલા', 'મનોમય', 'કૌશિકી', 'મિઝર્યા', 'કૌશિકી સખી', 'ગાયેજા'...જેવા તેના ૨ પથી વધુ આલબમો બહાર પડ્યાં છે.

'યાદ પિયાકી આયે...' તો ઉસ્તાદ બડે ગુલામ અલીખાં, મહંમદ રફી, કૌશિકી જેવા ઘણા ગાયકોએ ગાઈ છે એમાં કૌશિકીનો આરતનો ભાવ એને નોખી પાડે છે.' આવારા ખયાલ હૂં મૈ...લૌટી ન વો બહાર હૂં મૈ...' રાગ ભૈરવમાં ગવાઈ છે, એમાં જે હૃદયસ્પર્શિતા છે તે બહુ ઓછી સાંભળવા મળે છે.' રીત પૂજા કી યાદ નહિ હૈ...' જેવી પંક્તિઓમાં જે કુમાશ ને રેશમીપણું અનુભવાય છે તે તો સાંભળીએ તો જ ખયાલ આવે. એવું તો ઘણું છે જે કૌશિકીને 'નમો વિદ્યા દાયિની' બનાવે છે.

કૌશિકી ફેમીનીસ્ટ નથી, પણ તેણે માત્ર મહિલાઓનું 'સખી' નામક એક બેન્ડ બનાવ્યું છે. જેમાં ગાયનથી માંડીને વાદન પર મહિલાઓ સક્રિય છે. એનો પહેલો કાર્યક્રમ મુંબઈના 'કલામંદિર'માં ૨૦૧૫માં થયેલો. એમાં ભાગ લેનારી મહિલાઓની ઓળખ દુર્ગા, ગંગા, દ્રૌપદી જેવી દેવીઓના નામથી થાય છે એની એ વિશેષતા છે. આવું ભારતમાં પહેલાં થયું હોય એવું મને તો યાદ આવતું નથી.

૨૦૦૪માં કૌશિકી પાર્થસારથી દેશીક્ન જોડે પરણે છે. તે પણ હિન્દુસ્તાની સંગીતનો ગાયક છે ને રિશીત નામના દીકરાની તે માતા પણ બને છે. પતિ-પત્નીએ વિદેશમાં સાથે ગાયું પણ છે.

ટૂંકમાં, કૌશિકીનું આ એવું કુટુંબ છે બધી રીતે સમૃદ્ધ ને સુખી છે. આખું કુટુંબ સંગીતને વરેલું છે ને એનાથી સંગીત પણ સમૃદ્ધ બન્યું છે. આ જાણ્યા પછી તસ્લીમા નસરીન, અમૃતા પ્રીતમ કે કુન્દનિકા કાપડિયા જેવી લેખિકાનું સર્જન જોઈએ તો થોડા પ્રશ્નો થાય. એમનાં સર્જનને જરાય ઓછું આંકવાની અહીં વાત નથી. એ જે સાહિત્ય આવ્યું છે એમાં પણ સચ્ચાઈ છે જ ને એ શોષણ સામેનો જીવતો ચિત્કાર છે, પણ એ કાલ્પનિક છે, હા એનો આધાર કાલ્પનિક નથી ને કૌશિકીનું આ કુટુંબ નકરી વાસ્તવિકતાનું પરિણામ છે. પિતા, દાદા, પતિ પુરુષો છે ને કૌશિકી એમની મદદથી જ વિકસે છે. એ શિક્ષણ પૂરું કરે છે. અહીં સંગીત સિવાય બીજા કશા આગ્રહો જણાતા નથી. એ સ્ત્રી હોવાથી શોષિત છે એવું પણ ક્યાંય જણાતું નથી. સાધારણ રીતે બહુ વગોવાયેલો પતિ અહીં અભિમાનથી પીડાતો હોય, પણ અહીં એવું નથી. તે કૌશિકીને રોકતો નથી. બાકી, એક જ ગાયકીના ક્ષેત્રમાં બંને સાથે હોય તો સમાન રસ ઈર્ષા, અભિમાનનું કારણ બને, પણ પતિ વિદેશમાં કૌશિકીની સાથે ગાય છે. શું કહીશું આને ? એક તરફ મહિલાઓનાં સર્જનમાં પુરુષ પ્રત્યે ભારોભાર નફરત છે ને બીજી તરફ હકીકતમાં એવું કુટુંબ છે જે સાવ બીજા છેડાના સુખદ આશ્ચર્ય જન્માવતાં પરિણામો વચ્ચે સૂરથી ધબકે છે. અહીં કોઈનો ન્યાય કરવા બેસવાની વાત નથી. વાત વિવેકબુદ્ધિથી બંને છેડાનાં પરિણામો પર ગંભીરતાથી વિચાર કરવાની છે. વિચારીએ.

જાત સાથે રોજ અત્યાચાર હું કરતો રહ્યો, ને તરસના ગામમાં જળ શોધતો ફરતો રહ્યો,

દસ્તક

- હર્ષદ પંડ્યા

માણસ ગમે એટલો તરસ્યો હોય, પણ એ પાણીના પરપોટાની જાતિ જુએ છે, પોતાની તરસ નથી બુઝાવતો. પરપોટાની છાલ તપાસવાથી કે પરપોટાનું મૂળ-કુળ જોવાથી તરસ છીપાતી હોત તો આજે પાણીનો દુકાળ પડતો ન હોત !

કોઈપણ વ્યક્તિ માટે જન્મતો પ્રેમ, એ માત્ર પ્રેમ જ જુએ, એ પ્રેમની ચામડી, પ્રેમનો રંગ, પ્રેમનો મોભો કે પ્રેમનું પદ કે પદવી નથી જોતો. પ્રેમની પણ તરસ હોય છે. સાચી તરસ જ, તરસ્યા માણસને બીજી બધી બાબતોથી દૂર રાખે છે. જેણે ખરેખર, સાચી તરસ મેળવી છે એ તો પાણી જ જોશે. પાણીના પ્રવાહને કે કિનારાને નહીં જુએ. એને તો માત્ર જળ જ દેખાશે. સાચી તરસ કોને કહેવાય એ જાણવું હોય તો રણને મળવું પડે. રણના કંઠમાં જ તરસનું સરનામું જોવા મળશે.

આજે ભલે આપણે 'ખૂબ ઠંડી છે, ખૂબ ઠંડી છે' એમ બબડતા રહી શિયાળાને અને એની અમૂલ્ય એવી ઠંડીને વગોવતા રહીએ, પણ આ જ ઠંડી બળબળતી વૈશાખી બપોરે આપણને યાદ આવે છે અને બનાવટી-કૃત્રિમ ઠંડીનો આશરો મેળવવા માટે કુલર કે એસીના શરણે જઈએ છીએ. જળનું પણ એવું છે. જળને જીવન માનનારા ઘણા છે, પણ જળ જીવનને જીવનારા બહુ જ ઓછા છે. નપાણિયા પ્રદેશોમાં જઈએ ત્યારે ખબર પડે કે પાણીની કેટલી કિંમત છે ! બસ, એ જ રીતે જેણે પ્રેમની પરબ ગુમાવી છે અથવા તો પ્રેમના બે-ચાર બૂંદ નસીબ નથી થયા એવા લોકો પાસે જઈએ અને પ્રેમનો, ભલે થોડો તો થોડો પ્રસાદ આપીએ તો ખબર પડે કે આપણા પ્રેમની એ લોકો કેટલી કદર કરે છે ! જેમ જળનો વેડફાટ એટલે જીવનનો વેડફાટ એમ પ્રેમનો વેડફાટ એટલે પૂરી જિંદગીનો વેડફાટ !

પાણીની તરસ અને પ્રેમની તરસમાં કોઈ જ ફરક નથી. બંનેના મૂળ એક જ છે : તરસ ! તરસ સિવાય કોઈ વાત નહીં, તરસ સિવાય કોઈ નાત નહીં, તરસ સિવાય કોઈ જાત નહીં. તરસ જો ખાનદાન હોય, કુળવાન અને સંસ્કારી હોય તો એ ક્યારેય બીજી તરસની મજાક નથી કરતી. ખાનદાન તરસ તો પથ્થરમાંથી પણ પાણીને પ્રગટાવી શકે અને રણમાંથી પણ ઝરણું શોધી શકે. તરસનો બસ એક જ ધર્મ છે અને એ છે તરસ ! કેટલો સરસ શબ્દ છે આ તરસ ! તરસમાં જ જુઓને રસ સમાયેલો છે, એ રસ છે જીવનરસ ! જીવનને રસમય કોઈ બનાવે છે તો તે છે પ્રેમરસ. માત્ર પ્રેમરસ જ એક એવો રસ છે, જે પીવાથી કે અન્યને પીવડાવવાથી ક્યારેય ખૂટતો નથી. અખૂટ છે. પણ આ પ્રેમરસને અખૂટ રાખે છે એકમાત્ર તરસ !

પાણીથી તરસ બુઝાય છેપ, પણ પાણી એ જ કંઈ તરસની મંજિલ નથી. એ જ કંઈ એનો અંતિમ મુકામ નથી. કુછ ઔર ભી હૈ ! તરસ ક્યારેય તૃપ્ત ન થાય અને જે તુપ્ત થાય એને તરસ ન કહેવાય. તરસમાં ક્યારેય પૂર્ણવિરામ ન હોય, હોય તો હંમેશા અલ્પવિરામ હોય. એ તરસને હું તરસ નથી માનતો, જે એકવાર સંતોષ્યા પછી કાયમ માટે શાંત થઈ જાય. તરસ તો આપણી જીજિવિષા માટે ઓક્સિજન છે. જીવનમાં તરસ નથી તો કશું જ નથી. કુછ ભી નહીં. ! તરસના તટ પર તો જિંદગીની વસાહત સર્જાય છે. એકવાર કોઈના પ્રેમને મેળવી લો, જુઓ પછી... એ પ્રેમને જાળવવાની એક જુદી જ તરસ જાગે છે કે નહીં !

મિત્રો સાયન્સ એવું કહે છે કે શક્તિ-ઊર્જા-એનર્જીનો ક્યારેય નાશ નથી થતો. શક્તિનું રૂપાંતર થાય છે. તરસનું પણ આવું જ છે. શક્તિ જેવું. તરસનો ક્યારેય નાશ નથી થતો, એનું રૂપાંતર જરૂર થાય છે. જળની તરસ હોય એ પછી જળને આપણે પીએ છીએ. જળને પીધા પછી એ જળને મતલબ કે જે જળે આપણી તરસને થોડા સમય માટે સંતોષ આપ્યો, છે એ જળને આપણે આવનારા સમય માટે સાચવી રાખીએ છીએ. એકવાર કોઈનો પ્રેમ કે મૈત્રી મેળવવાની તરસ રાખ્યા પછી એ પ્રેમ કે મૈત્રી તમને લાગણી અને સહાનુભૂતિ કે હમદર્દીનો સંતોષ આપે એટલે વાત પૂરી, એમ સમજી ન લેવાય. ઉલટાની

હિન્દુસ્તાની શાસ્ત્રીય ખ્યાલ અને કવ્વાલી વચ્ચે લાંબા સમયથી અવગણાયેલ જોડાણ

ખ્યાલના ઈતિહાસને શોધી કાઢવું એ ધર્મ અને સરહદોની પાર આપણી ઓળખની સમજને વિસ્તૃત કરવાની તક આપે છે

શાસ્ત્રીય સંગીત

- વજિહા અથર નકવી

આ વર્ષે યુનાઈટેડ કિંગડમમાં યોજાયેલા વર્લ્ડ મ્યુઝિક આર્ટસ એન્ડ ડાન્સ ફેસ્ટિવલમાં ઝિગ્ગી મારલેથી લઈને સલિફ કેઈટાથી લઈ રોબર્ટ પ્લાન્ટ જેવા વૈશ્વિક સંગીતના મહારથીઓનું ઉત્કૃષ્ટ મિશ્રણ જોવા મળ્યું. આ અતુલ્ય મેળાવડા વચ્ચે ઉપખંડમાં અસલ રીતે ખ્યાલને અપનાવનારા પૈકી, પાકિસ્તાનમાંથી આદરણીય ઉસ્તાદ નસીરૂદ્દીન સામી હતા. જેને ખબર નથી તેમના માટે, ખ્યાલ એ ઉત્તર ભારતીય શાસ્ત્રીય સંગીતની એક પાયાની ગાયક શૈલી છે. પાકિસ્તાનમાં પર્ફોમિંગ આર્ટસ માટે રાજયના સમર્થનની અસ્પષ્ટ બાબતોને જોતા આ આશ્ચર્યજનક વાત નથી કે આ સંગીત પરંપરા તરફ ઘણું ઓછું ધ્યાન આપવામાં આવ્યું. ખ્યાલ છેલ્લા મુગલ સમયગાળા દરમ્યાન ખૂબ પ્રખ્યાત થયો હતો અને ત્યારથી તે ધ્રુપદની સાથે કહેવાતા શુદ્ધ શાસ્ત્રીય સંગીતની આધારશિલા છે. જેમ કે ધુમની ગઝલ અને કવ્વાની જેવા હળવા અર્ધશાસ્ત્રીય સ્વરૂપોથી ઉલ્ટુ.

ખાસ કરીને તે મુખ્ય અદાલતના સંગીતકાર હતા. નૈમતખાન, જેઓ સદારંગ પણ કહેવાતા જેમણે ૧૭મી સદીમાં મોહમ્મદશાહના મોગલ શાસન દરમ્યાન ખ્યાલને લોકપ્રિય બનાવ્યો હતો. પરિણામે ઘણાએ ખ્યાલના સ્થાપક તરીકે સદારંગને શ્રેય આપ્યો છે.

ખ્યાલના પીઢ, ઉસ્તાદ સામી, છેલ્લા મુગલ બાદશાહ બહાદુર શાહ ઝફરના સુપ્રસિદ્ધ દરબાર સંગીતકાર તનરૂસખાનના સીધા વંશજ છે. તે ઉત્તર ભારતીય શાસ્ત્રીય સંગીતના વિવાદાસ્પદ દિલ્હી ઘરાનાના છે. જેઓ ખ્યાલ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભાગલા વખતે તેના ઘણા સભ્યો કરાચી ગયા હોવાનો દાવો કરાય છે. તેથી તેનું ઉત્તરાધિકાર આજે પણ વિવાદિત રહ્યું છે. તે જ સમયે ઉસ્તાદ સામી પણ કવ્વાલ બચાય વંશથી સંબંધિત છે. જેઓ તેમના વંશ પરંપરાગત સંગીત જ્ઞાનને અમીર ખુશરોના પ્રાથમિક શિષ્ય, મિયા સમત બિન ઈબ્રાહિમ સુધી લઈ જાય છે. કવ્વાલીના પિતા તરીકે જાણીતા ખુશરોએ ખ્યાલની પણ શોધ કરી હોવાનું કહેવાય છે. સદારંગ અને ખુશરો બંને ઓછામાં ઓછા ૫૦૦ વર્ષના અંતરે જીવ્યા હતા. જેથી આશ્ચર્ય થાય છે કે ઉત્તર ભારતીય સંગીત અને ખ્યાલને લગતી આવી ઐતિહાસિક વિસંગતતાઓ આજ સુધી કેમ ટકી રહી છે. ખાસ કરીને જ્યારે મુખ્ય પ્રવાહના સંગીતના વાર્તાલાપમાં કવ્વાલી વિશે ઘણી વાતચીત થાય છે ત્યારે ખ્યાલ (ઈલ્મ-ઉલ-ઈલ્હામ અથવા અવાજનું જ્ઞાન) અને કવ્વાલી (ઈલ્મ-ઉલ-કલામ અથવા શબ્દોનું જ્ઞાન) વચ્ચેના સંબંધનું ઐતિહાસિક સ્વરૂપ શું રહ્યું હશે ?

સમકાલીન ઉત્તર ભારતીય સંગીત કલ્પનામાં તેના મૂળ કવ્વાલોએ ખ્યાલનો સાથ કેવી રીતે ગુમાવ્યો ?

મોગલો અને ખ્યાલનો ઉદય

આપણામાંના ઘણા શાળામાં ભણાવેલ મોગલ ઈતિહાસના વિશિષ્ટ સંસ્કરણ સાથે ઉછરેલા છીએ અને તે મોટા ભાગે તેમના શાસનને ભવ્ય, અવનતિ અને અયોગ્ય તરીકે વસાહતી ચિત્રણમાં દર્શાવેલ છે. છતાં આ મોગલ પતનના વિરોધાભાસી અને ભૂલાયેલા કથનમાં છે કે આપણને ઉત્તર ભારતીય શાસ્ત્રીય સંગીતના ઐતિહાસિક વિકાસ પર વૈકલ્પિક દૃષ્ટિકોણ મળે છે.

આઈન-એ-અકબરી અને રાગ દર્પણ જેવા સંગીત ગ્રંથોથી સ્પષ્ટ થાય છે કે સંગીત એ મોગલ ભારતની બધી કળાઓમાંથી એક છે જેનું સૌથી વધુ દસ્તાવેજીકરણ થયું હતું. ટેલિંગ્સ એન્ડ ટેકસટ્સ : મ્યુઝિક, લિટરેચર એન્ડ પર્ફોમન્સ ઈન નોર્થ ઈન્ડિયામાં કેથેરીન સ્કોફિલ્ડ વિસ્તારથી લખે છે કે મોગલોમાં રાગને સમજવાની શક્તિ સંસ્કૃતને બદલે પર્શિયનમાં હતી જે દર્શાવે છે કે સંગીતે સાંભળનારા પર કેવી અસર કરી છે. ખ્યાલ રાગના સુસ્વર માળખાને સમાવે છે. જે નિશ્ચિત છે પરંતુ લેખિત રજૂઆતો દ્વારા વ્યાખ્યાયિત નથી. તેના બદલે સુધારાયેલ પર્ફોમન્સ દ્વારા રજૂ કરાય છે. તેને ઉચ્ચ કલાની સંગીત શૈલી તરીકે માનવામાં આવતું હોવાથી, ખાસ કરીને તેને ભદ્ર સંગીત સભાઓમાં રજૂ કરવામાં આવતો. જો કે તે ખાસ કરીને ચિશ્તી સુફીઓ દ્વારા સૂફી દરગાહોમાં ભક્તિજનક ઝિક્ર પ્રથાનો તે ભાગ હતો. જો કે આધુનિક ભારતીય સંગીતશાસ્ત્રના પ્રારંભથી ખ્યાલને પૂર્વ-મુસ્લિમ મૂળનો દર્શાવવાના પ્રયત્નો કરવામાં આવે છે. તેમ છતાં દર્શાવવા માટે કોઈ પુરાવા નથી. હકીકતમાં ખ્યાલ શબ્દ અરબીમાંથી આવ્યો છે અને ખ્યાલ પર ધ્રુપદનો પ્રભાવ પણ ઓછો રહ્યો છે. ખ્યાલને ૨૦મી સદી સુધી ક્યારેય વ્યવસ્થિત રૂપ આપવામાં આવ્યું ન હતું અને ઐતિહાસિક રૂપે મૌખિક પરંપરા દ્વારા પ્રસારિત કરવામાં આવ્યો છે. અથવા લાઈવ પર્ફોમન્સ દ્વારા પ્રસારિત કરાયું છે. કદાચ તેથી જ તેની ઉત્પત્તિ હંમેશા વિવાદિત રહી છે. તેમ છતાં તે મુખ્યત્વે ત્રણ સંગીત વ્યક્તિત્વની આસપાસ કેન્દ્રિત છે : ખુશરો, સદારંગ અને જોનપુરના શાસક હુસેન શાહ શર્કી.

સ્કોફિલ્ડ અનુસાર ત્રણે વચ્ચે હરિફાઈ હતી અને સંભવત : અચોક્કસ રીતે જો કે રસપ્રદ એ છે કે તેણી વારંવાર કવ્વાલ બચાયને ખ્યાલનો રિયાઝ કરનાર મુખ્ય સમુદાય તરીકે પ્રકાશિત કરે છે. બંને જગ્યાએ મહેફિલોમાં અને દરગાહોમાં.

સ્કોફિલ્ડ દાવો કરે છે કે સદારંગ પોતે એક કવ્વાલ પાસેથી ખ્યાલ શીખ્યા હતા. શાહી પરિવારોમાં તેમની નિકટતા હોવાને કારણે સંભવતઃ તેઓ તેને ઉજાગર કરવામાં સમર્થ હતા અને છેવટે તેની શોધનો શ્રેય તેમને મળ્યો. ઉપરાંત ભારતીય સંગીતના અન્ય વિદ્વાનો જેવા કે રેગુલા કુરેશી એલ્લીન મિન્ફરે દિલ્હીના કવ્વાલોનો ઉલ્લેખ કર્યો છે કે જેઓ સુફી મેળાવડા અને મહેફિલના વર્તુળોમાં મુખ્ય સ્થાન ધરાવતા હતા. તેમના પ્રોજેક્ટ હિસ્ટરીઝ ઓફ એક્સિમેરલ : રાઈટીંગ ઓન મ્યુઝિક ઈન લેટ મુગલ ઈન્ડિયા સ્કોફિલ્ડ વિશ્લેષણ કરે છે કે પાછળના મુગલ સમયગાળા દરમ્યાન ભુલાઈ ગયેલા મુખ્ય સંગીતકારોની ઘણી વાર્તાઓ છે. જેમાં તે સમયના સૌથી મહાન ખ્યાલ સંગીતકારો તરીકેના ચોક્કસ કવ્વાલોના સંદર્ભો સામેલ છે. આ શૈલી વિશે ચાર મુખ્ય મુદ્દાઓ નીચે આપેલ છે.

પહેલું જો કે તેની ચોક્કસ ઉત્પત્તિ અજાણી છે. તે સુફી રહસ્યવાદી ભક્તિ અને ભદ્ર મોગલ મહેફિલના જોડાણને કારણે ખૂબ પ્રચલિત થયો. બીજું તેનો ૧૬મી સદીના અંતથી રિયાઝ કરવામાં આવતો હતો. પરંતુ તે ૧૮મી સદીમાં હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતની પ્રભાવી શૈલી બની અને આજે પણ છે.

ત્રીજે સ્થાને અમીર ખુશરો સાથે સંકળાયેલ કોલ, તરાના અને અન્ય શૈલીઓ સાથેની વિશિષ્ટ શૈલીઓ સામેલ છે, જેમણે આ જ્ઞાન તેમના વંશપરપરાંગત નિષ્ણાંતો કવ્વાલ બચાવને સુપ્રરત કરી. છેવટે આ રીતે કવ્વાલ બચાય ખ્યાલના સાચા પૂર્વજ છે. સ્પષ્ટપણે આગળ જતા કવ્વાલી અને ખ્યાલના રસ્તાઓ ફંટાઈ ગયા ભલે તે સંગીતના સમાન સ્રોતમાંથી નીકળ્યા હોય અને એક જ જગ્યાએ ભજવાતા હોય. આધુનિક ઘરાના પ્રણાલિની સ્થાપના દ્વારા કદાચ આમાંથી કેટલીક અધોગતિ શ્રેષ્ઠ રીતે સમજાવી શકાય.

વસાહતી શાસન અને ઘરાનાઓ

૧૯મી સદી આવતા નવા શાસકો આવ્યા જેમણે સંગીત સહિત ઉપખંડમાં નોંધપાત્ર ફેરફાર કર્યા.

સાંસ્કૃતિક રાજધાની તરીકે દિલ્હીના પતનને લીધે ઘણા સંગીતકારો અને તેમના પરિવારો વધુ સારી આર્થિક તકોની શોધમાં અન્ય શહેરોમાં જતા રહ્યા વસાહતી શાસન અને બંધારણના આગમનને કારણે હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતનું કોડીફિકેશન અને માનકીકરણ પણ થયું. ભટખંડે અને પલુસ્કર જેવા સંગીતકારોએ પશ્ચિમી સંગીત સિદ્ધાંતની જેમ લેખિત મ્યુઝિકલ નોટેશન સિસ્ટમ ઘડી હતી. જે વ્યાપકપણે પ્રચલિત અને સ્વીકૃત છે બ્રિટિશરો પાસેથી સ્વતંત્રતા તરફ આગળ વધતા અને બે દેશોની રચના સાથે ભારતને તેની સાંસ્કૃતિક ઓળખને મજબૂત બનાવવાની રાષ્ટ્રવાદી જરૂરિયાત વધી.

આ વિશિષ્ટ સામાજિક-રાજકીય સંદર્ભે વારસાગત વંશ અને અધિકૃત શૈલીને કારણે આજે હિન્દુસ્તાની સંગીતની એક મુખ્ય સંસ્થા, ઘરાના પદ્ધતિને જન્મ આપ્યો. ઘરાનાઓ મુખ્યત્વે ખ્યાલને બચાવવામાં રોકાયેલા હતા એટલા માટે કે તે હિન્દુસ્તાની સંગીતની પ્રાથમિક ગાયક શૈલી છે. પ્રથમ અને સૌથી જૂનું ગ્વાલિયર ઘરાનાને માનવામાં આવે છે. જે ૧૯મી સદીના અંતમાં સત્તાવાર રીતે સ્થાપિત થયું હતું, તે પછી આગ્રા, કિરાના અને પટિયાલા ઘરાના હતા.

રસપ્રદ રીતે સંશોધન દર્શાવે છે કે ઘરાના પ્રણાલીના તમામ વંશ અનિવાર્યપણે કવ્વાલ બચાય સાથે કંઈક જોડાણ ધરાવે છે. ઉદાહરણ તરીકે ગ્વાલિયર ઘરાના વંશની શરૂઆત ગુલામ રસૂલથી થાય છે. જેઓ કવ્વાલ બાચા હતા.

કદાચ આ જ કારણે સ્કોફિલ્ડ જેવા વિદ્વાનોએ ગ્વાલિયરને બધા ઘરાનાઓના પિતા તરીકે ઓળખાવ્યો છે. આ શબ્દ ઉત્તર ભારતીય શાસ્ત્રીય સંગીત પર મુખ્ય પ્રવાહના વાર્તાલાપોમાં ભાગ્યે જ મળે છે.

ખ્યાલ ઘરાનાના સંગીતમય વંશના સંદર્ભમાં તે સ્પષ્ટ છે કે ખ્યાલ અને કવ્વાલ બચાય વચ્ચેના શૈલીયુક્ત જોડાણો જાણી જોઈને દબાવવામાં આવ્યા છે અથવા પૂરતા પ્રમાણમાં પ્રકાશિત કરાયા નથી.

વર્તમાન દિલ્હી ઘરાના સામાન્ય રીતે પોતાને પ્રખ્યાત તનરૂસખાન સાથે જોડતો નથી. જેને દિલ્હી ઘરાના અને કવ્વાલ બચાય બંનેની એક પૂર્વવર્તી વ્યક્તિ માનવામાં આવે છે. કદાચ તે એટલા માટે કે તેના અગાઉના વડા ઉમરાવખાન હતા. જે તનરૂસખાનના પુત્ર હતા. અને ઉસ્તાદ સામીના મહાન દાદા હતા. જેમનો પરિવાર આખરે પાકિસ્તાન ચાલ્યો ગયો હતો. જે રીતે ગીતોની બનાવટ વંશપરંપરાગત મૌખિક રીતે પ્રસારિત થાય છે તેમ વંશનો મૌખિક ઈતિહાસ અને વારસાગત જોડાણો વારંવાર બનાવટી, ભૂલાયેલા અથવા જોડી દેવાયેલા હોય છે. જે ઘરાના પ્રણાલીને ચાલુ રાખે છે.

અહીં મુદ્દો એ નથી કે ઘરાનાના સાચા વારસદારને ઓળખવામાં આવે, પરંતુ વસાહતીઓ પછીની પરિસ્થિતિઓને ઉજાગર કરવા જેણે આ સંસ્થાકીય શિક્ષણ પ્રણાલીને જન્મ આપયો જે હવે ઉત્તર ભારતીય શાસ્ત્રીય સંગીતની ટકાઉતા માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. જ્યારે ધાર્મિક ઓળખ વસાહતી શાસન પહેલા વધુ પ્રવાહી હતી. આધુનિક ભારતીય રાષ્ટ્રનો ઉદય અને નવા રાજકીય ભદ્ર લોકોએ શાસ્ત્રીય સંગીતને ત્યજી દીધું જેમાં મુસ્લિમ ભૂતકાળવાળા ખ્યાલનો પણ સમાવેશ થાય છે. સરહદ પર પાકિસ્તાન દ્વારા પોતાના રાષ્ટ્રવાદી પ્રોજેક્ટમાં સંગીતની શૈલીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની કોશિશ કરવામાં આવી જે તેની ઈસ્લામિક ઓળખને ભારતથી જુદી રીતે મજબૂત બનાવશે કવ્વાલી એ ચહેરો બન્યો જેનો રેડિયો પાકિસ્તાન દ્વારા સક્રિય પ્રચાર કરવામાં આવે છે. તેથી ઘરાનાઓને ૨૦મી સદીની આધુનિક શોધ તરીકે જોવામાં આવે છે જે આંતર જોડાયેલ વંશાવલીની જટિલ જાળમાં છૂટક માળખાનું પ્રતિનિધિત્વ કરે છે જેણે આખરે ખ્યાલને કવ્વાલીથી અલગ કરી દીધી હતી. જેથી બે અલગ-અલગ રાષ્ટ્રીય ઓળખને એકીકૃત કરવામાં આવે. ખ્યાલ ભારત સાથે અને કવ્વલી પાકિસ્તાન સાથે.

પરંપરા સરહદોની પાર

સમૃદ્ધ કળા અને સંસ્કૃતિ ક્ષેત્ર એ દેશની સામાજિક-આર્થિક સુખાકારી માટેની એકમાત્ર વસિયત નથી પરંતુ તે એક જીવંત સાંસ્કૃતિક ઓળખનું સૂચક છે તે એક કે જે વિકસિત થવાની તૈયારીમાં છે અને પોતાના અનેક સર્જનાત્મક અર્થઘટન માટે ખુલ્લુ છે.

દુર્ભાગ્યવશ પાકિસ્તાનમાં દેશ હંમેશા આપણા ભારત ઈસ્લામિક સંગીત વંશને અડધો ભાગ ફેલાવવા માટે પ્રતિબદ્ધ રહ્યો છે જે ભારત અને તેની કહેવાતી હિન્દુ પરંપરાનો સીધો વિરોધ કરે છે.

ખ્યાલની સાચી ભાવના તેના ફેરફારિત પ્રભાવમાં રહેલી છે અને એક સંગીત શૈલી તરીકે તે સર્જનાત્મકતા અને સંગીતના જ્ઞાનના વિસ્તરણનું પ્રતિનિધિત્વ કરે છે. આ સંદર્ભે કવ્વાલીની જેમ જ ખ્યાલ ઉત્તર ભારતીય શાસ્ત્રીય સંગીતના અભિન્ન ઘટક તરીકે આ ક્ષેત્રની સાંસ્કૃતિક અવાજનો એક ભાગ રહ્યો છે.

પાકિસ્તાન સહિત સમગ્ર વિશ્વમાં જમણેરી કટ્ટરવાદના ઉદ્ભવ સાથે ખ્યાલની ફરી કલ્પના કરવાથી ધાર્મિક વિચારધારાઓ, રાષ્ટ્રવાદી જોડાણો અને કૃત્રિમ સરહદોથી આગળ આપણી ઓળખની સમજને વિસ્તૃત કરવાની તક મળે છે. આ માર્મિક વાત છે કે ઉસ્તાદ સામી જેવા આઈકોનો એ અનિવાર્યપણે વર્લ્ડ મ્યુઝિક એન્ડ ડાન્સ ફેસ્ટીવલ જેવા પ્લેટફોર્મ તરફ વળવું આવશ્યક છે જેની સંસ્કૃતિ અને સંગીતના તેમના બજારીકરણ માટે ઘણીવાર ટીકા કરવામાં આવે છે. આ ઉત્સવની સહ-સ્થાપના આદરણીય અંગ્રેજી સંગીતકાર/નિર્માતા પીટર ગેબ્રિયલ દ્વારા કરવામાં આવી છે. આ જ વ્યક્તિ નુસરત ફતેહઅલી ખાન, કવ્વાલી અને તેથી પાકિસ્તાનને વૈશ્વિક સાંસ્કૃતિક નકશા પર મૂકવા માટે જવાબદાર હતો. વાસ્તવિકતા એ છે કે આખરે આ કલાકારોને તેમના પોતાના સ્થાનિક પ્રેક્ષકોને સંભાળવવા પશ્ચિમ દ્વારા પેકેજ કરી દર્શાવવાની જરૂર છે. બીજી બાજુ આવા ઉત્સવની રજૂઆતો સાંસ્કૃતિક ઓળખ પર મુખ્ય પ્રવાહના વાર્તાલાપોને વિક્ષેપિત કરવામાં પણ સહાયક સાબિત થઈ શકે છે. કદાચ ઉસ્તાદ સામીની સદીઓથી ચાલી આવતી તેમની પરંપરાના જીવંત પ્રદર્શન દ્વારા જ ખ્યાલની ભૂલાઈ ગયેલ યાદોની ફરી કલ્પના કરાશે, જે ઉત્તર ભારતીય શાસ્ત્રીય સંગીતના વૈકલ્પિક કલાત્મક ઈતિહાસનું પ્રદર્શન કરશે : એક એ જે કવ્વાલ બચાય દ્વારા ઉદભવી છે અને ઈતિહાસના અણધાર્યા વળાંકને કારણે પાકિસ્તાનમાં રહી ગઈ છે.

(વજીહા અથર નકવી કરાચીમાં રહેતી એક ગાયક, સાંસ્કૃતિ વિકાસ વ્યવસાયી અને શિક્ષક છે. ન્યુયોર્ક યુનિ.ની સ્નાતક જેઓ એન્થ્રોપોલોજી ઓફ મ્યુઝિક પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ખાસ કરીને દક્ષિણ એશિયામાં તેઓ હાલમાં ઝાબિસ્ત એન્ડ ઈન્ડસ વેલી સ્કૂલ ઓફ આર્ટ એન્ડ આર્કિટેકચરમાં વિઝિટીંગ ફેકલ્પી છે.)(સૌ : ડોન.કોમ)

રાગમલા, ૧૮મી સદીનું લઘુચિત્ર જે જીવિત અને ભૂતકાળના ઉસ્તાદોની કાલ્પનિક મહેફિલ બતાવે છે. ટોચની પંક્તિમાં, ડાબેથી જમણે : તાનસેન, ફિરોઝખાન 'અદારંગ', નીમતખાન 'સદારંગ' (બીન બજાવી રહ્યા છે.) નીચેની પંક્તિમાં ડાબેથી જમણે : કરીમખાન (હૈદરાબાદના દરબારમાં ગયેલા અદારંગના શિષ્ય) અને કરીમખાનનો પુત્ર ખુશાલખાન અનુપ નિઝામના દરબારના એક જાણીતા સંગીતકાર.

ભારતીયો મોટાભાગે તેમના જીવનને મોટા પ્રમાણમાં અસ્થિર કરી શકે તેવા નિરંકુશ કૃત્યોને શા માટે વારંવાર ઉત્તેજન આપે છે ?

ચિંતન

- સંજય શ્રીવાસ્તવ

અમદાવાદમાં ભારતીય જનતા પાર્ટીના સમર્થકો નરેન્દ્ર મોદીના જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જો રદ કરવાના નિર્ણયની ઉજવણી કરે છે.

૨૧જકારણીઓ રોજિંદા જીવનના અનૌપચારિક માનવશાસ્ત્રીઓ-સામાજિક માન્યતાઓ અને વર્તણૂકોને ઈતિહાસકારો, રાજકીય વૈજ્ઞાનિકો અને જાહેર વિવેચકો કરતા વધુ સારી રીતે સમજે છે. આનું કારણ એ છે કે સફળ રાજકારણીઓ તરીકે તેમનું અસ્તિત્વ તેના પર નિર્ભર છે. અન્ય લોકો માટે, ત્યાં કોઈ ગંભીર વ્યક્તિગત અથવા વ્યાવસાયિક પરિણામો નથી. જો "લોકો" તેમની અપેક્ષાઓ પ્રમાણે જીવવામાં નિષ્ફળ જાય છે, તો તે ગૂંચવણ અને ઉદાસીનું કારણ બને છે. એવું માનવામાં આવે છે કે "લોકોને" ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે અથવા તેઓ તેમના પોતાના હિતોને સમજી શકતા નથી. માન્યતા અને વર્તન વચ્ચેના સંબંધ પર બંને લોકપ્રિય અને વિદ્વાન લખાણમાં બે નોંધપાત્ર અંતરાલ છે. પ્રથમ મંતવ્ય એ છે કે વર્તમાનના સંદર્ભમાં વ્યસ્ત રહેવાને બદલે ભૂતકાળના કેટલાક "મહાન ચિંતકો"ના વિચારો દ્વારા વર્તમાનને સંપૂર્ણ રીતે સમજી શકાય છે. બીજું એ છે કે સંદર્ભને ધ્યાનમાં લીધા વિના, કેટલીક ગાઢ માન્યતાઓ છે જે "લોકો"ને પ્રિય છે. એક ગંભીર સાંસ્કૃતિક અસલામતી સાથે સંબંધિત છે. "આપણી પાસે આપણા મહાન ચિંતકો પણ છે" અને બીજું રોજિંદા જીવનની મૂંઝવણ પર આશાનો વિજય. છેલ્લા કેટલાક અઠવાડિયામાં શ્રેણીબદ્ધ ઘટનાઓની નિરંકુશ પ્રકૃતિ હોવા છતાં, તેઓએ, જો બીજું કંઈ નહીં, તો આપણને લોકોના વિલાપની કલ્પના કરવાને બદલે, જીવનની વાસ્તવિક પરિસ્થિતિઓ વિશે વિચારવાની મંજૂરી આપવી જોઈએ. અન્યથા, આપણે કેવળ ભૂતકાળ વિશેની નિષ્ફળ વાતચીતનું તીવ્ર વેદનાવાળું જોખમ ચલાવીએ છીએ જે ક્યારેય થઈ નહોતી અને જે ભવિષ્યમાં થઈ શકતી નથી.

ઘટનાઓને અસ્થિર બનાવવી : છેલ્લા કેટલાક અઠવાડિયામાં, આપણે ટ્રિપલ તલાક બિલને કાયદો બનતા અને માહિતી અધિકાર કાયદામાં નિર્ણાયક સુધારા થતા જોયા છે અને પાંચ ઓગસ્ટના રોજ, શાસક વહીવટ પ્રજાસત્તાકના જીવનની સૌથી અસ્થિર ઘટના બની શકે તેવું બનાવવામાં સફળ રહ્યું, જે માત્ર રાજકીય ઉથલપાથલ તરફ જ નહીં પણ માનવ દ્રષ્ટિએ સંહાર તરફ દોરી જાય છે. શું આ રાજકીય પ્રક્રિયાઓ લોકશાહી તરીકે ઓળખાતી પ્રણાલી માટે પ્રતિકૂળ આગાહી છે કે જેમાં સલાહ-સૂચનો અને વાટાઘાટોથી લેવામાં આવતા પરિણામોનો સમાવેશ થાય છે ? ચોક્કસપણે, હા, સંસદીય બહુમતીવાદની રાજકીય ઉથલપાથલવાળી ઘટનાઓના પગલે, રાજકીય પક્ષોની ખૂબ વ્યાપક શ્રેણી, જે ભારતીય વસ્તીની સમાન વ્યાપક શ્રેણીનું પ્રતિનિધિત્વ કરે છે કાં તો સ્પષ્ટ સમર્થનમાં બહાર આવે છે, અથવા ટીકાથી દૂર રહે છે. દલિતો, લાધાકી બૌદ્ધ, ઉત્તર ભારતીય "સામાન્ય" લોકો, તેલુગુ અને તમિલ અને ઓડિયા-ભાષી વસ્તીનું પ્રતિનિધિત્વ કરવાના દાવા સાથે પક્ષો અને સંગઠનોએ કલમ ૩૭૦ના રદ કરવા માટેના સમર્થન અંગે સંદિગ્ધ નિવેદનો કર્યા છે અને ત્રિપલ તલાક બિલ અને માહિતી અધિકાર અધિનિયમ સુધારામાં, ભિન્ન મત ધરાવનારાઓની સંખ્યા એક હાથની આંગળીઓ પર ગણી શકાય છે. શાહી સૂકાય તે પહેલાં જ કોઈ અત્યાચારના સમાચાર આગળનાં પાનાં પરથી ઉડી ગયાં હતાં. હકીકતમાં, હવે તે અનુમાન કરવું મુશ્કેલ છે ક વસ્તીનો કયો વિભાગ ખરેખર આમાંના કોઈપણ ફેરફારનો વિરોધ કરે છે. આ બધામાં, એકમાત્ર વસ્તુ જે આશ્ચર્યજનક હોવી જોઈએ તે એ છે કે લોકપ્રિય અને અન્ય ટિપ્પણીઓ સતત આશ્ચર્ય પમાડે છે કે, ફરી એક વાર, "પ્રજા"એ આવા કૃત્યોને નૈતિક ટેકો આપ્યો છે અને, "ફરી એકવાર" ભારતીય આધુનિકતાના મુખ્ય વિચારકો (સામાન્ય રીતે આંબેડકર અને ગાંધી)ના વારસાને અનુસર્યા નથી. જુદા જુદા સમયે, વિવિધ "પ્રગતિશીલ" સાથીઓએ બહુમતીવાદને નિષ્ફળ બનાવવા સૂચન કર્યું છે. આમાં, દલિતો, મુસ્લિમો (અને દલિત-મુસ્લિમ જોડાણ), ખેડુત, મજૂર વર્ગ અને ભારતના ઉત્તર પૂર્વી અને દક્ષિણી ભાગોના રહેવાસીઓનો સમાવેશ થાય છે. તેમ છતાં, ઉપરોક્ત ત્રણ મુખ્ય વ્યાખ્યાયિત ઘટનાઓનો પ્રતિસાદ સૂચવે છે, તે આશાઓ અને શક્યતાઓના તરંગો છે અને જ્યારે બંધારણીય કાયદેસરતા (અને ગેરકાયદેસરતા) અને ભારતીય સંઘવાદની પ્રકૃતિના ખુલાસાઓ રસપ્રદ છે, શાસકની રાજય શાસનપદ્ધતિ શા માટે તેઓ કરી શકે તે કરવા માટે સક્ષમ છે તે તેઓ સમજાવતા નથી.

એક કાલ્પનિક કથા : આનું મુખ્ય કારણ "લોકો"ના વિચારનું વિશ્લેષણાત્મક કાલ્પનિક કથામાં છે. આ એક કાલ્પનિક કથા છે જેનો ઉપયોગ રાજય અને તે લોકો દ્વારા કરવામાં આવે છે જેઓ તેની બિનલોકશાહી વૃત્તિનો વિરોધ કરે છે. આપણા જેવા સમાજમાં, જ્યાં (ઐતિહાસિક કારણો માટે) જીવનના તમામ પાસાઓમાં રાજયની છાપ મોટા પ્રમાણમાં હોય છે, તે રાજયનું સંસ્કરણ છે જે સામાન્ય રીતે નિયંત્રણમાં છે.

આના, બદલામાં છે, કારણ કે ભારતમાં મોટાભાગના વિચારો જે "પ્રગતિશીલ" મૂલ્યો - માનવાધિકાર, લિંગ અને જાતીય સમાનતા, સ્વતંત્ર ભાષણનો અધિકાર, ધાર્મિક સ્વતંત્રતાના બંધારણીય મૂલ્યો સાથે સંબંધિત છે - તેઓ નથી જેમની પાસે અનુયાયીઓની નોંધપાત્ર સંખ્યા નથી. જો લોકો તેમનું સભ્યપદ લે છે, તો તે સંપૂર્ણપણે વ્યક્તિગત અથવા તે સમુદાય (ધાર્મિક, જાતિ વગેરે)ના નુકસાનને ધ્યાનમાં રાખીને છે જેની સાથે તેઓ સંબંધિત છે. તેઓ સામૂહિક, સામાજિક મૂલ્યો અને વલણ બનતા નથી જે વ્યક્તિગત સીમાઓ નક્કી કરે છે. તેથી, રાજ્યની સત્તાની અંદર રાષ્ટ્રના ભલા માટેના એક વિચારનો પ્રચાર કરવો તે છે. રાજ્ય ઉપરાંત, લોકો રાષ્ટ્રના હિતેચ્છુ તરીકે શું વિચારે છે તે સંપૂર્ણપણે તેમના જીવનના વિશિષ્ટ સંદર્ભો પર આધારિત છે. દલિત-મુસ્લિમ એકતા મોટે ભાગે ઈચ્છુક વિચારસરણી છે. ઉદાહરણ તરીકે, આંબેડકરની ધ એન્નીહિલેશન ઓફ કાસ્ટ (જાતિનો જડમૂળથી નાશ કરવો) જુઓ અને કામદાર સંગઠનો અને દક્ષિણ ભારતીય રાજકીય પક્ષોએ તેમની પોતાની પરિસ્થિતિની વિશિષ્ટતાઓનું ધ્યાન રાખવું જોઈએ. ત્યાં રાષ્ટ્રીય પાત્ર – દલીલબાજ, અધિકારની પૂછપરછ, સંલગ્ન રીતે સહિષ્ણુ, બિન-બહુપક્ષીય આપ્યું નથી - જેની અપીલ કરી શકાય છે. ઓછામાં ઓછું, તે જરાપણ સ્પષ્ટ રીતે સ્પષ્ટ નથી. ત્યાં કોઈ સીધો ગાંધીવાદી અથવા આંબેડકરવાદનો વારસો (અને વિચાર) નથી જે વર્તમાનની સમસ્યાઓનો જવાબ આપી શકે. તેના માટે બંધારણીય રીતે ફરજિયાત નાગરિકો અને વિચારોને બદલે ખરેખર વર્તમાન લોકો અને તેમની માન્યતાના-સંદર્ભમાં સમજ હોવી જરૂરી છે. પ્રગતિશીલ રાજકારણનું વાસ્તવિક કાર્ય અહીં જ હોય છે.

(સંજય શ્રીવાસ્તવ એક સમાજશાસ્ત્રી છે. તેમના પુસ્તકોમાં એન્ટેંગલ્ડઅર્બનિઝમઃ સ્લમ, ગેટેડ કમ્યુનિટિ અને દિલ્હી અને ગુરગાંવમાં શોપિંગ મોલ સામેલ છે.) **(સૌ. : સ્ક્રોલ.ઈન)**

જીવનના તમામ પાસાઓમાં રાજ્યની છાપ મોટા પ્રમાણમાં છે, આથી રાજ્યનો રાષ્ટ્રીય કલ્યાણનો વિચાર ઘણી વાર વર્ચસ્વ ધરાવે છે.

૫, ઓગસ્ટે ભારત સરકારે જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો પાછો ખેંચ્યા પછી અલ્હાબાદમાં ભારતીય જનતા પાર્ટીના સમર્થકો ઉજવણી કરે છે.

વિવાદાસ્પદ અને બહુચર્ચિત NRC (નાગરિકતા માટેની રાષ્ટ્રીય નોંધણી) વિશેની વાસ્તવિકતા, તથ્યો અને વિરોધાભાસ

NRC (નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન્સ) ''ખુદને ભારતીય સાબિત કરવાનો સંઘર્ષ''

ભાગ - ૨

નાગરિકતા માટેની રાષ્ટ્રીય નોંધણી ખરેખર શું છે ?

એનઆરસી અથવા નાગરિકતા માટેની રાષ્ટ્રીય નોંધણી એ આસામમાં ભારતીય કોણ છે તેના માટે કરવામાં આવતી એક નોંધણી છે. આ રજિસ્ટર એ આસામમાં રહેતા ભારતીય નાગરિકોની સૂચિ બનવાનો છે. આ સમજૂતી મુજબ, ૨૪ માર્ચ, ૧૯૭૧ પછી જે લોકો આસામમાં આવ્યા છે તે લોકો ભારતીય નથી. તેથી એનઆરસી એ ૧૯૭૧ સુધી આસામમાં આવેલા લોકો અને તેમના વંશજો અને આ લોકોની એકદમ સંકલિત સૂચિ હોવાનું માનવામાં આવે છે.

૨૪ માર્ચ, ૧૯૭૧ ની મધ્યરાત્રિ પહેલા જારી કરવામાં આવેલી સૂચિ માંના કોઈપણ દસ્તાવેજોમાંથી કોઈપણ એક છે જેમાં સ્વ અથવા પૂર્વજોનું નામ હોય છે (આસામમાં નિવાસ સાબિત કરવા ૨૪ માર્ચ, ૧૯૭૧ ના મધ્યરાત્રિ સુધી).

(૧) ૧૯૫૧ એનઆરસી (૨) ૨૪ માર્ચના રોજ (મધ્યરાત્રિ) સુધી મતદાર પત્ર (ઓ) (૩) જમીન અને ટેનન્સી રેકોર્ડ્સ (૪) નાગરિકતા પ્રમાણપત્ર (૫) કાયમી નિવાસી પ્રમાણપત્ર (૬) રેફ્યુજી રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર (૭) પાસપોર્ટ (૮) એલઆઈસી (૯) કોઈપણ સરકાર દ્વારા જારી કરાયેલ લાઇસન્સ/પ્રમાણપત્ર (૧૦) સરકારી સેવા/રોજગાર પ્રમાણપત્ર (૧૧) બેંક/પોસ્ટ ઓફિસ એકાઉન્ટ્સ (૧૨) જન્મ પ્રમાણપત્ર (૧૩) બોર્ડ/યુનિવર્સિટી શૈક્ષણિક પ્રમાણપત્ર (૧૪) કોર્ટ રેકોર્ડ/પ્રક્રિયાઓ.

NRC ના વિરોધ પ્રોગ્રામમાં સામેલ અન્ય પત્રકારો અને માનવ અધિકાર કાર્યકરો

હર્ષ મંદર, આસામ અને NRC

આસામની અટકાયત શિબિરો વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી

માનવાધિકાર કાર્યકર હર્ષ મંદરે આસામની અટકાયત શિબિરોની ઘૃણાસ્પદ પરિસ્થિતિઓ વિશે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે. આ શિબિરો એવી છે જ્યાં વિદેશી ટ્રિબ્યુનલ્સ દ્વારા વિદેશી જાહેર કરાયેલા લોકોને દેશનિકાલ કરવા માટે રાખવામા આવે છે. હાલમાં ધિબ્રુગઢ, જોરહટ, ગોલપરા, સિલચર, તેજપુર અને કોકરાઝારમાં સ્થાનિક જેલોમાં કામચલાઉ સુવિધાઓથી વંચિત છ અટકાયત શિબિરો કાર્યરત છે. સીજેપી એ અસમની અટકાયત શિબિરને લગતી ઘણી ભયાનક કથાઓ શોધી કાઢી છે. ઓક્ટોબર ૨૦૧૮ માં તેજપુર અટકાયત શિબિરમાં અજાણ્યા સંજોગોમાં મરી ગયેલા ૬૧ વર્ષના અલી હોય કે પછી આ અગાઉ મે, ૨૦૧૮ માં ગોલપરામાં રહસ્યમય સંજોગોમાં સુબ્રત દેવનું મોત નીપજયું હતું એ કેસ હોય. એનઆરસી ડ્રાફ્ટમાંથી ચાર મિલિયનથી વધુ લોકોની બાદબાકી કરવામાં આવી છે, તેમાંના મોટા ભાગના સામાજિક-આર્થિક પછાત સમુદાયોના લોકો છે. ગુજરાતમાં કાયદાકીય સહાય પૂરી પાડવાના અગાઉના અનુભવને ધ્યાનમાં રાખીને હવે સીજેપી એ વકીલોની બહુપક્ષી ટીમ સાથે અહી આસામ માં લોકોને મદદ કરવા માટે અભિયાન હાથ ધરશે અને તેના સ્વયંસેવકોએ સુનિશ્ચિત કરવા માટે પ્રયાસ કરશે કે સૌથી ખરાબ અસરગ્રસ્ત ૧૮ જિલ્લાઓમાંથી દાવાઓ દાખલ કરતી વખતે આવા લોકોને કાયદાકીય રીતે યોગ્ય તક મળે.

NHRC (રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશન) ને આપવામાં આવેલ રિપોર્ટ

હર્ષ મંદર, જે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના પૂર્વ વિશેષ મોનિટર છે, તેઓ જાન્યુઆરી, ૨૦૧૮ માં ગોલપરા અને કોકરાઝાર અટકાયત શિબિરોની મુલાકાતે ગયા હતા. અહીં હર્ષ મંદર દ્વારા કરવામાં આવેલી તપાસના આધારે એનએચઆરસીના તારણો અંગેનો અહેવાલ આપવામાં આવ્યો છે.

સ્કોલ.ઈન માટે હર્ષ મંદર લખે છે કે.....

''અટકાયત શિબિરમાં મેં જે જોયું અને જે સાંભળ્યું તેનાથી હું ગભરાઈ ગયો હતો. મેં એક વિગતવાર અહેવાલ પર મારા સંશોધનકારો સાથે કામ કર્યું હતું, જેમાં અટકાયતીઓ વિરુદ્ધ અતિશય ક્રૂરતા સાથે વર્તન કરવામાં આવતું હતું અને માનવ અધિકાર, અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું વ્યાપક ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. જેથી અમે આ પરિસ્થિતિમાં તાત્કાલિક સુધારણા કરવામાં આવે એવી માંગણી કરી છે. તેમ છતાં, રાષ્ટ્રીય માનવાધિકાર પંચને તેની વારંવાર યાદ અપાવવા છતાં, મને મારા અહેવાલ પર કમિશન કે રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતી કાર્યવાહી વિશે કોઈ વાતચીત કરવામાં આવી નથી. હવે, નાગરિકતા માટેની રાષ્ટ્રીય નોંધણી પ્રક્રિયા સમાપ્ત થયા પછી સંભવત લાખો લોકોને વિદેશી ગણવામાં કે માનવામાં આવશે તેવી સંભાવના સાથે, મને લાગ્યું કે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના વિશેષ મોનિટરના પદ પરથી મારે રાજીનામું આપીને મારા ભયાનક અનુભવો મારે શેર કરવાનો એકમાત્ર ઉપાય છે. અને તે બધા અહેવાલો મારે સાર્વજનિક ડોમેન પર શેર કરવા જોઈએ.''

હર્ષ મંદર સાથે સીજેપી ના મુખ્ય તિસ્તા સેતલવાડ

આસામના અટકાયત કેન્દ્રોમાં ભયાનક સ્થિતિ

અટકાયત કેન્દ્રો પરની સ્થિતિ વિશે જણાવતાં હર્ષમંદરે જણાવ્યું હતું કે,

અંદરની પરિસ્થિતિઓ જોતાં અમે ખૂબ જ હતાશામાં છીએ અને અહી રહેતા લોકોમાં પણ ખૂબ જ ઉચ્ચ સ્તરે હતાશા જોવા મળી હતી. તેઓ (અટકાયતીઓ) સમજી શક્તા નથી કે તેમની સાથે શું થઈ રહ્યું છે. તેમને પોતાના ભવિષ્યનો કોઈ ખ્યાલ નહોતો. તેમના માટે કોઈ કાનૂની સહાયતા અને સમસ્યા નિવારણ માટે કોઈ કાનૂની દરક્કો અને આશ્રય આપવામાં આવ્યો નહોતો. આ અટકાયત કેન્દ્રોને બદલે જેલ જેવું લાગતું હતું. આ લોકોના કેવા અને કયા અધિકાર છે તેના વિશે કોઈ કાયદાકીય નિયમો નથી. તેઓને સામાન્ય કેદીઓના હક પણ તેમને પસંદગીયુક્ત રીતે આપવામાં આવતા નથી. જો તેમાંથી કોઈપણના પરિવારમાં કોઈ મૃત્યુ થાય છે, તો તેઓને વિદેશી માનવામાં આવતા હોવાથી તેઓને જવા દેવામાં આવતા નથી, કારણ કે તેમને પેરોલની મંજૂરી નથી. સ્ત્રીઓ માટે અહી હાલત સૌથી વધુ ખરાબ છે. અહી અટકાયતમાં રાખવામા આવેલી મહિલાઓ રડતી હતી, જાણે કોઈ નિકટના સંબંધીની સામુહિક અંતિમ સંસ્કારની પરિસ્થિતિ હોય, તેઓ માત્ર એક જ વાત કરે છે કે અમને અહીથી બહાર કાઢો. તેઓના કુટુંબો છૂટાછવાયા કે અન્ય અટકાયત કેન્દ્રોમાં છે; તેમના માણસો બીજા કેન્દ્રોમાં છે અને બાળકો પણ દૂર છે. અને તેમની વચ્ચે વાતચીત કરવાની કોઈ સત્તાવાર પરવાનગી નથી, 'એમ તેમણે ઉમેર્યું હતું.

અનિશ્ચિત અટકાયત

હર્ષ મંદરે કહ્યું હતું કે મોટાભાગના અટકાયતીઓ બંગાળી ભાષી મુસ્લિમ અને હિન્દુઓ બંને છે. મંદરે કહ્યું હતું કે, 'સૌથી મહત્ત્વની વાત એ છે કે તેઓને અનિશ્ચિત અટકાયતમાં રાખવામા આવ્યા છે. જો કે આંતરરાષ્ટ્રીય કાયદો એવું કહે છે કે કોઈપણ વ્યક્તિને અટકાયતમાં રાખવાનો મહત્તમ સમયગાળો ૯૦ દિવસનો છે. ખૂબ જ આત્યંતિક કેસમાં બીજા ત્રણ મહિના વધારી શકાય છે પણ અહીં તો આ લોકોને અનિશ્ચિત અટકાયત હેઠળ રાખવામા આવ્યા છે.

તેઓ કોઈ પણ રીતે ગુનેગારો નથી. જો તેઓ રાજયની નાગરિકત્વ માટે લડી રહ્યા હોય તો તેના માટે કાયદાની યોગ્ય પ્રક્રિયા દ્વારા તેઓ વિદેશી સ્થાપિત થવા જોઈએ અને આ માટે આપણા બંધારણ, માનવતા અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરવું જોઈએ. તેમણે એવી દલીલ કરી હતી કે બંધારણની કલમ માત્ર ભારતીય નાગરિક સુધી જ મર્યાદિત નથી અને સરકાર કોઈ પણ વ્યક્તિનો સ્વતંત્રતાનો હક છીનવી શકે નહીં, પછી ભલે સરકાર તેઓને મનસ્વી રીતે વિદેશી પણ જાહેર કરે.

એમ્નેસ્ટી ઈન્ડિયાના અમન વદુદે કહ્યું હતું કે, 'આવા લોકો માટે કોઈ પણ તપાસ હાથ ધરવામાં આવી હોય એવું મને ભાગ્યે જ ધ્યાનમાં આવ્યું છે. કોઈ વ્યક્તિને ત્યારે જ દેશનિકાલ કરી શકાય છે જો યજમાન દેશ તેની પુષ્ટિ કરે કે હા આ વ્યક્તિ અમારી નાગરિક છે. હવે આ તમામ અટકાયતી જેમની પાસે તેમના દસ્તાવેજો નથી તેઓને બાંગ્લાદેશ ક્યારેય પોતાના નાગરિક તરીકે સ્વીકારશે નહીં.

'ગેરકાયદેસર નાગરિકો શોધવા માટે પોલીસ સ્ટેશનોને લક્ષ્યાંક આપવામાં આવ્યો છે'

એમ્નેસ્ટી ઈન્ડિયાના એડ્વોકેટ અમન વદુદે કહ્યું હતું કે, સંશોધન દરમિયાન આઈપીએસ રેન્કના એક સરકારી અધિકારીએ રેકોર્ડ પર જણાવ્યું હતું કે તમામ પોલીસ સ્ટેશનોને લક્ષ્ય આપવામાં આવ્યું છે કે તેઓ ચોક્કસ સંખ્યામાં આવા કેસ ટ્રિબ્યુનલને મોકલશે. તેથી, તેઓ ભારતીયોને ગેરકાયદેસર જાહેર કરીને આવું કરી રહ્યા છે.'' તેમણે જણાવ્યું હતું કે જે કેસોમાં નોટિસ ફટકારવામાં આવી હતી, તેમાં મોટેભાગે લોકો નિરક્ષર હતા કે જેની પ્રતિક્રિયાઓ તેઓ સમજી શક્યા ન હતા, જયારે મોટાભાગના લોકોને મતદારોની સૂચિમાં તેમની વિગતોમાં અમુક કારકુની સ્તરની સમસ્યાઓ છે, અને માટે તેઓને ડી-મતદારોની સૂચિ સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે.

પોતાના નિરીક્ષણોને ધ્યાનમ લેતા લેઆ વર્ગીઝે જણાવ્યું હતું કે, ''વિદેશી ટ્રિબ્યુનલ્સ જે રીતે કાર્યરત છે, એ એક શંકાનો વિષય છે અને જે વ્યક્તિને વિદેશી જાહેર કરવામાં આવે તો તેના માટે અટકાયત કેન્દ્રો એ એક ડિફોલ્ટ વિકલ્પ બની ગયો છે. આ કાયદાના અધિકારીઓ વિદેશી કાયદા દ્વારા પૂરા પાડવામાં આવતા અટકાયતના બિન-કસ્ટોડિયલ વિકલ્પોને ધ્યાનમાં લેવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે. ફોરેન ટ્રિબ્યુનલ્સ અને હાઈકોર્ટના આદેશોમાં, તેઓ અટકાયતને જો ડિફોલ્ટ વિકલ્પ તરીકે માનતા હોય તો તેઓએ તેનો છેલ્લો આશરો લેવો જોઈએ. ૨૦૧૫ માં લોકોને આસામમાં વિદેશી જાહેર કરવા માટે એક પ્રકારનો ધસારો થયો હતો. હવે અહી ૧૦૦ વિદેશી ટ્રિબ્યુનલ્સ છે અને તેમના પર દબાણ છે કે તેઓ વધુ સંખ્યામાં લોકોને વિદેશી જાહેર કરવા માટે અહેવાલો રજૂ કરે. ૨૦૧૭ માં દર મહિને સરેરાશ ૧૨૨૧ લોકોને વિદેશી જાહેર કરવામાં આવ્યા હતા, તેમ તેમણે દાવો કર્યો હતો.(ક્રમશઃ)

અબૂલ હસન અલ-મવરદી (૯૭૨-૧૦૫૮) ન્યાયશાસ્ત્રી

અબૂલ હસનઅલી ઈબ્ને મુહમ્મદ ઈબ્ને હબીબ અલ-મવરદી પશ્ચિમમાં Alboacen તરીકે ઓળખાય છે. તેઓ એક પ્રખર રાજકીય ચિંતક હતા. એક મહાન સમાજશાસ્ત્રી, ન્યાયવિદ અને મોહદીસ (હદીસના જાણકાર) પણ હતા. તેમણે બગદાદમાં મુખ્ય ન્યાયાધીશનો હોદ્દો સંભાળ્યો હતો તથા અબ્બાસી ખલીફાના એલચી તરીકે પણ ફરજ બજાવી હતી. તેઓ ન્યાયશાસ્ત્રમાં લખેલ ગ્રંથ 'અલ-હાવી' માટે વિશ્વ પ્રસિદ્ધ છે.

અલ-મવરદી ઈ.સ.૯૭૨માં બસરા, ઈરાકમાં જન્મ્યા હતા. ફિકહ(ઈસ્લામી ન્યાયશાસ્ત્રી)નું પ્રાથમિક શિક્ષણ પ્રસિદ્ધ ન્યાયાધીશ અબૂલ વાહિદ અલ-સીમરી પાસેથી મેળવ્યું હતું. ઉચ્ચ અભ્યાસ માટે તેઓ બગદાદ જઈ શેખ અબ્દુલ હમીદ અલ-બાકી જેવા ઉસ્તાદો પાસેથી શિક્ષણ મેળવ્યું. તેઓ ખૂબ જ હોંશિયાર વિદ્યાર્થી હતા અને નૈતિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર તથા સાહિત્યમાં નિપૂણતા મેળવી લીધી હતી. એમણે પોતાની કારકિર્દી કાઝી (ન્યાયાધીશ) તરીકે શરૂ કરી હતી. પોતાની કુશળ કાર્યશૈલીને કારણે તેઓ ખૂબ જ ઓછા સમયમાં પ્રગતિ સાધી બગદાદમાં અબ્બાસી ખલીફા અલ-કાસિમ બિન-અમ્રલ્લાહના દરબારમાં મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમાયા. ખલીફાએ બુવાહિદ અને સેલ્જુક સુલતાનો પાસે પોતાના એલચી તરીકે અલ-મવરદીને મોકલ્યા. બુવાહિદે બગદાદ ઉપર કબજો જમાવી લીધો છતાંય અલ-મવરદીને ખૂબ માનપાન આપવામાં આવતું હતું.

વારસો

- સઈદ શેખ

અલ-મવરદીએ રાજયશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વિષયોમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. આ વિષયોમાં તેમણે 'કિતાબ અલ-અહકામ અલ-સુલતાનિયા', કાનૂરી અલ-વજારહ' અને કિતાબ નસીહત અલ-મુલ્ક' જેવા પુસ્તકોની રચના કરી. અલ-મવરદીએ રાજયશાસ્ત્રના નિયમો રચ્યા. તેમના પુસ્તકોમાં ખલીફા, મુખ્યપ્રધાન, સાંસદ વગેરેની ફરજો તથા સરકાર અને નાગરિકો વચ્ચે ફરજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. યુદ્ધ અને શાંતિ બંને પરિસ્થિતિઓમાં રાજયોના કાર્યો તથા જવાબદારીઓની ચર્ચા વિચારણા કરી છે. અલ-મવરદીએ ખલીફાની પસંદગી મતદારોની લાક્ષણિકતાઓ, ચરિત્રની પવિત્રતા અને બુદ્ધિની ક્ષમતા વિશેના સૂચનો લંબાણપૂર્વક ચર્ચ્યા છે. તેઓ 'Doctrine of necessity' 'જરૂરિયાતનો સિદ્ધાંત'ના હિમાયતી હતા. તેઓ પ્રાદેશિક ગવર્નરોને અપાતી અમર્યાદા સત્તાના વિરોધી હતા. એમના પુસ્તકો 'અલ-અહકામ સુલતાનિયા' અને 'કાનૂન અલ-વજારહ'ના ઘણી ભાષાઓમાં અનુવાદ થયા છે. નૈતિકશાસ્ત્રમાં માસ્ટરપીસ તરીકે ગણાતું 'કિતાબ આદાબ અલ-દુનિયા વલ દીન' નામક ગ્રંથની રચના અલ-મવરદીએ કરી. કેટલાક મુસ્લિમ રાષ્ટ્રોમાં આજે પણ આ ગ્રંથ ખૂબ લોકપ્રિય છે. અલ-મવરદીએ સામાજિક વિજ્ઞાન ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપ્યું જેને પાછળથી ઈબ્ને ખલ્દૂને વિકસિત કર્યું.

નાગરિકો સાથે નિષ્પક્ષ વ્યવહાર અને બંધારણની અનુરૂપતા

ભાગ - 3

(પુસ્તક : 'ફ્લો ઓફ થોટ્સ' માથી સાભાર)

૨૦ ઓગસ્ટ, ૨૦૦૬ ના રોજ નવી દિલ્હી ખાતે રાજીવ ગાંધી સદભાવના એવોર્ડ - ૨૦૦૬ પ્રસંગે જસ્ટિસ અહમદી દ્વારા આપવામાં આવેલ વકતવ્ય

માનવાધિકારની આ વિભાવના સાથે આંતરરાષ્ટ્રીય સમુદાયે યુનાઈટેડ નેશન્સ દ્વારા હ્યુમન રાઈટ્સની સાર્વત્રિક ઘોષણાના રૂપમાં આપવામાં આવી હતી, જે પાછળથી ૧૯૬૬ નાગરિક અને રાજકીય અધિકાર અને આંતરરાષ્ટ્રીય કરાર દ્વારા મજબૂત બનાવવામાં આવી હતી. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરના આ કરાર અને આ ત્રણેય આંતરરાષ્ટ્રીય દસ્તાવેજો હવે માનવાધિકાર અધિનિયમ, ૧૯૯૩ માં 'માનવાધિકાર' ની વ્યાખ્યામાં આપણા ઘરેલું કાયદાનું એક ભાગ છે.

આપણા બંધારણ હેઠળ બંધારણમાં જાહેર કરાયેલ લોકોની ઈચ્છા એ મૂળભૂત કાયદો છે અને વિધાનસભાની ઈચ્છા એ સામાન્ય કાયદો છે જે બંધારણને અનુરૂપ હોવો જોઈએ અને તે બંધારણથી વિપરીત ન હોવો જોઈએ. તેથી, બંધારણીયતા અનુસાર કાયદાઓ અને સરકારી ક્રિયાઓની ચકાસણી કરવા અને બંધારણ સાથે અસંગત એવા કાયદાઓ અને કાર્યોને દૂર કરવા માટે કોર્ટ ઉપર ફરજ લાદવામાં આવે છે. બંધારણની પ્રસ્તાવના, ૧૯૭૬ માં ૪૨ મા સુધારા દ્વારા, ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી પ્રજાસત્તાક જાહેર કરવામાં આવેલ છે અને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વનું વચન આપવામાં આવ્યું છે. હું અહી સમાજવાદ અને ધર્મનિરપેક્ષતાના બે આદર્શો પર ધ્યાન આકર્ષિત કરવા માંગુ છું, આર્થિક ઉદારીકરણની વાત છે ત્યાં સુધી તે સમાજવાદી તરીકે વર્ણવવામાં આવેલ આધારે તે હજી પણ નિયંત્રિત અર્થતંત્ર હતું. વૈશ્વિકરણ અને ઉદારીકરણના વલણને પરિણામે મુક્ત બજારના અર્થતંત્ર માટે વિશ્વમાં જોર પકડતું હોવાથી, ભારતને લાગ્યું કે તે હવે તેમાથી બાકાત રહી શકશે નહીં અને ૧૯૯૧ માં તેણે રાજયના નિયમનથી, એક અલગ શરૂઆત સાથે મુક્ત બજાર અર્થતંત્રની નીતિ શરૂ કરી. જે નવી આર્થિક નીતિની શરૂઆત હતી. આ શરૂઆતને ઘણા લોકો પશ્ચિમી, મૂડીવાદી મોડેલ તરીકે જોતા હતા, તેઓ વિચારતા હતા કે આ નીતિ ગરીબોના હિતને નુકસાન થશે.

તાજેતરના અમુક વિકાસને કારણે રાજકીયતાના અમુક ભાગોમાં નોંધપાત્ર ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે. અંતમાં, એવું જોવા મળે છે કે અમુક જૂથો શહેરી વિસ્તારોની આસપાસના ખેતીલાયક જમીનોમાં આવાસના વિકાસના બહાને કામ કરી રહ્યા છે, જેના કારણે અછત અને પરિણામે ભાવ વધારો થયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સ્થાવર મિલકતના ભાવમાં ઘણી વખત વધારો થયો છે. બેંકોએ પણ હોમ-લોન પરના વ્યાજ દરમાં વધારો કર્યો છે. મધ્યમ વર્ગ અને ઉચ્ચતર મધ્યમ વર્ગના લોકોને પણ તેમના પોતાના રહેઠાણ ખરીદી કરી શકતા નથી. આ અર્બન લેન્ડ સીલિંગ કાયદાની યાદ અપાવે છે. ગરીબી મુદ્દે અમલીકરણ કરવાના મોરચે, આપણે ઘણું કરવાનું બાકી છે. તાજેતરમાં રજૂ કરવામાં આવેલ ગ્રામીણ રોજગાર યોજનાની સફળતાને આપણે સુનિશ્ચિત કરવી પડશે. ધર્મનિરપેક્ષતાના બીજા આદર્શની વાત કરીએ તો બંધારણના આર્ટિકલ ૧૪, એ કાયદા સમક્ષ 'સમાનતા' અને દરેક વ્યક્તિ માટે કાયદાઓનું 'સમાન' રક્ષણ આપવાનું વચન આપે છે. ભારત તેના સામાજિક બહુવચનવાદના સાપેક્ષમાં તેની વિવિધતાને કારણે વિશ્વમાં એક અનોખું સ્થાન ધરાવે છે. તેથી જ ભારતીય રાજનીતિનું વિવરણ વિવિધરૂપે કરવામાં આવ્યું છે, કેટલાક લોકોએ તેને એક ઇન્દ્રધનુષ, કેટલાક લોકો તેને વિવિધતામાં એકતાને દર્શાવતી સુંદર રચનામાં ગૂંથેલ રંગીન લાક્ષણિકતા તરીકે ગણાવે છે. સાંસ્કૃતિક બહુવચનવાદ એ આધુનિક સંસ્કારી સમાજની સર્વવ્યાપક લાક્ષણિકતા છે અને વંશીય ઓળખ વૈશ્વિકરણના દબાણમાં એક સામાન્ય પ્રતિક્રિયા માનવામાં આવે છે. કોઈ સંસ્કૃતિ એ કોઈ પણ દેશ અથવા રાજ્ય માટે નક્કી કરેલ ઓળખ નથી; કોઈપણ સંસ્કૃતિ તે અન્ય સંસ્કૃતિઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી શકે છે. સંસ્કૃતિઓ કદાચ સમાન ન હોવાને કારણે તમામ જ્ઞાતિના લોકોને શાંતિથી રહેવા અને સુમેળ સાથે રહેવા માટે મુશ્કેલી પડી શકે છે પરંતુ તેની જરૂરિયાત પર વધુ ભાર આપી શકાય. તેથી જ દરેક દેશના આધુનિક બંધારણમાં ખાસ કરીને લઘુમતીના અધિકારોની જોગવાઈ કરવામાં આવે છે, કારણ કે એવી સર્વવ્યાપી માન્યતા છે કે સંભવિત રીતે દેશમાં લઘુમતીઓને દમનથી બચાવવાની જરૂર છે. આપણે કેટલાક રાજયોમાં તે બનતું જોયું છે જયાં લઘુમતીઓ, ખ્રિસ્તીઓ અને મુસ્લિમોને નિશાન બનાવવામાં આવે છે, આવા આત્યંતિક પગલાં ભરતા લોકોને એ ભાન હોતું નથી કે તેઓ રાષ્ટ્રના સંયુક્ત વારસાનો અભિન્ન ભાગ છે.

લવાદ

- જસ્ટિસ અહેમદી

(પૂર્વ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા)

તેથી જ નાગરિક અને રાજકીય અધિકાર પર આંતરરાષ્ટ્રીય કરાર (૧૯૬૬), ની કલમ ૨૭ માં લખવામાં આવ્યું છે કેઃ જે રાજયોમાં વંશીય, ધાર્મિક અથવા ભાષીય લઘુમતીઓ અસ્તિત્વમાં છે, તેવા રાજયોમાં આવી લઘુમતીઓના અધિકારોને નકારી શકાય નહીં, આ સમુદાયમાં તેમના જૂથના અન્ય સભ્યો, તેમની પોતાની સંસ્કૃતિનો આનંદ માણી શકે છે, પોતાના ધર્મોનું પાલન કરી શકે છે અથવા તો તેમની પોતાની ભાષાનો ઉપયોગ કરવા માટે સ્વતંત્ર છે તેની ખાતરી કરવી જરૂરી બની જાય છે.

હકારાત્મક વિચારધારા અને લઘુમતીઓ સાથે રાખવામા આવતા ભેદભાવ એ બંને મૂંઝવણમાં મૂકે એવા મુદ્દાઓ છે. સત્તાવાર અહેવાલો અને સર્વેક્ષણો જોઈએ તો, જેમ કે ગોપાલસિંહ લઘુમતી પેનલ રિપોર્ટ, પ્લાનિંગ કમિશન સર્વે, રાષ્ટ્રીય નમૂના સર્વેના ૪૩ મા અને ૫૫ મા રાઉન્ડના અહેવાલો અને લઘુમતી રાષ્ટ્રીય લઘુમતી પંચના અહેવાલો, તેમજ મુસ્લિમ સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસ અને સર્વેક્ષણો દ્વારા આપણે એ જાણી શકીએ છીએ કે ભારતમાં લઘુમતીઓ પર દમન કરવામાં આવે છે. શ્રી શૈલેષ ડોભાય દ્વારા ૧૪.૦૬ઃ ૨૦૦૬ ના ઈકોનોમિક ટાઈમ્સના તેમના લેખમાં અને ઈન્ડિયા ટુડે ('ઓગસ્ટ ૧૪, ૨૦૦૬ ના એક આર્ટીકલમાં' આઘાતજનક અને નિરાશાજનક ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે અને આ લેખમાં દેશભરના મુસ્લિમોની આર્થિક અને શૈક્ષણિક પછાતતા વિશે માહિતી આપવામાં આવી છે.

પત્ની જેલમાં, પિતા દેવાના બોજા હેઠળ : આસામમાં NRCમાં બાળકો બહાર

શાળા છોડીને મજૂરો તરીકે કામ કર્યા બાદ મજૂર પુરુષો અને મહિલાઓના બાળકો અટકાયત કેમ્પમાં છે અને તેમની પાસે બાળપણ માટે જરા પણ સમય નથી

પયાશ્રીદાસગુપ્તા/હફપોસ્ટ ઈન્ડિયાઃ આલેખાના માબાપ અને તેના પતિ ઉસ્માનના કુટુંબ પાસે પોતે ભારતીય છે તે સાબિત કરવા પૂરતા દસ્તાવેજ છે, જેનો અર્થ એમ થાય કે તેનું નામ તાત્કાલિક કિલયર થવું જોઈએ, પરંતુ વકીલે તારીખ ન કહી હોવાના લીધે તે એક સુનાવણી ચૂકી ગઈ હતી

ખેરોની ગામના રહેવાસીઓ- દરેક કુટુંબનો એક વ્યક્તિ અટકાયત કેમ્પમાં છે

પતિને ફોરિનર્સ ટ્રિબ્યુનલની નોટિસ મળ્યા પછી અમીનાએ કૃષિ જમીન પર કામ કરવાનું શરૂ કર્યું છે અને તે પડોશના ગામના લોકોના ઘરોમાં કામ કરે છે, વાસણો સાફ કરે છે. તેને આશ્ચર્ય છે કે તે તેની પુત્રી તસલીમના શિક્ષણના નાણા કેવી રીતે ચૂકવશે

દારંગ, આસામ : ઈદના બે દિવસ પહેલા આલેખા ખાતુને સ્મિત કર્યુ અને તેના નાના બાળકોને આવજો કહ્યુ, તેઓ તેઝપુર જેલમાં જઈ રહ્યા હતા. તે તેની સૌથી મોટી પુત્રી તસલીમાં તરફ વળી અને જણાવ્યું કે તે હવે કદાચ ક્યારેય પરત નહી આવી શકે. આલેખાએ ૧૨ વર્ષની પુત્રીને જણાવ્યું હતું કે આપણી પાસે નાણા છે જ નહી. આપણે જાણતા નથી કે આપણે બાળકોને શાળાએ મોકલવાનું કેવી રીતે જારી રાખીશું, આપણે આ કેસ વધુ લડી શકીએ તેમ નથી. આલેખાને જ્યારે બે વર્ષ પહેલા તેઝપુર જેલના અટકાયત કેમ્પમાં મોકલવામાં આવી તેના પછી તસલીમાં તેની માતાને આશા સાથે બે વખત મળી આવે છે. તેના નવા વકીલ પાસેથી તેણે વાત સાંભળી હતી જેમા તેના મિત્રો અને કુટુંબીજનોએ જણાવ્યું હતું કે તેમની પાસેના દસ્તાવેજો તેમની નિર્દોષતા સાબિત કરે છે. તેના પિતાને કોર્ટના અધિકારીએ વચન આપ્યું હતું કે તેઓના કેસનો ટૂંક સમયમાં નીવેડો લાવવામાં આવશે. તે દિવસ પછી આલેખાએ તેને કહ્યું હતું કે તેને હવે વધારે આશા નથી. હવે તે તેના કુટુંબનો કાર્યભાર સંભાળી લે, જે દારંગ જિલ્લાના ખારુપેટિલા ગામ ખાતે રહે છે. આ સ્થળ દારંગથી ત્રણ કલાકના અંતરે આવેલું છે. તસલીમાએ જણાવ્યું હતું કે અમે અત્યંત ગરીબ છીએ. મારા પિતા પાસે નાણા નથી તેમની પાસે કશું રહ્યું નથી. તેઓ પાસે અમને ખવડાવવાના પણ રૂપિયા નથી. તેઓએ મને મારા નાના ભાઈ અને બહેનોની સારસંભાળ રાખવા કહ્યુ છે. હું તેમને ખૂબ જ ભેટી, ખૂબ જ પ્રેમ કર્યો, કારણ કે કોણ જાણે છે કે હું ક્યારે પરત આવીશ, એમ ખાતુમે જણાવ્યું હતું. આસામમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ દ્વારા રાજ્યમાં વસતા ભારતીય નાગરિકોની સર્વગ્રાહી યાદી તૈયાર કરવામાં આવનારી છે. ઘણાને ડર છે કે આ બાબત તેમના માટે દુસ્વપ્ન સમાન નીવડસે, તેઓ રાજ્યના સૌથી અભાગી રહેવાસીઓ છે. લાખો મુસ્લિમ કુટુંબો રાજ્યની અમલદારશાહીની અસમર્થતાની કિંમત ચૂકવી રહ્યા છે, જે લોકોને વિદેશી તરીકે શંકાની નજરે જોઈ રહી છે. આ પ્રક્રિયાના સમર્થકોનો દાવો છે કે જે લોકોને આ યાદીમાંથી બહાર રાખવામાં આવ્યા છે, તેઓ ફોરિનર્સ ટ્રિબ્યુનલ્સ સમક્ષ તેમનો કેસ રજૂ કરી શકે છે. હવે આલેખા જેવા લોકો માટે કાયદાકીય ફી ચૂકવવાના ફાંફા છે ત્યારે તેઓએ એકબાજુએ કુટુંબની વ્યક્તિને જેલમાં જતી બચાવવા અને નાના બાળકોને ખવડાવવું બેમાથી એકની પસંદગી કરવાની ફરજ પડી શકે છે. દેશના ૭૩મે સ્વતંત્રતા દિને આસામના હજારો ભારતીયો આધુનિક ગુલામીનો ભોગ બન્યા છે, તેઓએ પોતાની વારસાગત સંપત્તિ વેચી દીધી છે, શાહુકારો પાસેથી અત્યંત ઊંચા દરે નાણા મેળવ્યા છે અને છેવટે તેઓ પોતાની જાતને ખેતરમાં મફતમાં જોતરી રહ્યા છે, પોતે જેને પ્રેમ કરે છે તેના છોડાવવા માટે તેઓ આ બધુ કરી રહ્યા છે. આ વંચિતોની સ્થિતિ પ્રત્યે અનુકંપાના બદલે ભારતની જમણેરી પાંખના શાસનવાળા ભારતીય જનતા પક્ષ (ભાજપ)એ સમગ્ર દેશમાં એનઆરસી લાગુ પાડવાનું વચન આપ્યું છે. આલેખાના પતિ ઉસ્માન અલીએ પોતાની સ્થિતિ વર્ણવતા કહ્યુ હતું કે મારી પાસે કશું બચ્યું નથી, મને વારસાઈમાંથી મળેલામાંથી મારી પાસે કશું નથી. તે ફક્ત બે વર્ષના ટૂંકા સમયગાળામાં અનાજ દળનારમાંથી દૈનિક રોજમદાર બની ગયો છે. ૨૦૧૭માં ઉસ્માને ખાનગી બેન્ક પાસેથી ૩ લાખ લીધા હતા અને સ્થાનિક ધીરધાર પાસેથી બે લાખ લીધા હતા અને તેણે તેની બધી પચતો તેની પત્નીને બચાવવા વકીલો પાછળ ખર્ચી નાખી છે. ગયા સપ્તાહે છેવતે તેણે તેની પાસેનો જમીનનો નાનો ટુકડો અને બે રૂમનું કાન દોઢ લાખમાં વેચી નાખ્યુ હતુ અને તેના પિતાના સગાના સિંગલ શેર્ડ રૂમમાં ગયો હતો અને શ્યામટિલા નામના અંતરિયાળ ગામમાં આ વાંસનું બનેલું મકાન આવ્યુ છે. મારો કારોબાર વર્ષ પહેલા પૂરો થઈ ગયો હતો, મેં મારું ઘર વેચી નાખ્યુ હતુ, હવે મારી પાસે કશું નથી. મેં બાળકોને ખાનગી સ્કૂલમાંથી ઉઠાડી દીધા છે. તેઓ હવે મફતની સરાકરી સ્કૂલોમાં ભણશે. હું જાણતો નથી કે તેઓના પુસ્તકો અને કપડા ક્યાંથી આવશે.

ઋણના બોજા હેઠળ : આસામી રાજ્યમાં કેટલાય બુદ્ધિજીવીઓ છે. તેઓના માનસમાં તે વાત ઘર કરી ગઈ છે કે તેઓ પર બંગાળીઓ અને તેમા પણ ખાસ કરીને પડોશી બાંગ્લાદેશમાંથી આવેલા બંગાળી મુસ્લિમ વસાહતીઓની સંખ્યા ખાસ્સી વધારે છે. ૧૯૯૭માં અલેખા પર 'ડાઉટફુલ વોટર'નો કે ડી-વોટરનો થપ્પો લાગ્યો હતો, તેનું કારણ સરળ ક્લેરિકલ ભૂલ હતી. તેનું નામ સરકારી દસ્તાવેજોના એક સેટમાં આલેખા ખાતુન હતુ અને બીજામા આલેખા બેગમ હતુ. વીસ વર્ષ પછી ૨૦૧૬માં તેને ફોરિનર્સ ટ્રિબ્યુનલે નોટિસ જારી કરી અને તેનો પૈતૃક વારસો પુરવાર કરવા કહ્યુ. આલેખેના માબાપ અને તેના પતિ ઉસ્માન અલીના કુટુંબ પાસે તેને ભારતીય સાબિત કરવા પૂરતા દસ્તાવેજ હતા, જેનો અર્થ એમ થાય કે તેનું નામ તાત્કાલિક ક્લિયર થવુ જોઈએ. પરંતુ તેનો વકિલ તારીખ અંગે યોગ્ય વ્યક્તિને જણાવવામાં નિષ્ફળ રહેતા તે એક સુનાવણી ચૂકી ગઈ હતી. ટ્રિબ્યુનલે તેને ૨૦૧૭માં જેલમાં મોકલી દીધી હતી. તેના ભાઈ ઈન્તાઝ અલીએ જણાવ્યું હતું કે, ''ખાતુન, બીબી, બેગમ આ બધા નામોનો અમારામાં એકસમાન અર્થ જ થાય છે. સરકારી અધિકારીઓ દ્વારા જારી કરવામાં આવતા દસ્તાવેજો ઘણી વખત આસામી હિંદુઓ પણ સમજી શકતા નથી. ઈન્તાઝનો ભાઈ પણ આવા કેસનો સામનો કરી રહ્યો છે. તેઓ ગમે તેમ અટક લખી દે છે અને પછી બે દસ્તાવેજો મળતા નથી ત્યારે તેઓ અમને જેલમાં મોકલી દે છે. ઉસ્માન માટે આલેખાની જેલનો અર્થ જંગી કાયદાકીય ફીની ચૂકવણી છે. તેનો અંદાજ મુજબ તેણે વકીલ પર સાત લાખની રકમ ખર્ચી છે. છેલ્લે સુપ્રીમ કોર્ટના વકીલે તેની પાસેથી ૬૦,૦૦૦ રૂપિયા આગોતરા લઈ લીધા અને પછી તેના ફોન કોલ પણ લેતા નથી. તેઓ સામાન્ય રીતે ફોરિનર ટ્રિબ્યુનલની આસપાસ ફરતા હોય છે, એમ ઈન્તાઝે જણાવ્યું હતું. ગરીબ, અભણ લોકો નોટિસ મળતા આ ટ્રિબ્યુનલમાં આવે છે અને તેઓ તેને પકડી લે છે. અમે ઉતાવળા હતા અને અમે તેઓ જે માંગે તે આપવા તૈયાર હતા.

ઉસ્માન નાના વેપારી તરીકે જીવતો હતો, તે ચોખાની લેવેચ કરતો હતો. હવે તે રોજમદાર બની ગયું છે. તે પ્રતિ દિન ૩૦૦થી ૪૦૦ રૂપિયા મજૂરી પેટે કમાય છે. તેણે તાજેતરમાં જ કેરળ જવાનો વિચાર કર્યો હતો, જ્યાં વેતન તરીકેના દર ઊંચા છે, પરંતુ તેની આઠ વર્ષની પુત્રી ઝમીનો તેને રોકાવવા કહ્યુ હતુ. તેણે કહ્યું હતું કે જો તમે આસપાસ નહી હોવ તો હું સ્કૂલ કેવી રીતે જઈશ. મારી પાસે તેનો કોઈ જવાબ ન હતો. તેથી હું ન ગયો, તેમ ઉસ્માને જણાવ્યું હતું. મારે કદાચ ફરીથી ઉધાર કરવુ પડે અને શાહુકારને તેની લોન પરત કરવા મફત પણ કામ કરવુ પડે. ઉસ્માને જણાવ્યું હતું કે તેણે મોટાભાગમાંથી એક ઈએમઆઈ તો ગુમાવ્યો જ છે, કારણ કે તેણે ઘર વેચીને મળેલા નાણાનો નોંધપાત્ર હિસ્સો નવા વકીલને આપ્યો હતો. બાકીની રકમ તેણે જેલ ગયેલી પત્નીના તબીબી ખર્ચા માટે રાખી છે. ડોક્ટરના કહેવા મુજબ તેને જ્ઞાનતંતુનો રોગ છે. તે સતત ઉલટી કરે છે. તેને બે વર્ષમાં દસ વખત હોસ્પિટલાઈઝ કરવી પડી છે.

આધુનિક ગુલામો

સામાજિક કાર્યકર અશરફઉલ હુસૈને હફપોસ્ટ ઈન્ડિયાને જણાવ્યું હતું કે તેને શંકા છે કે એનઆરસીની બહાર મૂકવામાં આવેલા લોકોની સંખ્યા બહુ વધારે હોવાથી તેઓ મોટાપાયા પર શોષણનો શિકાર બની શકે છે, તેઓને પૂરતુ પોષણ પણ ન મળે, તેઓનું શ્રમબળ તરીકે મોટાપાયે શોષણ થઈ શકે, કારણ કે તેમની પાસેથી બધા બંધારણીય અધિકાર છીનવાઈ ગયા છે. ફોરિનર ટ્રિબ્યુનલ પ્રક્રિયાઓ અંગે તેમણે જણાવ્યું હતું કે તેઓ છેલ્લા કેટલાક સમયથી તે કરી રહ્યા છે. ૨૫ વર્ષનો અબ્દુલ મલિક કરિયા તરીકે દિવસના બાર કલાક કામ કરે ત્યારે તેને ૪૦૦ રૂપિયા મળે છે. તેના પછી તે સાંજે અને રાત્રે પણ બીજી નોકરી કરે છે, જેથી તે તેના ભાઈને આ વર્ષના પ્રારંભમાં અટકાયતી કેમ્પમાં રાખવામાં આવ્યો તેની રકમ ચૂકવી શકે. મલિકના ભાઈને જોરહટ પોલીસે પકડ્યો હતો, જ્યાં તે બાંધકામ મજૂર તરીકે કામ કરતો હતો. દારંગ જિલ્લાના ગામથી તે સ્થળ છ કલાકના ડ્રાઈવના અંતરે છે. નવ વર્ષ પહેલા તેઓને ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થઈ તેમનું નાગરિકત્વ પુરવાર કરવા કહેવાયું હતુ. આમ હવે તેનો કેસ દાયકા પછી ફરીથી ઉખળ્યો છે. તે ફક્ત પાન લેવા ગયો ત્યારે પોલીસે તેને અટકાવ્યો અને તેની પાસેથી વિગતો માંગી, એમ મલિકે જણાવ્યું હતું. આ વર્ષના પ્રારંભમાં તેને વિદેશી જાહેર કરી દેવાયો, જેના પછી તેની સુનાવણી થઈ અને તેને જોરહટ સેન્ટ્રલ જેલમાં મોકલી દેવાયો. તેની પત્ની અને તેનું કુટુંબ તેની મુલાકાત લઈ શકે તેમ નથી, કારણ કે કારનો ખર્ચ જ લગભગ છ હજાર રૂપિયા આવે છે અને સમગ્ર ટ્રિપ તેના કુટુંબને ૮,૦૦૦ રૂપિયામાં પડે છે. તેના પછી મલિકે તેના ભાઈની માલિકીનો નાનો પ્લોટ વેચી નાખ્યો, કૃષિ જમીન મોર્ગેજ કરી અને તેણે પોતે છેલ્લા ચાર હહિનાથી દરરોજે કામ કરવાનું શરૂ કર્યુ જેથી તેના અને તેના ભઈના થઈને નવ જણના કુટુંબને ખવડાવી શકાય અને હાઈ કોર્ટના વકીલોની ફી ચૂકવી શકાય. હું ખેતરમાં કામ કરું છું, ઘણી વખત આખો દિવસ કામ કરુ છું ત્યારે માંડ ૨૦૦ રૂપિયા મળે છે. હું આના લીધે ઘણી વખત માંદો પડી જાઉં છું અને તેના લીધે લોકો મને હંમેશા કામ પણ આપતા નથી. મને હવે તેમા વિરામની જરૂર છે અને પ્રવાસની જરૂર છે, એમ મલિકની સાળી રઝિયાએ હફપોસ્ટને જણાવ્યુ. થોડા વર્ષો પહેલાથી કાયદાકીય ખર્ચ વધવા લાગતા રઝિયા અને તેનો પતિ કર્ણાટિકના કોફી પ્લાન્ટેશમાં વર્ષ સુધી કામ કરવા જતા રહ્યા હતા. અમે આખુ વર્ષ મહેનત કરીને ૪૦,૦૦૦ રૂપિયા બચાવ્યા હતા, એક દિવસ પણ રજા લીધી ન હતી. આ બધા નાણા વકીલોને નાણા ચૂકવવામાં સમાહથી પણ ઓછા સમયમાં ખલાસ થઈ ગયા. હવે મારી પાસે કશું નથી. રઝિયાના બાળકો ૪, ૭, અને ૮ વર્ષની વયના છે. તેઓ સ્કૂલ માટે પુસ્તકો અને પેન્સિલોનું પૂછે છે, પરંતુ તેણે તેઓને રાહ જોવાનું કહેવું પડે છે. તેઓ પાસે યોગ્ય જૂતા પણ નથી. તેઓએ ખુલ્લા પગે સ્કૂલે જવુ પડે છે. હું આખો દિવસ કામ કરુ છુ, છતાં પણ મને પુસ્તકો, કોપીઓ, પેન્સિલો પોષાતી નથી, એમ તેણે હફપોસ્ટ ઈન્ડિયાને જણાવ્યું હતું. પછી મલિક જેની એક વર્ષની પુત્રી છે તેણે જણાવ્યું હતું કે કોણ જાણે છે કે અમને તેને સ્કૂલે મોકલવાનું પોષાશે કે નહી. અમારી પાસે મોર્ગેજ કે જામીન માટે કશું બચ્યું નથી અને કુટુંબમાં કામ કરવાવાળો કોઈ પુરુષ પણ બચ્યો નથી,'' એમ તેણે જણાવ્યું હતું. ગયા વર્ષે ખેરોની ગામથી થોડા કિલોમીટર દૂર પોલીસ ગામમાં આવી અને તેણે ગામના સરપંચનો દરવાજો ખખડાવ્યો અને તેને બે ફોરિનર ટ્રિબ્યુનલની નોટિસ આપી. તે અંગ્રેજીમાં લખી હતી. તે ૨૦ વર્ષના અબાસુદ્દીનના કુટુંબ માટે હતી. કુટુંબમાં કોઈ અંગ્રેજી જાણતું ન હતુ, તેથી તેઓએ ગામના સ્કૂલના શિક્ષકની મદદ લેવી પડી અને તેણે વાંચી સંભળાવ્યુ. અબાસુદ્દીનના માબાપને આ કેસમાં વિદેશી જાહેર કરવામાં આવ્યા હતા, જે કેસ ૨૦૦૭માં તેમની સામે દસ વર્ષ પહેલા નોંધવામાં આવ્યો હતો. કુટુંબને આ કેસની કોઈ જાણકારી ન હતી અને તેઓએ જણાવ્યું હતું કે ભૂતકાળમાં પણ તેમને કોઈ નોટિસ મળી નથી. અબાસુદ્દીનના માતાપિતા એટલા ડરી ગયા કે તેઓ ગામ છોડીને ભાગી ગયા.

અબાસુદ્દીને આ કેસ લડવાનો નક્કી કર્યો. તેણે સ્થાનિક શાહુકાર પાસેથી ૫૦,૦૦૦ રૂપિયા રોકડા લીધા અને આ રકમ પરત ન ચૂકવાય ત્યાં સુધી તેને ત્યાં મફત કામ કરવાનું વચન આપ્યુ. પણ શાહુકારને તેની વાત ગળે ન ઉતરી, જેથી અબાસુદ્દીને તેના ૧૭ વર્ષના ભાઈને પણ તેની સાથે જોતર્યો. અબાસુદ્દીને જણાવ્યું હતું કે, ''અમારા કુટુંબ પાસે કોઈ જમીન નથી. અમે ગામમાં આવેલી સરકારી જમીન પરની ઝૂંપડપટ્ટીઓમાં રહીએ ચીએ. હું કૃષિ જમીન પર કામ કરીને પ્રતિ દિન ૨૦૦ રૂપિયા કમાઉ છું, આ સંજોગોમાં હું વકીલોને કેવી રીતે ચૂકવણી કરું. આટલામાં તો ફક્ત દસ્તાવેજોની નકલ કરવાનો જ ખર્ચ નીકળે. શાહુકારે મને જ્યારે ખાવા માટે જ્યારે થોડા નાણા હાથ પર રાખવાની છૂટ આપી ત્યારે હું બીજી નાની નોકરી કરવા લાગ્યો, એમ તેણે ઉમેર્યું હતું. જ્યારે મલેક ઉસ્તૂરના પિતા અને માતાને વિદેશી જાહેર કરતી નોટિસ મળી ત્યારે તેના પિતા ગામમાંથી ભાગી ગયા. તેના માતા ઉંમરલાયક છે જે અંગ્રેજીમાં લખાયેલી નોટિસોનો અર્થ અને તેના પરિણામો જાણતી ન હોવાથી તેણે તે જોવાનો ઈન્કાર કરી દીધો.

ઉસ્તૂર જે વાંચી લખી શકતો નથી તે પણ આનો અર્થ પૂરેપૂરો સમજી ન શક્યો અને વકીલો સમક્ષ તેની પૂછપરછ કરવા લાગ્યો. છોતા દિવસ પછી પોલીસ દરવાજે આવીને ઊભી રહી અને તેની માતાને કહ્યુ કે ગામના સરપંચના ઘરે લઈ જાવ. કૃષિ મજૂર તરીકે કામ કરતી ૫૦ વર્ષની અભણ મહિલા પણ પોલીસ વાનમાં હતી. વાન અટકી નહી. અમે સતત ચાલવાનો અને દોડવાનું જારી રાખ્યુ. તેના પછી વાન મારી મારી માતાને ઘરની અંદરથી લઈ ગઈ. શું ચાલી રહ્યુ છે તે હું સમજી ન શક્યો. ઉસ્તૂરે કૃષિ મજૂર તરીકે મહિને ૫,૦૦૦ રૂપિયા કમાતો હતો. હાઈકોર્ટના વકીલે તેની પાસેથી કેસના પ્રારંભમાં જ ૬૦,૦૦૦ રૂપિયા માંગ્યા. તેણે બે ગાય અને ત્રણ બકરીઓને ૩૦,૦૦૦ રૂપિયામાં વેચી દીધી અને બીજા ૩૦,૦૦૦ શાહુકાર પાસેથી લીધા. તેણે આ બદલ શાહુકારને તેની જમીન પર પ્રતિ દિન ચારથી પાંચ કલાક મફતમાં કામ કરી આપવાનું વચન આપ્યું જેથી તેના નાણા ચૂકવી શકે. હવે લગભગ છ મહિના પસાર થઈ ગયા છે ત્યારે ઉસ્તૂર હજી પણ તેનુ દેવુ ચૂકવી રહ્યો છે અને તેની માતા જેલમાં છે. ઉસ્તૂરે હાયર કરેલા વકીલે તેના પિતાના જામીન મેળવ્યા છે, જે ગયા મહિને પરત ફર્યા હતા.

બાળપણ ખતમ

દારંગમાં વર્ષોથી કામ કરનારા સામાજિક કાર્યકર હબીબુર રહેમાને જણાવ્યું હતું કે ફોરિનર ટ્રિબ્યુનલ દ્વારા અંગ્રેજી ભાષાની નોટિસો અભણ ગામડિયાઓને મોકલવાના લીધે સ્થિતિ વધુ વણસે છે. મને પણ જો આવી નોટિસ મળી હોય તો હું પણ કશું ન કરી શકું, કારણ કે મને પણ અંગ્રેજી આવડતું નથી. ગામના કેટલાક શિક્ષકો આ ભાષામાં અત્યંત આરામપ્રદ સ્થિતિમાં નથી. તેના પરિણામે તેઓએ પોલીસને જ પૂછવુ પડે છે કે આ નોટિસ શું છે અને આ તો રીતસરનું છટકું છે. અમિના બીબીના પતિ અને પડોશીની પત્નીને એક જ દિવસે નોટિસ મળી. તેમની આસપાસનું કોઈ તેને વાંચી શકવાની સ્થિતિમાં ન હતુ. અમિનાની બહેને સૂચન કર્યુ કે તેઓ પોલીસ પાસે જાય, તેથી

આભાર - નિહારીકા રવિયા કલમુદ્દીન જેની પત્નીને નોટિસ મળી હતી તે પોલીસ સ્ટેશને ગયો.

પોલીસે જણાવ્યું હતું કે ફક્ત બે જણને લઈ જવાના છે. અમે કેટલાક દસ્તાવેજ પર સહી કરીશું અને તેઓને જવા દઈશું. કલમુદ્દીન તે યાદ કરે છે. જ્યારે અમીનાના પતિ અને કલમુદ્દીનનની પત્ની તેમના કુટુંબો સાથે અને વકીલો વગર આવી, કારણ કે પોલીસે તેમને મદદનું વચન આપ્યુ હતુ, તેઓને વાનમાં લઈ જવાયા. તેઓ હવે જેલમાં છે અને વકીલ લઈ આવો તેમ પોલીસે કહ્યુ હતુ. અમીનાનો પતિ ગરીબ કૃષિ મજૂર હતો, તેની પાસે નાણા જ નથી. તેની ધરપકડ થયા પછી તેના ૧૫ વર્ષના પુત્રએ સ્કૂલમાંથી ભણવાનું છોડીને કૃષિ મજૂર તરીકે કામ કરવુ પડી રહ્યુ છે. સપ્તાહ પછી કુટુંબ પર વકીલો, ફૂડ અને સ્કૂલનું બિલ વધવા લાગતા ૧૩ વર્ષના પુત્રએ સાતમા ધોરણનો અભ્યાસ છોડીને તેના ભાઈ સાથે ખેતરમાં જોડાઈ જવુ પડ્યુ.

મારું રડવાનું અટકતું નથી, પરંતુ અમે શું કરીએ? અમને નાણા ક્યાંથી મળે? અમીનાએ એમ રડતા રડતા જણાવ્યું હતું. મારા મોટો પુત્ર અભ્યાસમાં સારો હતો. તેના દસમાની પરીક્ષા બે મહિના દૂર હતી. તે સારુ ભણતો હતો. અમે તેને ભણાવવા માંગતા હતા જેથી તેને સારી નોકરી મળે. હવે તે પરીક્ષી નહી આપી શકે. અમીનાએ કૃષિ મજૂર તરીકે કામ કરવાનું શરૂ કરી દીધુ છે અને તે પડોશના ગામમાં લોકોના ઘરોમાં જઈ વાસણ માંજે છે અને ધુએ છે. તેઓ હવે વકીલો અને કોર્ટની ફી ચૂકવવા સમર્થ રહ્યા નથી. તેઓએ કદાચ તેના માટે લોન લેવી પડે અને લોન આપનારા માટે મફતમાં કામ કરવુ પડે. સામાજિક કાર્યકર રહેમાને જણાવ્યું હતું કે તેઓ પાસે ગીરો મૂકવા પણ કશું નથી જેથી કઈ બેન્ક આ લોકોને લોન આપે. ધારી લો કે કોઈ લોન આપે તો તેઓ તેનું વ્યાજ કેવી રીતે ચૂકવશે? અમીનાની પુત્રી તસલીમાં તેના સ્કર્ટ આમતેમ હલાવે છે અને તેની માતા એકબાજુ રોતા-રોતા વિચારે છે કે હું તેની સ્કૂલની ફી કેવી રીતે ચૂકવીશ. તે અભ્યાસમાં સારી છે. હું તેને સ્કૂલમાંથી ઉઠાડવા માંગતી નથી,'' એમ તસ્લિમા અંગે અમિનાએ જણાવ્યું હતું. તસલીમાએ તેની માતાનો હાથ પકડી લીધો અને તેને હલાવીને પૂછવા લાગી. તેણે નીચા અવાજે તેને ચૂપ રહેવાનો સંકેત આપ્યો. પડોશીએ કહ્યું કે, ''તસલીમા મેડમને કહો કે તું શું બનવા માંગે છે? તસ્લીમાએ જવાબ આપ્યો કે ડોક્ટર, પરંતુ મારા પિતા જેલમાં છે.'' **(સૌ : હફિંગ્ટન પોસ્ટ)**



કરન્ટ ટોપિક

- પિયાશ્રી દાસગુપ્તા

જમ્મુ-કાશ્મીરના વિભાજનની પરિકલ્પના ઇતિહાસમાં અગાઉ થઈ ચૂકી છે

૧૯૫૦માં ડિક્સન પ્લાન વખતે આ વિચાર કરાયો હતો, જેને ભારતે સ્વીકાર્યો ન હતો

જમ્મુ અને કાશ્મીરનું વિભાજન બેથી વધુ ભાગમાં કરવાનો ખ્યાલ આજનો નથી, ઘણો જૂનો છે. તેના મૂળ ૧૯૫૦ના ડિક્સન પ્લાનમાં પડેલા છે. ઓસ્ટ્રેલિયન જ્યુરિસ્ટ ઓવેન ડિક્સનની યુનાઈટેડ નેશન્સ દ્વારા ભારત-પાકિસ્તાન વચ્ચેના જમ્મુ-કાશ્મીરના વિવાદમાં મધ્યસ્થી તરીકે પસંદગી થઈ હતી. તેમણે સપ્ટેમ્બર ૧૯૫૦માં આના માટે પેકેજ સૂચવ્યુ હતુ જેને ભારતે સ્વીકાર્યું ન હતું.

કોલમિસ્ટ એ.જી. નૂરાનીએ ફ્રન્ટલાઈનમાં ઓક્ટોબર ૨૦૦૨માં તેમના લેખમાં જણાવ્યું હતું કે આ પ્લાનમાં જણાવાયું હતું કે લડાખ ભારતને સોંપી દેવામાં આવે અને ઉત્તરીય વિસ્તારો અને પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર પાકિસ્તાનને સોંપી દેવાય તથા જમ્મુને અલગ પાડીને ભારતને સોંપી દેવાય. તેમણે કાશ્મીર ખીણમાં જનમત કરાવવાનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો.

તેના વર્ષ પછી જવાહરલાલ નેહરુ મંત્રાલયમાંથી નીકળી ગયેલા બી.આર. આંબેડકરે ત્રણ ઝોન રચવાનું સૂચન કર્યુ હતુ. એક વિસ્તાર પાકિસ્તાન અધિકૃતનો, બીજો ખીણનો અને ત્રીજો જમ્મુ-લડાખનો. તેમણે પણ ખીણમાં જનમત કરાવવાની તરફેણ કરી હતી. તેના પછી સપ્ટેમ્બર ૧૯૫૨માં કાશ્મીરથી જમ્મુ અને લડાખને અલગ કરવાની માંગ ઉઠી હતી અને તે સમયે રાજ્યના વડા શેખ અબ્દુલ્લાહે તેનો વિરોધ કર્યો હતો.

તે સમયે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને તે સમયે જમ્મુ-કાશ્મીરના ગવર્નર ઓગસ્ટ ૧૯૬૬માં વિદેશી અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં તેવો ખ્યાલ વહેતો કર્યો હતો કે જમ્મુને કાશ્મીરથી અલગ પાડીને હિમાચલ પ્રદેશમાં ભેળવી દો, તે સમયે હિમાચલ પ્રદેશ કેન્દ્ર શાસિત પ્રદેશ હતો. ડો. સિંઘે પછી જણાવ્યું હતું કે તેમને આ નિરીક્ષણ ગમ્યું ન હતુ.

રાજ્યસભામાં તે સમયના ગૃહપ્રધાન જી.એલ. નંદાએ જણાવ્યું હતું કે સરકાર જમ્મુને કાશ્મીરથી અલગ કરવાનો કોઈ ઈરાદો ધરાવતી નથી. આ સિવાય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ આર. વેંકટરામન ઈન્દિરા ગાંધીના મંત્રીમંડળમાં સંરક્ષણ પ્રધાન હતા ત્યારે તેમણે જમ્મુ-કાશ્મીર-લડાખના કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે ત્રિવિભાજનનો ખ્યાલ તરતો મૂક્યો હતો. તેમા જમ્મુ રાજ્ય તરીકે રહેતુ હતુ અને કાશ્મીર ખીણની અલગ ઓળખ રહેતી હતી. તેમણે તેમના પુસ્તક માય પ્રેસિડેન્સિયલ યર્સ (૧૯૯૪)માં પણ આ વાત લખી છે.

ફ્લેશબેક

- ટી. રામકિષ્નન

ઓગસ્ટ ૧૯૯૬માં કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (સીપીઆઈ)ના પીઢ નેતા ઈન્દ્રજીત ગુપ્તા જે તે સમયે યુનાઈટેડ ફ્રન્ટ સરકારના ગૃહપ્રધાન હતા તેમણે બીબીસીને તેમ કહ્યું હોવાનું કહેવાય છે કે તેઓ જમ્મુ-કાશ્મીરનું ખીણ, જમ્મુ અને લડાખના ત્રિવિભાજનની તરફેણમાં હતા. તેના પગલે વિવાદ છેડાતા ગુપ્તાએ સ્પષ્ટતા કરી હતી કે તેમને ખોટી રીતે ટાંકવામાં આવ્યા હતા.

તેના પછી જમ્મુ-કાશ્મીર સરકારની સ્ટેટ્યુટરી ઓટોનોમી કમિટીએ આપેલા અહેવાલ પર રાષ્ટ્રવ્યાપી ચર્ચા થઈ હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સઘે તેના ત્રિવિભાજનની પરિકલ્પના વહેતી મૂકી હતી. ઓક્ટોબર ૨૦૦૦માં શ્રીનગરમાં સત્તાવાર બેઠકમાં કેન્દ્રમાં વાજપેયી સરકારના ગૃહપ્રધાન એલ કે અડવાણીએ આરએસએસની માંગ નકારી કાઢી હતી.

સંસદે હવે જમ્મુ-કાશ્મીરને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વિભાજીત કરતુ બિલ પસાર કરી દીધું છે અને લડાખને અલગ તારવ્યુ છે. આમ છેવટે રાજ્યના વિભાજનની પરિકલ્પના મૂર્તિમંત થઈ છે. **(સૌ : ધ હિન્દુ)**

કટાક્ષ કોર્નર

-જામી



મટનના શોખીનો માટે મટનની વિવિધ વાનગી

શીક-કબાબ

સામગ્રી
મટન કીમો : ૫૦૦ ગ્રામ
ડુંગળી : ૨ (મધ્યમ આકારની)
કાજુ : ૨ ચમચા
ગરમ મસાલા પાવડર : ૩/૪ ચમચી
કાચા પપૈયાની પેસ્ટ : ૧ ચમચો
ક્રીમ : ૨ ચમમી
ચાટ મસાલો (ઉપરથી છાટવા માટે) ૧ ચમચી
મીઠું : સ્વાદાનુસાર
લીંબું : ૧

બનાવવાની રીત : સૌથી પહેલા પપૈયાને કાપીને તેને વાટી લો. કાજુને ૧૫ મિનિઊી માટે થોડા ગરમ પાણીમાં પલાળી દો. હવે તેને અધકચરા વાટી લો. ડુંગળીને કાપીને બ્રાઉન થવા સુધી તળો. આના પછી ડુંગળી, કીમો, કાજુ, ગરમ મસાલો, પપૈયાની પસ્ટ, ક્રીમ અને જરૂરત અનુસાર મીઠાને મેળવીને ગુંદી લો અને એક કલાક માટે રાખી દો. અવનમાં સ્કુઅરા રોડ (જેના પર કબાબાને લપેટી શકાય)ને થોડુંક ગરમ કરી લો. તેના પછી કીમાને મોટો બોલ બનાવો અને તેને ચારે બાજુ લપેટી લો. આ પ્રકારે બાકી બચેલ કીમાને પણ લપેટી લો અને ઓવનમાં પકાવો. વચ્ચે-વચ્ચે સ્કુઅર-ઓરડને ફેરવતા પણ રહો. જ્યારે કબાબમાં થોડોક બ્રાઉન રંગ આવી જાય તો તેને કાઢી લો. જો ઓવન ના હોય તો આને નોનસ્ટીક પૈનમાં પણ બનાવી શકાય છે. એના માટે પૈનમાં ૧ મોટો ચમચો તેલ નાખીને તેમાં કબાબને થોડાક બ્રાઉન થવા સુધી ઉલટ-પુલટ કરીને તળી લો. લો ચીક કબાબ તૈયાર થઈ ગયા. આને સર્વિંગ પ્લેટમાં કાઢો અને ઉપર લીંબુંનો રસ અને ચાટ મસાલો નાખીને સર્વ કરો.

મટન બોટી કબાબ

સામગ્રી
બોનલેસ મટન : ૨૫૦ ગ્રામ
ડુંગળી તળેલી : ૧/૨ કપ
દહીં : ૧/૨ કપ
બેસન રોસ્ટેડ : ૧/૪ કપ
ડુંગળી કાપેલી : ૧ કપ
તજનો પાવડર : ૧/૪ કપ
ગરમ મસાલા પાવડર : ૧½ ચમચી
એલચી પાવડર : ૧/૨ ચમચી
ધાણા પાવડર : ૧ ચમચી
લીલા મરચા કાપેલા : ૨
દેશી ઘી
લાલ મરચા પાવડર : ૧ ચમચી
મીઠું : સ્વાદાનુસાર
આદુ કાપેલું : ૧ ચમચી
લસણ ઝીણું કાપેલું : ૧ ચમચી
કાળા મરી પાવડર : ૧/૪ ચમચી
લવિંગ, એલચી : જરૂરત અનુસાર

બનાવવાની રીત : આદુ-લસણની સાથે કાચા પપૈયાને વાટીને પેસ્ટ બનાવી લો. મીટને મૈરીનેટ કરવા માટે આમાં આદુ, લસણ અને પપૈયાની પૈસ્ટ નાઓ. હવે આમાં મીઠું, લીલા મરચા, લાલ મરચા, તજ પાવડર, લવિંગ, ધાણા પાવડર નાખો. આ તમામ ચીજોને સારી રીતે મેળવો. હવે આમાં દહીંની સાથે ફ્રાઈ કરેલ ડુંગળી નાખીને સારી રીતે મેળવો. આમાં શેકેલો ચણાનો લોટ નાખો અને સારી રીતે મેળવો. શીકમાં મટનના ટુકડા લગાવીને ગ્રિલ કરો. ફુદીનાની ચટણી અને ફુંગળીના કચુંબર સાથે ગરમાગરમ પીરસો.

મટન પસંદા

સામગ્રી
મટન : ૧ કિલો
આદુ-લસણ પેસ્ટ : ૩ ચમચા
સુકુ નારિયેળ : ૫૦ ગ્રામ
ખસખસ : ૧½ ચમચા
ધાણા : ૧½ ચમચી
કાજુ : ૨ ચમચા
લાલ મરચા પાવડર : ૨ ચમચી
હળદર પાવડર : ૧/૨ ચમચી
ગરમ મસાલા પાવડર : ૧ ચમચી
શાહજીરું : ૧ ચમચી
તેજ પત્તા : ૨
દહીં : ૨૦૦ ગ્રામ
ફુદીનો : ૧ જુડી
કોથમીર : ૧ જુડી
મીઠું : સ્વામદનુસાર
તેલ : આવશ્યકતા અનુસાર

બનાવવાની રીત : સૌથી પહેલાં મટનના પીસને પાણીમાં સારી રીતે સાફ કરી લો અને તેને બાફવા માટે રાખી દો. હવે એક પૈનમાં સુકુ નારિયેળ, ખસખસ, ધાણા અને કાજુ નાખીને

થોડીવાર સાંતળો. પછીઅ ા બધી સામગ્રીને મિક્સીમાં ઝીણું પીસી લો. હવે આ પીસેલી પેસ્ટમાં આદુ-લસણ પેસ્ટ, લાલ મરચા પાવડર, હળદર પાવડર અને મીઠું નાખી દો. હવે બાફેલા મટન પીસમાં વાટેલી પેસ્ટ નાખી દો. આ મિશ્રણને ૧ કલાક સુધી સાઈડમાં રાખી દો. એક બાઉલમાં અલગથી ડુંગળી, કોથમીર અને ફુદીના ઝીણો કાપી લો. એક કડાઈમો તેલ ગરમ કરો. તેમાં તેજપત્તા, શાહજીરું અને કાપેલી ડુંગળી નાખીને સાંતળો. પછી મટનના મિશ્રણને નાખીને ૨૦ મિનિટ સુધી પકાવો. હવે દહીંને ફેંટીને મટન મિશ્રણમાં નાખીને ધીમી આંચ પર ૨૦ મિનિટ સુધી પકાવો. જ્યારે મટન સારી રીતે પાકી જાય તો તેમાં કોથમીર અને ફુદીનો નાખીને સજાવો તથા ગેસ બંધ કરીને ગરમાગરમ સર્વ કરો.

- મુજેરીન જહાં

તૂટેલા હાડકાને જોડવામાં મદદરૂપ થતા કેટલાક ઘરગથ્થુ ઉપચાર

નાની મોટી ઈજાઓના કારણે ક્યારેક હાડકામાં ક્રેક પડી જતી હોય છે જે ઘરેલું ઉપચારથી ઠીક થઈ શકે છે. ઘણીવાર ઈજા થવાને કારણે હાડકું તૂટી જાય છે. જેને હાડકાનું ફ્રેક્ચર કહેવામાં આવે છે પરંતુ હાડકામાં નરમાશ ઓછી થઈ જાય છે જેથી નબળા થઈ જાય છે. કેટલીકવાર હાડકું

હેલ્થ ટીપ્સ

તૂટી જવા પર અસહનીય દુઃખાવો થાય છે. હાડકું તૂટી જવા પર ડોક્ટરની મદદ લેવી જોઈએ તેમજ કોઈપણ પ્રકારનો પ્રાકૃતિક ઉપચાર કરવો જોઈએ. આજે અમે તમને કેટલાક એવા ઘરેલું ઉપચાર જણાવવા જઈ રહ્યા છીએ જેનાથી તૂટેલું હાડકું થોડાક સમયમાં જોડી શકાય છે. તો જોઈએ તૂટેલા હાડકાને જોડવા માટેના કેટલાક ઘરેલું ઉપાય. હાથ અને પગલું હાડકું તૂટવા પર કે ખસી જવા પર થોડુંક વાંકું જેવું દેખાય છે. તે જગ્યા પર લોહી જમા થવાને કારણે સોજો આવી જાય છે અને અસહ્ય પીડા થાય છે.

અડદની દાળ :- અડદની દાળને તડકામાં સુકવીને વાટીને પેસ્ટ બનાવી લો. જેનાથી તૂટલા હાડકા પર પટ્ટી બાંધી લો. આ ઉપચાર કરવાથી તૂટેલું હાડકું જલદીથી જોડાઈ જશે.

મૂળેઠી :- મૂળેઠી મંજીઠા અને ખટાઈનો લેપ બનાવી લો. તેના પછી તેને તૂટેલા હાડકા પર લગાવીને પટ્ટી બાંધી લો. તેનાથી તૂટેલું હાડકું જલદી જોડાઈ જશે.

દેશી ઘીનો ઘરગથ્થુ ઉપાય :- બે ચમચી દેશી ઘી, એક ચમચી ગોળ અને એક ચમચી હળદરને મિક્સ કરીને ૧ કપ પાણીમાં ઉકાળી લો. તેને કર્યા બાદ પી લો. દિવસમાં બે વાર આ પાણી પીવાથી હાડકામાં પડેલી તિરાડ ઝડપથી સારી થઈ જાય છે.

ડુંગળીનો ઘરગથ્થું ઉપાય :- એક વાટેલી ડુંગળીમાં એક ચમચી હળદર મિક્સ કરીને સાફ સુતરાઉ કપડામાં બાંધી લો. પછી તેને તલના તેલમાં ગરમ કરી તૂટી ગયેલ હાડકા પર શેક કરો. દિવસમાં બે વાર આ પ્રકારે શેક કરવાથી તમને દુઃખાવામાં રાહત મળે છે અને હાડકામાં પડેલી ક્રેક પણ જોડાઈ જાય છે.

ટીપુના વારસા સાથે ઐતિહાસિક છેડછાડ

આપણા સંઘર્ષવાદી ભૂતકાળ અંગેની સમજ વિકસાવતા આપણે ઐતિહાસિક ઘાવ સાથે તાદાત્મ્ય સાધવાનો માર્ગ શોધવો જોઈએ બદલાથી કશું નહીં થાય

તાજેતરમાં લેસ્ટરની યુનિવર્સિટીની મુલાકાત વખતે મને બ્રિટનના વિવાદાસ્પદ રાજા રિચાર્ડ-૩નું નવું પ્રસ્થાપિત મેમોરિયલ હતુ. આ રાજા પ્લાન્ટાજેનેટ કિંગ્સમાં સૌથી છેલ્લો રાજા હતો અને તે ટુડોર્સ સામેના યુદ્ધમાં માર્યો ગયેલો છેલ્લો રાજા હતો. રિચાર્ડ-૩ (૧૪૮૩-૧૪૮૫) તે સમયના સૌથી છેલ્લો બ્રિટિશ રાજા હતો, તેના અવશેષ લેસ્ટરના કેથેડ્રલની નજીકના પાર્કિંગ પ્લોટમાં મળી આવ્યા હતા અને ૨૦૧૨માં મિટોકોન્ડ્રિયલ ડીએનએ પરથી તેની ઓળખ થઈ હતી. ૨૦૧૫માં તેને લેસ્ટરના કેથેડ્રલમાં ફરીથી દફનાવાયો હતો, તેની કબરના પથ્થર પર સુંદર લખાણ હતુ. તેની આ રિડિસ્કવરી વિવાદનો વિષય બની ગઈ હતી અને તેનું સમાપન કોર્ટમાં થયું હતું. લેસ્ટરના શહેરને આજે તેનાથી ફાયદો થાય છે અને પ્રવાસીઓ આ વિવાદાસ્પદ રાજાના વારસાની વિગતો વધુને વધુ પ્રમાણમાં જાણવા ઈચ્છે છે.

શેક્સપિયર દ્વારા કરાયેલું ચિત્રણ

રાજા શા માટે વિવાદાસ્પદ હતો? રિચાર્ડ-૩ના રાજા બનવાનું મુખ્ય કારણ તે હતું કે તેના ભાઈના બાળકોને ગેરકાયદેસરના ગણાવાયા હતા. આટલું ઓછું હોય તેના ભાઈના પુત્રો ગુમ થઈ ગયા હતા? શેક્સપિયર તેના ટુડોર માસ્ટર્સને વફાદાર હતો (તેઓ બેટલ ઓફ બોસવર્થના વિજેતા હતા) તેણે તેના નાટકમાં રિચાર્ડ-૩ને દુષ્ટ રાજા તરીકે ચિતર્યો હતો.

શેક્સપિયર દ્વારા રિચાર્ડ-૩ને રાજા તરીકે દુષ્ટ ચીતરવાનું કારણ તેનો તેના તરફનો ધિક્કાર અને શંકા હતી. તેઓ જાણે તેને વિલન સાબિત કરવામાં લાગેલા હતા. તેના માટે બીજાના મોઢેથી આકરામાં આકરા શબ્દો સાંભળવા મળ્યા હતા. તેને ઈશ્વરની ખરાબ કૃતિ ગણાવાયો હતો, તેને નરકનો બ્લેક ઈન્ટેલિજન્સર ગણાવાયો હતો, તેના માટે કર્નાલ કર, બ્લડી ડોગ અને બ્લડી રેચ જેવા વિશેષણો ઉપયોગમાં લેવાયા હતા. આમ એવા કોઈ ખરાબ વિશેષણ નહીં હોય તે રિચાર્ડ-૩ માટે ઉપયોગમાં લેવાયા નહી હોય. છતાં પણ બધાની વચ્ચે મને તે બાબત અચંબિત કરી ગઈ કે લેસ્ટર કેથેડ્રલને તેનો વારસો જાળવવામાં શું રસ હતો. જે વ્યક્તિ અને તેના શાસનને બધા ભૂલી જાળવવા માંગતા હોય તેને જાળવવામાં એક ચર્ચને શું રસ હોય તે બાબત મને આશ્ચર્ય પમાડતી હતી. લેસ્ટરનું કેથેડ્રલ રિચાર્ડ-૩ અંગે બધાથી વિપરીત જ માન્યતા ધરાવતું હતું. તે રિચાર્ડ-ને હિંમતવાન અને જબરજસ્ત સૈનિક માનતુ હતુ, રિચાર્ડ-૩ને ક્યારેય હીરો તરીકે જોવાયો ન હતો, પરંતુ ઘણી લોકપ્રિય સ્મૃતિઓમાં આજે પણ તે વિલન તરીકે જ પ્રસ્તુત છે. હવે આવું ભારતમાં થઈ રહ્યુ છે. કર્ણાટકની અગાઉની સરકારે ટિપુ જયંતિ મનાવવી શરૂ કરી હતી. તેનાથી વિપરીત તાજેતરમાં જ સત્તાધીશ થનારી ભાજપની યેદિયુરપ્પાની સરકારે ટિપુ જયંતિની ઉજવણી પડતી મૂકી છે. તેનું સત્તા પર આવ્યાનું પ્રથમ પગલું જ આ હતું. મારી ઈચ્છા હતી કે અગાઉના તંત્રએ મ્યુઝિયમ ઓફ અવર કોન્ફ્લિક્ટ્યુઅલ પાસ્ટની સ્થાપના કરવાની જરૂર હતી, આ પ્રકારનું મ્યુઝિયમ સ્થાપવામાં આવ્યું હોત તો મૈસૂરના ઈતિહાસના સૌથી વિવાદાસ્પદ પાસા ટિપુ સુલ્તાનની વિગતો લોકો જાણી શક્યા હોત. આ પ્રકારના મ્યુઝિયમ દ્વારા આપણે ભારતીય ઈતિહાસને બંને વિવાદાસ્પદ પાસાઓને સંબોધવાનું શીખી શક્યા હોત. કોઈ અમુક પાસાને ધ્યાનમાં લઈને ઉજવણી કરવા ઈચ્છતું હોત તો તેમ કરી શકત અને કોઈ તેમાથી બીજો પદાર્થપાઠ લેવા માંગતુ હોય તો તેમ કરી શકત. ભારતનો ભૂતકાળ આમ પણ આવા વિરોધાભાસોથી બનેલો છે. ટિપુ સુલતાન પણ મૈસૂરના બ્રિટિશ શાસન સામેના આવા સંઘર્ષનું પ્રતિબિબ છે, જેવું રિચાર્ડ ત્રણનું છે. તે બ્રિટિશરો સામે યુદ્ધમાં મરનારો એકમાત્ર શાસક છે. બાકીના બધા શાસકોએ બ્રિટિશ શાસન સામે પરાજય પછી બ્રિટિશરોની શરણાગતિ સ્વીકારી લીધી હતી. છેલ્લા કેટલાક સમયથી કર્ણાટકમાં ટિપુના વારસા અંગે સ્થિર દરે ચર્ચા વધી ગઈ છે. આમ છતાં પણ કેટલાક તેના તેવા નિર્વિવાદ ગુણો પર ધ્યાન મૂકે છે, તે પહેલો એવો શાસક હતો જેણે સામાજિક વર્ગની ગેરહાજરીમાં નવી પ્રણાલિ અમલી બનાવી હતી, જેના લીધે ધરમૂળથી આર્થિક ફેરફાર થયા હતા, જે લોકો જ્ઞાન મેળવવા આતુર હતા તેમની પાસે પુસ્તકોની જબરજસ્ત લાઈબ્રેરી હતી. તેની જબરજસ્ત લશ્કરી સફળતાએ બ્રિટિશરોને ચોંકાવી દીધા હતા. તેમા પણ તેની ટેકનોલોજીકલ સફળતાથી બ્રિટિશરો ચકિત હતા, તેમા રોકેટની શોધનો સમાવેશ થાય છે. તે સમયે પશ્ચિમે તો રોકેટની પરિકલ્પના પણ કરી ન હતી જ્યારે ટિપુ રોકેટ છોડતો હતો. આજે પશ્ચિમ પાસે જે રોકેટ સાયન્સ છે તે ટિપુના જ રોકેટની બધી

ઈતિહાસ

- જાનકી નાયર

સુધારેલી આવૃત્તિઓ છે. ટિપુ દ્વારા સિલ્કના ઉત્પાદનથી લઈને મોટાપાયા પર સિંચાઈના લેવાયેલા ઘણા પગલાનું આજે અનુકરણ કરવામાં આવી રહ્યું છે. આવી ઘણી બાબતો છે. તેની સાથે-સાથે દક્ષિણ કર્ણાટક, કોડગુ અને મલબારમાં ટિપુની છાપ ક્રૂર શાસક તરીકેની છે, જેમા તેણે ધર્માંતરણ પર ભાર મૂક્યો હતો, તેણે મોટાપાયા પર નરસંહાર કરતા વસતીના મોટા હિસ્સાએ ભાગી જવાની ફરજ પડી હતી. તેણે કન્નડના બદલે પર્સિયન ભાષાને રાજ્યની ભાષા તરીકે રજૂ કરી હતી. આ પણ ટિપુ સુલતાનનું એક પાસુ છે.

અનેકવિધ સ્રોતોનું વાંચન

અમારું મ્યુઝિયમ ઓફ કોન્ફ્લિક્ટ્યુઅલ પાસ્ટ ટિપુ સુલતાનના ટૂંકા અને ૧૭ વર્ષનું સંઘર્ષરત શાસન રજૂ કરતું હોત, પછી તેને ભલે વખોડવામાં આવે કે તેની ટીકા કરવામાં આવે. આ રીતે ઈતિહાસની બાબતોને નવા સ્વરૂપમાં રજૂ કરી શકાય. હું પ્રવાસીને વિનંતી કરીશ અને તેમા પણ ખાસ કરીને યુવા પ્રવાસીને વિનંતી કરીશ કે તે ઈતિહાસ અંગે વિચારે, વિવિધ પ્રકારના સંઘર્ષરત સ્રોતોની વૈવિધ્યતા અંગે વાંચી અને તેમા પણ ખાસ કરીને આજના સમયમાં બદલાની ભાવનાથી બધુ જોવાઈ રહ્યુ છે ત્યારે આ રીતે વિચારવું અત્યંત જરૂરી છે. આ મ્યુઝિયમ પ્રવાસીઓને કહેશે કે શા માટે સંસ્થાનવાદના સમયમાંઆ પ્રકારની પરિસ્થિતિ હતી, જેમા કોઈને સારા અને ખરાબ તરીકે ચીતરવા જરૂરી હતા, આના આજના સમયના પ્રભાવમાં આનંદ ઉઠાવો અથવા તો પૂછો કે શા માટે ૧૯મી સદીના પ્રારંભના જૈન ઈતિહાસવિદ દેવચંદ્ર ટિપુ અને હૈદર અલીને મૈસૂરના જૈન મંદિરોના વિધ્વંસ, તેમાથી મોટાપાયા પર કરવામાં આવેલી ચોરી અને તેના વિનાશ માટે જવાબદાર ઠેરવે છે. પ્રવાસીઓએ સમજવું જોઈએ કે શા માટે ટિપુએ કેટલાક નોન-મુસ્લિમ ધાર્મિક લોકો અને સંસ્થાઓને ટેકો આપ્યો હતો અને બીજાઓને આપ્યો ન હતો. શા માટે કેરળમાં કોડુંગલ્લુરમાં એક મંદિરનો વિધ્વંસ કરવામાં આવ્યો અને તેનાથી ૭૦૦ મીટર દૂર આવેલા બીજા મંદિરને છોડી દેવામાં આવ્યું. તેની સાથે તે સવાલ પણ પૂછી શકાય કે શા માટે કેણે કેટલીક મુસ્લિમ કમ્યુનિટીઝને જ પ્રભુત્વ આપ્યુ અને બીજાને ન આપ્યુ. ભટકલના નવાયત ટ્રેડર્સ કહેવાય છે, જેની વિગતો કોલિન મેકેન્ઝીએ કૈફિયતમાં લખી છે અને એમ-એમ કલબુર્ગીએ તેનું ઘણી સુંદર રીતે વર્ણન કર્યુ છે. તેઓએ ટિપુ સરકારના સમયગાળામાં કામ કર્યુ હતુ. મ્યુઝિયમના પ્રવાસીઓએ પૂછવું જોઈતું હોત કે મૈસૂરના દીવાન પૂર્નૈયાને જ્યારે જુન ૧૭૮૯માં બ્રિટિશ સાસન દ્વારા સવાલ પૂછવામાં આવ્યો હતો કે ટિપુના પરાજય પછી તેઓ ત્યાં કોને પ્રસ્થાપિત કરશે. તે અંગે તેમણે આપેલો જવાબ આજે ભૂલાઈ ગયો છે. તેમણે તેના અનુગામી તરીકે ક્રિષ્નરાજા વોડેયાર પર પસંદગી ઉતારી હતી. તેઓએ પછી આજીવન બ્રિટિશરોના વફાદાર તરીકે કામ કર્યુ હતુ. ટિપુના સમૃદ્ધ દરબારના પ્રતીક તરીકે વાઘના ચામડાનો વ્યાપક ઉપયોગ થયો હતો. આ સિવાય તે પર્સિયન ભાષાને અધિકૃત ભાષા બનાવવા માંગતો હતો તેના અંગેના કારણ પર પણ પ્રકાશ પાડવો જોઈએ. વધુમાં ટિપુના ધાર્મિક વલણ તરફ જોઈએ તો રાકીય રીતે તે પોતાને ખુદાબંદી કે ઈશ્વરીય દૂત કે સરકાર માનતો હતો. તેની સાથે-સાથે તે પણ હકીકત છે કે ટિપુએ ૧૭૮૧માં મરાઠાઓના આક્રમણ સામે શ્રૃંગેરી મઠનું રણ કર્યુ હતુ અને તેણે મૃત્યુપર્યંત શૃંગેરી મઠને દાન આપવાનું જારી રાખ્યું હતું. આ બાબત તેની બિનસાંપ્રદાયિકતાનું પ્રતિનિધિત્વ કરે છે કે રાજકીય કાબેલિયતનું પ્રતિનિધિત્વ કરે છે તે સવાલ હંમેશા પૂછાતો રહેશે.

ભૂતકાળ સાથે કેવી રીતે અનુકૂલન સાધવુ

ટિપુ સુલતાન આપણને તે સમયના તાકીદના કટોકટીના સમયને ખંખોળવાની અનોખી તક પૂરી પાડે છે. તો દ્વારા લોકોને અને તેમા પણ ખાસ કરીને યુવાનોને ભારતના ઐતિહાસિક તથા વિરોધાભાસી ભૂતકાળની વિગતો મળે છે. તેના દ્વારા તે સમયના લોકોની સમજ અને સમીક્ષાની જાણકારી મળે છે. તેના આધારે કંઈ વર્તમાનમાં બદલો લઈ ન શકાય, આ ઐતિહાસિક ઘાવો સાથે આજના સમયમાં ડીલ કરવા માટે બીજા માર્ગો શોધી શકાય છે. કર્ણાટકનો ભૂતકાળ આ પ્રકારની બાબતો માટે અમર્યાદિત તકો ઓફર કરે છે અને ઈતિહાસ તથા સ્મૃતિ વચ્ચેના સંબંધો દર્શાવે છે. આ મ્યુઝિયમ ઓફ અવર કોન્ફ્લિક્ટ્યુઅલ પાસ્ટ માટે મદદ કરે છે અને તે ભૂતકાળની અસુવિધા, સગવડો તેના જોડાણ બધુ દર્શાવે છે, ફક્ત યુદ્ધગાથા દર્શાવે છે તેવું નથી. આવો જ પ્રયત્ન સિટી ઓપ લેઈપજિગના વિચેચકોએ બેટલ ઓફ નેશન્સની સ્મૃતિઓ યાદ કરવામાં કર્યો છે. તેમા ૧૮૧૩માં નેપોલિયનના દળો સામેના સંઘર્ષમાં છ લાખ લોકો જોડાયેલા હતા તેની વાત છે. તેની જોડેના જ મ્યુઝિયમમાં નેપોલિયનની સિદ્ધિઓની પણ વાત છે. આમ તેના વિજયો અને પરાજયોની વિગતોના આધારે લોકોએ જે પ્રકારનો નિષ્કર્ષ કાઢવો હોય તે કાઢી શકે છે. આપણે હવે આપણા ઐતિહાસિક ટેમ્પરની સાથે ભૂતકાળના અસહજ સત્યો સ્વીકારવાનું માનસ પણ વિકસાવવુ પડશે. (સૌ : ધ હિન્દુ)

ગઝલ

એક જાસો જાણે કે આપી ગયા
ઈજનેરો કેડીને માપી ગયા

આગને બુઝાવવા આવ્યા હતા
એ બધા તો આવીને તાપી ગયા

સાવ ખાલી જેમની મુઠ્ઠી હતી
એ દુવા ખોબો ભરી આપી ગયા !!

ખોળિયામાં કેટલો સીમિતા હતા
રાખ થઈને ચોતરફ વ્યાપી ગયા !!

બે ઘડી બસ ટહેલવા એ નીકળ્યા
ને હકૂમત શહેર પર સ્થાપી ગયા

- રાકેશ હાંસલિયા